


નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991




Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૪૩ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# બદાયું સળગે છે નફરતની આગમાં : મુસ્લિમોની નમાઝ સામે વાંધો ઉઠાવાતા સર્જાઈ અશાંતિ

### ઉત્તર પ્રદેશમાં બદાયું પાસેનું એક નાનું ગામ બન્યું કોમવાદી તંગદિલીનું ઉદ્‌ગમ કેન્દ્ર કેમ કે એક ખાલી મકાનમાં મુસ્લિમો નમાઝ પઢી રહ્યા હોવાથી તેની સામે પણ હિન્દુઓએ વાંધો ઉઠાવ્યો



(એજન્સી) બદાયું, તા.૨૧

મઝહબી રીતે ઈબાદતના મામલા ઉપર પણ વિવાદ ભડકાવવામાં આવતા યુપીના બદાયું જિલ્લામાં આવેલું એક નાનકડું નાગપુર ગામ કોમવાદી તંગદીલીનું કેન્દ્ર બની જવા પામ્યું છે. સોશિયલ મીડિયા ઉપરના એક વીડિયોએ મામલો વધુ ગંભીર બનાવ્યો છે. વીડિયોમાં દેખાય છે કે, મુસ્લિમ ગ્રામજનો એક ખાલી મકાનના એક રૂમમાં નમાઝ પઢવાની વિનંતી કરી રહ્યા છે તો બીજી તરફ હિન્દુ ગ્રામજનો કોઈપણ ધાર્મિક પ્રવૃત્તિને છુટ આપતા પહેલા પોલીસ દરમિયાનગીરીની માંગણી કરી રહ્યા છે. સમગ્ર ઘટનાક્રમ એ છે કે ગામમાં કોઈ મસ્જિદ નથી. આથી એક ખાલી મકાનને મદ્રેસો બનાવવામાં આવ્યો. જ્યાં બાળકો મઝહબી તાલીમ લેતા હતા. ધીમે-ધીમે અહી લોકો ભેગા થયા અને અહી નમાઝ પઢવાનું શરૂ કર્યું. નમાઝીઓની સંખ્યા વધતી ગઈ એટલે હિન્દુ સમાજે વાંધો ઉઠાવ્યો. એમનું કહેવું છે કે મદ્રેસામાં ધાર્મિક પ્રવૃત્તિ કરવા માટે સત્તાવાર મંજૂરી મેળવવી જરૂરી છે.

ગામના સરપંચ દયારામે કરેલી વાતથી તંગદીલી એકદમ વધી ગઈ છે. બંધ મંદિરોને લઈને સરપંચ નમાઝ સામેનો પોતાનો વાંધો વ્યાજબી ગણાવે છે. સરપંચ કહે છે દાયકાઓથી અમારા મંદિરો બંધ પડ્યા છે અને અમને ત્યાં પૂજા કરવાની પણ છુટ અપાતી નથી ત્યારે મુસ્લિમોને શું કામ નમાઝ પઢવા દેવી જોઈએ ? સરપંચના વલણથી બન્ને કોમ વચ્ચે અવિશ્વાસ અને દુશ્મનીની ખાઈ વધુ ઊંડી બની છે. વીડિયોમાં બન્ને કોમના લોકો ગરમાગરમ દલીલબાજી કરતા દેખાઈ રહ્યા છે. સ્થાનિક સત્તાવાળાઓએ ગામમાં બેઠક કરી હતી. છેવટે તહેસીલદાર તથા સર્કલ ઓફિસરે મદ્રેસામાં નમાઝ પઢવા માટે ઈન્કાર કરી દીધો હતો. ઉત્તર પ્રદેશમાં ચાલી રહેલા મુસ્લિમ વિરોધી રાજકારણનો આ એક વધુ નમૂનો છે. આ કોઈ છુટક ઘટના નથી પણ મોટાપ્રમાણમાં ગોઠવાયેલા ષડયંત્રનો એક ભાગ છે જેના કારણે કોમી તિરાડ વધુને વધુ પહોળી બની છે અને સાથે રહેવાનું વધુને વધુ કપરૂં બની ગયું છે. નાગપુર ગામમાં મુસ્લિમોની ઘણી વસ્તી છે પરંતુ એમની પાસે મસ્જિદ નથી. એક સ્થાનિક સલીમ કહે છે કે, અમે કોઈ બહુ મોટી માંગણી કરી નથી. અમે એક ખૂણામાં શાંતિથી નમાઝ પઢવાની માગણી કરી છે. વર્ષોથી આ મકાન ખાલી પડ્યું હતું અને જ્યારે અમે નમાઝ શરૂ કરી ત્યારે તેમણે વાંધો ઉઠાવ્યો. અત્યારે જિલ્લા સત્તાવાળાઓ આ સમસ્યાને હલ કરવા ખૂબ સંયમથી કામ લઈ રહ્યા છે અને બન્ને કોમોને સુમેળથી હલ શોધવા માટે અપીલ કરી રહ્યા છે. મુસ્લિમ અને હિન્દુ બન્ને પોતાના વલણમાં અડગ છે. જિલ્લા મેજિસ્ટ્રેટે કહ્યું છે કે ટૂંક સમયમાં બન્ને પ્રતિનિધિ સાથે બેઠક થશે અને બન્ને અધિકારોની માંગ રાખીને કોઈ ઉકેલ શોધવામાં આવશે. ગામના રહેવાસી સુનીતા દેવી અને રફીક અહેમદ બન્ને કોમને શાંતિ અને સંયમ રાખવા અપીલ કરે છે. આપણા બાળકોના ભવિષ્ય માટે વિચારો, નફરત આપણને ખતમ કરી દેશે. રફીક કહે છે કે નફરત કરવાનું આસાન છે પણ દિલોને જોડવા સાહસનું કામ છે એટલે ચાલો સાહસનું આવું કામ કરી બતાવીએ.

## મંદિર અને મસ્જિદ વિવાદ અંગેના ભાગવતના ઉચ્ચારણો બાદ અખિલેશની પ્રતિક્રિયા; સંભલમાં દાખલ કરાયેલા ખોટા કેસો પાછા ખેંચો

### જેમણે જીવ ગુમાવ્યા છે, એમનું જીવન તો પાછું આપી શકાય એમ નથી પરંતુ ખોટા કેસો પાછા ખેંચી જ શકાય : સમાજવાદી પાર્ટીના વડા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

મંદિર અને મસ્જિદનો વિવાદ ભૂલી જઈને આપણે સંવાદિતતાનું વાતાવરણ ઊભું કરવું જોઈએ એવા આરએસએસના વડા મોહન ભાગવતના વિધાનો બાદ પ્રતિક્રિયા આપતા સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે સંભલ શહેરમાં નિર્દોષ લોકો સામે દાખલ કરવામાં આવેલા ખોટા કેસ પાછા ખેંચી લેવા માટે ઉત્તરપ્રદેશની ભાજપ સરકારને અનુરોધ કર્યો હતો. ભાગવતના ઉચ્ચારણોનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું હતું કે પાંચ નિર્દોષ લોકોએ જાન ગુમાવ્યા અને બીજા અનેક લોકોને અપમાનિત કરવામાં આવ્યા. હવે એ લોકો કહે છે કે દરેક મંદિર ખોદી કાઢવું જોઈએ નહીં પરંતુ ભાજપ એ કમસેકમ આ તમામ ખોટા કેસ પરત લઈ લેવા જોઈએ કેમ કે જેમણે જાન ગુમાવ્યો છે એમનું જીવન તો પરત આપી શકાય તેમ નથી પણ ખોટા કેસ પાછા લઈ શકાય. મોગલકાળમાં બંધાયેલી સંભલની શાહી જામા મસ્જિદ પ્રાચીન શિવ મંદિર હોવાનો દાવો કરીને તેનો બીજી વખત સર્વે કરવામાં આવી રહ્યો હતો ત્યારે ત્યાં હિંસા થઈ હતી અને છ મુસ્લિમોએ પોલીસ સાથેની અથડામણમાં જાન ગુમાવ્યા હતા. શહેરના સમાજવાદી પાર્ટીના સાંસદ ઝિયા ઉર રહેમાન સામે પણ ટોળાને ઉશ્કેરવાનો આરોપ મૂકીને કેસ દાખલ કરવામાં આવ્યો છે. ગુરૂવારે આરએસએસના વડાએ મંદિર અને મસ્જિદોના નામે હવે વધુ કોઈ વિવાદો ઊભા ન કરવાની હિન્દુત્વ નેતાઓને સલાહ આપી હતી અને તેમણે કહ્યું હતું કે આપણે લાંબા સમયથી એકતા અને એખલાસ સાથે રહીએ છીએ અને આપણે આ વાતાવરણ વિશ્વને પણ પ્રદાન કરવા માંગતા હોઈએ તો આપણે એ માટે ખુદ એક ઉદાહરણ પૂરું પાડવું જોઈએ. રામ મંદિર બની ગયું છે પણ કેટલાક લોકો એવું માનતા થયા છે કે જો તેઓ આવા જ મુદ્દાઓ નવા નવા સ્થળે ઊભા કરતા રહેશે તો તેઓ હિન્દુ સમાજના નેતા બની જશે પણ આવું બિલકુલ ચલાવી ન લેવાય. રાજદના નેતા તેજસ્વી યાદવે પણ સંઘના વડા ભાગવતની સલાહને માન આપવા ભાજપને તાકીદ કરી હતી અને કહ્યું હતું કે ભાજપે વિકાસના મુદ્દાઓ અને વિચારો તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ પરંતુ અત્યારે તો માત્ર મસ્જિદ અને મંદિરના મુદ્દાઓ ઉપર જ ભાજપ ધ્યાન આપી રહ્યો છે.










## RSSના વડાએ શિક્ષણમાં નિયમનકારી કઠોરતાની ટીકા કરતાં સર્વગ્રાહી શિક્ષણ માટે હાકલ કરી

### ભાગવતે કહ્યું છે કે શિક્ષણ પ્રણાલીમાં શીખવાની સુવિધા હોવી જોઈએ, તે અવરોધરૂપ હોવી જોઈએ નહીં

(એજન્સી) તા.૨૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે કહ્યું છે કે શિક્ષણ પ્રણાલીએ શિક્ષણમાં અવરોધ તરીકે નહીં પરંતુ એક સુવિધા આપનાર તરીકે કામ કરવું જોઈએ અને તેમણે જણાવ્યું હતું કે બદલાતા સમયને અનુકૂલન કરવાની સાથે આપણા મૂળભૂત પાયાના મૂલ્યોના મૂળ સાથે રહેવું જરૂરી છે. બાનેરમાં લોકસેવા ઈ સ્કૂલનું ઉદ્‌ઘાટન કર્યા પછી આરએસએસના વડાએ જણાવ્યું હતું કે શિક્ષણ એ વ્યવસાય નથી પણ ઉત્તમ મનુષ્યો બનાવવાનું “વ્રત” (સંકલ્પ) છે. શિક્ષણ પ્રણાલીએ શિક્ષણમાં અવરોધ તરીકે નહીં, પણ સુવિધા આપનાર તરીકે કામ કરવું જોઈએ. તે માત્ર નિયમનકાર તરીકે કામ કરવાને બદલે વિદ્યાર્થીઓને સશક્ત બનાવવાના સાધન તરીકે કામ કરવું જોઈએ. શિક્ષણમાં નિયમનની ભૂમિકાએ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને સરળ કામગીરીની ખાતરી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, વિદ્યાર્થીઓની ભાવનાને દબાવી શકે તેવા કઠોર નિયમો લાગુ ન કરવા જોઈએ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંગે આરએસએસના વડાએ જણાવ્યું હતું કે તે તાજેતરમાં રજૂ કરવામાં આવી છે, પરંતુ આ પ્રકારની સિસ્ટમની ચર્ચા ઘણા વર્ષોથી ચાલી રહી છે, અને ઘણી શાળાઓ મૂલ્ય આધારિત શિક્ષણ આપે છે. નવી શિક્ષણ પ્રણાલીને સંપૂર્ણ રીતે લાગુ કરવામાં આવશે, અને તે દેશને ઈચ્છિત સ્વપ્ન તરફ દોરી જશે. તેમણે જણાવ્યું હતું કે, આપણે સમય પ્રમાણે આપણી જાતને બદલવાની જરૂર છે, પરંતુ આમ કરતી વખતે, આપણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આપણે આપણા મૂળભૂત પાયાના મૂલ્યોની સાથે છીએ. તે શાશ્વત પાયાના મૂલ્યોને વળગી રહીને, આપણે આગળ વધવાની અને ભવિષ્યનો સામનો કરવાની જરૂર છે. આધુનિક અને પ્રાચીનનો સમન્વય કરો, જેના માટે બધાએ યોગદાન આપવું જોઈએ.

ભાગવતે કહ્યું હતું કે, શિક્ષણ એક ફ્રેમવર્ક સુધી સીમિત ન રહેવું જોઈએ પરંતુ સર્વગ્રાહી હોવું જોઈએ અને સમગ્ર સમાજે તેના માટે કામ કરવું જોઈએ. તેમાં કોઈ શંકા નથી કે પાયાના મૂલ્યોનું જતન કરીને ભારત અતિ-આધુનિક વિશ્વમાં એક ઉત્તમ નેતા તરીકે ઉભરી આવશે કારણ કે રાષ્ટ્ર પાસે આ પ્રકારની ક્ષમતા છે.

CELEBRATING EXCELLENCE 34 years GT









## સોશિયલ મીડિયા પર વિનંતી બાદ પીએમ મોદી કુવૈતમાં ૧૦૧ વર્ષીય પૂર્વ આઈએફએસ અધિકારીને મળ્યા

ઐતિહાસિક બે દિવસીય મુલાકાતે શનિવારે કુવૈત પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોશિયલ મીડિયા પર તેમની પૌત્રીની વિનંતી પર ૧૦૧ વર્ષીય આઈએફએ અધિકારી મંગલ સૈન હાંડાને મળ્યા હતા. કુવૈતના અમીર શેખ મશાલ અલ-અહમદ અલ-જાબેર અલ-સબાહના આમંત્રણ પર મોદી શનિવારે કુવૈત શહેરમાં પહોંચ્યા જ્યાં ભારતીય મૂળના લોકો અને સ્થાનિક નેતૃત્વ દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. શનિવારે પીએમ મોદી ૧૦૧ વર્ષીય ભૂતપૂર્વ ભારતીય વિદેશ સેવા (આઈએફએસ) અધિકારી મંગલ સૈન હાંડાને મળ્યા અને કુવૈત સિટીની એક હોટલમાં ભારતીય સમુદાયના સભ્યો સાથે વાતચીત કરી હતી. શ્રેયા જુનેજાએ શુક્રવારે પીએમ મોદીને તેમના ૧૦૧ વર્ષીય દાદા ભારતીય વિદેશ સેવાના ભૂતપૂર્વ અધિકારી મંગલ સેન હાંડાને મળવા વિનંતી કરી હતી અને કહ્યું હતું કે તેઓ વડાપ્રધાનના "મોટા પ્રશંસક" છે. તેમના પુત્ર દિલીપ હાંડાએ સમાચાર એજન્સીને જણાવ્યું હતું કે, "આ જીવનભરનો અનુભવ છે. પીએમ મોદીએ કહ્યું કે તેઓ ખાસ કરીને તેમને (તેમના પિતા) મળવા માટે અહીં આવ્યા હતા. અમે વડા પ્રધાન મોદીના આભારી છીએ..." તેણે ટ્વિટમાં લખ્યું કે, "ભારતીય મૂળના લોકો સાથે TMRWની વાતચીત દરમિયાન કુવૈતમાં મારા ૧૦૧ વર્ષીય નાનાજી ભૂતપૂર્વ આઈએફએસ અધિકારીને મળવા માટે પીએમ મોદીને નમ્ર વિનંતી. નાના મંગલ સિંહ હાંડા તમારા ખૂબ મોટા પ્રશંસક છે."

## બાંગ્લાદેશે ૨૦૨૪માં લઘુમતીઓ વિરૂદ્ધ હિંસાની ૨,૨૦૦ ઘટનાઓના વિદેશ મંત્રાલયના આંકડાને ફગાવી દીધો

બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર કાર્યાલયે શુક્રવારે ૨૦૨૪માં પાડોશી દેશમાં હિન્દુઓ અને લઘુમતીઓ વિરૂદ્ધ હિંસાની ૨,૨૦૦ ઘટનાઓના ભારતના આંકડાને "ભ્રામકર" અને "અતિશયોક્તિપૂર્ણ" ગણાવ્યો જ્યારે આ આંકડો ખૂબ જ અલગ રજૂ કર્યો હતો. મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસની પ્રેસ વિંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "આ આંકડો ભ્રામક અને ખૂબ જ અતિશયોક્તિપૂર્ણ છે. સ્વતંત્ર માનવાધિકાર સંગઠન આઈન ઓ સલીશ કેન્દ્ર અનુસાર જાન્યુઆરી અને નવેમ્બર ૨૦૨૪ દરમિયાન બાંગ્લાદેશમાં ધાર્મિક લઘુમતીઓ વિરૂદ્ધ હિંસક ઘટનાઓની સંખ્યા ૧૩૮ છે જેમાં ૩૬૮ ઘરો પર હુમલો કરવામાં આવ્યો હતો અને ૮૨ લોકો ઘાયલ થયા હતા." તેમાં કહેવાયું કે, "બાંગ્લાદેશની વચગાળાની સરકાર દરેક અહેવાલિત ઘટનાની તપાસ કરી રહી છે અને ગુનેગારોને સજા કરવા માટે પ્રતિબદ્ધ છે." પોલીસ મુખ્યાલયના જણાવ્યા અનુસાર ૪ ઓગસ્ટથી ૧૦ ડિસેમ્બર દરમિયાન ઓછામાં ઓછા ૯૭ કેસ દાખલ કરવામાં આવ્યા છે અને ઓગસ્ટથી ધાર્મિક લઘુમતીઓ પર કથિત હુમલાઓ બદલ ૭૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## ભારતમાં સોનાના ભાવમાં ઉછાળો : મુંબઈમાં ૭૭,૪૫૦ અને અમદાવાદમાં ૭૭,૫૦૦

શનિવારે ભારતમાં સોનાના ભાવમાં વધારો થયો હતો જે માંગમાં વધારો થયો તેના કારણે છે. તેની ઉચ્ચ શુદ્ધતા માટે જાણીતા ૨૪-કેરેટ સોનાનો ભાવ ૧૦ ગ્રામ દીઠ ૭૭,૪૫૦ રૂપિયા હતો. દરમિયાન તેની મજબૂતાઈ અને જ્વેલરીમાં ઉપયોગ માટે પ્રખ્યાત ૨૨-કેરેટ સોનાનો ભાવ ૧૦ ગ્રામ દીઠ ૭૧,૦૦૦ રૂપિયા હતો જે જ્વેલરી ખરીદદારોને આકર્ષિત કરે છે. બીજી બાજુ, ચાંદી પ્રતિ કિલોગ્રામ ૯૧,૫૦૦ રૂપિયા પર ટ્રેડ થઈ રહી હતી. પ્રતિ ગ્રામ સોનાનો છૂટક ભાવ ગ્રાહકો એક ગ્રામ સોના માટે ચૂકવે છે તે રકમનો ઉલ્લેખ કરે છે જે સામાન્ય રીતે ભારતીય રૂપિયામાં ટાંકવામાં આવે છે. આ દર દરરોજ વધઘટ થાય છે જે વૈશ્વિક આર્થિક વલણો, ભૂ-રાજકીય વિકાસ અને પુરવઠા અને માંગના સંતુલનથી પ્રભાવિત થાય છે. ભારતમાં સોનાના ભાવ મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય બજાર દરો, આયાત જકાત, કર અને વિનિમય દરમાં ફેરફાર દ્વારા નક્કી થાય છે. એકસાથે આ પરિબળો દેશભરમાં દૈનિક સોનાના ભાવને આકાર આપે છે. ભારતમાં સોનું ખૂબ જ સાંસ્કૃતિક અને નાણાકીય મહત્વ ધરાવે છે. તે એક પસંદગીનું રોકાણ છે અને ઉજવણીઓમાં અને ખાસ કરીને લગ્નો અને તહેવારો દરમિયાન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## બિહાર માટે અદાણી ગ્રુપની મોટી યોજના : ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના પાવર પ્લાન્ટ, ઈન્ફ્રા વૃદ્ધિ અને ઘણું બધું

અદાણી ગ્રુપે જાહેરાત કરી કે તેમનું ગ્રુપ બિહારમાં ૨૭,૯૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની યોજના ધરાવે છે જેનાથી રાજ્યમાં ૫૩,૫૦૦ નોકરીઓનું સર્જન થવાની સંભાવના છે. કૃષિ, તેલ અને ગેસના મેનેજિંગ ડિરેક્ટર અને અદાણી એન્ટરપ્રાઈઝના ડિરેક્ટર પ્રણવ અદાણીએ શુક્રવારે પટનામાં 'બિહાર બિઝનેસ કનેક્ટ ૨૦૨૪' સમિટમાં આ જાહેરાતો કરી હતી. પ્રણવ ગૌતમ અદાણીના મોટા ભાઈ વિનોદ અદાણીના પુત્ર છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વની પ્રશંસા કરતા પ્રણવ અદાણીએ કહ્યું, "અમે ગયા બિહાર સમિટમાં આવ્યા હતા અને આ વખતે પણ આવ્યા છીએ. બિહારમાં પરિવર્તન જોઈ શકાય છે. કાયદો અને વ્યવસ્થાથી લઈને વ્યવસાય કરવાની સરળતા સુધી બધું સારૂં ચાલી રહ્યું છે. અદાણી ગ્રુપ અહીં વધુને વધુ રોકાણ કરી રહ્યું છે... અહીં ઘણી તકો છે અને સરકાર પણ સહાયક છે." રાજ્યમાં વર્તમાન અને ભવિષ્યના રોકાણોની વિગતો આપતા પ્રણવ અદાણીએ ભાર મૂક્યો કે ગ્રુપ "બિહારમાં સૌથી મોટું ખાનગી રોકાણકાર" છે. તેમણે ઉમેર્યું કે, "ત્રણ ક્ષેત્રો લોજિસ્ટિક્સ, ગેસ વિતરણ અને કૃષિ-લોજિસ્ટિક્સમાં અમે પહેલાથી જ લગભગ રૂ. ૮૫૦ કરોડનું રોકાણ કર્યું છે અને લગભગ ૨૫,૦૦૦ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારની તકો પણ ઊભી કરી છે." વધુમાં તેમણે કહ્યું કે ગ્રુપ આ ક્ષેત્રોમાં રૂા. ૨૩૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના બનાવી રહ્યું છે જે આખરે અદાણી ગ્રુપની વેરહાઉસિંગ અને હેન્ડલિંગ ક્ષમતામાં વધારો કરશે અને EV, CGD (શહેર ગેસ વિતરણ) અને CBG (સંકુચિત બાયોગેસ) ક્ષેત્રમાં તેની હાજરીનો વિસ્તાર કરશે. તેમણે જણાવ્યું હતું કે આ રોકાણથી વધારાની ૨૭,૦૦૦ પ્રત્યક્ષ અને પરોક્ષ સ્થાનિક નોકરીની તકો આવવાની પણ અપેક્ષા છે.

## ભારતમાં ટૂંક સમયમાં વિશ્વનું બીજું સૌથી મોટું મેટ્રો નેટવર્ક બનશે : મનોહરલાલ

એક સત્તાવાર નિવેદનમાં ગુરૂવારે જણાવાયું છે કે, કેન્દ્રીય ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે કહ્યું છે કે, ભારતમાં ટૂંક સમયમાં વિશ્વનું બીજું સૌથી મોટું મેટ્રો નેટવર્ક હશેર અને તેમણે ભાર મૂક્યો છે કે દેશમાં હાલમાં ૯૯૭ કિલોમીટર મેટ્રો રેલનું નિર્માણ ચાલી રહ્યું છે. બુધવારે HUA મંત્રાલય સાથે જોડાયેલ સંસદની સલાહકાર સમિતિના સભ્યોને સંબોધતા મંત્રીએ કહ્યું કે સરકાર દેશભરમાં શહેરી પરિવહન નેટવર્કને મજબૂત બનાવવા માટે અવિરતપણે કામ કરી રહી છે તેમ નિવેદનમાં જણાવાયું છે. મનોહરે કહ્યું કે વધતી જતી શહેરી વસ્તીને પહોંચી વળવા માટે શહેરી ગતિશીલતા એક મહત્વપૂર્ણ પાસું છે અને ઉમેર્યું કે ભારતમાં ટૂંક સમયમાં વિશ્વનું બીજું સૌથી મોટું મેટ્રો નેટવર્ક બનશે. દેશભરના ૨૩ શહેરોમાં લગભગ ૯૯૩ કિલોમીટર મેટ્રો રેલ કાર્યરત છે અને દેશના ૨૮ શહેરોમાં લગભગ ૯૯૭ કિલોમીટર બાંધકામ હેઠળ છે. હવે ભારત વિશ્વનું બીજું સૌથી મોટું મેટ્રો નેટવર્ક બનવાના માર્ગે છે એમ મંત્રીએ જણાવ્યું હતું.

## અરવિંદ કેજરીવાલ માટે મુશ્કેલી, દિલ્હીના ઉપરાજ્યપાલે તપાસ એજન્સીને તેમના પર કેસ ચલાવવાની મંજૂરી આપી

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વધુ મુશ્કેલીમાં પડી શકે છે જેમાં લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ દારૂ નીતિ કૌભાંડ સાથે જોડાયેલા કથિત મની લોન્ડરિંગ કેસમાં તેમની પર કેસ ચલાવવા માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને મંજૂરી આપી છે એમ સૂત્રોએ જણાવ્યું હતું. દિલ્હીની ચૂંટણી પહેલા આ મંજૂરી આપવામાં આવી છે જે લોકસભા ચૂંટણીમાં થયેલા પરાજય પછી કેજરીવાલ માટે એક મોટી કસોટી હશે. જોકે, આપએ તેને "ખોટી અને ભ્રામક" ગણાવી છે અને ઈડીને ઉપરાજ્યપાલ દ્વારા આપવામાં આવેલી મંજૂરીની નકલ બતાવવા કહ્યું છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ના આરોપો હેઠળ કેસ અગાઉ કેજરીવાલ સામે દાખલ કરવામાં આવ્યો હતો પરંતુ ટ્રાયલ શરૂ થઈ ન હતી. સુપ્રીમ કોર્ટે મની લોન્ડરિંગના કેસોમાં સરકારી હોદ્દા ધરાવતા વ્યક્તિઓ પર કેસ ચલાવવા માટે લેફ્ટનન્ટ ગવર્નરની મંજૂરી ફરજિયાત બનાવ્યા પછી ઈડીએ મુખ્ય સચિવને પત્ર લખીને પરવાનગી માંગી હતી એમ સૂત્રોએ જણાવ્યું હતું.

## તમિલનાડુના પરિવારે મહિલાની અંતિમ ઈચ્છાને માન આપવા માટે અંતિમ સંસ્કારને ઉજવણીમાં ફેરવી દીધું

જ્યારે કોઈ પ્રિય વ્યક્તિનું મૃત્યુ થાય છે ત્યારે જીવનના દુઃખની ઘડીમાં આ ભાર સહન કરવો ખૂબ મુશ્કેલ હોઈ શકે છે. આ દુઃખ વચ્ચે મૃતકની અંતિમ ઈચ્છાઓનો આદર કરવાની પવિત્ર ફરજ ઘણીવાર ઊભી થાય છે. રસપ્રદ વાત એ છે કે, તમિલનાડુના મદુરાઈ જિલ્લામાં એક પરિવારે એક મહિલાની અંતિમ ઈચ્છા પૂરી કરવા માટે તેના અંતિમ સંસ્કારને આનંદદાયક ઉજવણીમાં પરિવર્તિત કરીને એક ખાસ સંકેત આપ્યો હતો. મંદિરના પૂજારી પરમથદેવરની વિધવા ઉસીલમપટ્ટીની ૯૬ વર્ષીય નાગમલનું તાજેતરમાં વય-સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓથી અવસાન થયું. મૃત્યુ પહેલાં નાગમલએ જણાવ્યું હતું કે તેણીને આશા હતી કે તેણીની દફનવિધિ ઉદાસી અને શોક કરતાં ગીતો અને નૃત્યથી ભરેલી હોવી જોઈએ. તેઓ ત્રણ પેઢીઓ પાછળ પૌત્રો અને પ્રપૌત્રો છોડી ગયા છે જેમાં બે પુત્રો, ચાર પુત્રીઓ અને ૭૮ પૌત્ર-પૌત્રીઓનો સમાવેશ થાય છે. જ્યારે નાગમલ મૃત્યુની નજીક હતા ત્યારે તેમણે જણાવ્યું હતું કે તેણી ઈચ્છતી હતી કે તેમની અંતિમવિધિ ભવ્ય હોય અને તેના સંબંધીઓ દ્વારા વિવિધ પ્રકારના સંગીત અને નૃત્ય પ્રદર્શન રજૂ કરવામાં આવે. તેઓ ઈચ્છતા હતા કે તેના પ્રિયજનો તેણીને આનંદથી વિદાય આપે.

## સંજય રાઉતે મુંબઈ નગર નિગમ ચૂંટણીમાં ઉદ્ધવ સેનાના એકલા લડવાના સંકેત આપ્યા

શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે શનિવારે સંકેત આપ્યો હતો કે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં તેમનો પક્ષ આગામી મુંબઈ સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી કોંગ્રેસ અને શરદ પવારની એનસીપી સાથે જોડાણ કર્યા વિના એકલા લડી શકે છે. રાઉતે કહ્યું કે પાર્ટીના કાર્યકરો મુંબઈ નગર નિગમ ચૂંટણી એકલા લડવાની માંગ કરી રહ્યા છે અને ઉલ્લેખ કર્યો છે કે પાર્ટીના વડા તેમની સાથે સલાહ-મસલત કર્યા પછી નિર્ણય લેશે. તેમણે એ પણ નિર્દેશ કર્યો કે શિવસેના ભૂતકાળમાં પોતાના દમ પર ચૂંટણી લડી ચૂકી છે. રાઉતે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, "પાર્ટીના કાર્યકરોની માંગ છે કે શિવસેના મુંબઈ નગર નિગમ ચૂંટણી પોતાના દમ પર લડે. ઉદ્ધવ ઠાકરે કાર્યકરોને મળ્યા પછી નિર્ણય લેશે. આનો અર્થ એ નથી કે મહા વિકાસ આઘાડી તૂટી ગઈ છે. આ પહેલા પણ જ્યારે અમે ભાજપ સાથે હતા ત્યારે અમે અલગથી ચૂંટણી લડી હતી." ઉદ્ધવ સેનાએ તાજેતરની વિધાનસભા અને લોકસભા ચૂંટણી કોંગ્રેસ અને શરદ પવારની એનસીપી સાથે મહા વિકાસ આઘાડી (એમવીએ)ના બેનર હેઠળ ગઠબંધનમાં લડી હતી. એપ્રિલ-મેની લોકસભા ચૂંટણીમાં ગઠબંધનનો દેખાવ સારો રહ્યો પરંતુ નવેમ્બરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં નિરાશાજનક પ્રદર્શન રહ્યું હતું.

## જ્ઞાનવાપી મસ્જિદમાં શિવલિંગ મળી આવ્યા હોવાના સોશિયલ મીડિયા પોસ્ટના દાવા અંગે દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર સામેની એફઆઈઆરને દિલ્હી હાઈકોર્ટે માન્ય રાખી

**ન્યુઝ પોઈન્ટ**


**સોશિયલ મીડિયા કે નફરત ફેલાવનારા ભાષણ કરનારા સામે જો ફરિયાદ દાખલ નહીં થાય તો હિન્દુ-મુસ્લિમને દૂર કરવાના પ્રયત્ન કરનારાઓને પ્રોત્સાહન મળશે, સમાજે ઘૃણા ફેલાવનારાઓ સામે પોલીસ અથવા મેજિસ્ટ્રેટની કોર્ટમાં ફરિયાદ કરનારાઓને યોગ્ય ઈનામ આપી તેમનું બહુમાન કરવું જ જોઈએ. સેવા કરનારાઓ સહેલા કાર્ય પોતે કરી સંતુષ્ટ થઈ જાય છે પરંતુ સહેલા દાખલા કે ડ્રોઈંગ જેવા સહેલા વિષયમાં ૧૦૦% ગુણ મળે અને ગણિતમાં ૧૦૦% ગુણ મળે તો કિંમત કોની વધારે એ તો સૌ સમજે છે.**

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૧

એક મહત્વપૂર્ણ ચુકાદામાં દિલ્હી હાઈકોર્ટે વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદમાં 'શિવલિંગ' અંગેની વિવાદાસ્પદ સોશિયલ મીડિયા ટિપ્પણીઓ અંગે દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. રતન લાલ સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવાનો ઈન્કાર કર્યો છે. ૧૭ ડિસેમ્બરે કોર્ટનો નિર્ણય જસ્ટિસ ચંદ્ર ધારી સિંહની અધ્યક્ષતામાં આવ્યો હતો. મે ૨૦૨૨માં નોંધાયેલી એફઆઈઆરમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩A અને ૨૯૫Aનો સમાવેશ કરવામાં આવ્યો હતો જે અનુક્રમે વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા અને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના હેતુથી દૂષિત કૃત્યો સાથે સંબંધિત છે. ન્યાયાધીશ સિંહે તેમના ચુકાદામાં જણાવ્યું હતું કે ડૉ. લાલની પોસ્ટ પ્રથમદર્શી રીતે સામાજિક સુમેળને ખલેલ પહોંચાડે છે અને તેનો હેતુ સમાજના મોટા વર્ગની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો હતો. ન્યાયાધીશ સિંહે અભિપ્રાય આપ્યો હતો કે અરજદાર દ્વારા કરવામાં આવેલ કૃત્ય અને ટિપ્પણીઓ 'ભગવાન શિવ/શિવ લિંગ'ના ભક્તો અને શ્રદ્ધાળુઓ દ્વારા અનુસરવામાં આવતી માન્યતાઓ અને રિવાજોની વિરૂદ્ધ હતી. કોર્ટે જણાવ્યું કે, "અરજદાર દ્વારા જે પણ સામગ્રી પોસ્ટ કરવામાં આવી છે તે ફરિયાદીની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે એટલું જ નહીં પરંતુ બે અલગ અલગ સમુદાયો વચ્ચે નફરત, દુશ્મનાવટ અને સાંપ્રદાયિક તણાવને પણ પ્રોત્સાહન આપે છે. વધુમાં ફરિયાદ નોંધાયા પછી પણ વારંવાર ટિપ્પણીઓ કરીને અરજદારનું કૃત્ય અરજદારના ઈરાદાપૂર્વકના અને ગુનાહિત કૃત્યને દર્શાવે છે જે ચોક્કસપણે IPCની કલમ ૧૫૩A અને ૨૯૫A ની લાગુ પડવાની યોગ્યતાને આકર્ષે છે." તેણે આદેશ આપ્યો કે, "તે મુજબ તાત્કાલિક અરજી ફગાવી દેવામાં આવે છે." કોર્ટે વધુમાં કહ્યું કે ઈતિહાસકાર અને શિક્ષક તરીકે અરજદારની સમાજ પ્રત્યે મોટી જવાબદારી છે કારણ કે તે સામાન્ય લોકો માટે એક રોલ મોડેલ હતા. તેમાં કહેવામાં આવ્યું છે કે અરજદારે "વધુ સભાન" રહેવું જોઈએ કારણ કે તેના નિવેદનોમાં વજન અને અન્ય લોકોને પ્રભાવિત કરવાની શક્તિ છે. કોર્ટે એમ પણ અભિપ્રાય આપ્યો કે ફક્ત એવું કહેવું કે સમાજમાં કોઈ અશાંતિ કે વિસંગતતા થઈ નથી તે નોંધાયેલ ફરિયાદ રદ કરવાનો આધાર નથી. કોર્ટે કહ્યું કે, "સમાજમાં અશાંતિનો અભાવ અરજદારના કૃત્યની ગુનાહિતતાને નકારી શકતો નથી કારણ કે અરજદારનું આ કૃત્ય સમાજમાં અશાંતિ અને અસંતોષ પેદા કરવાના ઈરાદા, દૂરંદેશી અને સંભાવના સાથે કરવામાં આવ્યું હતું જેના કારણે અશાંતિ ફેલાઈ શકે." પોલીસમાં ફરિયાદ કર્યા બાદ અરજદાર સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી. ૨૦ મે ૨૦૨૨ના રોજ એફઆઈઆરના સંદર્ભમાં અરજદારની ધરપકડ કરવામાં આવી હતી અને બીજા જ દિવસે કોર્ટે તેમને નિયમિત જામીન આપ્યા હતા. વધુમાં કોર્ટે ડૉ. લાલની ઈતિહાસકાર અને શિક્ષક તરીકેની ભૂમિકા સાથે આવતી જવાબદારી પર ટિપ્પણી કરતા કહ્યું કે તેમણે તેમના જાહેર નિવેદનો પ્રત્યે વધુ સાવધ રહેવું જોઈએ કારણ કે તેમના સંભવિત પ્રભાવ અને અસરને ધ્યાનમાં રાખવામાં આવે છે.

### લ્યો, ગાંધીજીનું કદ ઓછું કરવાની ચાલ ?

## બ્રિટિશ શાસકો સત્યાગ્રહને કારણે નહીં પરંતુ લોકોના હાથમાં હથિયારો જોયા પછી ભારત છોડી ગયા : બિહારના રાજ્યપાલ



(એજન્સી) પણજી, તા.૨૧

બિહારના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે શુક્રવારે કહ્યું કે બ્રિટિશ શાસકો 'સત્યાગ્રહ'ને કારણે નહીં પરંતુ જ્યારે તેમણે મૂળ લોકોના હાથમાં હથિયારો જોયા અને તેમને સમજાયું કે તેઓ કોઈપણ હદ સુધી જઈ શકે છે ત્યારે ભારત છોડી ગયા હતા. ગોવાના પોર્ટુગીઝ ઈન્કિવઝિશનનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે કોઈનાથી ડર્યા વિના ઈતિહાસ વિશે સાચા દૃષ્ટિકોણને પ્રકાશમાં લાવવાનો સમય આવી ગયો છે. કોંગ્રેસના નેતૃત્વ હેઠળના શાસનનું નામ લીધા વિના આર્લેકરે આરોપ લગાવ્યો કે ઈન્ડિયન કાઉન્સિલ ફોર હિસ્ટોરિકલ રિસર્ચ (ICHR)એ એક વાર્તા સ્થાપિત કરી હતી કે તમે ગુલામ બનવા માટે જન્મ્યા છો અને તત્કાલીન સરકારે પણ તેને ટેકો આપ્યો હતો. તેઓ આનંદિતા સિંહ દ્વારા લખાયેલા "એ બ્રીફ હિસ્ટ્રી ઓફ ફ્રીડમ સ્ટ્રગલ ઈન નોર્થ ઈસ્ટ ઓફ ઈન્ડિયા (૧૪૯૮થી ૧૯૪૭)" પુસ્તકમાં બોલી રહ્યા હતા. ગોવાના રહેવાસી આર્લેકરે પોતાના અડધા કલાકના ભાષણમાં કહ્યું, "ગોવા ઈન્કિવઝિશન શું છે ? તે બરાબર શું ન્કવ" જો આપણે તેને બહાર લાવવાનો પ્રયાસ કરીએ તો ગોવામાં કેટલાક લોકો નારાજ થાય છે. તેમને દુઃખ થાય છે." તેમણે કહ્યું "શું આપણે તમારા મૂળ શું છે તે કહેવાના નથી ? કેટલાક લોકો નારાજ થાય છે જો આપણે તેમને કહેવાનો પ્રયાસ કરીએ કે તમે ક્યાંથી છો, તમારા મૂળ ક્યાં છે. તે શા માટે હોવું જોઈએ ?" તેમણે ઉમેર્યું કે, આપણે કોઈથી ડર્યા વિના બોલવું પડશે. તેમણે કહ્યું "જેમણે આપણા પર આક્રમણ કર્યું તેઓ ક્યારેય આપણા ન હોઈ શકે. તેથી જ આપણો દૃષ્ટિકોણ બહાર લાવવો જરૂરી છે." ગોવા વિધાનસભાના પૂર્વ સ્પીકર આર્લેકરે કહ્યું કે જો ગુવાહાટી જેવા સ્થળોના લોકો અહીં આપણને પોતાનો ઈતિહાસ કહી રહ્યા છે તો ગોવાના લોકો ભૂમિનો સાચો ઈતિહાસ કેમ નથી લખતા. બિહારના રાજ્યપાલે કહ્યું કે, "આક્રમણકારોએ એક વાર્તા બનાવવાનો પ્રયાસ કર્યો. ભારતીય સ્વતંત્રતા ચળવળ શસ્ત્રો વિના નહોતી. તેઓ 'સત્યાગ્રહ'ને કારણે ભારત છોડ્યા ન હતા. પરંતુ જ્યારે તેઓએ આપણા હાથમાં શસ્ત્રો જોયા અને તેમને ખ્યાલ આવ્યો કે આપણે કોઈપણ હદ સુધી જઈ શકીએ છીએ ત્યારે તેમણે દેશ છોડવાનો નિર્ણય લીધો હતો." આર્લેકરે અપીલ કરી કે આપણે તે સમય દરમિયાન બ્રિટિશ સંસદમાં સાંસદોના ભાષણો વાંચવા જોઈએ જે સ્પષ્ટપણે સશસ્ત્ર સંઘર્ષ વિશે બોલે છે. તેમણે કહ્યું કે, "તેઓ (સાંસદો) ફક્ત સત્યાગ્રહ વિશે જ ઉલ્લેખ કરતા નથી પરંતુ સશસ્ત્ર સંઘર્ષ વિશે પણ ઉલ્લેખ કરતા હતા જેનાથી બ્રિટિશરો અહેસાસ થયો કે હવે ભારત છોડવાનો સમય આવી ગયો છે." સત્યાગ્રહ એ મહાત્મા ગાંધી દ્વારા બ્રિટિશ શાસન સામે ઉપયોગમાં લેવાતી શાંતિપૂર્ણ પ્રતિકારની એક પદ્ધતિ હતી. પુસ્તકોમાં લખાયેલા ભારતીય ઈતિહાસનો ઉલ્લેખ કરતા આર્લેકરે કહ્યું કે, ICHRએ એક વાર્તા સ્થાપિત કરી છે કે તમે ગુલામ બનવા માટે જન્મ્યા છો. તેમણે કહ્યું કે, "દુર્ભાગ્યવશ તત્કાલીન સરકારે (કોંગ્રેસની) પણ તેમના વાર્તાને ટેકો આપ્યો. આ આપણી સ્વતંત્રતાની શરૂઆતનો ખૂબ જ દુઃખદ ભાગ હતો."

## ૪૬ વર્ષ બાદ ફરી ખુલેલા સંભલ મંદિરનો સર્વે આજે વિવેકપૂર્વક હાથ ધરવામાં આવ્યો

**ASIનું નિરીક્ષણ સમજદારીપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ચાર સભ્યોની ટીમ પ્રક્રિયાની દેખરેખ રાખી રહી હતી. અધિકારીઓએ કાર્બન ડેટિંગ હાથ ધર્યું હતું અને ભદ્રક આશ્રમ, સ્વર્ગદીપ અને ચક્રપાણી સહિત આસપાસના પાંચ તીર્થસ્થળોની તપાસ કરી હતી અને ૧૯ કૂવાઓનું નિરીક્ષણ કર્યું હતું**

(એજન્સી) તા.૨૧

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) એ યુપીના સંભલમાં કાર્તિકેય મંદિરમાં કાર્બન ડેટિંગ હાથ ધર્યું હતું, જે ૪૬ વર્ષ સુધી બંધ રહ્યા બાદ ૧૩ ડિસેમ્બરે ફરીથી ખોલવામાં આવ્યું હતું. સ્થાનિક હિંદુ સમુદાયને વિસ્થાપિત કરનાર સાંપ્રદાયિક રમખાણોને પગલે મંદિર ૧૯૭૮થી બંધ કરવામાં આવ્યું હતું. જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટે જણાવ્યું હતું કે, ASIનું નિરીક્ષણ સમજદારીપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ચાર સભ્યોની ટીમ પ્રક્રિયાની દેખરેખ રાખતી હતી. અધિકારીઓએ કાર્બન ડેટિંગ હાથ ધર્યું હતું અને ભદ્રક આશ્રમ, સ્વર્ગદીપ અને ચક્રપાણી સહિત આસપાસના પાંચ તીર્થસ્થળોની તપાસ કરી હતી અને ૧૯ કુવાઓનું નિરીક્ષણ કર્યું હતું. એએસઆઈએ સ્થાનિક વહીવટીતંત્રને વિનંતી કરી હતી કે તેઓ ખાતરી કરે કે તેમની નિરીક્ષણ પ્રવૃત્તિઓ મીડિયા સ્પોટલાઈટથી દૂર રહે. સત્તાવાળાઓએ અગાઉ કહ્યું હતું કે મંદિર અતિક્રમણ વિરોધી અભિયાન દરમિયાન મળી આવ્યું હતું. અધિકારીઓએ આ શોધને બિનઆયોજિત ગણાવીને દાવો કર્યો કે તેઓ ઓપરેશન દરમિયાન સ્થળ પર 'અચાનક' પહોંચ્યા હતા. સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ) વંદના મિશ્રા, જેઓ વિસ્તારમાં વીજળી ચોરી સામે ઝુંબેશનું નેતૃત્વ કરી રહ્યા હતા, તેમણે જણાવ્યું હતું કે, 'પ્રદેશનું નિરીક્ષણ કરતી વખતે, અમે આ મંદિર પર અચાનક પહોંચ્યા હતા. તે ધ્યાનમાં આવતા, મેં તરત જ જિલ્લા અધિકારીઓને જાણ કરી. મંદિરની બાજુમાં આવેલા કૂવામાં ખોદકામ દરમિયાન તેને ફરીથી ખોલવામાં આવ્યા બાદ લગભગ ચારથી છ ઈંચની ત્રણ મૂર્તિઓ મળી આવી હતી. મૂર્તિઓ, જેમાંથી બે દેવી પાર્વતી અને લક્ષ્મીની હોવાનું જણાય છે, તે કામદારો દ્વારા ૧૫ થી ૨૦ ફૂટની ઊંડાઈ સુધી ખોદવામાં આવેલી ક્ષતિગ્રસ્ત હાલતમાં મળી આવી હતી. મંદિરમાં મૂર્તિઓ અને કૂવાની શોધ બાદ, સંભલ વહીવટીતંત્રે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (A□□)ને મંદિરની કાર્બન ડેટિંગ કરવા માટે પત્ર લખ્યો હતો. મંદિર શાહી જામા મસ્જિદથી નજીવા અંતરે છે, જ્યાં ૨૪ નવેમ્બરે કોર્ટ દ્વારા આદેશિત સર્વેક્ષણના વિરોધ દરમિયાન હિંસામાં ચાર લોકો માર્યા ગયા હતા.

## ભાજપના સાંસદ ફાંગનોન કોન્યાકના 'દુર્વ્યવહાર'ના આરોપ બાદ રાષ્ટ્રીય મહિલા પંચે લોકસભા-રાજ્યસભા અધ્યક્ષને રાહુલ ગાંધી સામે પગલાં લેવાનો અનુરોધ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

રાષ્ટ્રીય મહિલા પંચે શુક્રવારે જણાવ્યું હતું કે તેમણે સંસદ પરિસરમાં વિરોધ પ્રદર્શન દરમિયાન ભાજપના સાંસદ ફાંગનોન કોન્યાકે પોતાની સાથે "દુર્વ્યવહાર" કર્યો હોવાની ફરિયાદ પર લોકસભા અધ્યક્ષ અને રાજ્યસભા અધ્યક્ષને વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામે પગલાં લેવા વિનંતી કરી છે. એક નિવેદનમાં રાષ્ટ્રીય મહિલા પંચે જણાવ્યું હતું કે ગુરૂવારે બનેલી કથિત ઘટનાની તેણે સ્વતઃનોંધ લીધી છે અને આવી ઘટનાઓને સંબોધિત કરવા અને મહિલા સાંસદોના ગૌરવને જાળવી રાખવા માટે ઝડપી પગલાં લેવા જોઈએ. નાગાલેન્ડના આદિવાસી ભાજપ સાંસદ કોન્યાકે આરોપ લગાવ્યો છે કે મકર દ્વારની બહાર વિરોધ પ્રદર્શન દરમિયાન ગાંધી તેમની "નજીક" આવી ગયા અને તેમની સામે બૂમ પાડી જેનાથી તેમને "અત્યંત અસ્વસ્થતા" અનુભવાઈ હતી. રાજ્યસભા અધ્યક્ષ જગદીપ ધનખડને લખેલા પત્રમાં તેમણે કહ્યું કે, "રાહુલ ગાંધી દ્વારા મારા ગૌરવ અને આત્મસન્માનને ખૂબ ઠેસ પહોંચી છે." કોંગ્રેસે આરોપોને નકારી કાઢ્યા છે અને ગાંધીએ કહ્યું છે કે શાસક પક્ષના સાંસદોએ તેમને "રોક્યા, ધમકાવ્યા અને ડરાવ્યા" હતા. અધ્યક્ષ વિજયા રહાતકરના નેતૃત્વ હેઠળના પંચે શુક્રવારે આ બાબત પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને ભાર મૂક્યો હતો કે સંસદે આદર અને સમાનતાનું ઉદાહરણ આપવું જોઈએ. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડને લખેલા પત્રમાં એનસીડબલ્યુએ આવી ઘટનાઓને સંબોધવા અને મહિલા સાંસદોના ગૌરવને જાળવી રાખવા માટે ઝડપી અને નિર્ણાયક પગલાં લેવાની વિનંતી કરી હતી. એનસીડબલ્યુએ આ ઘટનાને મહિલા સાંસદોના ગૌરવ અને અધિકારોનું "સીધું અપમાન" ગણાવ્યું હતું. આવા વર્તનને નિયંત્રણમાં ન રાખવા માટે મજબૂત પગલાં લેવાની માંગ કરી હતી. એનસીડબલ્યુએ પત્રની સામગ્રી શેર કરી ન હતી.

## સંસદમાં હોબાળો : રાહુલ ગાંધી પર ભાજપ સાંસદના કેસનો કથિત રીતે કબજો ક્રાઈમ બ્રાન્ચે લીધો; કોઈ FIR નોંધાઈ નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

દિલ્હી પોલીસે શુક્રવારે સંસદ પરિસરમાં ઝપાઝપી દરમિયાન ભાજપ સાંસદોને કથિત ધક્કો મારવા અને ઘાયલ કરવા બદલ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામેનો કેસ ક્રાઈમ બ્રાન્ચને ટ્રાન્સફર કર્યો છે. જોકે, કોંગ્રેસ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે કોઈ એફઆઈઆર નોંધવામાં આવી નથી કે ભાજપ સાંસદોએ તેના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને ધક્કો માર્યો હતો અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા સાથે "શારીરિક દુર્વ્યવહાર" કર્યો હતો. ગુરૂવારે એનડીએ અને ઈન્ડિયા બ્લોકના સાંસદો "બી.આર. આંબેડકરનું અપમાન" અંગેના તેમના હરીફ વિરોધ પ્રદર્શન દરમિયાન ગૃહમાં ઘૂસવા માટે ધક્કામુક્કી કર્યા બાદ બે ભાજપ સાંસદોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસે ઘાયલ ભાજપ સાંસદોના નિવેદનો નોંધવા, તેમના તબીબી અહેવાલો એકત્રિત કરવા અને રાહુલ ગાંધી અને ઘટનાના સાક્ષી અન્ય ધારાસભ્યોની પૂછપરછ કરવાની તૈયારી કરીને તેમની તપાસ વધુ તીવ્ર બનાવી છે.

આ નાટક તાજેતરના સંસદીય ઈતિહાસમાં સૌથી વિવાદાસ્પદ એપિસોડમાંનું એક છે. સૂત્રોએ જણાવ્યું હતું કે દિલ્હી પોલીસે ઝઘડા તરફ દોરી જતી ઘટનાઓની તપાસ માટે સંસદ સચિવાલય પાસેથી સીસીટીવી ફૂટેજ મેળવવાની પણ વિનંતી કરી છે. રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં બંને ઘાયલ ભાજપ સાંસદોની તબિયત સતત સુધરી રહી છે. હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. અજય શુક્લાએ શુક્રવારે જણાવ્યું હતું કે બંને સાંસદો સ્થિર સ્થિતિમાં છે પરંતુ આઈસીયુમાં નિરીક્ષણ હેઠળ છે. તેમણે કહ્યું કે, "મુકેશ રાજપૂત હળવો ચક્કર અને માથામાં ભારેપણું અનુભવી રહ્યા છે, જ્યારે પ્રતાપ સારંગીના પહેલાથી જ હૃદયની સ્થિતિ પર નજીકથી દેખરેખ રાખવાની જરૂર છે. બંને સાંસદોના બ્લડ પ્રેશરનું સ્તર હવે સ્થિર છે. તેમણે કહ્યું કે "તેમની સારવાર અંગે આગળનો નિર્ણય તબીબી ટીમ લેશે." ડૉ. શુક્લાએ સમજાવ્યું કે સારંગીને કપાળ પર ઊંડો ઘા થયો હતો અને ટાંકા લેવાની જરૂર પડી હતી, જ્યારે રાજપુતના માથામાં થયેલી ઈજાને કારણે તે ક્ષણિક રીતે બેભાન થઈ ગયા હતા. જોકે, એમઆરઆઈ અને સીટી સ્કેન દરમિયાન કોઈ નોંધપાત્ર આંતરિક નુકસાન થયું ન હતું જેનાથી તંગદિલી વચ્ચે થોડી રાહત થઈ છે.

## ૨૦૨૪માં ભારતમાં ખ્રિસ્તીઓ વિરૂદ્ધ અત્યાર સુધીની સૌથી વધુ હિંસા નોંધાઈ, ટોચની ખ્રિસ્તી સંસ્થાએ રાષ્ટ્રીય સ્તરની તપાસની માંગ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૧

૨૦૨૪માં નવેમ્બર સુધીમાં ભારતમાં ખ્રિસ્તીઓ વિરૂદ્ધ ૭૪૫ હિંસાના બનાવો નોંધાયા છે જે અત્યારસુધીનો સૌથી વધુ આંકડો છે તેમ યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ (UCF)એ મોદી સરકારને દેશમાં ખ્રિસ્તી લઘુમતી પરના અત્યાચારની તપાસ માટે સચિવ સ્તરના અધિકારીના નેતૃત્વમાં રાષ્ટ્રીય સ્તરની તપાસ સ્થાપિત કરવા હાકલ કરી છે. UCFના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હી લઘુમતી આયોગના ભૂતપૂર્વ સભ્ય એ. સી. માઈકલે શુક્રવારે એક નિવેદનમાં નોંધ્યું હતું કે જ્યારે બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો ત્યારે ભારત સરકાર દ્વારા સચિવ સ્તરના એક ખાસ દૂતને બાંગ્લાદેશી સરકાર સાથે વાતચીત કરવા માટે મોકલવામાં આવ્યા હતા.

UCF હેલ્પલાઈન પર મળેલી ફરિયાદો અનુસાર ૨૦૧૪માં ૧૨૭ ઘટનાઓ, ૨૦૧૫માં ૧૪૨, ૨૦૧૬માં ૨૨૬, ૨૦૧૭માં ૨૪૮, ૨૦૧૮માં ૨૯૨, ૨૦૧૯માં ૩૨૮, ૨૦૨૦માં ૨૭૯, ૨૦૨૧માં ૫૦૫, ૨૦૨૨માં ૬૦૧, ૨૦૨૩માં ૭૩૪ અને નવેમ્બર ૨૦૨૪ના અંત સુધીમાં ૭૪૫ ઘટનાઓ બની હતી. UCFએ સમગ્ર ભારતમાં ૧૨ રાજ્યોમાં રાજકીય રીતે પ્રેરિત ધર્માંતરણ વિરોધી કાયદાઓની પણ ટીકા કરી છે અને ચેતવણી આપી છે કે ઉત્તરપ્રદેશમાં તાજેતરના સુધારા બિલ જે PMLA અને UAPA જેવા કઠોર કાયદાઓનું પ્રતિબિંબ પાડે છે તે કલમ ૨૫નું ઉલ્લંઘન કરી શકે છે જેમ કે સુપ્રીમ કોર્ટે નિર્દેશ કર્યો છે. ગયા વર્ષે પણ જાન્યુઆરીથી નવેમ્બર ૨૦૨૩ સુધીમાં ઉત્તરપ્રદેશ ૨૮૭ ઘટનાઓ સાથે યાદીમાં ટોચ પર હતું જેના કારણે હિંસામાં વધારો થયો હતો જ્યારે UCFને ખ્રિસ્તીઓ વિરૂદ્ધ હિંસાના ૬૮૭ બનાવોના અહેવાલો મળ્યા હતા જેમાંથી ૫૩૧ ઘટનાઓ ઉત્તર ભારતના ચાર રાજ્યોમાં બની હતી. ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં UCF હેલ્પલાઈન પર સમગ્ર ભારતમાં નોંધાયેલા કુલ ૬૭૩ બનાવોમાંથી ઉત્તરપ્રદેશમાં હજુ પણ સૌથી વધુ ૧૮૨ બનાવો નોંધાયા હતા ત્યારબાદ છત્તીસગઢમાં ૧૩૯ બનાવો નોંધાયા હતા. UCFએ જણાવ્યું હતું કે, "આનો અર્થ એ છે કે ઘણી અન્ય ઘટનાઓ બની હશે પરંતુ અમારી હોટલાઈન દ્વારા જાણ કરવામાં આવી ન હતી અને કુલ સંખ્યામાં તેનો સમાવેશ થતો નથી."

## મધ્યપ્રદેશના મહાકાલેશ્વર મંદિરના ફૂડ સેન્ટરમાં મશીનમાં દુપટ્ટો ફસાઈ જતાં મહિલાનું મૃત્યુ

(એજન્સી) ભોપાલ, તા.૨૧

એક અધિકારીએ જણાવ્યું હતું, શનિવારે મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં મહાકાલેશ્વર મંદિરના ફૂડ સેન્ટરમાં બટાકાની છાલ ઉતારવાના મશીનમાં ૩૦ વર્ષીય મહિલાનું દુપટ્ટા ફસાઈ જતાં તેનું મૃત્યુ થયું હતું. સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (SDM) લક્ષ્મી નારાયણ ગર્ગે પત્રકારોને જણાવ્યું હતું કે, મંદિરના અન્ન ક્ષેત્રમાં સવારે આ અકસ્માત થયો હતો. તેમણે જણાવ્યું હતું કે, ખાનગી સુરક્ષા સેવાના કર્મચારીઓ અને પરિસરમાં અન્ય મહિલાઓએ માહિતી આપી હતી કે પીડિતા, રજની ખત્રી ભોજનશાળા (રસોડા)માં કામ કરી રહી હતી જ્યારે તેનો દુપટ્ટો (સ્કાફ) બટાકાની છાલ કાઢવાના મશીનમાં ફસાઈ ગયો હતો. દુપટ્ટો મહિલાના ગળામાં જકડાઈ ગયો. એસડીએમએ જણાવ્યું હતું, તેણીને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી જ્યાં ડોકટરોએ તેણીને મૃત જાહેર કરી.

તેમણે કહ્યું કે, મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે અને રિપોર્ટ પછી ચોક્કસ કારણ બહાર આવશે. એસડીએમએ કહ્યું કે, સરકાર તેના સગાઓને આર્થિક મદદ કરશે. અન્ન ક્ષેત્ર મહાકાલેશ્વર મંદિરથી લગભગ ૫૦૦ મીટર દૂર છે અને ભક્તોને ભોજન પૂરૂં પાડે છે.

## મધ્યપ્રદેશના દેવાસમાં ડેરી પાર્લરમાં બ્લાસ્ટ થતાં એક જ પરિવારના ચાર લોકોનાં મોત

(એજન્સી) તા. ૨૧

મધ્યપ્રદેશના દેવાસમાં શનિવારે વહેલી સવારે એક મકાનમાં આગ લાગી હતી. બીજા માળે સૂતેલા પતિ, પત્ની અને બે બાળકોના શ્વાસ રૂંધાવાથી મોત થયા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે નીચે ડેરીમાં ગેસ સિલિન્ડર ફાટવાના કારણે આગ લાગી હતી. પહેલા માળે ડેરી પ્રોડક્ટ્સ રાખવામાં આવી હતી, જેના કારણે આગ કાબૂ બહાર ગઈ હતી. આ ઘટના નયાપુરા વિસ્તારમાં બની હતી. સ્થાનિક લોકોએ જણાવ્યું કે ઘરમાં રાખેલા ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો. ત્રણ જેટલી ફાયર બ્રિગેડે આગને કાબુમાં લીધી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ બીજા માળે સૂતેલા પરિવારને બચાવવાનું શરૂ કર્યું હતું, પરંતુ ઉપર જતો રસ્તો સાંકડો હોવાથી ટીમ બચાવ કાર્ય કરી શકી ન હતી. આ અકસ્માતમાં દિનેશ કાર્પેન્ટર (૩૫), તેની પત્ની ગાયત્રી કાર્પેન્ટર (૩૦), પુત્રી ઈશિકા (૧૦) અને પુત્ર ચિરાગ (૭)નું મોત થયું હતું. ઘટનાની માહિતી મળતા જ એસપી પુનીત ગેહલોદ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આગનું કારણ જાણવા FSL ટીમ તપાસ કરશે. એસપી પુનીત ગેહલોદે જણાવ્યું હતું કે, નયાપુરામાં ડેરી સંચાલક દિનેશ કારપેન્ટરની નીચે દુકાન હતી અને તેનો પરિવાર ઉપર રહે છે. આગ લાગી ત્યારે દિનેશ સુથાર અને તેનો પરિવાર ઘરમાં હાજર હતો. હાલ પોલીસની ટીમ સ્થળ પર છે. ફોરેન્સિક ટીમના સહયોગથી આગ લાગવાના કારણની તપાસ કરવામાં આવી રહી છે. પ્રથમ માળે કેટલીક જ્વલનશીલ સામગ્રી સંગ્રહિત હોવાની સંભાવના છે, તપાસ ચાલી રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગના અભિનવ ચંદેલે જણાવ્યું કે, સવારે ૪:૪૮ વાગ્યે નયાપુરા વિસ્તારમાં આર્યન મિલ્ક કોર્નરમાં એલપીજી સિલિન્ડર બ્લાસ્ટની માહિતી મળી હતી. અમારી ત્રણ ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી હતી. બચાવ બાદ એક પુરુષ, એક મહિલા અને બે બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા. સિંગલ રૂટ હોવાને કારણે તેને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. રોડ પર પડેલા કાટમાળને કારણે આગ ઓલવવામાં અને બચાવ કાર્યમાં મુશ્કેલી પડી હતી. જ્યાં વિસ્ફોટ થયો ત્યાં LPG સિલિન્ડર મળી આવ્યો હતો. અન્ય એલપીજી સિલિન્ડરો પણ સ્થળ પર રાખવામાં આવ્યા હતા. પહેલા માળે ડેરી ઉત્પાદનો પણ રાખવામાં આવ્યા હતા.

# વાયનાડના ભાજપના ઉમેદવારે પ્રિયંકાની ચૂંટણીને પડકારતી અરજી કેરાલા હાઈકોર્ટમાં દાખલ કરી

## ગત ૧૩મી નવેમ્બરે યોજાયેલી વાયનાડની બેઠકની લોકસભાની પેટા ચૂંટણીમાં પ્રિયંકા ગાંધી સામે પરાજિત થયેલા ભાજપના ઉમેદવાર નાવ્યા હરિદાસે પ્રિયંકાના વિજયને પડકારતી અરજી હાઈકોર્ટમાં શુક્રવારે દાખલ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

ગઈ ૧૩મી નવેમ્બરના રોજ વાયનાડ લોકસભા બેઠકની પેટા ચૂંટણીઓ થઈ ત્યારે કોંગ્રેસના ઉમેદવાર પ્રિયંકા ગાંધી સામે પરાજિત થયેલા ભાજપના ઉમેદવાર નાવ્યા હરિદાસ દ્વારા પ્રિયંકાની ચૂંટણીને પડકારતી અરજી કેરાલા હાઈકોર્ટમાં શુક્રવારે દાખલ કરવામાં આવી છે. ભાજપની મહિલા ઉમેદવારે આ અરજી કરીને હાઈકોર્ટ સમક્ષ એવો આક્ષેપ કર્યો છે કે પ્રિયંકા ગાંધીએ એમની તથા એમના પરિવારની પાસેની મિલકતોની સાચી હકીકતો સાથેનું સ્ટેટમેન્ટ આપ્યું નથી એટલે ચૂંટણી પંચના નીતિ નિયમોના ઉલ્લંઘન



બદલ એમની સામે યોગ્ય પગલા લેવા જોઈએ. ભાજપની પરાજિત મહિલા ઉમેદવાર નાવ્યાએ પ્રિયંકાને વિજેતા ઘોષિત કરતું પરિણામ પણ રદ કરવાની અરજીમાં માગણી કરી છે. પ્રિયંકા ગાંધીએ પેટા ચૂંટણીઓમાં ચાર લાખ દસ હજારથી વધુ પ્રચંડ જંગી મતોની સરસાઈથી ભાજપની ઉમેદવારને પરાજિત કરી હતી. પ્રિયંકા ગાંધીને કુલ ૬,૨૨,૩૩૮ જેટલા મતો મળ્યા હતા જ્યારે બીજા નંબરે રહેલા સામ્યવાદી પક્ષના વરિષ્ઠ નેતા અને પૂર્વ ધારાસભ્ય સત્યમ મોકેરીને ૨,૧૧,૦૦૦ જેટલા મતો મળ્યા હતા અને ત્રીજા નંબરે રહેલી ભાજપની ઉમેદવારના નાવ્યાને રૂા.૧,૦૯,૦૦૦થી થોડાક વધુ મતો મળ્યા હતા. આ રીતે પ્રિયંકા ગાંધીએ વાયનાડમાં જ તેમના ભાઈ રાહુલે મેળવેલી સરસાઈનો વિક્રમ પણ તોડી પાડ્યો હતો.

# હાઈકોર્ટે ચૂંટણી પંચને અરજદારને ચૂંટણી દસ્તાવેજો પ્રદાન કરવા માટે કહ્યા પછી કેન્દ્રએ ચૂંટણી આચારના નિયમોમાં ફેરફાર કર્યો

## આ ફેરફારથી ચૂંટણી સંબંધિત તમામ પેપરનું લોકો દ્વારા નિરીક્ષણ કરી શકાશે નહીં

(એજન્સી) તા.૨૧

કેન્દ્ર સરકારે શુક્રવારના રોજ ચૂંટણીના આચાર નિયમોમાં સુધારો કર્યો છે જેથી કરીને ચૂંટણી સંબંધિત તમામ દસ્તાવેજો લોકો દ્વારા એક્સેસ કરી શકાતા નથી. ૧૯૬૧ના ચૂંટણી નિયમોના અગાઉના નિયમ ૯૩(૨)(a)એ જણાવ્યું હતું કે ચૂંટણી સંબંધિત અન્ય તમામ કાગળો જાહેર નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે. આ નિયમનું સુધારેલું સંસ્કરણ કહે છે કેઃ ચૂંટણી સંબંધિત આ નિયમોમાં ઉલ્લેખિત અન્ય તમામ કાગળો જાહેર નિરીક્ષણ માટે ખુલ્લા રહેશે. ચૂંટણી પંચ સાથે પરામર્શ કરીને કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા સૂચિત કરાયેલા આ ફેરફાર સાથે, લોકો દ્વારા તમામ મતદાન સંબંધિત પેપરનું નિરીક્ષણ કરી શકાશે નહીં. ચૂંટણીના આચારના નિયમોમાં ઉલ્લેખિત પેપરોનું જ લોકો દ્વારા નિરીક્ષણ કરી શકાશે. અદાલતો પણ ચૂંટણી સંબંધિત તમામ કાગળો જાહેર જનતાને આપવા માટે પોલ પેનલને નિર્દેશ આપી શકશે નહીં. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ૯ ડિસેમ્બરે ચૂંટણી પંચને તાજેતરની હરિયાણા વિધાનસભાની ચૂંટણી દરમિયાન મતદાન મથક પર મતદાન સાથે સંબંધિત દસ્તાવેજોની વિડિયોગ્રાફી, સુરક્ષા કેમેરા ફૂટેજ અને દસ્તાવેજોની નકલો પ્રદાન કરવા નિર્દેશ આપ્યા હતા. ચૂંટણી પંચના એક અધિકારીએ સ્ક્રોલને જણાવ્યું હતું કે અમને તમામ પ્રકારની અરજીઓ મળે છે અને કેટલીક આરટીઆઈ (માહિતીનો અધિકાર) દ્વારા પણ રેન્ડમ દસ્તાવેજો અને મતદાન મથકના સીસીટીવી ફૂટેજની માંગણી કરવામાં આવે છે, અમે ચૂંટણી સંબંધિત પેપરોના જાહેર નિરીક્ષણને નિયંત્રિત કરવાની યોજના બનાવી રહ્યા હતા. હવે હાઈકોર્ટના આ આદેશ પછી, આ નિયમોમાં સુધારો કરીને સૂચિત કરવામાં આવ્યા છે. તેના પર પ્રતિક્રિયા આપતા, પ્રાચાએ સ્ક્રોલને કહ્યું કેઃ લોકશાહી અને બાબાસાહેબના બંધારણને



બચાવવા માટે, અમને અસમાન ચૂંટણીની ફરજ પાડવામાં આવી રહી છે. મનુવાદી દળોએ સમગ્ર ઈતિહાસમાં આંબેડકરવાદીઓને દબાવવા માટે અનૈતિક અને અન્યાયી પદ્ધતિઓનો ઉપયોગ કર્યો છે, પરંતુ આ અલોકતાંત્રિક અને ફાસીવાદી દળોને હરાવવા માટે અમારી પોતાની કાનૂની વ્યૂહરચના સહિતની અમારી પોતાની પદ્ધતિઓ છે. ચૂંટણી પંચે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં પ્રાચાની અરજીનો વિરોધ કર્યો હતો. જેમાં દલીલ કરવામાં આવી હતી કે ઓક્ટોબરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પ્રાચા ઉમેદવાર નથી અને તેથી તેઓ ચૂંટણી સંબંધિત દસ્તાવેજો માંગી શકે નહીં. હાઈકોર્ટે ચૂંટણી સંસ્થાને ભાગ ૧ અને ભાગ ૨ બંને ફોર્મ ૧૭C સહિત જરૂરી દસ્તાવેજો છ સપ્તાહની અંદર પૂરા પાડવાનો નિર્દેશ આપ્યો હતો અને પ્રાચાની દલીલ સ્વીકારી હતી કે ઉમેદવાર અને અન્ય વ્યક્તિ વચ્ચેનો એકમાત્ર તફાવત એ છે કે જ્યારે દસ્તાવેજો ચૂંટણી લડનાર ઉમેદવારને વિનામૂલ્યે સપ્લાય કરવાના રહેશે, દસ્તાવેજો અન્ય કોઈપણ વ્યક્તિને પૂરા પાડવાના રહેશે જે ફીની ચુકવણીને આધીન હોઈ શકે છે.

# મમતા બેનરજીની નજર રાહુલ ગાંધીની ભૂમિકા પર છે અને શરદ પવાર, લાલુ પ્રસાદ યાદવ તેમના સમર્થનમાં છે

## મમતા બેનરજીએ રાહુલ ગાંધીના નેતૃત્વને પડકાર આપ્યો છે અને કોંગ્રેસ નબળી વ્યૂહરચના અને સાથી પક્ષોને નબળા પાડવાના આરોપોનો સામનો કરી રહી હોવાથી વિપક્ષી ઈન્ડિયા જૂથ અશાંતિમાં છે

(એજન્સી) તા.૨૧

ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈન્ક્લુઝિવ એલાયન્સ (ઈન્ડિયા) ગઠબંધન ભાજપના રાજકીય વર્ચસ્વનો સામનો કરવા માટે સૌથી વધુ આશાસ્પદ વિપક્ષી મોરચા તરીકે ઓળખાતું હતું, હવે તેમાં વિવાદ છે જે દિવસેને દિવસે વધતું જણાય છે. કોંગ્રેસ, તેની સમગ્ર ભારતમાં હાજરી અને ઐતિહાસિક વારસાને કારણે ગઠબંધનનું નેતૃત્વ કરે છે, તે ગઠબંધનના લગભગ દરેક પક્ષના પ્રતિકારનો સામનો કરી રહી છે. કોંગ્રેસ વિરૂદ્ધ નારાજગી વધી રહી છે પરંતુ હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીના નિરાશાજનક પ્રદર્શન બાદ હવે તે ખુલ્લેઆમ છે. તેના સાથી પક્ષો માટે, આ હાર ચૂંટણીની ખોટી ગણતરીઓ વિશે ઓછી અને મુદ્દા વિશે વધુ હતી. ગઠબંધનની રાજનીતિની ગતિશીલતા સાથે અનુકૂલન કરવામાં કોંગ્રેસની કથિત અસમર્થતા, ભાગીદારો પ્રત્યે તેનું અસ્વીકાર્ય વલણ અને અમુક વર્ણનો પ્રત્યેનું વળગણ રાજકીય રીતે પ્રતિકૂળ છે. આજે અસંતોષના કેન્દ્રમાં રાહુલ ગાંધી છે, જેમની નેતૃત્વ શૈલી, પ્રાથમિકતાઓ અને જાહેર વર્તન ફ્લેશપોઈન્ટ બની ગયા છે. અદાણી ગ્રૂપ અને વીર સાવરકર જેવા મુદ્દાઓ પર રાહુલના સંકુચિત અને પુનરાવર્તિત ફોકસ માટે સાથીઓએ ખુલ્લેઆમ તેમની નિરાશા વ્યક્ત કરી છે. સાવરકર વિવાદ ખાસ કરીને આ ગતિશીલતાનું ઉદાહરણ છે. સાવરકર પર રાહુલના હુમલાઓ, અત્યંત ધ્રુવીકરણ કરનાર વ્યક્તિ, ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (ઉદ્ધવબાલાસાહેબ ઠાકરે) અને શરદપવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્રપવાર) તરફથી આકરી ટીકા થઈ હતી. મહારાષ્ટ્રના આ સાથીદારો માટે, સાવરકર માત્ર એક ઐતિહાસિક વ્યક્તિ નથી પરંતુ ઘણા મહારાષ્ટ્રીયનો માટે ઊંડા ભાવનાત્મક રાજકીય ચિહ્ન છે. ઉદ્ધવ અને પવાર બંને તરફથી વારંવારની ચેતવણીઓ આપવામાં આવી કે આ હુમલાઓ ચાલુ રાખવાથી તેમના મતદાર આધારને નુકસાન થશે અને ભાજપના સાંસ્કૃતિક એજન્ડાને લાભ થશે, તો પણ રાહુલે આ હુમલા ચાલુ રાખ્યા હતા અને પરિણામ? મહાવિકાસ અઘાડી (MVA) ગઠબંધનને મહારાષ્ટ્રમાં શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો, જેમાં ઉદ્ધવ અને પવાર બંનેએ હાર માટે રાહુલની જીદને જવાબદાર ઠેરવી હતી. રાહુલે ખાસ કરીને અદાણી જૂથ પરના તેમના હુમલા વધાર્યા છે. જ્યારે અદાણી સામેના આરોપો ગંભીર છે અને નરેન્દ્ર મોદી સરકારમાં ખળભળાટ મચી ગયો છે, ત્યારે તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના વડા મમતા બેનરજી, સમાજવાદી પાર્ટી (SP)ના વડા અખિલેશ યાદવ જેવા સાથી પક્ષો અને આમઆદમી પાર્ટી (AAP)ના નેતાઓ પણ માને છે કે આ મુદ્દા પર વધુ પડતો ભાર મૂકવામાં આવ્યો છે તે વ્યૂહાત્મક ભૂલ છે.જ ટીએમસીએ અદાણી મુદ્દે કોંગ્રેસની આગેવાની હેઠળના વિરોધનો ખુલ્લેઆમ બહિષ્કાર કર્યો હતો, જેમાં અભિષેક બેનરજી જેવા વરિષ્ઠ પક્ષના નેતાઓએ જણાવ્યું હતું કે મતદારો કોર્પોરેટ વિવાદો કરતાં તેઓ મોંઘવારી, બેરોજગારી અને કલ્યાણ વિતરણ વિશે વધુ ચિંતિત છે. એસપી નેતાઓએ પણ નારાજગી વ્યક્ત કરી છે, અને એવી દલીલ કરી છે કે અદાણી પર સતત હુમલાઓ ઉત્તરપ્રદેશના મતદારોની ચિંતાઓને દૂર કરવા માટે કામ કરશે નહીં. પ્રાદેશિક પક્ષો વધુ અનુકુળ હોય તેવી વાસ્તવિકતાઓને અવગણવાનો કોંગ્રેસ પર આરોપ લગાવે છે અને સાથી પક્ષોએ પ્રાથમિકતાઓનો આ તફાવત સંઘર્ષમાં ફેરવાઈ ગયો છે. અન્ય વિવાદાસ્પદ મુદ્દો ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM) સાથે ચેડાં કરવાનો કોંગ્રેસનો આરોપ છે. કોંગ્રેસે 'EVM જાગો યાત્રા' જેવી ઝુંબેશ શરૂ કરી છે, ત્યારે TMC અને જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની આગેવાની હેઠળની નેશનલ કોન્ફરન્સ (NC)એ આરોપોને પાયાવિહોણા અને પ્રતિકૂળ ગણાવીને ફગાવી દીધા છે. અભિષેકે ખુલ્લેઆમ કોંગ્રેસના અભિગમની ટીકા કરી, અને પક્ષને કાવતરાના સિદ્ધાંતોને બદલે બૂથ-લેવલ મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી. અબ્દુલ્લાએ વ્યંગાત્મક રીતે ટિપ્પણી કરી કે કોંગ્રેસ ઈફસ મતદાન દ્વારા મળેલી જીતની ઉજવણી કરી શકતી નથી અને જ્યારે પરિણામો પક્ષની વિરૂદ્ધ જાય છે ત્યારે તે મશીનોને દોષી ઠેરવે છે. આ નારાજગી માત્ર વ્યૂહરચનાના મુદ્દાઓ સુધી મર્યાદિત નથી પરંતુ



ગઠબંધનની અંદર, ખાસ કરીને સંસદમાં કોંગ્રેસની કાર્યશૈલી અંગે પણ છે. AAP પણ નારાજ છે કારણ કે કોંગ્રેસ સંસદીય ચર્ચા દરમિયાન તેના નેતા સંજય સિંહની પડખે ઊભા રહેવામાં નિષ્ફળ રહી હતી. અન્ય સાથીઓએ સિંહનો બચાવ કર્યો હતો. આ ઘટનાએ કોંગ્રેસ અને AAP વચ્ચેના વધતા અવિશ્વાસમાં વધારો કર્યો છે. પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન, જેમણે તેમના રાજ્યમાં ઘણી વખત સફળતાપૂર્વક ભાજપને હરાવ્યો છે, તે સ્પષ્ટપણે ઈન્ડિયા બ્લોકના વૈકલ્પિક નેતા બની ગયા છે. મમતાની નેતૃત્વ મહત્વાકાંક્ષાઓ પાયાવિહોણી નથી. તેમની પાર્ટીએ બંગાળમાં ભાજપને હરાવ્યું અને મજબૂત ચૂંટણી વ્યૂહરચના અને કલ્યાણલક્ષી શાસનનું પ્રદર્શન કર્યું છે. ટીએમસી સાંસદ કલ્યાણ બેનરજી અને પ્રવક્તા કુણાલ ઘોષે દલીલ કરી છે કે મમતાએ તેમની ક્ષમતા સાબિત કરી છે અને તેઓ બ્લોકનું નેતૃત્વ કરવાને પાત્ર છે. શરદ પવાર, રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના વડા લાલુ પ્રસાદ યાદવ અને તેમના પુત્ર તેજસ્વી યાદવ જેવા ભારતના સભ્યોએ મમતાના દાવાને જાહેરમાં સમર્થન આપ્યું છે, પવારે તેમને એક સક્ષમ નેતા ગણાવ્યા છે. કોંગ્રેસના જૂના સાથી લાલુએ પણ તેઓને ટેકો આપ્યો છે તે વધતી સર્વસંમતિનો સંકેત આપે છે કે ગઠબંધનને વધુ સહયોગી અભિગમ અને મજબૂત ચૂંટણી રેકોર્ડ ધરાવતા નેતાની જરૂર છે. રાહુલના પડકાર તરીકે મમતાનો ઉદય વિપક્ષની રાજનીતિની શક્તિની ગતિશીલતામાં વ્યાપક પરિવર્તનને રેખાંકિત કરે છે, અને પ્રાદેશિક નેતાઓ કોંગ્રેસના પરંપરાગત વર્ચસ્વ સામે ભારપૂર્વક નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. કોંગ્રેસ માટે આગળનો રસ્તો અવરોધોથી ભરપૂર છે. તેણે તેના સાથી પક્ષોની ફરિયાદોનું નિવારણ કરવું જોઈએ, તેની વ્યૂહરચનાઓને પુનઃપ્રમાણિત કરવી જોઈએ અને જૂથમાં ફરી સ્થાન મેળવવા માટે ચૂંટણીમાં જીત મેળવવી જોઈએ. કોંગ્રેસે, આ અસંતોષને નુકસાન-નિયંત્રણના પગલાં દ્વારા સંચાલિત કરવાનો પ્રયાસ કર્યો છે, જો કે આ પ્રયાસો મોટાભાગે નિષ્ફળ ગયા છે. રાહુલે કથિત રીતે પાર્ટીના સભ્યોને સાથી પક્ષોની ટીકાઓનો જવાબ આપવાનું ટાળવાની સલાહ આપી છે, તેના બદલે પાર્ટીમાં શિસ્ત જાળવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખર્ગે, જે ઈન્ડિયા બ્લોકના અધ્યક્ષ પણ છે, તેમણે એકતાની જરૂરિયાત પર ભાર મૂકતા આ પક્ષો વચ્ચે મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ ઈન્ડિયા બ્લોક માટે નેતૃત્વની જવાબદારીઓ અથવા કન્વીનરનું નામ આપવાનો ઈન્કાર કરવાથી તણાવમાં વધારો થયો છે. નીતિશ કુમાર જેવા સાથી પક્ષો પહેલેથી જ ગઠબંધન છોડી ચૂક્યા છે, અને અન્યો જો કોંગ્રેસ તેનો અભિગમ બદલશે નહીં તો કથિત રીતે વૈકલ્પિક જોડાણ પર વિચાર કરી રહ્યા છે. આ અવ્યવસ્થાના રાજકીય પરિણામો નોંધપાત્ર છે. લોકસભા ચૂંટણીમાં ભાજપ સામે સંયુક્ત મોરચો રજૂ કરવા માટે ઈન્ડિયા બ્લોકની રચના કરવામાં આવી હતી. જો કે, આ ઝઘડાએ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)ના વિકલ્પ તરીકે તેની કાર્યક્ષમતા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. સ્પષ્ટ અને સર્વસમાવેશક અભિગમ વિના, ઈન્ડિયા જૂથ તેના પોતાના વિરોધાભાસ હેઠળ તૂટી શકે છે. જો ગઠબંધન તેના આંતરિક વિખવાદોને ઉકેલી શકતું નથી, તો તે વિશ્વસનીયતા ગુમાવશે અને અપ્રસ્તુત બની જશે અને તે ભાજપને તેના રાજકીય વર્ચસ્વના અનુસંધાનમાં પડકારરૂપ રહેશે નહીં.

# 'હમ ઈતને બુરે હૈ ક્યા?' : આધ્યાત્મિક વક્તા અભિનવ અરોરાએ સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવા બદલ ૭ યુટ્યુબર્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી

## ૧૦ વર્ષીય આધ્યાત્મિક વક્તા અભિનવ અરોરાનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ પંકજ આર્યએ યુટ્યુબર્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં કાનૂની લડાઈ શરૂ થઈ છે

(એજન્સી) તા.૨૧

૧૦ વર્ષીય આધ્યાત્મિક વક્તા અભિનવ અરોરાનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ પંકજ આર્યએ તેમના ક્લાયન્ટને સોશિયલ મીડિયા પર કથિત રીતે ટ્રોલ કરવા બદલ યુટ્યુબર્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હોવાથી કાનૂની લડાઈ ઉભી થઈ છે. આ કેસની સુનાવણી હાલમાં ઉત્તર પ્રદેશના મથુરામાં ચાલી રહી છે. એડવોકેટ પંકજ આર્યએ શનિવારે ANI સાથે વાત કરતાં આગામી સુનાવણીની તારીખની જાહેરાત કરતા કહ્યું કે, આજે અમારી કોર્ટમાં સુનાવણી હતી. કાયદેસરની કાર્યવાહી ચાલુ છે. સુનાવણીની આગામી તારીખ ૩જી જાન્યુઆરીએ નક્કી કરવામાં આવી છે. તેમણે કેસની ગંભીરતા પર ભાર મૂક્યો હતો અને જો જરૂર પડે તો તેને સર્વોચ્ચ અદાલતોમાં ચલાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આર્યના મતે, આ ટ્રોલિંગ અભિયાન માત્ર અભિનવ અરોરા પર હુમલો નથી પરંતુ સનાતન ધર્મ પર પણ હુમલો છે. તેણે ન્યાય મેળવવાનો પોતાનો નિર્ધાર શેર કર્યો છે. લોકોના ટોળાએ અભિનવ અરોરા અને સનાતન ધર્મ વિરુદ્ધ અભિયાન શરૂ કર્યું છે. અમે તેની સામે કોર્ટમાં આવ્યા છીએ. સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટમાં જવું પડે તો પણ અમે તેમને છોડીશું નહીં. અમે આ યુટ્યુબર્સ સામે એફઆઈઆરની માંગણી કરી છે. અભિનવના પરિવારે ખુલાસો કર્યો હતો કે



તેમને લોરેન્સ બિશ્નોઈની ગેંગ તરફથી કથિત રીતે જાનથી મારી નાખવાની ધમકીઓ મળી હતી. તેની માતા જ્યોતિ અરોરાએ તેના પુત્રના ઉત્પીડન અંગે વ્યથા વ્યક્ત કરી હતી અને કહ્યું કે, સોશિયલ મીડિયા દ્વારા અમારું સામાજિક નુકસાન કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અભિનવે એવું કંઈ કર્યું નથી, જેના કારણે અમને ધમકીઓ મળી રહી છે. તેણીએ ધમકીઓ વિશે વધુ વિગતવાર જણાવતા કહ્યું કે, અમને આજે લોરેન્સ બિશ્નોઈ જૂથ તરફથી કોલ મેસેજ મળ્યો હતો જેમાં અમને ધમકી આપવામાં આવી હતી કે અભિનવને મારી નાખવામાં આવશે. ગઈકાલે રાત્રે, અમને એક ફોન આવ્યો અને અમને આજે એ જ નંબર પરથી મેસેજ મળ્યો કે તેઓ અભિનવને મારી નાખશે. દિલ્હીના ૧૦ વર્ષીય આધ્યાત્મિક સામગ્રી સર્જક અભિનવ અરોરા દાવો કરે છે કે તેણે ત્રણ વર્ષની નાની ઉંમરે તેની આધ્યાત્મિક યાત્રા શરૂ કરી હતી. ત્યારથી તે તેમના ભક્તિમય ભાષણો અને ઑનલાઈન આધ્યાત્મિક સામગ્રી માટે નોંધપાત્ર રીતે પ્રખ્યાત છે. તેમની નાની ઉંમર હોવા છતાં, અભિનવ તેમના વક્તૃત્વ કૌશલ્ય દ્વારા સનાતન ધર્મને પ્રોત્સાહન આપવામાં એક અગ્રણી વ્યક્તિ છે. આ કેસ યુવા પ્રભાવકો અને જાહેર હસ્તીઓ વિરુદ્ધ સાયબર હેરેસમેન્ટ પર વધતી જતી ચિંતાને પ્રકાશિત કરે છે. ઓનલાઈન ટ્રોલિંગ ખાસ કરીને સગીરો પર નોંધપાત્ર ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક અસર કરી શકે છે. અભિનવ સામેના આરોપો અને ધમકીઓએ આવા મુદ્દાઓને ઉકેલવામાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મની જવાબદારી પર પ્રશ્નો ઉભા કર્યા છે. આ કાનૂની લડાઈ ચાલુ છે, ત્યારે અભિનવના સમર્થકો અને શુભેચ્છકોએ તેમનું સમર્થન કર્યું છે, અને આ ઉત્પીડન અને ધમકીઓની નિંદા કરી છે. ઘણા લોકોએ યુવા પ્રભાવકોને ઓનલાઈન દુરુપયોગથી બચાવવા અને તેમની સલામતી સુનિશ્ચિત કરવા માટે કડક કાયદાની માંગ કરી છે. ૩ જાન્યુઆરીની સુનાવણીના પરિણામની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે અને અભિનવનો પરિવાર અને કાનૂની ટીમ ન્યાયની શોધમાં અડગ છે.

# મણિપુરના લોકો હજુ રાહ જુએ છે ત્યાં વડાપ્રધાન કુવૈત પહોંચી ગયા : જયરામ રમેશ

(એજન્સી) તા.૨૧

કોંગ્રેસે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કુવૈત મુલાકાતને લઈને ઉગ્ર નિશાન સાધ્યું હતું. દેશની સૌથી જૂની પાર્ટીના નેતા જયરામ રમેશે કહ્યું કે પીએમ, જેઓ વારંવાર પ્રવાસ કરે છે, તેઓ હવે કુવૈત ગયા છે, જ્યારે હિંસાગ્રસ્ત મણિપુરના લોકો તેમની રાહ જોઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે, વડાપ્રધાન મોદી કુવૈતની બે દિવસીય મુલાકાતે રવાના થયા છે. આ બે દિવસની મુલાકાતમાં સંરક્ષણ અને વેપાર સહિત અનેક મહત્ત્વના ક્ષેત્રોમાં ભારત અને ખાડી દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત થવાની અપેક્ષા છે. મોદી કુવૈતના ટોચના નેતૃત્વ સાથે વાતચીત કરશે, ભારતીય શ્રમ શિબિરની મુલાકાત લેશે, ભારતીય સમુદાયને સંબોધિત કરશે અને ગલ્ફ કપ ફૂટબોલ ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારોહમાં હાજરી આપશે. ૪૩ વર્ષમાં ભારતીય વડાપ્રધાન દ્વારા ગલ્ફ દેશની આ પ્રથમ મુલાકાત છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી (કોમ્યુનિકેશન) જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક ટોણો મારતી પોસ્ટ કરી હતી. તેમણે કહ્યું, 'તેમની આવી હાલત છે, જાણે મોદીને કોઈ તારીખ નથી મળી રહી, મણિપુરના લોકો રાહ જોઈ રહ્યા છે, જ્યારે પીએમ, જે વારંવાર પ્રવાસ કરે છે, તેઓ કુવૈત જઈ રહ્યા



છે.' કોંગ્રેસે વારંવાર વડાપ્રધાન મોદીને મણિપુરની મુલાકાત લેવાની માગણી કરી છે અને કહ્યું છે કે તે રાજ્યમાં શાંતિ અને સામાન્ય સ્થિતિને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે. મણિપુરમાં જાતિ હિંસા ૩ મે, ૨૦૨૩ના રોજ શરૂ થઈ હતી, જ્યારે રાજ્યના પહાડી વિસ્તારોમાં મૈતેઈ સમુદાય દ્વારા અનુસૂચિત જનજાતિના દરજ્જાની માંગણી સાથે આદિવાસી એકતા કૂચનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારથી મૈતેઈ અને કુકી સમુદાયો અને સુરક્ષા દળોના ૨૨૦થી વધુ લોકો માર્યા ગયા છે.

# એક વખતે શાળામાં નાપાસ થયો હતો, તેના પિતાની કંપનીમાં જોડાયો, હવે ભારતનો સૌથી યુવાન અબજોપતિ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

ભારતના સૌથી યુવા અબજોપતિ બનવાની ત્રિશનીત અરોરાની નોંધપાત્ર સફર દેશભરના લોકોને પ્રેરણા આપે છે. તાજેતરમાં તેણે હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૪માં સ્થાન મેળવ્યું છે, જે તેની કારકિર્દીમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે. તેની વાર્તાને વધુ રસપ્રદ બનાવે છે તે એ છે કે, ત્રિશનીત શાળા છોડી દેનાર વિદ્યાર્થી છે, જેણે પોતાની જાતને આવશ્યક કૌશલ્યો શીખવી અને સફળ વ્યવસાયનું નિર્માણ કર્યું. ત્રિશનીત અરોરા TAC સિક્યુરિટીના સ્થાપક અને CEO છે, જે એક સાયબર સુરક્ષા કંપની છે જે જોખમ અને નબળાઈ વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેણે ૨૦૧૩માં કંપની શરૂ કરી જ્યારે તે માત્ર ૧૯ વર્ષનો હતો, તેનું બેઝ ચંદીગઢમાં હતું. આજે TAC સુરક્ષાનું મૂલ્ય આશરે ૧૧૦૦ કરોડ રૂપિયા અને સાયબર ધમકીઓથી ડિજિટલ સિસ્ટમ્સ અને ડેટાને સુરક્ષિત કરવામાં મુખ્ય ખેલાડી બની ગયું છે. ૨૦૨૪માં TAC સિક્યુરિટીએ નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર સૂચિબદ્ધ થઈને એક મુખ્ય



સીમાચિહ્ન પ્રાપ્ત કર્યું, જે ત્રિશનીત અને તેની ટીમ માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે. સાયબર સિક્યુરિટીમાં તેમના યોગદાનને કારણે તેને ૨૦૧૭માં GQ India દ્વારા ભારતના ૫૦ સૌથી પ્રભાવશાળી યુવા ભારતીયોમાંના એક તરીકે નામ આપવામાં આવવા સહિતની રાષ્ટ્રીય ઓળખ મળી છે. ૨૩ વર્ષની ઉંમર સુધીમાં તેઓ પહેલેથી જ ભારતના ટોચના એથિકલ હેકર્સમાંના એક ગણાતા હતા. ત્રિશનીતની યાત્રા સરળ ન હતી. તેણે શૈક્ષણિક રીતે સંઘર્ષ કર્યો, ૮મા અને ૧૨મા ધોરણમાં નાપાસ થયો અને આખરે તેણે શાળા છોડી દીધી. આ આંચકો હોવા છતાં તેને ટેક્નોલોજીમાં ઊંડો રસ હતો અને તેણે પોતાને કમ્પ્યુટર અને સાયબર સુરક્ષા વિશે શીખવવાનું શરૂ કર્યું. આ વિષય પ્રત્યેનો તેમનો જુસ્સો તેને હેકિંગ સાથે પ્રયોગ કરવા તરફ દોરી ગયો. ૨૦૦૭માં તેણે તેના પિતાની ટેક્સ કન્સલ્ટિંગ ફર્મમાં સફળતાપૂર્વક હેક કર્યું, જેણે તેને સાયબર સુરક્ષામાં કારકિર્દી બનાવવા માટે પ્રેરણા આપી. આજે TAC સિક્યુરિટી રિલાયન્સ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) જેવા ઉચ્ચ-પ્રોફાઈલ ક્લાયન્ટ્સ સાથે કામ કરે છે. કંપની તેમના સાયબર સુરક્ષા પગલાંને સુધારવા માટે પંજાબ અને ગુજરાત જેવી રાજ્ય સરકારો સાથે પણ સહયોગ કરે છે. ત્રિશનીત અરોરાની યાત્રા સખત મહેનત, નિશ્ચય અને સ્વ-શિક્ષણની શક્તિનો પુરાવો છે. શાળા છોડી દેવાની નમ્ર શરૂઆતથી, તેઓ ભારતના ટેક ઉદ્યોગમાં એક અગ્રણી વ્યક્તિ બની ગયો છે, જે લાખો લોકોને તેમના સ્વપ્નોનો પીછો કરવા અને પરંપરાગત સીમાઓથી આગળ નવીનીકરણ કરવા પ્રેરણા આપે છે.

# રાશી બગ્ગા જેણે ૧૪ લાખ રૂપિયાની નોકરીને નકારી દીધી અને રેકોર્ડબ્રેક નોકરીની ઓફર મેળવી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

૨૦૨૩માં ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી નયા રાયપુર (IIIT-NR)માં કોઈપણ વિદ્યાર્થીને આપવામાં આવેલ સર્વોચ્ચ પેકેજને ચિહ્નિત કરીને, રાશિ બગ્ગાએ વાર્ષિક ૮૫ લાખ રૂપિયાની નોંધપાત્ર નોકરીની ઓફર મેળવીને હેડલાઈન્સ બનાવી છે. આ સિદ્ધિ ખાસ કરીને નોંધપાત્ર છે કારણ કે તે IITs અને IIMs જેવા પરંપરાગત સંસ્થાઓમાંથી સ્નાતકોની વધતી સંભાવના દર્શાવે છે. રાશીની સફર અન્ય કંપની તરફથી ૧૪ લાખ રૂપિયાની નોકરીની ઓફર સાથે શરૂ થઈ હતી, પરંતુ તેણીના નિશ્ચયને કારણે તેણીને વધુ તકો



પ્રાપ્ત કરવા તરફ દોરી ગઈ. તેણીએ વધારાના ઈન્ટરવ્યુમાં સક્રિયપણે ભાગ લીધો, આખરે આ ગ્રાઉન્ડબ્રેકિંગ ઓફર પર પહોંચ્યું. જુલાઈ ૨૦૨૩થી રાશી એટલાસિયનમાં પ્રોડક્ટ સિક્યુરિટી એન્જિનિયર તરીકે કામ કરી રહી છે. આ જ કંપનીએ અગાઉ IIIT-NRમાંથી ચિંકી કાર્ડાને ૫૭ લાખ રૂપિયાના પેકેજ સાથે હાયર કરી હતી,જે તેની બેચ માટે સૌથી વધુ હતું. રાશીની સિદ્ધિઓ IIIT-NRમાં વ્યાપક વલણને પ્રતિબિંબિત કરે છે, જેણે સતત પાંચ વર્ષથી ૧૦૦% પ્લેસમેન્ટ દર જાળવી રાખ્યો છે. આ વર્ષના સ્નાતક વર્ગ માટે કંપનીનો સરેરાશ ખર્ચ (CTC) ૧૩.૬ લાખ રૂપિયાના સરેરાશ CTC સાથે વધીને ૧૬.૫ લાખ રૂપિયા થયો છે. રાશીની સફળતા તેના સાથીદારો માટે પ્રેરણારૂપ છે અને વિવિધ શૈક્ષણિક પૃષ્ઠભૂમિમાંથી ઉભરતી પ્રતિભાની વધતી જતી ઓળખને પ્રકાશિત કરે છે.

### અડાજણ ભૂલકા ભવન શાળા પાસે

# પાંચ દિવસ પહેલા થયેલા અકસ્માતમાં ઈજાગ્રસ્ત યુવાનનું સારવાર વેળા મોત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

અડાજણ ભુલકા ભવન ત્રણ રસ્તા તા. ૧૬મીના રોજ થયેલા અકસ્માતમાં બાઈક ચાલકનુ ટૂંકી સારવાર દરમ્યાન મોત નિપજયુ છે. મૃતક યુવક પાંચ દિવસ પહેલા મોડી રાત્રે બે મિત્રો ચા પીવા નીકળ્યો હતોય ત્રિપલ સવારીમાં પૂરઝડપે જઈ રહેલા યુવકોની સ્પોર્ટ બાઈકે એક કારને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક ચાલક ૩૦ ફૂટ હવામાં ફંગોળાયો હતો,અકસ્માત બાદ ત્રણેય ઈજાગ્રસ્ત યુવકોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની આ સમગ્ર ઘટનાના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. નાનપુરા વિસ્તારમાં આવેલ બારાહજારી મહોલ્લામાં રહેતા જ્ઞાનદાસ ગુપ્તાને ૧૮ વર્ષીય પુત્ર અંતિમ જ્ઞાનદાસ કૃષિ બજારમાં પટાવાળાનું કામ કરીને પરિવારને આર્થકિ રીતે મદદરૂપ થતો હતો. અંતિમ અને તેના બે મિત્રો તા.૧૬મીના રોજ મોડી રાત્રે ત્રણ વાગ્યા અરસામાં જીજે-૦૫-પીઆઈ-૫૫૦૮ નંબરની સ્પોર્ટ બાઈક લઈને ચા પીવા ગયા હતા. ત્યાંથી પરત ફરી રહયા હતા ત્યારે અડાજણ ભૂલકા ભવન ત્રણ રસ્તા પરથી પુર ઝડપે બાઈક હંકારીને જઇ રહ્યા હતા. ત્યારે રસ્તો ક્રોસ કરી રહેલી કાર સાથે ધડાકાભેર બાઈક ટકરાઇ હતી. જેમા ત્રણેય યુવકોને ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કાર સાથે બાઈકની જોરદાર ટક્કરથી બાઈક સવાર હવામાં ૩૦ ફૂટ સુધી ઉછળીને પટકાય હતા, જ્યારે અન્ય બે યુવકો પણ રસ્તા પર પટકાય હતા. ત્રણેય ઈજાગ્રસ્ત યુવકોને સ્મીમેર હોસ્પિટલમાં ખસેડયા હતા. અકસ્માતમાં બાઈક સવાર અંતિમ ગુપ્તાને માથાના ભાગમાં ૨૨ ટાંકા આવ્યા હતા. જ્યારે આંખ અને હાથ-પગ પર ઈજાઓ પહોંચી હતી. જ્યારે અન્ય બે યુવકોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. અડાજણ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી, તે દરમ્યાન મોડી રાત્રે અંતિમનું ટૂંકી સારવાર દરમ્યાન મોત નિપજયુ હતુ. આમ અંતિમના મોતથી પરિવારમા શોકની કાલીમા છવાય જવા પામી છે.

# સાબરકાંઠા બાર એસોસિએશનના પ્રમુખ તરીકે ૧૬મી વખત પ્રમુખપદે રાજેન્દ્રકુમાર ચૂંટાયા

હિંમતનગર, તા.૨૧

સાબરકાંઠા જિલ્લા બાર એસોસિએશનના હોદ્દેદારો માટેના મતદાન બાદ ગતરાત્રીએ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં મુખ્ય ચૂંટણી અધિકારીએ પરિણામ જાહેર કર્યું હતું. જેમાં વર્ષ ૨૦૨૫ માટેના પ્રમુખ પદે રાજેન્દ્રકુમાર શર્મા બન્યા હતા. જે અત્યાર સુધીમાં ૧૬મી વખત ચૂંટણી લડી બિનહરીફ થયા છે.આ અંગે સાબરકાંઠા જિલ્લા બાર એસોસિએશનના મુખ્ય ચૂંટણી અધિકારી આઈ.એ.કોવડીયા, મદદનીશ ચૂંટણી અધિકારી એસ.આર.કાપડિયા અને એસ.આર.વાઘેલાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, શુક્રવારે સવારે ૮.૩૦થી સાંજના ૪ કલાક દરમિયાન ૫૬૩ મતદારોમાંથી ૫૨૦ મતદારો પાંચ હોદ્દાઓ માટે ૧૨ ઉમેદવારો માટે મતદાન કર્યુંહતું. ત્યારબાદ મતદાન કેન્દ્રમાં મોડી સાંજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. પાંચ રાઉન્ડની મત ગણતરી બાદ પ્રમુખ તરીકે ૩૦૧ મતે રાજેન્દ્રકુમાર શર્મા,ઉપ પ્રમુખ તરીકે ૩૩૫ મતે જયદીપકુમાર પ્રવીણચંદ્ર નાયક,સેક્રેટરી તરીકે અમૃતભાઈ મોતીભાઈ પ્રજાપતિ ૨૩૬ મતે, જોઈન્ટ સેક્રેટરી તરીકે ધનંજયસિંહ



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

ચંપાવત ૨૮૭ મતે, ખજાનચી તરીકે જય શંકરભાઇ પ્રજાપતિ ૩૪૬ મતે વિજયી થયા હતા.

બાર લો લાયબ્રેરી વિભાગમાં બિનહરીફ તરીકે ઉપપ્રમુખ તરીકે રાકેશભાઈ દલપતભાઈ બારોટ, સેક્રેટરી તરીકે આઝાદસિંહ રતનસિંહ ઝાલા, જોઈન્ટ સેક્રેટરી (સ્ત્રી અનામત) તરીકે મનીષાબેન રમેશચંદ્ર અસારી બન્યા હતા. આ ત્રણેય હોદ્દેદારો બિનહરીફ થયા હતા.આ અંગે સરકારી વકીલ નિલેશકુમાર બારોટે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, રાજેન્દ્રકુમાર શર્મા જે અત્યાર સુધીમાં બિનહરીફ અને ચૂંટણી લડીને ૧૬મી વખત સાબરકાંઠા જિલ્લા બાર એસોસિએશનના પ્રમુખ બન્યા છે. જેઓ વર્ષ ૨૦૨૪/૨૫માં પણ ચૂંટણી લડીને પ્રમુખ બન્યા છે. ત્યારે ૧૬ વખત પ્રમુખ પદ મેળવનાર રાજેન્દ્રકુમાર શર્મા દ્વારા વકીલોના પ્રશ્નોની યોગ્ય રજૂઆત સાથે પરિણામ ઉપરાંત કોર્ટ બિલ્ડીંગ માટે પણ રજૂઆત કરવી સહિત વકીલોના પ્રશ્નોનું નિરાકરણ માટેના યોગ્ય પ્રયત્નો કરી રહ્યા છે. જેનું પરિણામ જ ૧૬ વખત પ્રમુખ પદ મળેલ છે.સાબરકાંઠા જિલ્લા બાર એસોસિએશનના ચૂંટાયેલા અને બિનહરીફ થયેલા તમામ હોદ્દેદારોની વર્ષ ૨૦૨૫ની ટીમને ટેકેદારો અને અગ્રણી વકીલોએ શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા હતા.

### કઠલાલના પીઠાઈ ટોલપ્લાઝા પાસે

# ૧૫૦ કિલો પોશડોડા સાથે પકડાયેલ બે ઈસમને ૧૪-૧૪ વર્ષની કેદની સજા

નડિયાદ, તા.૨૧

કઠલાલ તાલુકાના પીઠાઈ ટોલપ્લાઝા પાસેથી અઢી વર્ષ પહેલા એન.સી.બી.એ ૧૫૦ કિલો પોપીસ્ટ્રો સાથે અમદાવાદના બેને પકડી પાડ્યા હતા જે બાબતનો કેસ કપડવંજ કોર્ટમાં ચાલી જતા કોર્ટે બંને આરોપીઓને કસૂરવા ઠેરવીને ૧૪-૧૪ વર્ષની કેદ સજા તેમજ એક એક લાખ રૂપિયા દંડ ફટકાર્યો છેઆ બનાવ અંગે મળતી માહિતી મુજબ નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરો (એન.સી.બી)ના પી.આઈ રાજકુમાર સિંગને ગત તા. ૦૮/૦૪/૨૦૨૨ના રોજ બાતમી મળી હતી કે 'ત્રણ વ્યકિતઓ જેમાં બે વ્યકિતઓ મહેન્દ્રા પીકઅપ બોલેરો ગાડી જેનો નં. જી.જે.૧૩.એ.ટી. ૦૦૨૯માં લગભગ ૧૫૦ કી.ગ્રા. પોપીસ્ટ્રો લઈને મધ્યપ્રદેશથી અમદાવાદ તરફ આવી રહ્યા છે જેથી તેમણે કઠલાલ તાલુકાના પીઠાઈ ટોલપ્લાઝા પાસે વોચ રાખી હતી આ વોચ દરમિયાન બાતમીમાં મળેલ મહેન્દ્રા પીકઅપ બોલેરો ગાડી નં. જી.જે.૧૩.એ.ટી. ૦૦૨૯ આવતા તેને અટકાવી તેની તપાસ કરી હતી આ તપાસ કરતા લસણના ૪૬ પ્લાસ્ટીકના બોરા મળી આવ્યા હતા જે ચેક કરતા ૩૬ થેલામાંના પોપીસ્ટ્રો - પોસડોડા જણાઈ આવ્યા હતા. જેનુ વજન કરતા ૧૫૦.૩૫ કિ.ગ્રા. પોપીસ્ટ્રો થયું હતું સ્થળ પરથી દિપકભાઈ મોદી અને જાકીરભાઈ સદામાસને પકડી પાડ્યા હતા આ કેસ સેશન્સ કોર્ટ, કપડવંજમાં ચાલ્યો હતો એન.સી.બીના સ્પે. પી.પી.(એન.સી.બી) મિનેષ.આર.પટેલ એ કોર્ટમાં ૪૭થી વધુ દસ્તાવેજી પુરાવા તથા ૦૫ મૌખિક પુરાવા રજૂ કર્યા હતા આ તમામ બાબતો ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપી દિપક શાંતીલાલ મોદી તથા જાકીરહુસેન ઈસ્માઈલભાઈ સદામાસ રહે અમદાવાદને કસુરવા ઠેરવીને એન.ડી.પી.એસ ૧૫(સી) સાથે વાંચતા ૮(સી) તથા કલમ-૨૯ મુજબના ગુનામાં પ્રત્યેક આરોપીને ૧૪ (ચૌદ વર્ષ) વર્ષ સખત કેદની તેમજ પ્રત્યેક આરોપીને રૂપિયા ૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ) દંડ અને દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની સજા કરવાનો હુકમ કર્યો છે.

# નડિયાદ બાર ઓસોસિએશનની ચૂંટણીમાં ત્રીજી વખત પ્રમુખપદે અનિલ ગૌતમ ચૂંટાયા



નડિયાદ, તા.૨૧

નડિયાદ બાર એસોસિએશનની ચૂંટણીમાં ૭૯.૫૩ ટકા મતદાન થયું હતું. આ ચૂંટણીમાં ત્રીજી વખત પ્રમુખ પદે ચૂંટાય આવીને અનિલ ગોતમે બાજી મારી છે રાત્રે ૧૦:૦૦ વાગે પરિણામ બહાર પડતાં વિજય ઉમેદવારોના ટેકેદારોએ જીતને વધાવી લીધી હતી રાત્રે પણ મોટી સંખ્યામાં કોર્ટ કમ્પાઉન્ડમાં વકીલો જોવા મળ્યા હતા. નડિયાદ બાર એસોસિયેશનની ચૂંટણીમાં ગઈકાલે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી ચાર વાગ્યા બાદ મતગણતરી હાથ ધરી હતી કુલ ૭૭૭માંથી ૬૧૮ મતદારોએ મતદાન કર્યું હતું. આ ચૂંટણીની મતગણતરી રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલી હતી ત્યારે મોટી સંખ્યામાં વકીલો કોર્ટ કમ્પાઉન્ડમાં જોવા મળ્યા હતા. કોણ જીતશે કોણ હારશે તેના પર તમામને નજર હતી. વિજેતા બનેલા ઉમેદવારોમાં પ્રમુખ અનિલ ગૌતમને ૪૭૮ મત,ઉપ્રમુખ વિલાસ અમીન ૨૯૫ મત અને સેક્રેટરી અશોક મહિડા ૩૫૫ મત મળ્યા હતા જેથી તેમનું વિજય થયો હતો. જયારે કારોબારીની ૮ બેઠક પર વિજય બનેલામાં અરવિંદ પરમાર, તેજન્દ્રસિંહ પરમાર, જયદીપસિંહ પરમાર, અમિત વ્યાસ, જીગર પ્રજાપતિ,લખન ઠાકુર,દર્શન સુથાર અને રમણ તળપદા નો સમાવેશ થાય છે. પ્રમુખ પદે ત્રીજી વાર ચૂંટાઈ આવેલા અનિલ ગૌતમને જણાવ્યું હતું કે વકીલોએ મારી કામગીરી પર વિશ્વાસ રાખી મને ત્રીજી વખત વિજય બનાવ્યો છે તે બદલ હું તેમનો આભારી છું.

### મગદલ્લા ઓએનજીસી બ્રિજ પાસે

# યાન ભરેલી ટ્રક પલટી ખાઈ જતાં ડ્રાઈવર-ક્લીનર ફસાયા : મહામુસીબતે બહાર કાઢ્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

મગદલ્લા ઓએનજીસી બ્રીજ પાસે હજીરાથી યાન ભરીને આવતી એક ટ્રક મોડી રાત્રે અચાનક પલટી ખાઈ જતા અકસ્માત સજાયો હતો. ટ્રકની અંદર અને ટ્રકની નીચે ડ્રાઈવર અને ક્લીનર ફસાય ગયા હતા. જેથી ફાયર બ્રિગેડની મદદ લેવામા આવી હતી. બંને જણાને ઈજાગ્રત હાલતમાં સારવાર માટે ૧૦૮માં હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા છે. હજીરાથી યાન ભરીને જીજે-૫ વાયવાય-૯૩૭૫ નંબરની એક ટ્રક મોડી રાત્રે મગદલ્લા ઓએનજીસી બ્રિજ પરથી પસાર થઈ રહી હતી તે દરમિયાન ટ્રક અચાનક પલટી ખાઈ ગઈ હતી. ટ્રક પલટી જતા ચાલક રાજેશ કનોજીયા અને ક્લીનર અજય કુમાર ફસાય ગયા હતા. આ બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને કરવામાં આવતા વેસુ અને મજૂરા ફાયર ઓફિસર અને ફાયર જવાન ઘટના સ્થળે ઘસી જઇ કેબિનમાં ફસાઈ ગયેલા ચાલક રાજેશ કનોજીયા અને ક્લીનરને મહામુસીબતે બહાર કાઢી સારવાર માટે ૧૦૮ને મદદ લઈને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં ચાલકને પગમાં સામાન્ય ઈજા પણ થઈ હતી. જયારે ક્લીનર નઅજય કુમાર ટ્રકની બહાર ફંગોળાઈ જઈ ટ્રકની નીચે દબાઈ ગયો હતો. યાન ભરેલી ટ્રકનો કબજો ડુમસ પોલીસને સોંપી દીધો હોવાની વિગત પણ ફાયર બ્રિગેડે જણાવી હતી. ટ્રકનો માલિક હજીરા કવાસનો રહેવાસી અને તેનું નામ સ્વસ્તિક ટ્રાન્સપોર્ટ છે.

### ઉપપ્રમુખ પદે સોહમ વ્યાસની વરણી

# આરીફ મકરાણી ડભોઈ બાર એસોસિએશનના પ્રમુખ બન્યા



ડભોઈ, તા.૨૧

ડભોઇ બાર આસોશિએશનના પ્રમુખ તરીકે આરીફભાઈ મકરાણી તથા દિપકભાઈ ગજ્જર વચ્ચે રસાકસી યોજાઈ હતી જેમાં પ્રમુખ તરીકે આરીફભાઇ મકરાણી ચૂંટાઇ આવ્યા હતા. જ્યારે કે ઉપપ્રમુખની ચૂંટણીમાં સોહમ વ્યાસ અને જુગલ રાજપૂત વચ્ચે રસાકસી રહી હતી જેમાં સોહમ વ્યાસ ઉપપ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે મંત્રી પદે નિલેશભાઈ બારોટ અને એલ.આર. તરીકે મમતાબેન બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા. આજે ડભોઈ કોર્ટે ખાતે બાર એસોસિએશન વકીલ મંડળની ચૂંટણી ચૂંટણી અધિકારી એસ એ બેલીમ તથા સહ અધિકારી હર્ષિલ જોશીના નેજા હેઠળ યોજાઇ હતી. જેમાં પ્રમુખ પદ માટે બે ઉમેદવારો હતા જેમાં આરીફભાઈ મકરાણીને ૪૮ મત મળ્યા હતા જયારે દીપકભાઈ ગજ્જરને ૨૫ મત મળતા આરીફભાઇ મકરાણી બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા. ઉપપ્રમુખ માટે ચૂંટણી યોજાઈ હતી જેમાં સોહમભાઈ વ્યાસ ૩૮ મત મળતા વિજેતા જાહેર થયા હતાં.વકીલ મંડળના એક વર્ષ માટે નવા હોદેદારો માટે યોજાયેલી ચૂંટણીમાં તમામ વકીલોમાં એક ઉત્સાહ અને ખુશી જોવા મળી હતી. પ્રમુખ આરીફભાઇ મકરાણીએ જણાવ્યું હતું કે વકીલ મંડળના જે કાંઈ પણ પ્રશ્ન હશે તેનો વહેલી તકે ઉકેલ લાવવાનું અને સૌને સાથે લઈને ચાલવાનું જણાવ્યું હતું.

# ઠાસરા : બાધરપુરા ગામ પાસે હાઈવાના તોતિંગ વ્હીલ નીચે ચગદાતાં કિશોરીનું મોત

નડિયાદ, તા.૨૧

ઠાસરાના બાધરપુરા ગામ પાસે ગઈકાલે સાંજના સમયે પુરપાટ ઝડપે પસાર થતી એક હાઈવા ડમ્પરએ રોડની સાઈડમાં ઊભેલ કિશોરીને અડફેટે લીધા બાદ હાઈવા ડમ્પરના પૈડાં ફરી વળતા શરીરે ગંભીર ઈજાગ્રસ્ત થયેલ કિશોરીનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મૃત્યુ નીપજ્યું છે. મળતી માહિતી મુજબ ઠાસરાના બાધરપુરા ગામમાં રહેતા દિલીપભાઈ દેસાઈ ભાઈ જાદવની દીકરી નિકિતા (ઉં.વ.૧૭) ગઈકાલે સાંજના રિક્ષામાંથી સેવાલિયા ડાકોર રોડ પર આવેલ બાદરપુરા ગામ પાસેની એક કવોરી નજીક ઉતરી રોડની સાઈડમાં ઊભી હતી આ સમયે રોડ પર માતેલા સાઢની જેમ પુર પાટ આવતા હાઈવા ડમ્પર નંબર જી જે ટી ૦૭ યુ ૧૦૯૦ એ રોડની સાઈડમાં ઉભેલ તેણીને અડફેટે લીધી હતી તે સાથે રોડ પર પડેલ નિકિતા પર હાઈવા ડમ્પરના તોતિંગ પૈડા ફરી વળ્યા હતા જેને લઇ ચગદાઈ જવાથી શરીરને ગંભીર ઈજાઓ પહોંચવાથી નિકિતાનું ઘટનાસ્થળે જ કમ કમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું હતું. ઠાસરા પોલીસે આ અંગે હાઈવા ડમ્પરના ચાલક વિરૂદ્ધ ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ભરૂચ જિલ્લાના પાંચ ગામોમાંથી ૫૩ લાખની વીજચોરી પકડાઈ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૨૧

શિયાળાની ઠંડીમાં લોકો જ્યારે ગાઢ નિદ્રા માણી રહ્યાં હતાં તે સમયે ઊર્જા વીજ નિગમની ટીમો પાલેજ ટાઉન સહિત ટંકારિયા કહાન કંબોલી કુરચન સેગવા ગામોમાં ઉતરી આવી હતી.અને રહેણાક વિસ્તારમાં વીજ ચેકિંગ હાથ ધરાયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ઉપરોક્ત ગામોમાંથી અંદાજે ૩૬ જેટલાં વીજ ચોરીનાં બનાવો સામે આવ્યાં હતાં. અંદાજે ૫૩ લાખ રૂપિયાની રકમની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી હતી. વીજ ચેકિંગ દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ નાં બને પોલીસ બદોબસ્ત ઉપલબ્ધ કરવામાં આવ્યો હતો.આજની વીજ ચેકિંગના પગલે પાલેજ પંથકમાં ફફડાટ વ્યાપી ગયો જોવા મળ્યો હતો.

**ધાર્મિક કાર્યક્રમ**

# હાલોલ : હઝરત સૈયદ રોશનઅલી બાબાના ઉર્સ શરીફની ઉજવણી કરાઈ

હાલોલ નગરના અરાદ રોડ ખાતે આવેલ હઝરત સૈયદ રોશનઅલી બાબાના ૬૭માં ઉર્સની ઉજવણી હર્ષોલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. ઉજવણીના પ્રથમ દિવસે બાદશાહ બાબાની દરગાહ ખાતેથી સંદલ શરીફનું જુલૂસ નીકળ્યું હતુ જે નગરના મુખ્ય માર્ગો પર થઇ દરગાહ ખાતે પહોંચ્યું હતું અને સંદલ શરીફની રસમ અદા કરાઈ હતી જેમાં ખાનકાહે એહલે સુન્નતનાં ગાદીપતી સૈયદ અમિરૂદ્દુંન બાબા કાદરીના હાથોથી સંદલ શરીફની રસમ અદા કરાઈ હતી. જેમાં સૈયદ રફીકઅલી હુશેનઅલી તેમજ સૈયદ નુરૂદ્દીન રૂકનુદ્દીન ઉર્ફે મુનાફ બાપુના પુત્ર પણ હાજર રહ્યા હતા રાત્રે રાતીબે રીફાઈનો ભવ્ય જલસો યોજાયો હતો. જ્યારે ઉર્સના બીજા દિવસે દરગાહ ખાતે મેહફીલે મિલાદ અને ખત્મે કાદરીયાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે હાલોલ, કાલોલ, વડોદરા, રાજપીપળા, ડભોઇ, બોરૂ, ગોધરા તેમજ બોમ્બે સહિતથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

# ડિંડોલીની પરિણીતા સાથે આઠ વર્ષ સુધી દુષ્કર્મ આચરનાર પ્રેમી સામે ફરિયાદ

## પ્રેમીના ત્રાસથી ઘર બદલ્યું છતાં નવા ઘરે આવી પ્રેમિકાને તેના દીકરાને ઉપાડી જવાની તથા જાનથી મારી નાંખવાની ધમકી આપી અવાર-નવાર દુષ્કર્મ આચરતો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

ડિંડોલી વિસ્તારમાં રહેતી પરિણીતા આઠ વર્ષ પહેલાં એક યુવકના સંપર્કમાં આવી હતી. ત્યારબાદ યુવકે પ્રેમની મીઠી-મીઠી વાતો કરી પરિણીતાને પોતાના ઝાંસામા ફસાવી લીધી હતી. ત્યારબાદ તેણી સાથે શરીર સંબંધ બાંધી પોતાની હવસ સંતોષી હતી. પરંતુ પરિણીતા ભાન થયુ કે આ બધુ ખોટુ થઇ રહ્યું છે તેણીએ સંબંધ તોડી નાંખ્યા હતા. તેમ છતાં યુવકે તેણીના પુત્રને ઉપાડી જવાની અને તેને જાનથી મારી નાંખવાની ધમકી આપી તાબે કરી પોતાની હવસ સંતોષતો હતો. છેવટે પરિણીતા કંટાળીને ઘર બદલી નાખ્યું હોવા છતાં યુવક તેણીના ઘરે જઇ ધમકી આપી શરીર સુખ માણવા મજબૂર કરતા હોવાની ફરિયાદ પોલીસ મથકમાં નોંધાઈ છે.

ભેસ્તાન આવાસ ખાતે રહેતો હનીફ હુશેન શેખ ડિંડોલી વિસ્તારમાં રહેતી એક પરિણીતા સાથે આઠ વષ પહેલા મુલાકાત થઈ હતી. હનીફ શેખે પરિણીત મહિલાને હું તને પ્રેમ કરૂંછું તેમ કહી તેણીને પોતાના ઝાંસામા ફસાવી તેની સાથે શરીર સુખ માણ્યું હતું. ત્યારબાદ પરિણીતાના પતિની ગેરહજરીમાં હનીફ ઘરે આવી મહિલા સાથે અવાર-નવાર શરીર સુખ માણતો હતો. ત્યારબાદ પરિણીતાને પોતાની ભૂલનો અહેસાસ થતા હનીફને શરીર સુખ માણવા માટે ના પાડી દીધી હતી. જેથી ઉશ્કેરાયેલા પ્રેમીએ પરિણીતાના પુત્રને ઉંચકી જવાની તથા તું મારી સાથે શરીર સબંધ નહીં બાંધે તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી મરજી વિરૂદ્ધ અવાર-નવાર શરીર સબંધ બાંધતો હતો. જેથી હનીફના કૃત્યથી કંટાળી જઈ પરિણીતાના જૂના ઘરમાં રહેવાનું છોડી નવા ઘરમાં રહેવા માટે જતી રહી હતી. તેમ છતા હનીફ તેના નવા ઘરે પણ પહોંચી જઇ અવાર નવાર ધાકધમકી આપી પરિણીતાને તાબે કરી પોતાની હવસ પૂરી કરતો હતો. જેથી પરિણીતાએ આ મામલે પોતાના પતિને સમગ્ર હકીકતથી વાકેફ કયા બાદ હનીફ સામે ડિંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# થાણેમાં જ્વેલર્સની દુકાનમાં થયેલ ૫ કરોડની ચોરીમાં પાંચ રીઢા ગુનેગારો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

સુરત શહેરમાં સગરામપુરાનાં નાડીયાવાર તથા વરાછા વિસ્તારમાંથી મહારાષ્ટ્ર થાણેનાં જ્વેલર્સમાં થયેલી રૂા.પાંચ કરોડના સોના-ચાંદીના ઘરફોડ ચોરીના આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. થાણે ક્રાઈમ બ્રાન્ચ અને સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે સંયુકત ઓપરેશન હાથ ધરી ગુનાનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી રૂપિયા.૨૯,૧૫,૩૪૦ના મુદ્દામાલ સાથે રાજસ્થાનનાં પાંચ રીઢા ગુનેગારોને પકડી પાડ્યા છે.

મહારાષ્ટ્ર થાણે રેલ્વે સ્ટેશન પાસે આંબેડકર ચોકમાં આવેલા મે.વામન શંકર મરાઠે નામના જ્વેલર્સમાં તસ્કોરોએ જ્વેલર્સમાં પ્રવેશ કયો હતો. ત્યારબાદ અંદરથી કિંમત રૂપિયા.૫,૭૯,૦૫,૮૧૬ની મત્તાના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ભાગી ગયા હતા. આ અંગે થાણેના નૌપાડા પોલીસ સ્ટેશનમાં તા-૧૭/૧૨/૨૦૨૪ના રોજ ગુનો દાખલ થયો હતો. ચોરો ચોરી કરીને સુરત આવ્યા હોવાની બાતમી થાણે ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. જેથી થાણે ક્રાઈમ બ્રાન્ચે સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કયો હતો. સુરત શહેર ક્રાઈમ બ્રાંચના અધિકારી અને કર્મચારીઓએ ટેક્નિકલ સર્વેલન્સ તથા હ્યુમન સોર્સીસ આધારે વર્કઆઉટ ચાલુ કર્યું હતું. તે દરમ્યાન ગઈ કાલ તા-૨૦/૧૨/૨૦૨૪ના રોજ સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ તથા થાણે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સુરત શહેરમાં સગરામપુરાના નાડીયાવાર તથા વરાછા વિસ્તારમાંથી સંયુક્ત ઓપરેશન પાર પાડી રાજસ્થાનના કુલ પાંચ રીઢા ગુનેગારોને ચોરીના સોના ચાંદીના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. પોલીસે તેઓની પાસેથી સોનાના દાગીના-૪૮૪ ગ્રામ, ચાંદીના દાગીના તથા સિક્કા-૫.૫ કિલો ગ્રામ, મોબાઈલ નંગ-૦૭ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂા. ૨૯,૧૫,૩૪૦ની મત્તા કબજે કરી છે.

**પકડાયેલ આરોપીઓ**

નાગજીરામ પ્રતાપજી મેઘવાલ ઉ.વ.૨૯ રહે-આશીર્વાદ કોલ્ડ્રિંગ્સની દુકાનમાં નાળીયાવાડ સુરત શહેર મૂળ રહે-પહાડીપુરા તા-ભીનમાલ જિ-ઝાલોર (રાજસ્થાન), લીલારામ ઉર્ફે નિલેશ માલારામ મેઘવાલ ઉ.વ.૨૪ રહે-પહાડીપુરા,જિ-ઝાલોર (રાજસ્થાન), જેસારામ ઉર્ફે દેવારામ કલબી (ચૌધરી) ઉ.વ.૩૨ રહે-ગામ-જુજાણી, જિ-ઝાલોર (રાજસ્થાન), ચુનીલાલ ઉર્ફે સુમત શંકરલાલ પ્રજાપતિ ઉ.વ.૩૩ રહે-નનારી, તા-પીડવાળા જિ-સીરોહી (રાજસ્થાન), દોનારામ ઉર્ફે દિલીપ માલારામ મેઘવાલ ઉ.વ.૨૪ રહે-પહાડીપુરા, જિ-ઝાલોર (રાજસ્થાન)

# વડોદરાના લક્ષ્મીપુરા તળાવમાં કાર ખાબકતાં એકનું મોત, એકનો બચાવ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

વડોદરા શહેરમાં ઓવર સ્પીડના કારણે આખી કાર તળાવમાં ખાબકતા બે મિત્રો પૈકી એક મિત્રનું મોત થયું છે. જયારે એક મિત્રનો આબાદ બચાવ થયો હોવાથી ઘટના મધરાત્રીએ બની હતી. આ યુવકો બર્થડે પાર્ટી મનાવી ઘરે જતા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. વડોદરા શહેરના લક્ષ્મીપુરા તળાવમાં મધરાત્રીએ આશરે દોઢથી બે વાગ્યાના અરસામાં એક કાર ખાબકતા બે મિત્રો પૈકી એકનું મોત થયું છે. જ્યારે એકનો આબાદ બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે. ગોરવા લક્ષ્મીપુરા તળાવમાં મધરાત્રીએ એક ક્રેટા કાર આ તળાવમાં ખાબકી હતી. નજરે જોનાર લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ દરમિયાન કારમાંથી એક યુવક બહાર નીકળી આવ્યો હતો. જયારે બીજો એક અન્ય યુવાનથી કારમાંથી નીકળી ન શકાતા તે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ફાયરબ્રિગેડની ટીમ દ્વારા કલાકોની ભારે જેમ જ બાદ કાર અને મૃતદેહને બહાર કાઢ્યો હતો. જયારે સ્થાનિક પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. કાર યુવકો સાથે ખાબકી હોવાની જાણ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ સ્ટેશન ખાતે કરવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ત્વરિત પાણીમાં ગરકાવ થયેલા યુવક સાથેની ગાડીની શોધખોળ હાથ ધરી હતી. મધરાત્રિએ આશરે ત્રણથી સાડા ત્રણ વાગ્યાની આસપાસ મૃતદેહને સ્થાનિક પોલીસ દ્વારા પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડી આગળની તપાસ હાથ ધરી હતી.



**લક્ષ્મીપુરા તળાવમાં કાર ખાબકતાં એકનું મોત નીપજ્યું હતું જ્યારે એક યુવકનો આબાદ બચાવ થયો હતો. તસવીરમાં ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે ખસેડવામાં આવી રહ્યો હતો જે દૃશ્યમાન થાય છે. (તસવીર : અતિક શેખ, વડોદરા )**

# કરજણ બાર એસો.ની ચૂંટણીમાં પ્રમુખ તરીકે મિનેષ પરમાર ચૂંટાયા



(તસવીર : ઐયુબ મોદી, પાલેજ)

પાલેજ, તા.૨૧

આજરોજ કરજણ જૂનાબજાર ખાતે આવેલ કરજણ સિવિલ કોટ સંકુલમાં કરજણ વકીલ મંડળની સને ૨૦૨૪-૨૫ની ચૂંટણી યોજાઈ હતી જેમાં વકીલ મંડળના કુલ ૬૯ મતદારોએ મતદાન કર્યું હતું જેમાં પ્રમુખ તરીકે સામાજીક કાર્યકર મૂળ નિવાસી એકતા મંચના અધ્યક્ષ એડવોકેટ મિનેષ પરમાર પ્રમુખ પદે વિજેતા જાહેર થયા હતા. અને ઉપપ્રમુખ પદે રોનક પટેલ અને સેક્રેટરી પદે નટુભાઈ પરમાર અને કમિટી સભ્યોમાં અરવિંદભાઈ વસાવા, કનુભાઈ વસાવા, હર્ષદભાઈ પટેલ, મલેક ઈમરાનભાઈ દિલાવર, સમીર સિંધી ચૂંટાયા હતા. સમગ્ર ચૂંટણીની કામગીરી ચૂંટણી કમિશનર હર્ષદ ચાવડા તથા મદદનીશ કમિશનર અરવિંદભાઈ પરમારે કામગીરી નિભાવી હતી.

# ‘મૃત બાળકો વિશે લખીને થાકી ગઈ’ : ઈઝરાયેલ-ગાઝા નીતિને લઈને અમેરિકી અધિકારીએ રાજીનામું આપ્યું



(એજન્સી) તા.૨૧

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટમાં ગાઝા માટેના નાયબ રાજકીય સલાહકાર માઈક કેસીએ ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના યુદ્ધ પ્રત્યે વહીવટીતંત્રની નીતિને કારણે રાજીનામું આપ્યું. બુધવારે, ૧૮ ડિસેમ્બરે ધ ગાર્ડિયન સાથેની એક મુલાકાતમાં કેસીએ ખુલાસો કર્યો કે તેમણે ચાર વર્ષ પછી જુલાઈમાં રાજ્ય વિભાગમાંથી ચૂપચાપ રાજીનામું આપ્યું હતું. કેસીએ ધ ગાર્ડિયનને જણાવ્યું કે, ‘હું મૃત બાળકો વિશે લખીને કંટાળી ગયો હતો.’ ‘મારે વોશિંગ્ટનને સતત સાબિત કરવું પડ્યું કે આ બાળકો ખરેખર મૃત્યુ પામ્યા હતા અને પછી કંઈ થતું નથી.’ કેસીની ભૂમિકામાં વર્ગીકૃત અહેવાલો અને સંશોધન દ્વારા માનવતાવાદી અને રાજકીય પરિસ્થિતિના દસ્તાવેજીકરણનો સમાવેશ થાય છે, પરંતુ સમય જતાં તે ભ્રમિત થયો. તે અમલદારશાહીના વિશ્વાસઘાતની ધીમે ધીમે અનુભૂતિ હતી, જેમાં અહેવાલોને અવગણવામાં આવ્યા હતા અને માનવતાવાદી ચિંતાઓને રાજકીય પ્રાથમિકતાઓની તરફેણમાં દૂર કરવામાં આવી હતી (બિડેન વહીવટીતંત્ર) ફક્ત કહે છે, ‘સારૂં, ઈઝરાયેલનો બીજો વિચાર છે.’ કેસીએ યુ.એસ.ના રાજદ્વારી તરીકે સેવા આપવાનું ચાલુ રાખવા અંગે શરમ વ્યક્ત કરતા જણાવ્યું કે તેણી જાણતી હતી કે તે અન્ય કોઈ નિમણૂક અને કાર્યોમાં હાજરી આપી શકશે નહીં. ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધની શરૂઆત પછી યુએસ અધિકારી દ્વારા કેસીએ રાજીનામું આપ્યું તે પહેલું નથી. ગાઝા પરના યુદ્ધ વચ્ચે યુએસ અધિકારીએ રાજીનામું આપ્યું. મરિયમ હસનૈને જુલાઈમાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટિરિયરમાં સ્પેશિયલ આસિસ્ટન્ટ તરીકેના પદ પરથી રાજીનામું આપ્યું હતું. પેલેસ્ટીની અમેરિકન મોહમ્મદ અબુ હાશેમે જૂનમાં યુએસ એરફોર્સમાં તેની ૨૨ વર્ષની કારકિર્દીનો અંત આણ્યો હતો. રિલે લિવરમોરે, યુએસ એરફોર્સના એન્જિનિયર, જૂનના મધ્યમાં તેમની પોસ્ટ છોડી દીધી. સ્ટેટ ડિપાર્ટમેન્ટના બ્યુરો ઓફ પોપ્યુલેશન, રેફ્યુજીસ એન્ડ માઈગ્રેશનમાં કામ કરનાર સ્ટેસી ગિલ્બર્ટે મેના અંતમાં પોતાનું પદ છોડી દીધું હતું. યુએસએઆઈડીના કોન્ટ્રાક્ટર એલેક્ઝાન્ડર સ્મિથે મે મહિનામાં તેમના ખાનગી ક્ષેત્રના પદ પરથી રાજીનામું આપ્યું હતું. રાજ્ય વિભાગના અરબી ભાષાના પ્રવક્તા, હલા રહિતે એપ્રિલમાં તેમના પદ પરથી રાજીનામું આપ્યું હતું. શિક્ષણ વિભાગના આયોજન કાર્યાલયના વિશેષ સહાયક તારિક હબાશે જાન્યુઆરીમાં રાજીનામું આપ્યું હતું. હેરિસન માન, યુએસ આર્મી મેજર અને ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સીના અધિકારીએ નવેમ્બર ૨૦૨૩માં રાજીનામું આપ્યું હતું.

ચાલો કાશ્મીર જઈએ સ્નો ફોલનો મજા માણવા
DEC 15-23 | JAN 05-12-19 | FEB 02-16 | APR 02-06-20
શ્રીનગર-સોનમર્ગ પહેલગાંવ
કાશ્મીર
ટ્રેન દ્વારા 18,500/-
ફ્લાઈટ દ્વારા 33,500/-
11 JAN | 02-16 FEB | 05 APR (RAMAZAN-EID)
ઠેક્કડી - મુનાર - કન્યાકુમારી
કેરાલા
ટ્રેન દ્વારા 22,500/-
ફ્લાઈટ દ્વારા 33,500/-
ડાયરેક્ટ પેકેજ : હોટલ સાથે જમવાની બુકિંગ કરી આપવામાં આવશે.
સુવિધા ટુરિઝમ યાસીન બિસોરા
M: 997 40 40 880 | 9909029072 SHRINAGAR: 8492938350
નગીના મસ્જિદ, નાડીયાવાડ, જમાલપુર, અહમદાબાદ

ઉમરાહ... ઉમરાહ... ઉમરાહ... ઉમરાહ... ઉમરાહ...
અલ-ફાતેમા ટુર્સ
શાબાન ઉમરાહ
ડાયરેક્ટ ફ્લાઈટ 05-02-2025
20 દિવસ 79,999/-
અમદાવાદ થી અમદાવાદ
● એર ટિકિટ ● વિઝા ● હોટલ ● જમવાનું ● ઝિયારત ● લોન્ડ્રી ● ઝમઝમ
આયોજક : હાજી સરફરાજ દુધવાલા
98258 30063, 70165 97207

# સંયુક્ત રાષ્ટ્ર પ્રમુખે ઈઝરાયેલને સીરિયાની સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન બંધ કરવા વિનંતી કરી

(એજન્સી) તા.૨૧

યુએનના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ઈઝરાયેલને સીરિયાની સાર્વભૌમત્વ અને ક્ષેત્રીય અખંડિતતાનું ઉલ્લંઘન કરવાનું બંધ કરવા વિનંતી કરી છે. ગુરૂવારે એક પ્રેસ કોન્ફરન્સમાં બોલતા, ગુટેરેસે સીરિયા પર ઈઝરાયેલના મોટા હવાઈ હુમલાની ટીકા કરી, જેનો ઉદ્દેશ્ય વ્યૂહાત્મક શસ્ત્રો અને લશ્કરી માળખાને નષ્ટ કરવાનો હતો, અને સીરિયન અને ઈઝરાયેલના કબજાવાળા ગોલાન હાઈટ્સની ટીકા કરી. તેમણે જણાવ્યું કે, ‘આ સીરિયાની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન છે અને તેને રોકવું જોઈએ, મને સ્પષ્ટ કરવા દો: વિભાજન ઝોનમાં યુએન પીસકીપર્સ સિવાય અન્ય કોઈ સૈન્ય દળો ન હોવા જોઈએ અને તે શાંતિ રક્ષકોને તેમનું મહત્ત્વપૂર્ણ કાર્ય કરવા માટે હિલચાલની સ્વતંત્રતા હોવી જોઈએ.’ ગુટેરેસે ભારપૂર્વક જણાવ્યું કે ઈઝરાયેલ અને સીરિયાએ ૧૯૭૪ના સૈન્ય પાછા ખેંચવાના કરારની શરતોને જાળવી રાખવી જોઈએ, જે હજુ પણ



સંપૂર્ણ અમલમાં છે. ‘આ એક નિર્ણાયક ક્ષણ છે-આશા અને ઈતિહાસની ક્ષણ છે, પરંતુ તે ખૂબ જ અનિશ્ચિતતાની પણ છે,’ યુએનના પ્રમુખે પત્રકારોને જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, ‘કેટલાક લોકો તેમના પોતાના સંકુચિત હેતુઓ માટે પરિસ્થિતિનો શોષણ કરવાનો પ્રયાસ કરશે. પરંતુ આંતરરાષ્ટ્રીય સમુદાયની જવાબદારી છે કે તે સીરિયન લોકો સાથે ઉભા રહે, જેમણે ઘણું સહન કર્યું છે.’ ઈઝરાયેલે સેંકડો હવાઈ હુમલાઓ કર્યા છે જેનો ઉદ્દેશ્ય વ્યૂહાત્મક શસ્ત્રો અને લશ્કરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નષ્ટ કરવાનો છે કારણ કે આ મહિનાની શરૂઆતમાં સીરિયન પ્રમુખ બશર અલ-અસદને ઉગ્ર બળવાખોર આક્રમણથી હટાવવામાં આવ્યું હતું. ઈઝરાયેલી સૈનિકો પણ સીરિયા અને ઈઝરાયેલના કબજાવાળા ગોલાન હાઈટ્સ વચ્ચેના ડિમિલિટરાઈઝ્ડ ઝોન સુધી પહોંચી ગયા છે-જે ૧૯૭૩ના અરબ-ઈઝરાયેલ યુદ્ધ પછી બનાવવામાં આવ્યું હતું-જ્યાં યુએન પીસકીપર્સ પેટ્રોલિંગ કરે છે. ઈઝરાયેલના અધિકારીઓએ આ પગલાને ઈઝરાયેલની સરહદોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મર્યાદિત અને અસ્થાયી પગલા તરીકે વર્ણવ્યું છે, પરંતુ સૈનિકો ક્યારે પાછા ખેંચવામાં આવશે તે અંગે કોઈ સંકેત આપ્યો નથી. હેગ સ્થિત ઈન્ટરનેશનલ કમિશન ઓન મિસિંગ પર્સન્સે જણાવ્યું છે કે તેને પ્રાપ્ત થયેલ ડેટા સૂચવે છે કે સીરિયામાં ૬૬ જેટલી સામૂહિક કબરો હોઈ શકે છે જેની હજુ સુધી ખાતરી થઈ નથી.

# સંયુક્ત રાષ્ટ્રએ ગાઝામાં વસાહતો સ્થાપવાના ઈઝરાયેલના પ્રયાસોને નકારી કાઢ્યા

(એજન્સી) તા.૨૧

મિડલ ઈસ્ટ અફેર્સ માટે યુએનના આસિસ્ટન્ટ સેક્રેટરી-જનરલ ખાલિદ ખૈરીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને ગાઝા પટ્ટીમાં ગેરકાયદેસર ઈઝરાયેલી વસાહતો સ્થાપવાના પ્રયાસોને નકારવા માંગ કરી હતી. ખ્યારીએ જણાવ્યું કે, ‘ગાઝામાં વસાહતો સ્થાપિત કરવાના કોઈપણ પ્રયાસોને નિશ્ચિતપણે નકારવા જોઈએ. ગાઝાના વિસ્તારના તમામ અથવા તેના ભાગને ઘટાડવા અથવા તેમાંના કોઈપણને જોડવાનો કોઈ પ્રયાસ ન હોવો જોઈએ.’ તેમની ટિપ્પણીઓ ન્યુયોર્કમાં યુએન સિક્યુરિટી કાઉન્સિલના સત્ર દરમિયાન કરવામાં આવી હતી, જે કબજાવાળા પેલેસ્ટીની પ્રદેશોની પરિસ્થિતિ પર કાઉન્સિલની માસિક બેઠકનો ભાગ છે અને સુરક્ષા પરિષદના ઠરાવ ૨૩૩૪ના



અમલીકરણ પર તેની નિયમિત ચર્ચા છે, જે ઈઝરાયેલી વસાહતોની ગેરકાયદેસરતાને સંબોધે છે. ખ્યારીએ આંતરરાષ્ટ્રીય સમુદાયની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો હતો કે ‘પેલેસ્ટીની સરકારને તેના નાણાકીય પડકારોનો સામનો કરવા, તેની શાસન ક્ષમતાને મજબૂત કરવા અને ગાઝામાં તેની જવાબદારીઓ ફરીથી શરૂ કરવા માટે તેને તૈયાર કરવા માટે તાત્કાલિક સહાય પૂરી પાડવી.’ તેઓએ માનવતાવાદી સંકટને પહોંચી વળવા સક્ષમ રાજકીય અને સુરક્ષા માળખું સ્થાપિત કરવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો, ઝડપથી પુનર્વસન પ્રયાસો શરૂ કરવા, ગાઝાનું પુનઃનિર્માણ કરવા અને વ્યવસાયને સમાપ્ત કરવા અને શક્ય તેટલી વહેલી તકે વ્યવહારુ દ્વિ-રાજ્ય ઉકેલ પ્રાપ્ત કરવા માટે રાજકીય પ્રક્રિયાનો પાયો નાખવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ખૈરીએ ‘કાયદેસર પેલેસ્ટીની સરકારને સુવિધા આપવા માટે આ માળખાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો કે જે ગાઝા અને પૂર્વ જેરૂસલેમ સહિત કબજાવાળા વેસ્ટ બેંકને ફરીથી એકીકૃત કરી શકે, જ્યારે કબજાવાળા વેસ્ટ બેંકના પેલેસ્ટીની પ્રદેશમાં સતત બગડતી સ્થિતિને ઉલટાવી શકે.’

# અસદ પછીના સીરિયામાં કુર્દ બંડખોરો માટેનો ટેકો પાછો ખેંચી લેવાશે એવી સાથી દેશો પાસેથી તુર્કી અપેક્ષા રાખે છે, એર્દોગન

(એજન્સી) ઈસ્તંબુલ, તા.૨૧

સીરિયામાં બસર અલ અસદના શાસનનો અંત આવ્યા પછી હવે કુર્દ બળવાખોરોને અપાતો ટેકો વિદેશો પાછો લઈ લેશે એવી તુર્કીને અપેક્ષા છે એવું તુર્કીના પ્રમુખ રિસેપ તૈયબ એર્દોગને જણાવ્યું હતું.

ઈજિપ્ત શિખર પરિષદમાં હાજરી આપીને પાછા ફરી રહેલા તુર્કીના પ્રમુખે વિમાનમાં પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે હવે અન્ય દેશો કુર્દો સશસ્ત્ર બંડખોરોને સહાય આપવાનું ચાલુ રાખે એ માટેનું હવે કોઈ કારણ રહ્યું નથી કેમ કે અસદ શાસનનું પતન થઈ ચૂક્યું છે.

ઉત્તર પૂર્વ સીરિયામાં કુર્દના સશસ્ત્ર બળવાખોર જૂથને પીપલ્સ પ્રોટેક્શન યુનિટ



તરીકે ઓળખવામાં આવે છે જેને સીરિયા સામે લડવા માટે વિદેશી મદદ મળતી રહી છે એટલે હવે તુર્કીના પ્રમુખ એર્દોગન આ મદદ બંધ કરવા માટે વિદેશી સત્તાઓને અપીલ કરી છે. તેમણે કહ્યું હતું કે હવે કોઈ પણ દેશ આતંકવાદી સંગઠનો સાથે સહયોગ ચાલુ રાખશે નહીં એવું અમારૂં માનવું છે. તેમણે દાવો કર્યો હતો કે જેટલા આતંકવાદી સંગઠનો સીરિયાની ધરતી પરથી લડત કરી રહ્યા છે એ તમામને તુર્કી કચડી નાખશે. એટલે તુર્કી તેના તમામ નાટો સહાયક સાથી દેશોને અને ખાસ કરીને વોશિંગ્ટનને હવે લડાકુ સંગઠનોને મદદ બંધ કરવાની અપીલ કરી રહ્યું છે. તુર્કીના પ્રમુખે કહ્યું કે અમે હવે નવું સીરિયા જોવા માગીએ છીએ જેમાં તમામ જાતિ, જ્ઞાતિ અને કોમ અને ધાર્મિક જૂથો શાંતિથી સાથે મળીને રહી શકે. બીજી તરફ જર્મનીના વિદેશ મંત્રી એનાલેના બેરબોકે જણાવ્યું હતું કે, કુર્દીશ પ્રજાની સુરક્ષા એ સીરિયા માટે ઘણી મહત્ત્વપૂર્ણ છે. મુક્ત અને સુરક્ષિત સીરિયાના ભવિષ્ય માટે કુર્દો લોકો પણ સુરક્ષિત રહે એ અત્યંત જરૂરી છે કેમ કે નવેસરની હિંસાના ડરથી હજારો કુર્દો લોકો નાસી રહ્યા છે.

# દમાસ્કસમાં મંત્રણા બાદ અમેરિકાએ HTS લીડર પર એક કરોડ ડોલરનું ઈનામ હટાવ્યું

(એજન્સી) તા.૨૧

એક વરિષ્ઠ યુએસ રાજદ્વારીએ શુક્રવારે સીરિયાના નવા નેતા અહેમદ અલ-શારાને જણાવ્યું કે વોશિંગ્ટન તેમની ધરપકડ માટેના પુરસ્કારને સમાપ્ત કરી રહ્યું છે, કારણ કે તે તેમની મંત્રણામાંથી ‘સકારાત્મક સંદેશાઓ’ને આવકારે છે, જેમાં આતંકવાદ સામે લડવાના વચનનો સમાવેશ થાય છે. યુએસએ શુક્રવારે જણાવ્યું હતું કે તે હવે અબુ મોહમ્મદ અલ-જોલાની તરીકે ઓળખાતા હયાત તહરીર અલ-શામ (HTS)ના નેતા અહેમદ અલ-શારા પર $૧ કરોડ લાદી રહ્યા છે. ‘ન્યાય માટે પુરસ્કાર’ પુરસ્કાર ચાલુ રાખવાનો પ્રયાસ કરશે નહીં. તેમણે જણાવ્યું કે ‘મેં તેમને (HTS નેતા અહેમદ અલ-શારા) કહ્યું કે અમે છેલ્લા કેટલાક વર્ષોથી અમલમાં આવતા પુરસ્કારો, ન્યાય માટેના પુરસ્કારોની ઓફરને લંબાવીશું નહીં,’ અમેરિકાના આસિસ્ટન્ટ સેક્રેટરી ઑફ સ્ટેટ ફોર નીયર ઈસ્ટર્ન અફેર્સ બાર્બરા લીફે જણાવ્યું હતું. દમાસ્કસમાં HTS અધિકારીઓ સાથેની તેમની બેઠક બાદ પત્રકારોને જણાવ્યું હતું. અલ-શારા સાથેની તેમની વાતચીત અંગે, લીફે જણાવ્યું કે તેઓએ પ્રાદેશિક મુદ્દાઓ તેમજ સ્થાનિક પરિદૃશ્ય પર ‘સારી’, ‘તીવ્ર’ ચર્ચા કરી. તેમણે ઉમેર્યું કે ‘મેં તેમની



પ્રાથમિકતાઓ વિશે સાંભળ્યું, જે સીરિયાને આર્થિક પુનઃપ્રાપ્તિના માર્ગ પર મૂકવા પર આધારિત છે.’ HTS નેચૂઓ ‘વ્યવહારિક’ હોવાનું જણાય છે, ‘અમે કેટલાક સમયથી સાંભળી રહ્યા છીએ કે કેટલાક ખૂબ જ વ્યવહારૂ અને ઉદારવાદી નિવેદનો આપવામાં આવ્યા છે.’ તેમણે જણાવ્યું કે ‘આ પ્રથમ મીટિંગ સારી હતી. અમે માત્ર શબ્દોથી નહીં પરંતુ કાર્યોથી નિર્ણય લઈશું.’

# ‘મારા અંતિમ શ્વાસ સુધી’ : સીરિયાના ‘કતલખાના’માં સંબંધીઓની શોધ

(એજન્સી) તા.૨૧

દાયકાઓ સુધી, સીરિયામાં સેડનાયા જેલનો ઉલ્લેખ ફક્ત શાંત સ્વરમાં થતો હતો. આ સ્થળે ત્રાસ અને મૃત્યુ સામાન્ય હતા, જેને દરેક વ્યક્તિ ‘માનવ કતલખાનું’ કહે છે. પરંતુ તે બધું ડિસેમ્બર ૭ની સાંજે સમાપ્ત થયું, જ્યારે સીરિયન વિરોધી લડાકુઓએ દરવાજા તોડી નાખ્યા અને કેદીઓને મુક્ત કર્યા. થોડી જ વારમાં, હજારો સીરિયનો જેલ પર ઉતરી આવ્યા, જે દમાસ્કસની ઉત્તરે આવેલા પહાડોમાં



સ્થિત છે, તેઓ તેમના પ્રિયજનોને શોધવા માટે ભયાવહ હતા, જેઓ તેઓ માનતા હતા કે જેલની દિવાલોની પાછળ ગાયબ થઈ ગયા હતા. ઈદલિબના અલ-કાફિરથી જેલની સામે ઊભા રહીને, જુમા જુબ્બુએ જણાવ્યું કે “[સીરિયાની] મુક્તિએ અવર્ણનીય આનંદ છે. ‘પરંતુ આ ખુશી અધૂરી છે, કારણ કે લાખો કેદીઓ ગુમ છે અને અમને તેમના વિશે કોઈ સમાચાર મળ્યા નથી.’ એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના જણાવ્યાં અનુસાર, સેડનાયા પરની બે ઈમારતોમાં સંભવત : ૨૦,૦૦૦ કેદીઓ રાખવામાં આવ્યા હતા.

# પદભ્રષ્ટ અસદ શાસને સીરિયા છોડી દીધું, અર્થતંત્ર નષ્ટ થઈ ગયું

(એજન્સી) તા.૨૧

સીરિયામાં બશર અલ-અસદના શાસનના પતનથી દેશ અને તેની અર્થવ્યવસ્થા બરબાદ થઈ ગઈ અને તે આતંકવાદી સંગઠનો અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું આશ્રયસ્થાન બની ગયું. દેશને વિસ્થાપન અને અસંખ્ય મૃત્યુનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે તેનો મૂડી સ્ટોક અને આર્થિક પ્રવૃત્તિઓ ગૃહયુદ્ધ અને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોથી ઘેરાયેલી હતી, કારણ કે, દેશનું ઉત્પાદન, વિદેશી વેપાર અને વિદેશી હૂંડિયામણની આવકમાં ભારે ઘટાડો થયો હતો. તેના આર્થિક સૂચકાંકો, બજેટ સંતુલન અને વિનિમય દરો પણ અસ્થિર બની ગયા છે. વિશ્વ બેંક, યુનાઈટેડ નેશન્સ, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) અને વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ જેવા વિવિધ સ્ત્રોતો અનુસાર સીરિયાનું ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ૨૦૧૦-૨૦૨૦માં અડધું થઈ ગયું છે અને દેશની આયાતી ચીજવસ્તુઓ પર નિર્ભરતા વધી છે, જેમાં મુખ્ય ખાદ્ય ઉત્પાદનોને પણ અસર થઈ છે અને તેનું સ્થાનિક ઔદ્યોગિક અને કૃષિ ઉત્પાદન તૂટી ગયું છે. સીરિયાની જીડીપી ૨૦૨૨માં ૩૭૧૦ કરોડ ડૉલર, ૨૦૨૩માં ૩૯૫૦ કરોડ ડૉલર અને ૨૦૨૪માં ૨૯૩૦ કરોડ ડૉલર હોવાનો અંદાજ છે - જે ગૃહયુદ્ધ પહેલા ૨૦૧૦માં ૬૦૦૦ કરોડડૉલરથી તીવ્ર ફેરફાર છે. દેશની માથાદીઠ જીડીપી ૨૦૧૦માં ૨૮૦૦ ડૉલરથી ઘટીને ૨૦૨૨ અને ૨૦૨૩માં ૨૧૦૦ ડૉલર થઈ ગઈ છે અને વર્ષના અંત સુધીમાં વધુ ઘટીને ૧૬૦૦ ડૉલર થવાનો અંદાજ છે. વધુમાં ૨૦૨૨ની સરખામણીમાં ૨૦૨૩માં ૩૫% અને ૨૦૧૦ની સરખામણીમાં ૮૫%, ગૃહયુદ્ધ પૂર્વેના સમયગાળાની સરખામણીમાં, ૨૦૨૩માં હકાલપટ્ટી કરાયેલ શાસનની આવક વાર્ષિક ધોરણે ૩૫% ઘટી હતી. દરમિયાન સીરિયા, એક સમયે પૂર્વ ભૂમધ્ય સમુદ્રમાં સૌથી મોટો તેલ નિકાસકાર હતો, બિન-સરકારી દળો દ્વારા તેલ સમૃદ્ધ વિસ્તારો પર કબજો કરવાના પરિણામે તેલ ઉત્પાદન અને તેલની નિકાસમાં તેનું પ્રભાવશાળી સ્થાન ગુમાવ્યું. સીરિયાનું તેલ ઉત્પાદન ગત વર્ષે ગૃહયુદ્ધ પહેલા ૩,૮૩,૦૦૦ બેરલ પ્રતિ દિવસથી ઘટીને ૯૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ થયું હતું. સીરિયામાં ૨૦૦૭થી ૨૦૧૧ સુધી વાર્ષિક ધોરણે ૭૦૦ કરોડ ડૉલરથી ૧૦૦૦ કરોડ ડૉલરની વિદેશી વેપાર ખાધ હતી, પરંતુ માર્ચ ૨૦૧૧માં શરૂ થયેલી અશાંતિ સંપૂર્ણ વિકસિત ગૃહયુદ્ધમાં પરિણમતી હોવાથી તેના પર આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા અને પરિણામે દેશનો વિદેશી વેપાર ૨૦૧૦માં ૨૯૦૦ કરોડ ડૉલરથી ઘટીને ૨૦૨૩માં ૪૦૦ કરોડ ડૉલર થઈ ગયો. ગયા વર્ષે સીરિયા વિશ્વમાં ૧૭૬માં ક્રમે હતું, જ્યાં તેની નિકાસ ૬૫ કરોડ



ડૉલર સુધી પહોંચી હતી અને વિશ્વમાં ૧૬૩મું સ્થાન હતું, જ્યાં તેની આયાત ૩૪૦ કરોડ ડૉલર સુધી પહોંચી હતી. દેશની સૌથી મહત્ત્વપૂર્ણ નિકાસમાં ઓલિવ તેલ, કેલ્શિયમ ફોસ્ફેટ, કપાસ, મસાલા, તૈયાર શાકભાજી, કાસ્ટ આયર્ન સ્ક્રેપ, છાલવાળા ફળો અને ઘઉં હતા, જ્યારે તેની આયાત સૂર્યમુખી તેલ, ઘઉંનો લોટ, પેટ્રોલિયમ, પશુ આહાર, ચોખા, ખાંડ, સિમેન્ટ હતી. ચા, વીજળી અને બાંધકામ લોખંડ. સીરિયાની ઝડપથી વધતી વસ્તી ૧૯૯૦-૨૦૧૧માં ૨.૨ કરોડ સુધી પહોંચી અને તાજેતરના અંદાજ મુજબ વસ્તી ૧.૮૫ કરોડ છે. દરમિયાન દેશમાં ગૃહયુદ્ધને કારણે નોકરીની ગંભીર ખોટ થઈ, અને બેરોજગારીનો દર ૫૭% સુધી પહોંચી ગયો હોવાનો અંદાજ છે. ૨૦૧૧-૨૦૨૩માં યુએસ ડૉલર સામે સીરિયન પાઉન્ડનું ૨૭૦ ગણું અવમૂલ્યન થયું, જે વધુ ફુગાવા તરફ દોરી ગયું, ફુગાવો ૨૦૨૨માં ૬૪% અને ૨૦૨૩માં ૧૪૧% સુધી પહોંચ્યો. ફુગાવાના અંદાજો દર્શાવે છે કે, આ વર્ષના અંત સુધીમાં તે ૯૫.૧% અને ૨૦૨૫ માં ૬૯.૪% સુધી પહોંચવાનો અંદાજ છે. ૨૦૧૧માં અંદાજિત ૨૫.૮ ટન સોનાના ભંડાર સાથે સીરિયા સોના અને તેલના ભંડારના સંદર્ભમાં મધ્ય પૂર્વના અગ્રણી દેશોમાંનો એક હતો અને જો કે, એવો અંદાજ છે કે, ગૃહયુદ્ધ અને પતન પછી આ આંકડો પ્રમાણમાં એટલો જ રહ્યો. શાસન પરંતુ દેશના વિદેશી વિનિમય ભંડાર પર કોઈ વિશ્વસનીય ડેટા ઉપલબ્ધ નથી.

# સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે સશસ્ત્ર સંઘર્ષમાં બાળકોના રક્ષણ પર ઠરાવ પાસ કર્યો

(એજન્સી) તા.૨૧

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે શુક્રવારે સર્વસંમતિથી સશસ્ત્ર સંઘર્ષ દરમિયાન બાળકોની સુરક્ષા માટે આહવાન કરતો ઠરાવ પસાર કર્યો છે. માલ્ટાની આગેવાની હેઠળના ઠરાવને કાઉન્સિલના તમામ ૧૫ સભ્યોના મત મળ્યા હતા. સંયુક્ત રાષ્ટ્રના ૧૦૦થી વધુ સભ્ય દેશો દ્વારા સહ-પ્રાયોજિત, ઠરાવમાં સશસ્ત્ર સંઘર્ષોમાં બાળકોની ભરતી અને ઉપયોગ સંબંધિત આંતરરાષ્ટ્રીય કાયદાના તમામ ઉલ્લંઘનોની ટીકા કરવામાં આવી હતી. તેણે સંબંધિત તમામ પક્ષોને સશસ્ત્ર સંઘર્ષોથી પ્રભાવિત બાળકોના રક્ષણ સંબંધિત આંતરરાષ્ટ્રીય જવાબદારીઓનું પાલન કરવા વિનંતી કરી અને સંયુક્ત રાષ્ટ્ર સાથે સંપૂર્ણ સહયોગ માટે માંગ કરી. ઠરાવમાં આગળ માંગ કરવામાં



આવી હતી કે તમામ સભ્ય દેશો તેમજ સંયુક્ત રાષ્ટ્ર સંઘર્ષ સંબંધિત તમામ સંબંધિત પ્રવૃત્તિઓમાં બાળ સુરક્ષાનો સમાવેશ કરે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# ટિફિનમાં માંસાહારી ભોજન લઈ આવવા માટે શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યા : પુત્રની માતાને શાળા વિરૂદ્ધ કોર્ટમાં શા માટે જવું પડ્યું

**જિલ્લા વહીવટીતંત્ર અને સ્થાનિક પોલીસે તેણીને મદદ કરવાનો ઈન્કાર કર્યો હતો. પોલીસ સુપ્રિટેન્ડેન્ટે તેને કથિત રીતે ધમકી પણ આપી હતી અને અંતે માતાએ અલ્હાબાદ હાઈકોર્ટમાં જવાનું પગલું ભર્યું હતું**

સાબેરા તેના પતિ સિરાજ ખાન અને તેમના પુત્રો રીહાન, શાહબાઝ અને શમી સાથે, જેમના ચહેરા માતા-પિતાની વિનંતી પર ઝાંખા પડી ગયા છે.

ઉત્તર પ્રદેશના અમરોહામાં રહેતી ૨૪ વર્ષની સાબેરાને ૨ સપ્ટેમ્બરના રોજ સ્કૂલમાંથી ફોન આવ્યો જ્યાં તેના ત્રણ નાના પુત્રો ભણતા હતા. તેણીને તેના પુત્ર, સાત વર્ષના રીહાન ખાનને શાળાએથી વહેલા લઈ જવાનું કહેવામાં આવ્યું હતું. આ ફોનથી ચિંતિત, તે રિહાનને શોધવા માટે શાળાએ ગઈ હતી. તેણે પોતાની માતાને કહ્યું કે તેને સવારે વર્ગમાં જવા દેવામાં આવ્યો ન હતો અને તેને પાંચ કલાક સુધી શાળાની કોમ્પ્યુટર લેબમાં બંધ રાખવામાં આવ્યો હતો. તેણે આરોપ લગાવ્યો હતો કે તેના ક્લાસ ટીચર દ્વારા તેને માર પણ મારવામાં આવ્યો હતો.

બીજા દિવસે, જયારે સાબેરાએ પ્રિન્સિપાલ અવનીશકુમાર શર્માનો સંપર્ક કર્યો ત્યારે તેણે આરોપ લગાવ્યો કે રિહાનને શાળામાં માંસાહારી ખોરાક લાવવા બદલ આ સજા કરવામાં આવી હતી. માતા દ્વારા કરવામાં આવેલા તેમની વાતચીતના વીડિયો રેકોર્ડિંગમાં, શર્માએ સાત વર્ષના બાળક વિશે દ્વેષપૂર્ણ અને ઈસ્લામોફોબિક ટિપ્પણીઓ કરી હતી. તેણે જણાવ્યું હતું કે તેમના ત્રણેય બાળકોને શાળામાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા છે.

એ પછીના અઠવાડિયામાં, તેણીએ શર્મા અને શાળા સામે કાર્યવાહી શરૂ કરવા માટે નિરર્થક સંઘર્ષ કર્યો હતો. તેણીએ જિલ્લા શિક્ષણ વિભાગ, પોલીસ અને જિલ્લા મેજિસ્ટ્રેટનો સંપર્ક કર્યો. પરંતુ શર્મા સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. ત્યારબાદ સાબેરાએ અલ્હાબાદ હાઈકોર્ટનો સંપર્ક કર્યો. તેણીએ મંગળવારે તેણીની "પ્રથમ જીત" અંગે સ્ક્રોલ સાથે વાત કરી હતી. હાઈકોર્ટે અમરોહા જિલ્લા મેજિસ્ટ્રેટને તેના ત્રણ પુત્રોને બે અઠવાડિયાની અંદર અન્ય શાળામાં પ્રવેશ અપાવવાનો આદેશ આપ્યો હતો.

માતા અને શર્મા વચ્ચેની દલીલના વીડિયો રેકોર્ડિંગમાં, હિલ્ટન કોન્વેન્ટ સ્કૂલના પ્રિન્સિપાલને એમ કહેતા સાંભળી શકાય છે કે તેઓ શાળામાં માંસાહારી ખોરાક લાવનારા વિદ્યાર્થીઓને ભણાવશે નહીં અને તેઓ મોટા થયા પછી મંદિરો તોડી નાખશે. શર્માએ આરોપ મૂક્યો હતો કે સાત વર્ષના બાળકે શાળામાં માંસાહારી ખોરાક લાવવાનું શરૂ કર્યું હતું, અને તે અન્ય લોકોને ખવડાવવાની અને તેમને ઈસ્લામમાં રૂપાંતરિત કરવા વિશે વાત કરી હતી. આ પ્રિન્સિપાલે કથિત રીતે કહ્યું હતું કે તેણે રિહાન અને તેના ભાઈઓનું નામ સ્કૂલની યાદીમાંથી કાઢી નાખ્યું હતું. આ વીડિયોમાં માતાને એવું કહેતા સાંભળી શકાય છે કે રિહાન તેની સ્કૂલ લંચમાં સોયા બિરયાની લઈ રહ્યો હતો.

સાબેરાએ સ્ક્રોલને કહ્યું કે રિહાન શાકાહારી છે. મેં મારા કોઈપણ પુત્રો માટે શાળાના ટિફિનમાં ક્યારેય માંસાહારી ખોરાક પેક કર્યો નથી. સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા બાદ જિલ્લા મેજિસ્ટ્રેટે જિલ્લા નિરીક્ષક અને જિલ્લા મૂળભૂત શિક્ષણ અધિકારીને આ મામલે તપાસ કરવાનો આદેશ આપ્યો હતો.



સરકારી ગર્લ્સ ઈન્ટર કૉલેજ, અમરોહાના પ્રિન્સિપાલ, સરકારી ઈન્ટર કૉલેજ, અમરોહાના પ્રિન્સિપાલ અને સરકારી હાઈસ્કૂલ, બછરાઓનના પ્રિન્સિપાલનો સમાવેશ કરતી ત્રણ સભ્યોની સમિતિએ આ ઘટનાની તપાસ કરી હતી. ૯ સપ્ટેમ્બરના રોજ, જિલ્લા મેજિસ્ટ્રેટને સોંપવામાં આવેલા અહેવાલમાં, આ સમિતિએ શર્માને ક્લીનચીટ આપી હતી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કમિટીને જાણવા મળ્યું કે આ વીડિયોમાં છેડછાડ કરવામાં આવી છે અને સાબેરાના પુત્રોને સ્કૂલમાંથી બહાર કાઢવામાં આવ્યા નથી અને તેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે એપ્રિલથી આ ત્રણ બાળકોની શાળાની ફી જમા કરવામાં આવી નથી. જો કે, આ સમિતિએ શર્મા દ્વારા ઉપયોગમાં લેવાયેલા શબ્દો પણ અયોગ્ય જણાતા તેમને પણ નોટિસ ફટકારી હતી.

સાબેરાએ સમિતિના તારણોને માત્ર આશ્વાસન ગણાવ્યા હતા. તેણીએ તે દાવાને રદિયો આપ્યો હતો કે તેના બાળકોની શાળાની ફી ચૂકવવામાં આવી નથી. તેણીએ કહ્યું કે, હું શાળાને પડકાર આપું છું કે તેઓ અમને મોકલેલ ફીની ચુકવણી માટેની કોઈપણ સૂચના આપે.

સ્ક્રોલએ સમિતિના અહેવાલની નકલ માટે અમરોહા જિલ્લા વહીવટી કચેરી તેમજ શાળાઓના જિલ્લા નિરીક્ષક અને જિલ્લા મૂળભૂત શિક્ષણ અધિકારીનો સંપર્ક કર્યો હતો. અને આ દરેકે તેને શેર કરવાનો અથવા તેના તારણો પર ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો.

જિલ્લા શિક્ષણ વિભાગના એક અધિકારીએ નામ જાહેર ન કરવાની શરતે સ્ક્રોલને પુષ્ટિ આપી હતી કે સમિતિએ તારણ કાઢ્યું હતું કે સાબેરાએ ફી ન ચૂકવવા બદલ તેના બાળકોને શાળામાંથી બહાર ન કરવા દબાણ કરવા માટે વીડિયો બનાવ્યો હતો. અધિકારીએ વધુમાં દાવો કર્યો હતો કે સાબેરાએ તેના બાળકોને શાળામાંથી લઈ લીધા હતા અને તેઓને હાંકી કાઢવામાં આવ્યા ન હતા. જો કે સાબેરાએ આ દલીલને ફગાવી દીધી હતી. તેણીએ સ્ક્રોલને કહ્યું હતું કે, તમે સાંભળી શકો છો કે પ્રિન્સિપાલે વીડિયોમાં મારા બાળકોના નામ શાળાના રોલમાંથી કાઢી નાખવા વિશે શું કહ્યું હતું.

શું તેણીએ તેના બાળકોને શાળામાં પાછા મોકલવાનો પ્રયાસ કર્યો હતો? તેના જવાબમાં તેણીએ કહ્યું કે, રિહાન સાથે જે બન્યું તે પછી હું તેમને શાળામાં ફરીથી કેમ મોકલી શકું ? હું મારા બાળકોના સ્વાસ્થ્યને વધુ જોખમમાં નાખવા ઈચ્છતી નથી. તેણીએ કહ્યું કે તેના ત્રણેય પુત્રો શાળાએ પાછા જવામાં ડરે છે. રિહાન ખાસ કરીને આઘાતમાં છે. તે શૈક્ષણિક રીતે તેજસ્વી વિદ્યાર્થી છે અને તેણે નર્સરી અને કિન્ડરગાર્ટનના વર્ગો તેણે છોડી દીધા હતા. હવે, જો કે, તે ભણવા જતાં ડરે છે.

**શર્મા હજુ પણ હિલ્ટન કોન્વેન્ટ સ્કૂલમાં પ્રિન્સિપાલ છે**

બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૧૬ મુજબ, કોઈપણ બાળકને પ્રાથમિક શાળામાંથી કાઢી મૂકી શકાતો નથી. સાબેરાએ આક્ષેપ કર્યો હતો કે, શાળાએ આવતા વર્ષના માર્ચ સુધીના સમગ્ર શૈક્ષણિક સત્રની સંપૂર્ણ ફી ચૂકવવામાં ન આવે ત્યાં સુધી બાળકો માટે ટ્રાન્સફર સર્ટિફિકેટ આપવાનો ઈન્કાર કર્યો છે અને તેના બાળકોને કથિત રૂપે મધ્ય-અવધિ વચ્ચે હાંકી કાઢવામાં આવ્યા હતા.

સાબેરાએ દાવો કર્યો હતો કે તેણે ૪ સપ્ટેમ્બરે જિલ્લા પોલીસ અધિક્ષકને અને ૬ સપ્ટેમ્બરે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા રચવામાં આવેલી તપાસ સમિતિને શર્મા વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પત્ર લખ્યો હતો. પરંતુ તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. તેણીએ સ્થાનિક પોલીસ સ્ટેશનનો પણ સંપર્ક કર્યો હતો પરંતુ શર્મા સામે નોંધાયેલ પ્રથમ માહિતી રિપોર્ટ મેળવવામાં અસમર્થ હતી.

તેણીએ વધુમાં આરોપ લગાવ્યો હતો કે ૧૦ સપ્ટેમ્બરના રોજ, અમરોહાના પોલીસ અધિક્ષક કુંવર અનુપમસિંહે તેને સાંજે ૭:૩૦ વાગે પોતાની ઓફિસમાં બોલાવી હતી અને રાત્રે ૧૦ વાગ્યા સુધી બેસાડી રાખી હતી. તેણે તેણીને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો અને તેણીને ધમકી આપી હતી કે જો તેણી આ મુદ્દાનું સમાધાન નહીં કરે તો તેનું ઘર બુલડોઝરથી તોડી પાડવામાં આવશે.

ઉત્તર પ્રદેશ કહેવાતા બુલડોઝર ન્યાય માટે કુખ્યાત છે જેમાં મિલકતોને તોડી પાડવામાં આવે છે જે મોટે ભાગે મુસ્લિમોની હોય છે, અને આ એક ન્યાયવિહીન શિક્ષાત્મક પગલા છે. અન્ય કોઈ વિકલ્પ ન હોવાથી, સાબેરા અને તેના પતિએ અલ્હાબાદ હાઈકોર્ટમાં જવાનું નક્કી કર્યું હતું.

**અલ્હાબાદ હાઈકોર્ટે આ મુદ્દે દરમિયાનગીરી કરી**

સાબેરાએ પોતાની જાત અને તેના ત્રણ પુત્રો વતી, કલમ ૧૪ (સમાનતાનો અધિકાર), ૨૧ (જીવન અને સ્વતંત્રતાનું રક્ષણ) અને ૨૧A (જીવન અને સ્વતંત્રતાનું રક્ષણ) હેઠળ મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનના આધારે ૨૬ સપ્ટેમ્બરે હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ કરી હતી. તેણીએ તેના બાળકોને તેમના ઘરની નજીકની બીજી શાળામાં પ્રવેશ આપવા માટે કહ્યું હતું.

તેણીએ ઉત્તર પ્રદેશ સરકાર અને અમરોહા જિલ્લા શિક્ષણ વિભાગને શર્મા અને શાળા સામે કાર્યવાહી કરવા અને તેના સ્થાનિક પોલીસ સ્ટેશનને શર્મા, શાળા અને શિક્ષકો કે જેમણે કથિત રીતે રિહાન પર હુમલો કર્યો હતો તેમની સામે પ્રથમ માહિતી અહેવાલ નોંધવા માટે નિર્દેશોની પણ માંગ કરી હતી. તેણીએ તેના પુત્રોની શૈક્ષણિક પ્રગતિમાં આવેલા અવરોધ માટે રાજ્ય સરકાર પાસેથી વળતરની પણ માંગ કરી છે.

૪ ડિસેમ્બરના રોજ ન્યાયમૂર્તિ સિદ્ધાર્થ અને સુભાષચંદ્ર શર્માની બેન્ચ સમક્ષ આ અરજી પહોંચતા પહેલા આ અરજી કોર્ટની બે અલગ-અલગ બેન્ચમાં ગઈ હતી. ઉત્તર પ્રદેશના વધારાના એડવોકેટ જનરલે જિલ્લા વહીવટીતંત્રની તપાસ સમિતિના અહેવાલનો ઉલ્લેખ કરીને કોર્ટમાં આ અરજીનો વિરોધ કર્યો હતો.

જો કે, આ બેંચે, ૧૭ ડિસેમ્બરે એક આદેશ પસાર કર્યો હતો, જેમાં જિલ્લા મેજિસ્ટ્રેટને આ ત્રણ બાળકોને સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સાથે સંલગ્ન નવી શાળામાં પ્રવેશ આપવાનો નિર્દેશ આપ્યો હતો કારણ કે, તે જ બોર્ડ હેઠળ તેઓ હિલ્ટન ખાતે અભ્યાસ કરતા હતા અને બે અઠવાડિયાની અંદર આદેશ પાલન અંગે કડક આદેશ આપ્યો છેઃ જો મેજિસ્ટ્રેટ આદેશના પાલનનું સોગંદનામું દાખલ ન કરે, તો તેણે ૬ જાન્યુઆરીની આગામી સુનાવણીની તારીખે કોર્ટ સમક્ષ વ્યક્તિગત રીતે હાજર રહેવું પડશે. બેન્ચે માંસાહારી ખોરાક લાવ્યા પછી હાંકી કાઢવાના આરોપોની નોંધ લીધી હતી અને તર્ક આપ્યો હતો કે શાળાના વર્તનથી બાળકોનો શિક્ષણનો અધિકાર પ્રભાવિત થયો છે. આ આદેશ હવે તપાસ સમિતિના તારણો પર પ્રશ્ન ઊભા કરે છે. કોર્ટમાં સાબેરાના વકીલ એડવોકેટ ઓમર ઝમીન ખુશ હતા. અને તેમણે કહ્યું કે, આ આદેશ સાબિત કરે છે કે બંધારણ દ્વારા ખાતરી આપવામાં આવેલ અમારા મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા માટે હાઈકોર્ટ પ્રતિબદ્ધ છે.

**- વિનીત ભલ્લા**

**(સૌ. : સ્ક્રોલ.ઈન)**

# RSS અને BJP તેમજ તેમના સમર્થકો જવાહરલાલ નહેરૂનો સતત વિરોધ શા માટે કરે છે ?

સંઘ પરિવાર અને ભાજપ દ્વારા જવાહરલાલ નહેરૂના વિરોધનું ઉચ્ચ-જાતિનું હિન્દુ-કેન્દ્રિત રાજકારણ ભારતીય રાજકારણમાં એક વિરોધાભાસ રજૂ કરે છે જેને સમજવું મુશ્કેલ છે. નહેરૂ કાશ્મીરી બ્રાહ્મણ સમાજના હતા, જેઓ પોતાને સૌથી શ્રેષ્ઠ બ્રાહ્મણ માને છે કારણ કે તે માને છે કે તેમના વારસામાં વૈદિક કાળથી આર્ય જાતિનું શુદ્ધ લોહી છે, અને જેમને સનાતન ધર્મનો પાયો નાખ્યો હતો. નહેરૂજીને હંમેશા તેમના નામની આગળ "પંડિત" ઉપાધિથી સંબોધવામાં આવતા હતા. મારા પહેલાની પેઢીના લોકો હંમેશા તેમને માત્ર નહેરૂજીને બદલે "પંડિતજી" તરીકે જ ઓળખતા હતા. તેઓ બ્રાહ્મણ હોવા ઉપરાંત, નહેરૂજી કુલીન પૃષ્ઠભૂમિમાંથી આવ્યા હતા, જેનો બચાવ કરવો એ આજે આરએસએસ અને ભાજપની પ્રતિબદ્ધતા છે, જેઓ આ લક્ષ્યને હાંસલ કરવા માટે સત્ય અને અસત્ય બંને સહિત તમામ પ્રકારની યુક્તિઓનો ઉપયોગ કરે છે. નહેરૂજી, તેમની સમાજવાદી વિચારસરણી અને પ્રગતિશીલ વિચારો અંગે ક્યારેય જાતિવાદી માનસિકતા ધરાવતા ન હતા, પરંતુ તેઓ કોઈ સમાજ સુધારક પણ ન હતા. સંઘ પરિવાર જે સામાજિક વ્યવસ્થાને જાળવી રાખવાનો ધ્યેય ધરાવે છે તેને બદલવાનો તેમણે ક્યારેય પ્રયાસ કર્યો નથી. એટલું જ નહીં, પરંતુ ભાજપના સ્થાપક અને તેના મહાન નેતાઓ પૈકી એક, અટલબિહારી વાજપેયી પણ નહેરૂજીના એક ઉચ્ચ પ્રશંસક હતા, અને નહેરુજીના મૃત્યુ પછીનું તેમનું ભાષણ એ નહેરૂજીને આપવામાં આવેલ હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિઓ પૈકી એક માનવામાં આવે છે.

આમ, એ સમજવું અઘરું છે કે નહેરૂજીના મૃત્યુના ૭૦ વર્ષ પછી પણ, ભાજપના તમામ નાના-મોટા નેતાઓ, તેમની સામે સતત ટીકા કરતાં રહે છે અને તેમની વિરુદ્ધ નફરતની ઝુંબેશમાં કેમ વ્યસ્ત રહે છે. ખાસ કરીને જ્યારે નહેરૂજી આજે સમકાલીન ભારતીય રાજકારણમાં અપ્રસ્તુત બની ગયા છે. રસપ્રદ વાત એ છે કે, નહેરુજી વિરુદ્ધ ઝેરી નિવેદનો કરનારાઓમાં મોટાભાગના લોકો એવા છે જેમણે ન તો તેમને જોયા છે, ન સાંભળ્યા છે અને ન તો તેમના વિશે વાંચ્યું છે. અને તેઓ ચોક્કસપણે આપણા સ્વાતંત્ર્ય સંગ્રામ અને આધુનિક ભારતના નિર્માણમાં તેમના યોગદાન વિશે કશું જાણતા નથી તેમ છતાં, તેઓ જવાહરલાલ નહેરૂને બદનામ કરવાની તક ક્યારેય ચૂકતા નથી અને તેઓ તેમની ટીકામાં એટલા જ આક્રમક બની જાય છે જેટલા તેઓ આપણા રાજકીય ઈતિહાસથી અજાણ છે.

એ વાત સાચી છે કે આજની પેઢી સ્વતંત્રતા સંગ્રામના નેતાઓ પ્રત્યે અગાઉની પેઢીની જેમ લાગણીશીલતા અનુભવતી નથી. પરંતુ આજના ભારતની તમામ ખામીઓ માટે નહેરૂને શા માટે દોષિત ઠેરવવા જોઈએ? જો કંઈક પણ ખોટું થયું હોય, તો પણ માત્ર તેમને જ શા માટે જવાબદાર ઠેરવવામાં આવે જ્યારે સત્ય એ છે કે જો નહેરૂએ આઝાદી પછી દેશની કમાન સંભાળી ન હોત, તો આજે દેશની પરિસ્થિતિ વધુ ખરાબ થઈ હોત. ચીને આપણી ઉત્તરપૂર્વીય સરહદો પર હુમલો કર્યા પછી અને ૧૯૬૨ના સરહદી યુદ્ધમાં આપણે જે અપમાનનો સામનો કરવો પડ્યો હતો, ત્યારે નહેરૂની એક આકર્ષક અને પ્રિય નેતા તરીકેની તેમની છબીને નુકસાન થયું હતું. તેના દોઢ વર્ષ પછી, નહેરૂ એક નિરાશ વ્યક્તિ હતા અને તેઓનું મૃત્યુ થયું હતું. જો કે, તે ૧૮ મહિના દરમિયાન કે તેમના મૃત્યુ પછી પણ તેમના સખત ટીકાકારોએ પણ તેમના પર આજે જે રીતે હુમલો કરવામાં આવે છે એવા હુમલાઓ ક્યારેય કર્યા નથી. તેમના મોટા ભાગના મિત્રો અને સમકાલીન લોકોના અવસાન પછી, નહેરૂ એકલા રહી ગયા હતા, અને આવા ટીકાકારોને તેમના વિશે કહેવા માટે કંઈ પણ ન હતું કે તેઓ સંપૂર્ણપણે ખોટા હતા. ચીનના વિશ્વાસઘાત અને અપમાનની પીડા અનુભવતી પેઢીએ ક્યારેય નહેરૂને શ્રાપ આપ્યો ન હતો. તેઓએ ક્યારેય તેમની દેશભક્તિ અથવા તેમની રાજકીય કુશળતા પર સવાલ ઉઠાવ્યા નથી. તેમના આર્થિક વિકાસ મોડલની ઔદ્યોગિકીકરણ તરફ વધુ પડતું વલણ હોવા માટે ઘણી વખત તેમની ટીકા કરવામાં આવી હતી, પરંતુ કોઈએ ક્યારેય ભારતને આત્મનિર્ભર બનાવવાની તેમની પ્રતિબદ્ધતા પર પ્રશ્ન ઉઠાવ્યો નથી. જો આજે દેશની અર્થવ્યવસ્થા મજબૂત સ્થિતિમાં છે, તો તે મુખ્યત્વે નહેરૂ દ્વારા સ્થાપિત મજબૂત માળખાકીય સુવિધાઓને કારણે છે.



તેમના જીવનકાળ દરમિયાન, અને ઈન્દિરા ગાંધી દેશમાં સત્તા પર આવ્યા ત્યાં સુધી, નહેરૂના સૌથી સખત ટીકાકારો લોહિયાના સમાજવાદી અનુયાયીઓ હતા. તેઓ માનતા હતા કે નહેરૂએ ઈન્ડિયા માટે કામ કર્યું હતું જ્યારે તેઓ ભારત માટે કામ કરતાં હતા અને તેમની વચ્ચે મોટો વર્ગ વિભાજન હતો. તેમ છતાં, તેઓએ ક્યારેય એવી ટીકા કરી નથી જે આજે પ્રચલિત છે, અને તેઓએ ચોક્કસપણે આજના વિવેચકોની જેમ નહેરૂજી પ્રત્યે અપમાનજનક ભાષાનો ક્યારેય પણ ઉપયોગ કર્યો નથી. તો આજે નહેરૂ સામે આટલો ગુસ્સો કેમ છે? નહેરૂના આ ટીકાકારો કોણ છે અને શા માટે તેઓ તેમના પર તેમનો ગુસ્સો ઠાલવવાનું પસંદ કરે છે? મારા મતે, નહેરૂના ટીકાકારો કોઈ એક જૂથમાંથી આવતા નથી, પરંતુ તેઓ એક સામાન્ય માનસિકતા ધરાવે છે. તેમની વિચારસરણી અને પ્રેરણા એક જ સ્ત્રોતમાંથી ઉદભવે છે. તેઓ રિટેલ, બેંકિંગ, બીપીઓ અને નાણાકીય માર્કેટિંગમાં કામ કરતા યુવાન અને મધ્યમ વયના લોકો છે. તેઓ મેનેજમેન્ટ પ્રોફેશનલ્સ છે જેઓ નાના અને મધ્યમ કદના વ્યવસાયો ચલાવે છે અથવા તેનું સંચાલન કરે છે, અને તેઓ કોઈપણ રીતે શક્ય રીતે પૈસા કમાવવા માટે ગળા કાપ સ્પર્ધામાં સામેલ છે. તેઓ એવા લોકો છે જેઓ બાંધકામની તેજીથી લાભ મેળવે છે અને માને છે કે દેશની હાઉસિંગ સમસ્યાનો ઉકેલ એ નીચલા અને મધ્યમ વર્ગને રહેણાંક એકમો પૂરા પાડવા માટે નથી, પરંતુ તેમના સપના વેચવા માટે છે. તેઓ એરલાઈન, હોટેલ અને હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા લોકો છે.

રસપ્રદ વાત એ છે કે તેમાંથી કોઈને પણ નહેરૂ વિશે કંઈ પણ ખબર નથી. ભારતના ઈતિહાસનું તેમનું જ્ઞાન "મુન્નાભાઈ" સ્તરનું છે. તેમ છતાં, તેઓ તેમની અજ્ઞાનતા વિશે કોઈ શરમ અનુભવતા નથી, કે તેઓ તેને સુધારવાની કોઈ ઈચ્છા ધરાવતા નથી. શૈક્ષણિક ક્ષેત્રના અન્ય લોકો, મીડિયા અને મધ્યમ વર્ગના સ્યુડો-બૌદ્ધિકો તેમને ટેકો આપી રહ્યા છે. આજના દેશના બદલાતા લેન્ડસ્કેપને સમજવું મુશ્કેલ હોવાથી નહેરૂ પર હુમલો કરવો એ તેમના માટે સરળ વિકલ્પ બની ગયો છે. તે પછી, સંઘ પરિવારની અંદર અને બહાર સાંપ્રદાયિક વિચારધારા ધરાવતા લોકો પણ છે, જેમને તાકીદે ભારતના સાચા ઈતિહાસને સમજવાની જરૂર છે.

**પરંતુ તેઓ નહેરૂ માટે કેમ આટલા વિરોધી છે ?**

તે બધામાં એક વાત સામાન્ય છે કે તેઓ સ્વ-શિસ્ત, સંસ્થાકીય અખંડિતતા, કાયદાનું શાસન અને પારદર્શિતાને ધિક્કારે છે. તેઓ સફળ થવા માટે ઉત્સુક હોય છે અને "કંઈ પણ અને કોઈપણ સ્તરે જવું જોઈએ" એવા સિદ્ધાંતની પૂજા કરે છે. નહેરૂના ટીકાકારો ૧૯૯૦ પછી જન્મેલા ભારતીય સમાજની નવી પેઢીના લોકો છે, જે વૈશ્વિક બજારના અર્થતંત્રનું ઉત્પાદન છે. અને પૈસો તેમનો એકમાત્ર ભગવાન છે, અને તે એવા વ્યવસાયો દ્વારા પૈસા કમાય છે, ભલે તે વાજબી હોય કે અયોગ્ય, તે ભગવાન સુધી પહોંચવાનો તેમનો માર્ગ છે. તેઓ અમૂર્ત બજાર સંસ્કૃતિનું ઉત્પાદન છે. મેનેજમેન્ટ શિક્ષણે તેમને કૌશલ્ય અને કાર્યક્ષમતા આપી છે, પરંતુ સામાજિક પરિપ્રેક્ષ્ય આપ્યું નથી. તેઓ ટૂંકા ગાળાની સફળતા માટે તમામ વર્તણૂકીય ધોરણોને તોડવા માટે તૈયાર છે પછી ભલે તે વ્યક્તિગત, સામાજિક અથવા વ્યાવસાયિક હોય. હર્ષદ મહેતા તેમનો આદર્શ હોઈ શકે છે અને "ગુરુ" તેમની મનપસંદ ફિલ્મ હોઈ શકે છે. શેક્સપિયરના નાટકના પાત્ર શાયલોક સાથેની સરખામણી તેમને નારાજ નહીં કરે.

**પણ તેઓને નહેરૂને નફરત કેમ કરે છે ?**

૧૯૬૪માં જયારે નહેરૂનું અવસાન થયું ત્યારે આમાંથી મોટાભાગના લોકોનો જન્મ પણ થયો ન હતો. તેમ છતાં, તેઓ જાણે છે કે નહેરૂએ કહ્યું હતું કે રાજયએ વ્યવસાયને નિયંત્રિત કરવો જોઈએ અને આર્થિક પ્રગતિ અને કોર્પોરેટ લૂંટ એ યોગ્ય વસ્તુ નથી. જ્યારે આપણે હાઈવે, ફલાયઓવર, મલ્ટિપ્લેક્સ અને મોલ્સ જેવા મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની યોજના ઘડી રહ્યા હોય, ત્યારે તમારે દેશના ગરીબો વિશે પણ વિચારવું જોઈએ. જેમને તેમના માથા પર એક યોગ્ય છતની જરૂર છે અને કોઈ પણ આર્થિક પ્રગતિ સંસ્થાકીય પ્રક્રિયાઓ અને કાર્યવાહીના ધોરણોને નષ્ટ કરીને પ્રાપ્ત થવી જોઈએ નહીં અને રાજ્ય તંત્ર ભ્રષ્ટાચારને અંકુશમાં લેવા માટે છે, અપ્રમાણિક વ્યવસાય પ્રથાઓને સમર્થન આપવા માટે નહીં. આ ફિલસૂફી સાથે નહેરૂએ ભારતના નાના પરંતુ નિર્ધારિત મધ્યમ વર્ગને જે જબરદસ્ત નૈતિક શક્તિ આપી હતી, આજના યુગમાં આ તકવાદી એક નવો વર્ગ આવ્યો છે, જે સર્વોચ્ચતાને મહત્ત્વ આપે છે, અને તેમને ધિક્કારે છે. આ વર્ગને સામાન્ય માણસનું લોહી ચૂસીને પોતાના ખિસ્સા ભરવામાં કોઈ તકલીફ નથી. આધુનિક, સંસ્કારી અને કર્તવ્યનિષ્ઠ ભારતીયો માટે નહેરૂજી એક ઉચ્ચ પ્રતીક હતા. તેઓ ઈચ્છતા હતા કે આપણા સ્વાતંત્ર્ય સંગ્રામથી પેદા થયેલા આદર્શોને ધ્યાનમાં રાખીને દેશનો વિકાસ યોગ્ય દિશામાં થવો જોઈએ. આવા લોકો જાહેર જીવનમાં, અમલદારશાહી, ન્યાયતંત્ર, પોલીસ, શિક્ષણ, મીડિયા અને સામાજિક કાર્યોમાં હાજર રહ્યા છે. કોર્પોરેટ માલિકો દ્વારા અનેક ખોટા પ્રયત્નો કરવામાં આવે છે, જેઓ સફળતા માટે લાંચ આપે છે અને તેના પર્યાવરણીય વ્યવસ્થાપનને લેબલ આપે છે. નહેરૂના ઘણા આદર્શવાદી અનુયાયીઓ હજુ પણ શુદ્ધ છે. તેઓ નબળા પડી ગયા હોવા છતાં, તેઓ હજુ પણ આ દેશમાં અસંવેદનશીલ કોર્પોરેટ લૂંટનો પ્રતિકાર કરે છે. નહેરૂ પર હુમલો કરવાથી આ પ્રતિકાર નબળો પડે છે અને પૈસાના ભૂખ્યા શિકારીઓ માટે દરવાજા ખુલી જાય છે. નહેરૂ વિરુદ્ધ નફરતની આ વ્યાપક ઝુંબેશ વાસ્તવમાં આ લોકોના સાચા ઈરાદાઓને ઢાંકવાનો પ્રયાસ છે અને નહેરૂ સામેના તમામ આરોપો સંપૂર્ણપણે અર્થહીન છે.

**(લેખક વરિષ્ઠ પત્રકાર, મીડિયા ગુરુ અને મીડિયામેપના સંપાદક છે)**

**- પ્રોફેસર પ્રદીપ માથુર**


**(સૌ. : ઈન્ડિયા ટુમોરો.નેટ)**

### ટીમ ઈન્ડિયાએ ૨૪માંથી ૨૨ મેચ જીતી, સંજુ સેમસન અને અર્શદીપ ચમક્યા

# વર્ષ ૨૦૨૪માં ટી-૨૦માં ભારતનું વર્ચસ્વ રહ્યું

ટી-૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારત માટે ૨૦૨૪નું વર્ષ એકદમ યાદગાર રહ્યું છે. વેસ્ટઈન્ડિઝ અને અમેરિકામાં રમાયેલ ટી-૨૦ વર્લ્ડકપ જીતી રોહિત શર્મા એન્ડ બ્રિગેડે ૧૧ વર્ષ બાદ આઈસીસી ટ્રોફીનો દુકાળ/ સમાપ્ત કર્યો છે. આ પહેલા ટીમ ઈન્ડિયાએ ૨૦૧૩માં ચેમ્પિયન્સ ટ્રોફીના રૂપમાં પોતાનું અંતિમ આઈસીસી ટાઈટલ જીત્યું હતું જ્યારે ભારતે ૧૭ વર્ષ બાદ ટી-૨૦ વર્લ્ડકપનું ટાઈટલ જીત્યું હતું. એમએસ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાએ દ.આફ્રિકામાં રમાયેલી પ્રથમ એડીશનમાં તિરંગો લહેરાવ્યો હતો. ત્યારબાદ હવે વેસ્ટઈન્ડિઝમાં રોહિત શર્માએ આ કામ કર્યું છે. વર્ષ ૨૦૨૪માં ભારતના ટી-૨૦ ઈન્ટરનેશનલ રેકોર્ડની વાત કરીએ તો આ ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનો કોઈ જવાબ નથી. ભારતે ૨૦૨૪માં રમેલી ૨૪માંથી ૨૨ મેચ જીતી. ટી-૨૦ વર્લ્ડકપ દરમ્યાન ટીમ ઈન્ડિયા વિજયક્રમ તાડ્યો વિના ટાઈટલ જીતવામાં સફળ રહી. આ વર્ષે ટીમ ઈન્ડિયાનો જીત/હારનો રેશિયો ૧૧નો રહ્યો જે અન્ય કોઈ પણ ટીમથી સૌથી વધારે છે. લિસ્ટમાં બીજા સ્થાને નોર્વે છે. જેનો જીત/હારનો રેશિયો ૭નો છે. ટીમે આ વર્ષે ૮માંથી ૭ મેચ જીતી.

**● અફઘાનિસ્તાન વિરૂદ્ધ ડબલ**



**વિદાય લઈ રહેલા વર્ષ ૨૦૨૪માં ભારતે ટી-૨૦ વર્લ્ડકપ તો જીત્યો સાથે જ જોવા મળી રોહિત-કોહલીની વિદાય**

**સુપર ઓવરમાં થઈ વર્ષની શરૂઆત :** ભારતે વર્ષ ૨૦૨૪ની શરૂઆત અફઘાનિસ્તાન વિરૂદ્ધ ત્રણ મેચોની ટી-૨૦ સિરીઝ સાથે કરી હતી. સિરીઝની અંતિમ મેચ ઘણી રોમાંચક રહી. ટીમ ઈન્ડિયાએ ડબલ સુપર ઓવરમાં જીત મેળવી સિરીઝને ૩-૦થી પોતાના નામે કરી હતી.

**● ૧૭ વર્ષ બાદ ટી-૨૦ વર્લ્ડકપ પર કબજો જમાવ્યો :**

જાન્યુઆરી બાદ સીધા જૂનમાં ભારતીય ટીમ ટી-૨૦ મેચ રમવા ઉતરી અને તે પણ ટી-૨૦ વર્લ્ડ કપ જેવી મોટી ટુર્નામેન્ટમાં. ગ્રુપ સ્ટેજમાં ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાન સહિત આયરલેન્ડ અને યજમાન અમેરિકાને હરાવ્યું જ્યારે કેનેડા સામેની મેચ વરસાદની ભેટ ચઢી ગઈ. ત્યારબાદ સુપર આઠમાં ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયા સાથે વર્લ્ડકપ ૨૦૨૩નો બદલો લેવાની સાથે સાથે અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશને પણ હરાવ્યું. સેમી ફાઈનલમાં ભારતનો મુકાબલો ઈંગ્લેન્ડ સાથે થયો અને ઈંગ્લિશ ટીમને પણ ધૂળ ચટાડતા ભારતે ૨૦૨૨ ટી-૨૦ વર્લ્ડકપ સેમીફાઈનલની હારનો હિસાબ ચૂકતો કર્યો હતો. ફાઈનલ મુકાબલામાં રોહિત બ્રિગેડનો સામનો ચોકર્સ દ.આફ્રિકા સાથે થયો. જેવું કે નામથી જ સ્પષ્ટ છે. આફ્રિકાની ટીમ અંતિમ ક્ષણોમાં પાણીમાં બેસી ગઈ અને ભારતે મેચ પોતાના નામે કરી. ટી-૨૦ વર્લ્ડકપ ફાઈનલમાં બુમરાહનો તે ડેથ ઓવરમાં સ્પેલ, હાર્દિક પંડ્યાની અંતિમ ઓવર અને કયારેય ના ભૂલી શકાય તેવો સૂર્યકુમાર યાદવનો તે કેચ તો આજે પણ બધાને યાદ છે.

**● વિરાટ કોહલી અને રોહિત શર્માની વિદાય થઈ**

ટી-૨૦ વર્લ્ડકપ જીતવાની ખુશી હજી પ્રશંસકો મનાવી રહ્યા હતા કે વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા દિગ્ગજોએ આ ફોર્મેટમાં પોતાના સંન્યાસની જાહેરાત કરી દીધી. ટાઈટલ જીતીને પોતાની કારકિર્દીનો અંત કયો ખેલાડી કરવા માંગતો નથી પણ આ ફોર્મેટમાં પ્રશંસકોએ આ બંને દિગ્ગજોને હજી જોવા માંગતા હતા. વિરાટ કોહલીએ ફાઈનલમાં પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીતીને કારકિર્દીનો અંત કર્યો. જ્યારે રોહિતે એક કપ્તાન તરીકે ટ્રોફી જીતી પોતાની ટી-૨૦ ઈન્ટરનેશનલ કારકિર્દી પર પૂર્ણવિરામ લગાવ્યું. રોહિત-કોહલીની સાથે સાથે ભારતના સર્વશ્રેષ્ઠ ઓલરાઉન્ડરોમાંથી એક રવીન્દ્ર જાડેજાએ પણ આ ફોર્મેટને અલવિદા કહી દીધું.

**● સૂર્યકુમાર યાદવના રૂપમાં મળ્યો નવો કપ્તાન**

રોહિતના રિટાયરમેન્ટ બાદ દરેકની નજર ભારતના નવા ટી-૨૦ કપ્તાન પર હતી. આશા હતી કે જસપ્રીત બુમરાહ અથવા હાર્દિક પંડ્યામાંથી કોઈ એકની પસંદગી થશે પણ પસંદગીકારોએ સૂર્યકુમાર યાદવને આ જવાબદારી સોંપી.

**● ઝિમ્બાબ્વે સામે મળી વર્ષની પ્રથમ હાર**

ભારતને વર્ષની પ્રથમ હાર ઝિમ્બાબ્વે પ્રવાસે મળી. જ્યાં કોઈને આશા ન હતી વર્લ્ડ ચેમ્પિયન બનતા જ ટીમ ઈન્ડિયાને પોતાની પ્રથમ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. જો કે ત્યારબાદ ભારતે ફરીથી પોતાનો વિજય ક્રમ બનાવ્યો જે દ.આફ્રિકા વિરૂદ્ધ વર્ષની અંતિમ સિરીઝ પહેલા સુધી જળવાઈ રહ્યો. આ દરમ્યાન ટીમ ઈન્ડિયાએ શ્રીલંકા વિરૂદ્ધ વધુ એક સુપર ઓવર રમી.

**● દ.આફ્રિકા પ્રવાસથી થયો વર્ષનો અંત :**

ભારતે આ વર્ષની પોતાની અંતિમ ટી-૨૦ સિરીઝ દ.આફ્રિકા પ્રવાસમાં રમી. સંજુ સેમસને આ સિરીઝમાં સદી પર સદી ફટકારી ધમાલ મચાવી. જો કે પ્રવાસમાં ભારત પોતાના વર્ષની બીજી મેચ હાર્યુ અને એકવાર ફરી વિજયક્રમ તૂટ્યો.


**● વર્ષ ૨૦૨૪માં ભારત માટે સૌથી વધારે રન અને વિકેટ લેનાર બોલર**

ભારત માટે વર્ષ ૨૦૨૪માં કોઈપણ બેટસમેન ૫૦૦ રનનો આંકડો પાર કરી શકયો નહીં. સંજુ સેમસન ૪૩૬ રન સાથે આ લિસ્ટમાં ટોપ પર રહ્યો છે. તેણે આ વર્ષ કુલ ત્રણ સદી ફટકારી જ્યારે લિસ્ટમાં કપ્તાન સૂર્યકુમાર યાદવ ૪૨૯ રન સાથે બીજા સ્થાને છે.

# કર્મચારીઓનું પીએફ તેમના ખાતામાં જમા નહીં કરવા બદલ ક્રિકેટર રોબિન ઉથપ્પા વિરૂદ્ધ ધરપકડ વોરંટ

નવી દિલ્હી, તા.૨૧

ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર રોબિન ઉથપ્પા એક મોટી મુશ્કેલીમાં ફસાતો જોવા મળી રહ્યો છે. રોબિન ઉથપ્પા વિરૂદ્ધ લાખોની છેતરપિંડીના કેસમાં ધરપકડ વોરંટ જાહેર કરવામાં આવ્યું છે. ટીમ ઈન્ડિયાના આ પૂર્વ ક્રિકેટર પર પ્રોવિડન્ટ ફંડમાં ગોટાળાનો આરોપ છે. ઈપીએફઓના કમિશનર સદાશારી ગોપાલ રેડ્ડી દ્વારા જાહેર કરાયેલા વોરંટના આધારે



પુલકેશીનગર પોલીસને તાત્કાલિક કાર્યવારી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. વાસ્તવમાં ઉથપ્પા પર આ આરોપ તેમની જ કંપનીના કર્મચારીઓએ લગાવ્યો છે. રોબિન ઉથપ્પા સેન્ચ્યુરીઝ લાઈફસ્ટાઈલ બ્રાન્ડ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ભાગીદારી છે અને મેનેજમેન્ટની તેની જવાબદારી છે. કંપનીના કર્મચારીઓનો આરોપ છે કે દર મહિને કંપની તરફથી કપાયેલા પીએફના પૈસા ઈપીએફઓ એકાઉન્ટમાં જમા કરાયા નથી. આ પૂરી રકમ ૨૩ લાખ છે. આવામાં ઉથપ્પા પર હવે છેતરપિંડીનો કેસ નોંધવામાં આવ્યો છે.

# ICC અને ન્યુઝીલેન્ડની ટીમે પાકિસ્તાનમાં સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરી

નવી દિલ્હી, તા.૨૧ : ન્યુઝીલેન્ડ ક્રિકેટે જાન્યુઆરીમાં રમાનારી ત્રિકોણીય વન-ડે સિરીઝ પહેલા સુરક્ષા અને અન્ય વ્યવસ્થાનું નિરીક્ષણ કરવા એક ટીમ પાકિસ્તાન મોકલી છે. યજમાન પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ ઉપરાંત સિરીઝમાં દ.આફ્રિકાની ટીમ પણ ભાગ લેશે. પાકિસ્તાન ફેબ્રુઆરી માર્ચમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ રમવાની છે. ન્યુઝીલેન્ડની ટીમમાં સુરક્ષા નિષ્ણાંત રેગ ડિકસન અને ન્યુઝીલેન્ડ ખેલાડીઓના સંઘના પ્રતિનિધિ બ્રાન્ડ રોડેન છે. જે કરાચી અને લાહોરમાં સુરક્ષા વ્યવસ્થા અને અન્ય તેયારીઓનું નિરીક્ષણ કરશે. આ દરમ્યાન આઈસીસીની એક ટીમ પણ આઠ ટીમોની ચેમ્પિયન્સ ટ્રોફીની તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થાનું આકલન કરવા પહોંચી છે. આઈસીસીની ટીમ લાહોર અને રાવલપિંડી જતા પહેલા કરાચીના નેશનલ સ્ટેડિયમનો પ્રવાસ કર્યો. પીસીબીના એક અધિકારીએ કહ્યું કે કોઈપણ મોટી ટુર્નામેન્ટ પહેલા આવો પ્રવાસ થાય છે. ન્યુઝીલેન્ડ અને આઈસીસીની ટીમે કરાચી, લાહોર અને રાવલપિંડીના સ્ટેડિયમમાં ચાલી રહેલ નવીનીકરણના ક્રમનું નિરીક્ષણ કર્યું. પીસીબી ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા સ્ટેડિયમ તૈયાર કરવામાં ૧૨ અબજ રૂપિયા ખર્ચ કરી રહ્યું છે.

**હદીસ બોધ**

ધીરજ અને નમ્રતાપૂર્વક વર્તનારને અલ્લાહ અપમાનિત કરતો નથી.
(હદીસ બોધ)

**બોધ વચન**

સત્ય મરતા માણસના હોઠે આવીને બેસે છે.
-મેથ્યુ આર્નોલ્ડ

**આજની આરસી**

૨૨ ડિસેમ્બર રવિવાર ૨૦૨૪
૧૯ જમાદિલ આખર હિજરી ૧૪૪૬
માગશર વદ સાતમ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૫૧
ખત્મે ઝવાલ ૧૨-૩૮
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૧૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૯

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

૧. તેરી દુઆ સે કઝા તો નહીં બદલ શકતી,
મગર હૈ યે મુમકીન કે તૂ બદલ જાએ
૨. તેરી ખુદીમેં અગર ઈન્કલાબ હો પયદા
ગજબ નહીં હૈ કે યે ચાર સુ બદલ જાયે
ચાર સુ= ચારેય દિશાઓ, આખું વિશ્વ
૩. તેરી દુઆ હૈ કે હો તેરી આરઝુ પૂરી
મેરી દુઆ હૈ તેરી આરઝુ બદલ જાએ !
-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# દલિત કાર્યકરો દ્વારા બી.આર. આંબેડકર પર ટિપ્પણીનો વિરોધ

## કથિત ટિપ્પણી ડૉ. આંબેડકર અને ભારતીય બંધારણ બંનેનું અપમાન છે



(એજન્સી) તા.૨૧
ભીમ આર્મીના હિસાર જિલ્લા એકમે અહીંના મિનિ-સચિવાલયમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા ડૉ બીઆર આંબેડકર વિશે આપેલા કથિત વાંધાજનક નિવેદન સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. કાર્યકરોએ આ ટિપ્પણીને ડૉ. આંબેડકર અને ભારતીય બંધારણ બંનેનું અપમાન ગણાવ્યું હતું.

સંત લાલ આંબેડકર, અમિત જાટવ, પ્રદીપ યાદવ અને જયબીર ગોદારા સહિતના ભીમ આર્મીના નેતાઓએ જણાવ્યું હતું કે, ડૉ. આંબેડકર ભારતીય બંધારણના ઘડવૈયા હતા અને સામાજિક ન્યાયના પ્રતીક હતા. તેઓએ કહ્યું કે તેમની વિરૂદ્ધ કોઈપણ અપમાનજનક ટિપ્પણીથી દેશની લાગણીઓને ઊંડી ઠેસ પહોંચી છે. નેતાઓએ અમિત શાહને તેમની ટિપ્પણી માટે જાહેરમાં માફી માંગવાની માંગ કરી હતી.

નગરના ક્રાંતિમાન પાર્ક ખાતે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન માટે કાર્યકરો એકઠા થયા હતા અને મિની-સચિવાલય તરફ કૂચ કરી હતી. ભિવાનીમાં દલિત અધિકાર મંચે કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા ડૉ. આંબેડકર પર કરેલી ટિપ્પણીની નિંદા કરી. કન્વીનર સુખદેવ સિંહ અને સહ-સંયોજક અનિલ કુમારે મંત્રી પર "અહંકારી અને બંધારણ વિરોધી" નિવેદનો આપવાનો આરોપ મૂક્યો અને દાવો કર્યો કે તેમણે ડૉ. આંબેડકરના વિચારો અને ભારતીય બંધારણ પ્રત્યે ભાજપનો કથિત અણગમો છતો કર્યો છે. સમિતિએ જણાવ્યું હતું કે, ભાજપ અને તેના વૈચારિક સાથી, આરએસએસ, ભારતીય બંધારણમાં સમાવિષ્ટ સમાનતા અને સામાજિક ન્યાયના સિદ્ધાંતોનો વિરોધ કરે છે. તેઓએ આક્ષેપ કર્યો હતો કે ભાજપની આગેવાની હેઠળની સરકાર બંધારણીય અધિકારોને તોડી પાડવાનો પ્રયાસ કરી રહી છે, જેણે બિનસાંપ્રદાયિક, ન્યાય-પ્રેમાળ અને શાંતિ-પ્રેમાળ નાગરિકોમાં, ખાસ કરીને દલિતો, મહિલાઓ, યુવાનો અને લઘુમતીઓમાં વ્યાપક જાગૃતિ અને પ્રતિકારને ઉત્તેજિત કર્યો હતો. જ્ઞાતિ ભેદભાવ અને જાતિ આધારિત સામાજિક વ્યવસ્થા સામે ડૉ. તેઓએ આરએસએસ અને ભાજપ પર પ્રતિગામી વિચારધારાઓ સાથે ભારતીય બંધારણને બદલવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો, જેનો તેઓએ પ્રતિકાર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. મંચે બંધારણની રક્ષા માટે તેની પ્રતિબદ્ધતાની પુનઃ પુષ્ટિ કરી, ખાસ કરીને તેની ૭૫મી વર્ષગાંઠની ચાલી રહેલી ઉજવણી દરમિયાન. સમિતિએ ૨૫મી ડિસેમ્બરે મનુસ્મૃતિ દહન દિવસ મનાવવાની યોજનાની જાહેરાત કરી હતી જેમાં મનુસ્મૃતિના આદર્શો સાથે બંધારણના આદર્શો સાથે વિરોધાભાસી પરિસંવાદો અને ચર્ચાઓ યોજવામાં આવી હતી. કાર્યકર્તાઓએ લોકોને લોકશાહી અને બંધારણીય અધિકારોની સુરક્ષા માટે તેમના "બંધારણ બચાવો-દેશ બચાવો" અભિયાનમાં ભાગ લેવા વિનંતી કરી.

## અમદાવાદમાં અનમોલ પ્રીતસિંહે મોટી સિદ્ધિ મેળવી

# અનમોલપ્રીતે ૩૫ બોલમાં સદી ફટકારી

# યુસુફ પઠાણનો ૧૪ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

અમદવાદ, તા.૨૧
પંજાબના અનમોલપ્રીત સિંહે શનિવારે વિજય હજારે ટ્રોફીમાં તોફાની સદી ફટકારતા એક મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. અનમોલપ્રીત સૌથી ઝડપી લિસ્ટ એ સદી બનાવનાર ભારતીય બેટસમેન બની ગયો છે. તેણે અમદવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અરૂણાચલ પ્રદેશ વિરૂદ્ધ વિજય હજારે ટ્રોફીની મેચમાં આ કમાલ કર્યો. અનમોલપ્રીતે અરૂણાચલ પ્રદેશના બોલરોની જોરદાર ધોલાઈ કરી. તેણે ૧૨ ચોગ્ગા અને નવ સિક્સરની મદદથી પંજાબને નવ વિકેટે જીત અપાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી છે. અનમોલપ્રીતે ફક્ત ૩૫ બોલમાં સદી પૂરી કરી. લિસ્ટ એમાં આ ત્રીજી સૌથી ઝડપી સદી છે. ઓસ્ટ્રેલિયાને જેક ફ્રેઝર મેકગર્ગ અને દ.આફ્રિકાનો ડિવિલિયર્સ આ લિસ્ટમાં પ્રથમ અને બીજા સ્થાને છે. જેકે ૨૯ બોલમાં અને ડિવિલિયર્સે ૩૧ બોલમાં સદી ફટકારી હતી. આ પહેલા કોઈ ભારતીય દ્વારા બનાવાયેલા સૌથી ઝડપી સદીનો રેકોર્ડ યુસુફ પઠાણના નામે હતો. તેમણે ૨૦૦૯-૧૦માં વિજય હજારે ટ્રોફીમાં મહારાષ્ટ્ર વિરૂદ્ધ વડોદરા તરફથી રમતા ૪૦ બોલમાં સદી ફટકારી હતી. પંજાબને ૫૦ ઓવરમાં ૧૬૫ રનનું લક્ષ્યાંક કરવાનું હતું. અનમોલપ્રીત ૧૧૫ રન બનાવી અણનમ રહ્યો. પંજાબે ૧૨.૫ ઓવરમાં જ લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધું હતું.

# આંબેડકર પર શાહના ભાષણ બાદ દલિતો, વિદ્યાર્થીઓના સંગઠનોના દેખાવો

### સંસદમાં શાહની વિવાદાસ્પદ ટિપ્પણી બાદ વિરોધ ફાટી નીકળ્યો હતો




(એજન્સી)
નવી દિલ્હી, તા.૨૧
સામાજિક ન્યાય અને વિદ્યાર્થીઓના સંગઠનોને લગતા

## દલિત વિદ્યાર્થી પરિષદ, બેંગ્લોર યુનિવર્સિટી રિસર્ચ સ્કોલર એસોસિએશન અને અન્ય જૂથોના સભ્યોએ બેંગલુરૂના ફ્રીડમ પાર્કમાં બાબાસાહેબ આંબેડકર વિરૂદ્ધ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની ટિપ્પણી સામે વિરોધ પ્રદર્શન કર્યું

મુદ્દાઓ પર કામ કરતી કેટલીક સંસ્થાઓએ ગૃહ પ્રધાન અમિત શાહ પર બીઆર આંબેડકરનું અપમાન કરવાનો આરોપ લગાવીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. કેટલાક દલિત સંગઠનોએ કહ્યું કે દેશભરમાં મોટા વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સંસદમાં શાહની વિવાદાસ્પદ ટિપ્પણી બાદ વિરોધ ફાટી નીકળ્યો હતો. એનએસયુઆઈના પ્રમુખ વરૂણ ચૌધરીએ કહ્યું, "અમિત શાહે માત્ર ડો.બાબાસાહેબ આંબેડકરનું અપમાન જ નથી કર્યું પણ આપણા રાષ્ટ્રનું પણ અપમાન કર્યું છે. અમે તેમની પાસેથી જાહેર માફી માંગીએ છીએ. જો તે આમ કરવામાં નિષ્ફળ જાય તો તેણે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. આ લાગણીનો પડઘો પાડતા, AISAએ આંબેડકર યુનિવર્સિટી દિલ્હી (AUD) ખાતે વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું, જ્યાં વિદ્યાર્થીઓએ શાહના પૂતળા બાળ્યા હતા. AISAના એક વરિષ્ઠ નેતાએ કહ્યું, "અમિત શાહનું નિવેદન કેઝ્યુઅલ ટિપ્પણી નથી; તે આંબેડકરના સમાનતા અને સામાજિક ન્યાયના વારસાનું ઈરાદાપૂર્વકનું અપમાન છે. અમે જાહેર માફીની માંગ કરીએ છીએ." SFI રાજ્ય સમિતિના સભ્ય સોહને કહ્યું, 'શાહની ટિપ્પણી આંબેડકર પ્રત્યે તેમની ઊંડી જડ નફરત દર્શાવે છે.'

# દલિત બાળકીનું અપહરણ અને બળાત્કારના આરોપીને આજીવન કેદ



(એજન્સી) તા.૨૧
શ્રાવસ્તી. મલ્હીપુર પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં રહેતી દલિત યુવતી પર ચાર વર્ષ પહેલા આ જ ગામના યુવકે બળાત્કાર ગુજાર્યો હતો. એડિશનલ સેશન્સ જજ અનુકુલ પોક્સોએ આ કેસમાં પોતાનો ચુકાદો સંભળાવ્યો હતો. કોર્ટે આરોપીને આજીવન કેદ અને ૪૫,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

ઘટના ક્રમ મુજબ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ માલીપુર પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી એક અનુસૂચિત જાતિની પાસીએ સ્થાનિક પોલીસ સ્ટેશનને ફરિયાદ પત્ર આપ્યો હતો. આરોપ છે કે ૧૫ જાન્યુઆરીના રોજ સવારે લગભગ ચાર વાગ્યે પોલીસ સ્ટેશન વિસ્તારના પરસા દેહરિયા ગામના મજરા મોહમ્મદપુરમાં રહેતો જેલુ તેની ૧૭ વર્ષની પુત્રીને લાલચ આપીને લઈ ગયો હતો. તે જ ગામના પડદાન અને તેની પત્નીએ પણ આમાં મદદ કરી હતી. લગ્નના બહાને તેને મુંબઈ લઈ ગયો અને રૂમ ભાડે રાખીને તેના પર બળાત્કાર ગુજાર્યો.

આ કેસમાં એડિશનલ સેશન્સ જજ(પોક્સો) અનુકુલ નિર્દોષ કુમારે આરોપી જેલુને આજીવન કેદ અને ૪૫,૦૦૦ રૂપિયાના દંડની સજા ફટકારી છે. કોર્ટે દંડની રકમ પીડિતાને આપવાનો આદેશ કર્યો છે. આરોપીને પોલીસ કસ્ટડીમાં બહરાઈચ જિલ્લા જેલમાં લઈ જવામાં આવ્યો છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી : ભારત અને પાકિસ્તાન ૨૩ ફેબ્રુઆરીએ ટકરાશે

## પ્રારંભિક મુકાબલામાં પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ ટકરાઈ શકે : રિપોર્ટ

નવી દિલ્હી,તા.૨૧
ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું આયોજન હાઈબ્રિડ મોડલ પર થવાનું છે. આ દરમ્યાન ચેમ્પિયન્સ ટ્રોફીના શિડયુલને લઈ મોટી જાણકારી સામે આવી છે રિપોર્ટમાં દાવો કરાયો છે કે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની પ્રથમ મેચ બાંગ્લાદેશ સામે રમાઈ શકે છે ટ્રોફીની શરૂઆત પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનારી મેચ સાથે થશે. ભારત ટુર્નામેન્ટના બીજા દિવસે બાંગ્લાદેશ સામે રમશે ત્યાર બાદ ચેમ્પિયન્સ ટ્રોફીના હાઈવોલ્ટેજ મુકાબલામાં ભારત અને પાકિસ્તાનની ટીમો આમને સામને હશે. આ મુકાબલો ૨૩ ફેબ્રુઆરીએ ન્યુટલ વેન્યુ પર રમાશે ભારતનો આગામી મુકાબલો બીજી માર્ચે ન્યુઝીલેન્ડ સામે થશે ટુર્નામેન્ટમાં આઠ ટીમોને બે ગ્રુપમાં વહેચવામાં આવશે.


# ગુજરાત ટુડે ટ્યુકડી જાહેર ખબર

**જોઈએ છે**

**સેલ્સમેન/ગર્લ જોઈએ છે**
ડ્રેસ શોપ માટે પાલડી
9376141138

**સેલ્સમેન જોઈએ છે**
અનુભવી, બિનઅનુભવી, ત્રણ દરવાજા વિસ્તારમાં
9824617398

**Redevlopment માટે અરજન્ટ જોઈએ છે**
સરખેજ-પાલડી-નવરંગપુરા-દાણીલીમડા-વટવા-શાહેઆલમ-સરસપુર-ગોમતીપુર-રખિયાલ-આશ્રમ રોડ-વેજલપુર-સાબરમતી-મુસ્લિમ-નોનમુસ્લિમ એરિયામાં Redevlopment માટે જૂની સોસાયટી અથવા જૂના એપાર્ટમેન્ટ અથવા ટાઈટલ ક્લિયર પ્લોટ પાર્ટનરશીપમાં કામ કરવા માટે જોઈએ છે.
Honest Property
8000111855
7874111855

Internal Auditor For Dawate Islami Trust (Only Male)
Location Ahmedabad
Qualification-minimum B.Com
Contact - 8347412626

**વેચવાનું છે**

**ફ્લેટ વેચવાના છે**
અરકામ ફ્લેટ ત્રીજે માળ ૩૦૧, ૩૦૨ આપના બેકરી સામે, તાનગઢ વાડ જમાલપુર
9723496244
9558157247

એહસાન પાર્ક સોસાયટીમાં 250 વારનો પ્લોટ વેચવાનો છે નંબર 9824614786

**વેચવાનો છે**
શો રૂમ 500 ફૂટનો, ગ્રાઉન્ડ ફ્લોર, મેઈન રોડ ટચ, દરેક ધંધાને લાયક, દરિયાપુર દરવાજા બહાર
9998999589

**ડુપ્લેક્ષ વેચવાનો છે**
2 BHK TP-85ની સામે બાગબાન ફ્લેટ પાસે
9723762665

**મકાન વેચવાનું છે**
ફક્ત મુસ્લિમ માટે, ફર્સ્ટ ફ્લોરથી આકાશ સુધી, દસ્તાવેજવાળું, કાર્પેટ એરિયા 125 ચો.વાર, બાંધકામ 210 વાર દિલ્હી દરવાજા, અમદાવાદ
8141264631

**ફ્લેટ વેચવાનો છે**
1200 સ્કે. ફૂટનો, ધાબા સાથે નવરંગપુરા મીઠાખળી
9978131989
9925901800

**વેચવાનો છે ફ્લેટ**
2 BHK ત્રીજો માળ આશરે 120 વાર સૈયદવાડ ખાનપુર 9925227776

TP 85 રોડ મોમીનસરામાં 3 BHK ટાઈટલ ક્લિયર ફ્લેટ 54 લાખમાં અરજન્ટ વેચવાનો છે
7777999667

**વેચવાનો છે**
4 BHK બંગલો NA ટાઈટલ ક્લિયર, દસ્તાવેજ, અહદ ક્લબની પાસે, રોડ ટચ
એ-વન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ (હૈદરભાઈ)
9227777881

**વેચવાના છે**
ફ્લેટ અલીફ-૧ તેમજ નુર એન્કલેવ તેમજ અકીબા હાઈટસમાં 3 BHK ફ્લેટ તેમજ 4 BHK પેન્ટ હાઉસ 360 વાર ટાઈટલ ક્લિયર
એ-વન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ (હૈદરભાઈ)
9227777881

**ફ્લેટ વેચવાનો છે**
V.S. હોસ્પિટલ પાસે 2 BHK ફર્નિશ્ડ
9376141138

**વેચવાનું છે**
ટેનામેન્ટ 3 BHK 32 લાખ જૂની શરત Tax બિલ, લાઈટ મીટર નવું બાંધકામ
9408792725

**વેચવાનો છે ડુપ્લેક્ષ**
110 વાર ઝમઝમ ડુપ્લેક્ષ નં.૨ પેરેમાઉન્ટ એપાર્ટમેન્સ પાસે, કેનાલની પાછળ ફતેહવાડી
9998388383

**વેચવાના છે**
બંગલો 4 BHK શુકુન સોસાયટી તેમજ સમીર વિહારમાં ટાઈટલ ક્લિયર
એ-વન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ (હૈદરભાઈ)
9227777881

**વેચવાનું છે મકાન**
બ્લોક નં. 9/196, ગ્રાઉન્ડ ફ્લોર, ગવર્નમેન્ટએ કોલોનીમાં, દરિયાખાન ઘુમ્મટ પાસે, શાહીબાગ
8140490414

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**ભાડે આપવાની છે**
ગોડાઉન ફેક્ટરી લાયક જગ્યા RCC બાંધકામવાળી 11500 ફૂટ નારોલ વિશાલ હાઈવે વચ્ચે
8128295522

**ભાડે આપવાનો છે ફ્લેટ**
2 BHK ખાનપુર
Mo. 9714006192

**વેચાણ**
50 વારનું મકાન મોરકસવાડ મીરઝાપુર
9016425177

**વેચાણ આપવાનો છે ફ્લેટ**
1, 2, 3 BHK સરખેજ, જુહાપુરા સમીર કોર્પોરેશન
7878678742

**મુબારક સોસાયટીમાં કોર્નરનું મકાન વેચાણ આપવાનું છે**
માર્જિનની વિશાળ જગ્યા સાથે
સંપર્ક : ફિરોઝખાન
9825434705

નવરંગપુરા તથા પાલડીમાં તાત્કાલિક ફ્લેટ ભાડે તથા વેચાણથી આપવાના છે
Urgent Contact
9327646982
www.yourproperty solution.in

**જોઈએ છે**
ટાઈટલ ક્લિયર ફ્લેટ/મકાન સરખેજ/અમદાવાદ સિટી
9173495568

મુસ્લિમ વિસ્તારમાં પ્રોપર્ટી લેવા વેચવા તેમજ ભાડા માટે મળો
એ-વન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ (હૈદરભાઈ)
9227777881

**ફ્લેટ વેચાણ**
કાલુપુર પાંચ પટ્ટી ૯૦ વાર હવાઉજાસ વાળો ત્રીજે માળ લિફ્ટ નથી
8490967466

**ફ્લેટ ૨૧૦ વાર, વેચાણ**
TP 85 ટાઈટલ ક્લિયર, NA, NOC, પ્લાન પાસ, લક્ઝુરિયા પાસે, મોટું ડ્રોઈંગ, અલગ ડાઈનિંગ, અલગ કિચન બે સાઈડ પ્લેટફોર્મ અને મોરી, માસ્ટર બેડ સાથે ત્રણ બેડરૂમ, ફૂલ રોડ ફ્રન્ટ, ત્રણ સાઈડથી ખુલ્લું બે બાલ્કની સાથે, રજિસ્ટર્ડ દસ્તાવેજ અને લોન પેપર સાથે
ન. 9825043067

**ખાનપુરમાં ભાડે આપવાની છે**
રોડ ટચ દુકાન, રેસ્ટોરન્ટ, તવાને લાયક તથા પ્રથમ માળ રહેણાંક માટે
7574943305

**ભાડે/વેચાણ આપવાની છે**
બાંધકામવાળી જગ્યા બેઝમેન્ટમાં ગોડાઉન તેમજ શોરૂમ લાયક અગ્રવાલ કોમ્પ્લેક્ષ સી.જી. રોડ
9725438414
9924179477

**પ્લોટ વેચાણથી આપવાનો છે**
461 વાર, ગઝાલી ગ્રીન NA દસ્તાવેજવાળો નરીમનપુરા
8200784325

**વેચાણ**
85 વારનું મકાન મોટી અલી પોળએ તરફ નિકાલ દરિયાપુર
6353440679

**વેચાણ/ભાડે આપવાના છે**
બ્લ્યુ વોટર/સેવન્થ હેવન/ દારેસલામમાં 3 BHK ફ્લેટ ભાડે વેચાણ આપવાના છે
Akik Farooqui
9099421218
Anis farooqui
9099521218

**વ્યવસાયીલક્ષી/અન્ય**

**નામ બદલેલ છે**
નવું નામ : મોહંમદ જફર જાકીરઅલી સૈયદ
જૂનું નામ : મોહંમદ જઅફર જાકીરઅલી સૈયદ
સરનામું : ઈસ્લામાબાદ સોસાયટી, રામોલ, અમદાવાદ-૪૯

**લગ્ન વિષયક**

મુસ્લિમ સૈયદ યુવક Age 28 BE Environmental Engineer Job in Canada માટે યુવતીના વાલી સંપર્ક કરો
9825091851

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈપ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

સુન્ની વ્હોરા યુવક ME 30 વર્ષ કેનેડા સ્થિત માટે શિક્ષિત દિનદાર યુવતી આવકાર્ય
9428330423
9558392155

સુન્ની મુસ્લિમ યુવક M.A. 35 વર્ષ, યુવતી M.A.S.I. 30 વર્ષ બંને કુંવારા, ગવર્નમેન્ટ જોબ માટે શિક્ષિતપાત્ર આવકાર્ય
8200567383
6352972085

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. - વ્યવસ્થાપક

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું
ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

કિસ્મત બુક સ્ટોર : ૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ.
મો.૯૮૨૫૦૭૫૬૮૯

જુહાપુરા ઓફિસ : ફિરદોસ સિમેન્ટ બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,
મો.૯૯૯૮૮૮૦૩૩૦

# 'મરાઠી માણસો પર હુમલો કરવાનું કાવતરૂં ઘડવામાં આવી રહ્યું છે, કલ્યાણ તો શરૂઆત હતી' : સંજય રાઉત

## સેના (UBT) નેતા કહે છે કે, મરાઠી માણસોને મુંબઈમાંથી ભગાડવાના પ્રયાસો થઈ રહ્યા છે

(એજન્સી) તા.૨૧

શિવસેના યુબીટી નેતા સંજય રાઉતે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીત બાદ મરાઠી ભાષી લોકો પર હુમલા વધી ગયા છે અને આરોપ લગાવ્યો છે કે તેમને મુંબઈ અને પડોશી વિસ્તારોમાંથી ભગાડવાનું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે. પત્રકારો સાથે વાત કરતા, રાઉતે થાણે જિલ્લાના કલ્યાણ ખાતેની એક ઘટનાને પ્રકાશિત કરી, જ્યાં બિન-મરાઠી-ભાષી લોકોએ કથિત રીતે મરાઠી ભાષી પરિવાર પર હુમલો કર્યો. તેમણે નેવી ક્રાફ્ટ અને પેસેન્જર ફેરી વચ્ચેની અથડામણમાં ૧૪ લોકોના મોત પર મહારાષ્ટ્ર સરકારને 'અપશુકનિયાળ' ગણાવી. તેમણે આરોપ લગાવ્યો હતો કે ગામો અને જિલ્લાઓમાં લૂંટ અને હત્યાઓ થઈ રહી છે. તેમણે કહ્યું, 'મરાઠી માણસો પર હુમલો કરવાનું કાવતરૂં ઘડવામાં આવી રહ્યું છે. કલ્યાણ એ શરૂઆત હતી,'. સેના (યુબીટી) નેતાએ દાવો કર્યો હતો કે ભાજપે શિવસેનાને વિભાજિત કરી છે, જે 'મરાઠી માણસોનું સંગઠન' છે અને તેને નબળું પાડ્યું છે જેથી સ્થાનિકો સાથે બીજા-વર્ગના નાગરિકો જેવો વ્યવહાર કરવામાં આવે અને મુંબઈ અને તેની આસપાસના



વિસ્તારો બિન-મરાઠીભાષી બિલ્ડરો અને ઉદ્યોગપતિઓ ને આપવામાં આવે. તેમણે કહ્યું, 'રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓ પછી મરાઠી માણસો પર હુમલાઓ વધી ગયા છે. મરાઠી માણસોને મુંબઈમાંથી ભગાડવાના પ્રયાસો થઈ રહ્યા છે, અને એવું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે કે મરાઠી માણસો થાણે અને કલ્યાણમાં ન રહે.' નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે જેઓ પોતાને શિવસેના હોવાનું કહે છે તેમના પર પ્રહાર કરતાં, રાઉતે કહ્યું કે, જેઓ સરકારનો ભાગ છે, તેઓ અયોગ્ય છે અને કલ્યાણની ઘટના વિશે ચિંતા કરતા નથી. તેમણે કહ્યું, 'તેઓ (શિંદેની આગેવાની હેઠળની શિવસેના) સત્તા માટે તલપાપડ છે. બીજેપીનું વલણ મરાઠી માણસોને ખતમ કરવાનું છે,'.

રાજ્યની વિધાનસભામાં, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આક્ષેપ કર્યો હતો કે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ-એનસીપી સરકાર અને કેન્દ્રની મનમોહન સિંહ સરકાર દ્વારા શહેરી નક્સલીઓના આગળના સંગઠન તરીકે જાહેર કરાયેલા કેટલાક સંગઠનોએ ભારત જોડો યાત્રામાં ભાગ લીધો હતો. આના પર, રાઉતે કહ્યું કે કોઈએ મુખ્ય પ્રધાન શું કહે છે તેના પર વધુ ધ્યાન ન આપવું જોઈએ અને પ્રશ્ન કર્યો કે શું અભિનેતા અમોલ પાલેકર, સામાજિક કાર્યકર્તા બાબા આઢવ અને રાહુલ ગાંધીની આગેવાની હેઠળની યાત્રામાં ભાગ લેનારા દળોમાં સેવા આપનારા દિગ્ગજ સૈનિકો નક્સલી હતા, તેમણે કહ્યું, 'તેમણે (ફડણવીસે) તેમની આસપાસના ભ્રષ્ટ લોકો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ,'. ડૉ બી આર આંબેડકરના કથિત અપમાનને લઈને સંસદ પરિસરમાં વિપક્ષ અને એનડીએના સાંસદો વચ્ચેના ટકરાવ મુદ્દે, રાઉતે કહ્યું કે કથિત રીતે ઝપાઝપીમાં ઘાયલ પૂર્વ પ્રધાન પ્રતાપ ચંદ્ર સારંગી અને મુકેશ રાજપૂત, નાટકીય અભિનયમાં શ્રેષ્ઠ છે અને તેમને ઈનામ મળવું જોઈએ. ઝપાઝપીના સંદર્ભમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરૂદ્ધ FIR નોંધવામાં આવી હોવા પર, સેના (UBT) સાંસદે કહ્યું, 'તે તેમની (ભાજપ) સરકાર છે.'

# બાંગ્લાદેશમાં મૈમનસિંહ અને દિનાજપુરમાં બે દિવસમાં ત્રણ હિન્દુ મંદિરોમાં ૮ ભગવાનની મૂર્તિઓ તોડી પડાઈ

(એજન્સી) તા. ૨૧

બાંગ્લાદેશમાં ફરી એકવાર હિન્દુ મંદિરોમાં તોડફોડની ઘટના સામે આવી છે. વાસ્તવમાં બાંગ્લાદેશના મૈમનસિંહ અને દિનાજપુરમાં બદમાશોએ બે દિવસમાં ત્રણ હિન્દુ મંદિરોમાં આઠ મૂર્તિઓ તોડી નાખી. આ દાવો એક મીડિયા રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. પોલીસે મંદિરમાં તોડફોડના મામલે એક વ્યક્તિની ધરપકડ કરી છે. બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુ સમુદાય વિરૂદ્ધની શ્રેણીબદ્ધ ઘટનાઓમાં આ તાજેતરની ઘટના છે. ગુરૂવાર અને શુક્રવારની સવારે મયમનસિંહના હાલુઘાટ ઉપ-જિલ્લામાં બે મંદિરોની ત્રણ મૂર્તિઓની તોડફોડ કરવામાં આવી હતી. મંદિરના સૂત્રો અને સ્થાનિક લોકોને ટાંકીને હલુઘાટ પોલીસ સ્ટેશનના પ્રભારી (ઓસી) અબુલ ખૈરે જણાવ્યું કે, શુક્રવારે સવારે બદમાશોએ હલુઘાટના શકુઈ સંઘમાં બોંદરપારા મંદિરની બે મૂર્તિઓ તોડી નાખી. તેમણે કહ્યું કે, આ ઘટનામાં હજુ સુધી કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી અને કોઈની ધરપકડ કરવામાં આવી નથી. અન્ય એક ઘટનામાં ગુનેગારોએ ગુરૂવારે સવારે હાલુઘાટના બીલદોરા યુનિયનમાં પોલાશકંડા કાલી મંદિરમાં એક મૂર્તિ તોડી નાખી. શુક્રવારે પોલીસે આ ઘટનામાં સંડોવણી બદલ પોલાશકાંડા ગામના ૨૭ વર્ષીય યુવકની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન અલાલઉદ્દીન નામના શખ્સે ગુનો કબૂલી લીધો



હતો. તેણે જણાવ્યું કે તેને મૈમનસિંહ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો, જ્યાંથી તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો. નોંધનીય છે કે, આ પહેલા ગુરૂવારે પોલાશકાંડા કાલી મંદિર સમિતિના પ્રમુખ સુવાશ ચંદ્ર સરકારે અજાણ્યા લોકો પર આરોપ લગાવતા કેસ નોંધ્યો હતો. દિનાજપુરના બીરગંજ ઉપ-જિલ્લામાં મંગળવારે ઝરબારી શાસન કાલી મંદિરમાં પાંચ મૂર્તિઓને નુકસાન થયું હતું. રિપોર્ટ અનુસાર આ ઘટના ગુરૂવારે પ્રકાશમાં આવી હતી. મંદિર સમિતિના અધ્યક્ષ જનાર્દન રોયે કહ્યું હતું કે, અમે અહીં આવું ખોટું કામ ક્યારેય જોયું નથી. પ્રભારી અધિકારી અબ્દુલ ગફૂરે કહ્યું કે, તેઓ ઘટનાની તપાસ કરી રહ્યા છે. ગયા અઠવાડિયે કાયદા અમલીકરણ એજન્સીઓએ ઉત્તર બાંગ્લાદેશના સુનમગંજ જિલ્લામાં હિન્દુ મંદિર અને સમુદાયના ઘરો અને દુકાનોને તોડફોડ કરવા અને નુકસાન પહોંચાડવા બદલ ચાર લોકોની ધરપકડ કરી હતી. અગાઉ ૨૯ નવેમ્બરના રોજ બાંગ્લાદેશના ચિત્તાગોંગમાં સૂત્રોચ્ચાર કરતા ટોળાએ ત્રણ હિંદુ મંદિરોમાં તોડફોડ કરી હતી, જેમાં ઈસ્કોનના પૂર્વ સભ્ય પર રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યા બાદ વિરોધ અને હિંસા જોવા મળી હતી. મુહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની સરકાર સત્તામાં આવ્યા બાદ ૫ ઓગસ્ટના રોજ વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનોને પગલે પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના દેશમાંથી ભાગી ગયા બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો તંગ બન્યા હતા. તાજેતરના અઠવાડિયામાં હિન્દુઓ પર સતત હુમલા થઈ રહ્યા છે. હિંદુ વિરોધી ઘટનાઓની વધતી જતી સંખ્યાએ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રાજદ્વારી વિવાદને જન્મ આપ્યો છે. બાંગ્લાદેશમાં હિંદુઓ વિરૂદ્ધ હિંસા અંગે લોકસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે ગૃહને જણાવ્યું કે, ૮ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં ભારતમાં હિંદુઓ અને અન્ય લઘુમતીઓ વિરૂદ્ધ હિંસાના ૨,૨૦૦ કેસ નોંધાયા છે. બાંગ્લાદેશ અને ઓક્ટોબર ૨૦૨૪ સુધી ૧૧૨ કેસ નોંધાયા હતા. અન્ય પડોશી દેશોમાં (પાકિસ્તાન અને બાંગ્લાદેશ સિવાય) હિંદુઓ અને અન્ય લઘુમતીઓ વિરૂદ્ધ હિંસાના કોઈ કેસ નથી. સરકારે આ ઘટનાઓને ગંભીરતાથી લીધી છે અને બાંગ્લાદેશ સરકાર સાથે તેની ચિંતાઓ શેર કરી છે. ભારતને આશા છે કે, બાંગ્લાદેશ સરકાર હિંદુઓ અને અન્ય લઘુમતીઓની સુરક્ષા અને કલ્યાણ સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેશે.

# પૂર્વ સાંસદોના પેન્શન કરતાં ત્રણ ગણું વધુ પેન્શન મેળવે છે હરિયાણાના પૂર્વ ધારાસભ્યો અને હવે વધારો માંગે છે અને રૂપિયા ૨૫ લાખની કાર લોન માંગે છે

## પૂર્વ ધારાસભ્યનું ડેલિગેશન સ્પીકરને મળ્યું અને હાઉસિંગ સોસાયટી માટે જમીન તથા તબીબી સારવારના લાભો સહિતની માગણીઓ કરી, એક વખતના ધારાસભ્યને માસિક રૂપિયા ૮૬,૫૦૦ પેન્શન મળે છે અને છ વખત ધારાસભ્ય બનેલાને માસિક રૂા.૨.૪૫ લાખ પેન્શન

(એજન્સી) ગુરૂગ્રામ, તા.૨૧

હરિયાણાના પૂર્વ ધારાસભ્યો એમના પેન્શનમાં વધારો કરવાની માગણી કરી રહ્યા છે અને અત્યારે પણ એમને જે પેન્શન મળે છે એ અન્ય રાજ્યના પૂર્વ એમએલએ કરતાં પણ ઘણું વધુ છે અને એક સાંસદને મળે છે તેના કરતાં પણ ત્રણ ગણું વધારે છે. પૂર્વ ધારાસભ્યનું એક ડેલિગેશન હરિયાણાના સ્પીકર હરવિન્દર કલ્યાણને મળ્યું હતું અને તેમની માગણીઓ બાબતમાં આવેદનપત્ર આપ્યું હતું જેમાં મેડિકલ એલાઉન્સ તેમજ હાઉસિંગ સોસાયટી માટે જમીન સહિતની માગણીઓ અને અન્ય સવલતો તથા પેન્શન વધારાની માગણીનો સમાવેશ થાય છે. સ્પીકરે ખાતરી આપી હતી કે એમની માગણીઓ વિશે રાજ્ય સરકારનું ધ્યાન દોરવાની કોશિશ કરીશ. એમની માગણીઓ વિશે સર્વગ્રાહી વિચારતા કરવા અન્ય રાજ્યોની વિધાનસભાઓમાંથી પણ માહિતી મેળવવા સ્પીકરે અધિકારીઓને સૂચના આપી હતી.

પૂર્વ ધારાસભ્ય એસોસિએશનના પ્રમુખ રામવીર સિંહની આગેવાની નીચે ડેલિગેશન સ્પીકરને મળ્યું હતું અને કહ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોથી પેન્શનમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. એમણે માગણી કરી છે કે તબીબી સારવાર માટે જે ઓપીડીમાંથી લેવામાં આવે છે તેના માટે માસિક રૂપિયા ૨૦,૦૦૦નું ભથ્થું આપવામાં આવે અને હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર લેવાતી હોય તો કેશ લેસ કાર્ડ આપવામાં આવે તેવી માગણી થઈ છે. વાહનોની ખરીદી માટે રૂપિયા ૨૫ લાખની લોન આપવા અને પંચકુલામાં હાઉસિંગ સોસાયટી માટે જમીન આપવાની પણ માંગણી કરવામાં આવી છે.

જે એક જ વખત ધારાસભ્ય બન્યા હોય એમને મળતા પેન્શન અને ભથ્થા વગેરેની મર્યાદા રૂપિયા એક લાખ સુધી જ મર્યાદિત કરતો સુધારા ખરડો ૨૦૧૬માં વિધાનસભામાં પસાર થયો હતો પરંતુ સભ્યો રૂપિયા એક લાખની મર્યાદા દૂર કરવાની માગણી કરી રહ્યા છે જેથી કરીને મોંઘવારી ભથ્થું અને પ્રવાસન ભથ્થાની પણ ગણતરી કરી શકાય.. રામબીર સિંઘે કહ્યું હતું કે રૂપિયા એક લાખની જે મર્યાદા નિશ્ચિત કરવામાં આવી છે તેનાથી સમસ્યા ઊભી થઈ છે કેમકે સવાલ માત્ર પેન્શનનો નથી. મોટાભાગના પૂર્વ ધારાસભ્યો ૬૦ વર્ષથી વધુ વયના છે. જો તેઓ કાર ખરીદવા બેંકો પાસે જાય તો એમની ઉંમરને કારણે બેંકો લોન આપતી નથી એટલે જો સરકાર રૂપિયા ૨૫ લાખની કાર લોન આપે તો એ સુરક્ષિત છે કેમકે પેન્શનમાંથી એ રકમ હપ્તા રૂપે કાપી શકાય તેમ છે એવો જ બીજો મુદ્દો તબીબી સારવારના ભથ્થા અંગેનો છે. સારવાર લીધી તેના બિલ અને દવા વગેરેના બિલ તથા



ખરીદીના બિલ મેળવીને તેની સ્લીપ વિધાનસભામાં મોકલવામાં આવે છે અને એ પછી તે રકમ દ્વારા પૂર્વ ધારાસભ્યને મળતી હોય છે તેના બદલે દર મહિને રૂપિયા ૨૦,૦૦૦નું તબીબી ભથ્થું આપવું એ વધું સારો વિકલ્પ રહેશે. કેબિનેટ મંત્રી જે રાજ્યમાં હોય એમના વેતનથી વધી જાય નહીં એ રીતે પેન્શનની રકમમાં સરકારે સુધારો કરવો જોઈએ. આ અંગે ડેલિગેશન હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંગ સૈનીની પણ મુલાકાત કરી અને રજૂઆત કરી હતી તેમણે કાળજીપૂર્વક વિચારણા કરી પગલાં લેવાની ખાતરી આપી હતી.

**પેન્શન કેટલું મળે છે ?**

હરિયાણા વિધાનસભા વેતન તથા ભથ્થું અને પેન્શન કાયદો ૧૯૭૫ મુજબ અને કલમ ૯ મુજબ સુધારવામાં આવેલા નિયમો મુજબ એકવાર ધારાસભ્ય રહેલા સભ્યને માસિક રૂા.૫૦,૦૦૦ પેન્શન મળે છે અને સરકાર જે રીતે વખતોવખત નક્કી કરે છે તે રીતે મોંઘવારી ભથ્થું પણ મળે છે. અત્યારે મોંઘવારી રાહત માટેના બધાની ટકાવારી ૫૩ જેટલી છે જેનાથી એક વખતના ધારાસભ્યને મળનારી કુલ રકમ રૂા.૭૬,૫૦૦ જેટલી થઈ જાય છે. જો સભ્યને મળતી કુલ પેન્શનની રકમ રૂા.૧,૦૦,૦૦૦થી ઓછી હોય જે પ્રથમ વખતના ધારાસભ્ય માટે છે તો એમને દર મહિને રૂા.૧૦,૦૦૦નું ખાસ પ્રવાસ ભથ્થું મળે છે એટલે એમનું પેન્શન કુલ રૂપિયા ૮૬,૫૦૦ પ્રતિ માસ થઈ જાય છે.

સંસદ સભ્યોના ભથ્થા અને પેન્શનના નિયમોની વાત કરીએ તો એક વખતના સાંસદને માસિક રૂપિયા ૨૫,૦૦૦ જ પેન્શન મળે છે જે હરિયાણાના એક વખતના પૂર્વ ધારાસભ્ય કરતાં પણ ઘણું ઓછુંછે. અત્યારે દેશમાં સૌથી વધુ પેન્શન હરિયાણાના ધારાસભ્યો મેળવી રહ્યા છે. હજી છ વખત ચૂંટાયેલા ધારાસભ્યને રૂા.૨.૪૫ લાખ પેન્શન મળે છે, પાંચ વખત ચૂંટાયેલા અને રૂપિયા ૨.૦૭ લાખ, ચાર વખત ચૂંટાયેલાને રૂા.૧.૬૮ લાખ, ત્રણ વખત ચૂંટાયેલાને રૂપિયા ૧.૨૯ લાખ અને બે વખત ચૂંટાયેલાને રૂપિયા ૯૦,૬૦૦ જેટલું માસિક પેન્શન મળે છે. જે ધારાસભ્યએ પ્રથમ ટર્મ પણ પૂરી ન કરી હોય તેમના પેન્શનમાં દર વર્ષે રૂા.૨,૦૦૦નો વધારો કરવામાં આવે છે.

# 'જખમ, ફ્રેક્ચર અને જાતીય હુમલાના નિશાન' : આસામ પોલીસના 'એન્કાઉન્ટર'માં માર્યા ગયેલા ૩ હમાર પુરૂષોના પરિવારો કહે છે કે, પોલીસની થિયરી સ્વીકાર્ય નથી

## મેજિસ્ટ્રેટની તપાસમાં પોલીસને ક્લીનચીટ આપવામાં આવી છે, તેમ છતાં તેના પોતાના વીડિયો રેકોર્ડિંગ કહે છે કે, આ વાર્તામાં ઘણું બધું અમાન્ય છે એવો પરિવારોનો આરોપ છે

(એજન્સી) તા.૨૧

૧૬ જુલાઈ, ૨૦૨૪ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યે આસામ પોલીસે આસામના કચર જિલ્લાના ગંગાનગરમાંથી ત્રણ પુરૂષોને પકડ્યા હતા. તેઓ ઓટોરિક્ષામાં મુસાફરી કરી રહ્યા હતા. તે ૩૫ વર્ષીય જોશુઆ લાલરિંગસન, ૩૩ વર્ષીય લાલબીકકુંગ હમાર અને ૨૧ વર્ષીય લલ્લુનગાવી હમાર હતા. પોલીસે કહ્યું કે, તેઓ આતંકવાદી હતા અને તેમના પરિવારોનું કહેવું છે કે, તેઓ ખેડૂત હતા. બીજા દિવસે તેઓના મૃત્યુના સમાચાર આવ્યા હતા. ૧૭ જુલાઈના રોજ બપોરે ૧૨:૧૨ વાગ્યે આસામના મુખ્યપ્રધાન હિમંતા બિસ્વા સરમાએ X પર પોસ્ટ કર્યું કે, પોલીસ એન્કાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે.

**પોલીસનો દાવો :** તે દિવસે જી.પી. સિંઘે કચરના પોલીસ અધિક્ષક દ્વારા તૈયાર કરવામાં આવેલી એક પ્રેસ નોટ પણ શેર કરી, જેમાં ઘટનાઓના ક્રમની વિગતો આપવામાં આવી હતી અને ત્રણ માણસોની હત્યા કરવામાં આવી હતી. આ નોંધમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે, આ ત્રણેયને ક્રિષ્નાપુર ખાતે શંકાસ્પદ આતંકવાદીઓની હિલચાલ સંબંધિત વિશ્વસનીય ઈનપુટના આધારે પકડવામાં આવ્યા હતા. આ ત્રણેય ઓટોરિક્ષામાં ભુવન હિલ્સ તરફ જઈ રહ્યા હતા. પોલીસની પ્રેસ નોટમાં સર્ચ દરમિયાન તેમની પાસેથી એક AK-47 બંદૂક, એક સિંગલ-બેરલ રાઈફલ અને એક પિસ્તોલ સાથે જીવંત દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન આ ત્રણેયએ કથિત રીતે ખુલાસો કર્યો હતો કે, તેમના સમકક્ષો આસામ-મણિપુર સરહદની નજીક વિધ્વંસક પ્રવૃત્તિઓ કરવા માટે હથિયારોના વિશાળ જથ્થા સાથે ભુવન હિલ્સની આસપાસ છૂપાયેલા હતા. અખબારી યાદીમાં જણાવાયું છે કે, ત્રણેયએ પોલીસને આપેલી માહિતીના આધારે, એએસપી મુખ્યાલયની આગેવાની હેઠળ પોલીસ સ્ટેશન સ્ટાફ અને એજી કમાન્ડો સાથે ભુવન હિલ્સ બાજુના સામાન્ય વિસ્તારમાં શંકાસ્પદ આતંકવાદીઓની આગેવાની હેઠળ એક વિશેષ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. પોલીસ દાવો કરે છે કે, આ શંકાસ્પદ આતંકવાદીઓ દ્વારા અચાનક ગોળીબાર કરવામાં આવતા ત્રણેય પકડાયેલા આતંકવાદીઓને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેઓ માર્યા ગયા હતા. અન્ય ૬/૭ શંકાસ્પદ આતંકવાદીઓ ભાગવામાં સફળ થયા હતા. પરિવારો કહે છે કે, આ એક્સ્ટ્રા જ્યુડિશિયલ હત્યા છે. ત્રણેય પીડિતોના પરિવારોએ ગૌહાટી હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે અને આસામ પોલીસ પર આરોપ મૂક્યો છે. આ અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ૧૬ જુલાઈના રોજ સાંજે ૪:૩૦ કલાકે ત્રણેય શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે તેઓ ઓટોરિક્ષામાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે પોલીસકર્મીઓ દ્વારા તેમને રોકવામાં આવ્યા હતા. તેઓએ ધરપકડનો એક વીડિયો પણ રજૂ કર્યો જેમાં પોલીસકર્મીઓ ત્રણેય માણસોને શોધી રહ્યા છે અને પોલીસના દાવાથી વિપરીત, તેઓ કથિત રીતે નિઃશસ્ત્ર દેખાય છે. આ ત્રણેય પુરૂષોને સ્થાનિક પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા અને ત્યાં તેમની અટકાયત કરવામાં આવી હતી, તેઓ કેટલો સમય પોલીસ સ્ટેશનમાં રહ્યા તે જાણી શકાયું નથી. તે જ દિવસે સાંજે ૭ વાગ્યે સ્થાનિક ન્યૂઝ પોર્ટલ, બરાક લાઈવ ૨૪ના એક રિપોર્ટરે પોલીસ સ્ટેશનની બહારથી અહેવાલ આપ્યો કે, ધરપકડ કરાયેલા માણસોને અટકાયતમાં રાખવામાં આવ્યા છે. પરિવારજનોએ દાવો કર્યો છે કે, રાત્રે અથવા બીજા દિવસે વહેલી સવારે જોશુઆ લાલરિંગસન, લાલબીક્કુંગ હમાર અને લલ્લુનગાવી હમાર માર્યા ગયા હતા. તેઓને પીઠ પાછળ હાથ બાંધીને જંગલ વિસ્તારમાં લઈ જવામાં આવતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર સર્ક્યુલેટ થયો છે. આ વીડિયો પણ કોર્ટ સમક્ષ પુરાવા તરીકે રજૂ કરવામાં આવ્યો છે. ગૌહાટી હાઈકોર્ટ સમક્ષની તેમની અરજીમાં ત્રણેય મૃતકોના પરિવારજનોએ કહ્યું છે કે, ડીજીપીની વાર્તા સંપૂર્ણપણે ખોટી છે અને ડીજીપીએ પોલીસ સાથે મળીને ત્રણેય માણસોની હત્યાનું કાવતરૂં ઘડ્યું હતું. અરજદારોએ એવો પણ દાવો કર્યો હતો કે, મૃતદેહો પર બુલેટ પ્રૂફ વેસ્ટ્સ સાથે ખોટા યુનિફોર્મ પહેરવામાં આવ્યા હતા અને એવી છાપ ઊભી કરવામાં આવી હતી કે, તેઓ એન્કાઉન્ટરમાં માર્યા ગયા હતા. હમાર આદિજાતિ એ લુશાઈ-કુકી-ચીન વંશીય જૂથનો પેટા-સંપ્રદાય છે જે આસામ, મણિપુર, મિઝોરમ, મેઘાલય અને ત્રિપુરાના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં વસે છે. મે ૨૦૨૩માં મણિપુરમાં ફાટી નીકળેલા મેઈતેઈ સમુદાય અને કુકી ઝો જાતિઓ વચ્ચેનો સશસ્ત્ર સંઘર્ષ સમગ્ર પ્રદેશમાં અશાંતિનું કારણ બન્યો છે. કાર્યકરોએ મણિપુર સરકાર પર હિંસક જાગ્રત જૂથોને રાજકીય સમર્થન આપવાનો આરોપ મૂક્યો છે. કચર જિલ્લામાંથી આ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, તે પૂર્વમાં મણિપુર અને દક્ષિણમાં મિઝોરમની સરહદ પર છે. આ પ્રદેશમાં ભાજપની આગેવાની હેઠળની રાજ્ય સરકારો સામે વંશીય હિંસા અને અવિશ્વાસની પૃષ્ઠભૂમિ સાથે પોલીસ કસ્ટડીમાં ત્રણ હમાર પુરૂષોના મૃત્યુથી આસામમાં ભારે વિવાદ થયો છે. હમાર સમુદાયના નેતાઓએ રાજ્ય પોલીસ પર વધારાની ન્યાયિક હત્યાઓનું આયોજન કરવાનો આરોપ લગાવ્યો છે. હમાર જનજાતિની સર્વોચ્ચ સંસ્થા હમાર ઈનપુઈએ એક નિવેદન જારી કરીને કહ્યું કે, હમાર ઈનપુઈ આસામ પોલીસ દ્વારા ત્રણ હમારોની વધારાની ન્યાયિક હત્યાઓ વિશે જાણીને આઘાત પામ્યો છે; આ ગંભીર માનવાધિકારનું ઉલ્લંઘન છે અને આસામમાં ઉદાસીન ફોજદારી ન્યાય પ્રણાલીનું પ્રતિબિંબ છે. હમાર ઈનપુઈએ સામેલ અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી અને મૃતકના નજીકના સંબંધીઓને વળતરની સાથે સ્વતંત્ર મેજિસ્ટ્રીયલ તપાસની પણ માંગ કરી હતી. ફેરઝાલ અને જીરીબામ ખાતેની આદિજાતિ જનજાતિ હિમાયત સમિતિઓ (ITAC)એ એક નિવેદન બહાર પાડીને દાવો કર્યો હતો કે, આ ત્રણેય માણસો ગામડાના સ્વયંસેવકો હતા જેઓ મણિપુરમાં બહુમતી ધરાવતા મેઈટીસ સામે કુકી-ઝોમી-હમાર આદિવાસીઓનું રક્ષણ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પોલીસે સ્વયંસેવકોના કોઈપણ પ્રતિકાર વિના, આસામ પોલીસના કર્મચારીઓએ તેમને કાચુધરમ પોલીસ સ્ટેશનમાં કસ્ટડીમાં લીધા હતા. આસામમાં ત્રણ ગ્રામીણ સ્વયંસેવકોના કસ્ટોડિયલ મૃત્યુ પર આદિવાસી આદિજાતિ હિમાયત સમિતિએ પોતાનો ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે. ITACએ કસ્ટોડિયલ મૃત્યુની સ્વતંત્ર તપાસની પણ માંગ કરી હતી. હમાર સ્ટુડન્ટ્સ એસોસિએશને પણ એક નિવેદન જારી કરીને કહ્યું કે, આસામ પોલીસનો એન્કાઉન્ટરનો દાવો અસંગતતાઓ દર્શાવે છે અને વીડિયો પુરાવાઓ તેના વિરોધાભાસી છે. તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસની માંગ કરતાં હમાર સ્ટુડન્ટ્સ એસોસિએશને રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ, એનઆઈએ અને સીબીઆઈને પણ વિનંતી કરી હતી કે, જવાબદારોને ન્યાય આપવામાં આવે. ઈન્ડીજીનસ ટ્રાઈબ લીડર્સ ફોરમ (આઈટીએલએફ)એ હત્યાની નિંદા કરતા મુખ્યમંત્રી સરમા પર આકરા પ્રહારો કર્યા હતા. આસામ સરકારે ગૌહાટી હાઈકોર્ટ સમક્ષ સોગંદનામું દાખલ કર્યું છે અને વધારાના ન્યાયિક અમલના આરોપોને નકારી કાઢ્યા છે. આસામ સરકારે કબૂલ્યું હતું કે, પકડાયેલા ત્રણેય માણસોને પોલીસકર્મીઓ અને એજી કમાન્ડોની ટીમનું નેતૃત્વ કરવા માટે આવ્યા હતા અને જણાવ્યું હતું કે, તેઓ પોલીસ કર્મચારીઓની સાથે સુરક્ષા સાધનો



પહેર્યા હતા. આસામ સરકારે આગળ ત્રણ મૃતદેહોના પોસ્ટમોર્ટમના અહેવાલો સબમિટ કર્યા, જે સિલ્ચર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં કરવામાં આવ્યા હતા. અહેવાલોના પૃથ્થકરણમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, લલ્લુંગવાઈ હમારનું છાતીમાં ગોળી વાગવાને કારણે તરત જ મૃત્યુ થયું હતું, જોશુઆનું માથામાં ગોળી વાગવાને કારણે તરત જ મૃત્યુ થયું હતું અને લાલબીકુંગ હમારનું ગોળીથી થયેલી ઈજાને કારણે હેમરેજિક શોકને કારણે મૃત્યુ થયું હતું. સરકારના એફિડેવિટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, આ કેસની તપાસ માટે એક સ્વતંત્ર તપાસ અધિકારીની નિમણૂક કરવામાં આવી હતી અને ૧૯ જુલાઈના રોજ મેજિસ્ટ્રીયલ તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. આસામ સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી એફિડેવિટ-ઈન-ઈન-વિપક્ષને ત્રણ મૃત પુરૂષોના પરિવારો દ્વારા દાખલ કરવામાં આવેલા જવાબમાં મહત્ત્વપૂર્ણ ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. અરજદારોએ ફરિયાદ પક્ષ દ્વારા સબમિટ કરાયેલ પોસ્ટમોર્ટમ રિપોર્ટ્સ સ્વતંત્ર ફોરેન્સિક નિષ્ણાતો દ્વારા ફરીથી તપાસવામાં આવ્યા છે અને તેના તારણો મૃત્યુ પહેલા ક્રૂર ત્રાસના પુરાવા તરફ નિર્દેશ કરે છે. હત્યા કરતા પહેલા ત્રણેય પુરૂષો પર જાતીય હુમલો કરવામાં આવ્યો હોઈ શકે છે. પોલીસ દ્વારા શેર કરાયેલી નોંધમાં કહેવામાં આવ્યું છે કે, ભુબન હિલ્સમાં ગોળીબારમાં ત્રણ પોલીસ કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. જવાબ આપનાર દાવો કરે છે કે, કથિત એન્કાઉન્ટરમાં કોઈ પોલીસ અધિકારી ઘાયલ થયા ન હતા અને રાજ્ય દ્વારા તેના પ્રારંભિક સોગંદનામામાં કોઈપણ ઈજાના કોઈ મેડિકલ રેકોર્ડ આપવામાં આવ્યા ન હતા. જવાબમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, જોશુઆ લાલરિંગસન, લાલબીક્કુંગ હમાર અને લલ્લુનગાવી હમાર માત્ર ત્રણ જ પુરૂષો હતા જેમને ઈજાઓ થઈ હતી અને તેઓ માર્યા ગયા હતા. ગોન્ઝાલ્વેસે કહ્યું કે, જો પોલીસની વાર્તા પર વિશ્વાસ કરવો હોય તો પણ તેઓએ તેમના વિશેષ ઓપરેશન દરમિયાન ત્રણેય માણસોનો 'માનવ ઢાલ' તરીકે ઉપયોગ કર્યાનું સ્વીકાર્યું તે હકીકત અપમાનજનક છે અને તેને યુદ્ધ અપરાધ કહી શકાય. આસામની ભારતીય પોલીસ આ લોકોનો માનવ ઢાલ તરીકે ઉપયોગ કરીને યુદ્ધ અપરાધ માટે દોષિત છે. ગૌહાટી હાઈકોર્ટના આદેશ પર મેજિસ્ટ્રેટ તપાસ હાથ ધરવામાં આવી હતી. કચર જિલ્લાના એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટે ૧૪ નવેમ્બરના રોજ તેમનો અહેવાલ સુપરત કર્યો હતો અને તારણ કાઢ્યું હતું કે, પકડાયેલા લોકોએ ભુબન ટેકરીઓ પર ગોળીબાર દરમિયાન ભાગવાનો પ્રયાસ કર્યો હતો અને ગોળી વાગતા મૃત્યુ પામ્યા હતા અને પોલીસને ક્લીનચીટ આપવામાં આવી હતી. હવે ત્રણેય મૃતકોના પરિવારજનો ગૌહાટી હાઈકોર્ટ પર આશા રાખે છે. જોશુઆ લાલરિંગસનના ભાઈ લાલચુંગનંગે કહ્યું કે, તેના ભાઈને આતંકવાદીનું લેબલ લગાવવામાં આવે તે તદ્દન નિરાધાર વાત છે. તેના પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે, આ શખ્સો પોલીસના હાથે મૃત્યુ પામ્યા હતા. આ કેવો કાયદો અને વ્યવસ્થા છે ? તેઓને પીઠ પાછળ હાથ બાંધીને લઈ જવામાં આવ્યા હતા. તેઓને માર મારવામાં આવ્યો હતો. અમે ચિત્રો જોયા છે. અમારૂં માનવું છે કે, લાંબા સમય સુધી અત્યાચાર ગુજાર્યા બાદ પોલીસ દ્વારા તેઓની હત્યા કરવામાં આવી હતી. અમે ઈચ્છીએ છીએ કે, જેઓ વધારાની ન્યાયિક હત્યાના દોષિત છે તેમને સજા કરવામાં આવે તેવી આશા રાખીએ છીએ.

**- સીમી પાશા** **(સૌ. :- ધ વાયર.ઈન)**

# શાહરૂખ ખાન એક વિશેષ માનવી છે; તે AI કરતાં પણ વધુ અપડેટ રહે છે : અર્જુન કપૂરે કિંગ ખાનની પ્રશંસા કરી

## અર્જુન કપૂરે નિખિલ અડવાણીની ૨૦૦૩માં આવેલી શાહરૂખ ખાન અભિનીત ફિલ્મ 'કલ હો ના હો'માં સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યું હતું, તેઓએ કિંગ ખાનની તેમની બુદ્ધિ, જાગૃતિ અને ભાવનાત્મક સહાનુભૂતિની પ્રશંસા કરી છે

(એજન્સી) તા.૨૧

નિખિલ અડવાણીની ૨૦૦૩ની ફિલ્મ 'કલ હો ના હો'માં સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યું ત્યારથી તેમને ઓળખતા અર્જુન કપૂરે કહ્યું કે, શાહરૂખ ખાન સતત સ્વ-સુધારણા અને જ્ઞાન માટે પ્રયત્નશીલ રહે છે અને હંમેશા નવું કરવા માટે આતુર હોય છે.

રાજ શમાનીના પોડકાસ્ટમાં અર્જુન કપૂરે કહ્યું કે, હું આ મારા અંગત અનુભવ પરથી કહી શકું છું. જ્યારે હું આસિસ્ટન્ટ હતો, ત્યારે તે જે રીતે કામ કરે છે તેનાથી હું મોહિત થઈ ગયો હતો. કેટલાક લોકોને ભગવાનનો સ્પર્શ થાય છે. કેટલાક લોકો માત્ર એવા વ્યક્તિત્વ હોય છે જે તેમના જીવન કરતા મહાન હોય



છે અને પેઢીઓને પ્રેરણા આપે છે. મને એવું લાગે છે કે, તેમનું મગજ અદ્‌ભુત છે. તે AI કરતા આગળ છે. તે પ્રક્રિયા કરે છે, તે સમજે છે. તેમની પાસે માનવીય કરૂણા છે અને તેમની પાસે માનવીય સમજ છે. તે ઝીણવટભર્યો અભ્યાસ કરે છે.

જ્યારે કોઈ તેમની સાથે વાત કરવા બેસે છે ત્યારે કિંગ ખાન તે વ્યક્તિ સાથે પૂરા ધ્યાનથી વાત કરશે. પરંતુ તેમનું જાગૃતિ કૌશલ્ય સારૂં છે અને તેમની આસપાસ બનતી અન્ય બાબતોથી વાકેફ રહે છે. શાહરૂખનો ઉછેર અદ્‌ભુત થયો હતો. શાહરૂખે જે પડકારોનો સામનો કર્યો છે અને ખાસ કરીને તેમના માતા-પિતાની ખોટ અને તે અનુભવોએ તેની સમજણ અને સહાનુભૂતિને વિકસિત કરી છે અને સતત વિકાસ કરવા અને વધુ જાણકાર બનવાની ઈચ્છા બદલ તેમણે કિંગ ખાનની પ્રશંસા કરી હતી. તે ખરા અર્થમાં એક વિશિષ્ટ માનવી છે. તે એક પ્રતિભાશાળી વ્યક્તિ છે.

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસો.ના આહ્‌વાનના પગલે

# વડોદરા-હાલોલ ટોલનાકા પર ધરણા પ્રદર્શન : ટોલટેક્સનો બહિષ્કાર

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૧

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા આજથી આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. રાજ્યના બે ટોલનાકા ઉપર ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા ટોલનો બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે આજે વડોદરા હાલોલ ટોલનાકા પર પણ વિરોધ કરવામાં આવ્યો હતો કંપની દ્વારા હજી ૨૦૪૦ સુધીનું એક્સટેન્શન માંગી રહી હોવાના કારણે આ આંદોલન કરવામાં આવી રહ્યું છે. જ્યારે વડોદરા હાલોલ ટોલ રોડ ઉપર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના ટોલટેક્સ બહિષ્કારનો ફિયાસ્કો થયો હતો. અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા આંદોલનનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે. આજથી રાજ્યમાં બે ટોલનાકા ઉપર ટ્રાન્સપોર્ટ એસોસિએશન ટોલનો બહિષ્કાર કરનાર છે. આજથી બંને ટોલનાકા પર ટોલનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. વડોદરા-હાલોલ અને અડાલજ- મહેસાણા રોડ ઉપર હવેથી ટેક્સ નહીં ચૂકવે. અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા આજથી આંદોલન કરવામાં આવી રહ્યું હોય જેના ભાગરૂપે આ વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે વડોદરામાં પણ આ વિરોધ કરવામાં આવ્યો છે. રોડ બનાવ્યા બાદ અનેક ગણો ટેક્સ વસૂલાયો છે. બંને રોડ ઉપર વર્ષ ૨૦૦૧ અને વર્ષ ૨૦૦૨થી ટોલ વસૂલાત ચાલી રહી છે. ટેક્સ વસૂલવા માટે કંપની દ્વારા સરકાર પાસે વર્ષ વર્ષ ૨૦૪૦ સુધી હજી વધુ એક્સટેન્શન માંગવામાં આવ્યું છે. વડોદરા હાલોલ રોડ બનાવવા ૧૭૦.૬૪ કરોડનો ખર્ચ થયો છે. અડાલજ મહેસાણા રોડ માટે ૩૪૪.૨૫ કરોડનો ખર્ચ થયો છે. ૫૦૦ કરોડના ખર્ચ સામે ૩૦૦૦ કરોડના ટેક્સની અત્યાર સુધી વસુલાત કરી છે. ત્યારે, કંપની હજી પણ ૨૦૪૦ સુધીનું એક્સટેન્શન માંગી રહી છે. જેના કારણે ગુજરાત ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા વિરોધ અને આંદોલન શરૂ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. તો બીજી તરફ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના ટોલટેક્સ બહિષ્કારનો ફિયાસ્કો થયો હોવાનું જાણવા મળ્યું છે. વડોદરા હાલોલ રોડ ઉપરથી ભારદારી વાહનો જઈ રહ્યા છે. એસોસિએશનના હોદ્દેદારોની અપીલને ટ્રક માલિક અને ડ્રાઈવરોએ નહીં માની. વડોદરા હાલોલ રોડ ઉપર કેટલાક એસોસિએશનના હોદ્દેદારો ભેગા થઈને ધરણા કરી રહ્યા છે. ભારદારી વાહનોને વડોદરા હાલોલ રોડનો ઉપયોગ ન કરવા ટ્રાન્સપોર્ટ એસોસિએશનના હોદ્દેદારો દ્વારા અપીલ કરવામાં આવી રહી છે.

# વડોદરા બાર એસો.ની ચૂંટણીમાં પ્રમુખપદે નલિન પટેલ, ઉપપ્રમુખ પદે નેહલ સુતરિયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૧

વડોદરા વકીલ મંડળની યોજાયેલી ચૂંટણીમાં રાત્રે ૭ વાગ્યા બાદ મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદના ઉમેદવાર નલીન પટેલને ૧૭૬૩ મત મળતા તેમનો વિજય થયો હતો. વડોદરા વકીલ મંડળની ચૂંટણી ગઈકાલે યોજાઈ હતી. જેમાં ૧૮ બેઠક માટે ૪૩ વકીલોએ ઉમેદવારી નોંધાવી હતી. સવારે ૯:૩૦ કલાકે મતદાન શરૂ થયું હતું અને સાંજના ૫:૩૦ કલાક સુધી આ મતદાન ચાલ્યું હતું. મોટી સંખ્યામાં વકીલ મતદારોએ પોતાનો મત આપ્યો હતો. સાંજે ૭:૦૦ કલાક બાદ મતગણતરી શરૂ કરવામાં આવી હતી. ગત વખત કરતાં આ વખતની ચૂંટણીમાં ૭૫ ટકા મતદાન થયું હતું. મત ગણતરીમાં પ્રમુખ પદના ઉમેદવાર નલિન પટેલને કુલ ૧૭૬૩ મત મળ્યા હતા. જેથી તેમનો વિજય થયો હતો. જ્યારે પ્રતિસ્પર્ધી ઉમેદવાર વિવાંક જોશીને ૧૦૪૦ મત જ્યારે નિલક ભાસ્કર રાવને ૬૮ મત મળ્યા હતા. જ્યારે પ્રમુખ પદ માટેના મતદાનમાં આ વખતે ૩૧ મત નોટાને મળ્યા છે. જ્યારે વિવિધ કારણસર ૧૯ મત કેન્સલ થયા હતા. ઉપપ્રમુખ પદે ૧૧૩૩ મતથી નેહલ સુતરીયાનો વિજય થયો છે. જ્યારે પ્રતિસ્પર્ધી ઉમેદવાર રાજેશકુમાર ધોબીને ૮૩૦ મત, ધર્મેશકુમાર પટેલને ૭૬૦ મત અને ધર્મેન્દ્ર સિંહને ૧૦૬ મત મળ્યા છે જ્યારે તેમની મતદાન ગણતરી વખતે ૪૭ મત નોટાને મળ્યા છે. જ્યારે ૪૪ મત વિવિધ કારણસર કેન્સલ થયા હતા. જનરલ સેક્રેટરી પદે ૨૧૩૨ મતથી રિતેશ ઠક્કરનો વિજય થયો છે. જ્યારે પ્રતિસ્પર્ધી ઉમેદવાર વિવેકકુમાર રાવને ૬૯૯ મત મળ્યા હતા. તેમની મતદાન ગણતરીમાં પણ સૌથી વધુ ૬૯ મત નોટાને મળ્યા છે. જ્યારે વિવિધ કારણસર ૨૦ મત કેન્સલ થયા છે. બાર એસોસિએશનની ચૂંટણીમાં પ્રમુખ માટે ૩, ઉપપ્રમુખ માટે ૪, જનરલ સેક્રેટરી માટે ૨, જોઈન સેક્રેટરી માટે ૨, લાઈબ્રેરી માટે ૨, ટ્રેઝરર માટે ૨, મેનેજિંગ કમિટી માટે ૨૨ તથા મેનેજિંગ કમિટીમાં લેડીઝ રિઝર્વ માટે ૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. હાલ, ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ત્યારે, પ્રતિષ્ઠાના આ જંગમાં પ્રમુખ પદે નલિન પટેલ, ઉપ પ્રમુખ પદે નેહલ સુતરીયા અને જનરલ સેક્રેટરી પદે રિતેશ ઠક્કરનો વિજય થયો છે. સમર્થકો દ્વારા આતશબાજી અને ફટાકડા ફોડી તેમની જીતને વધાવી લેવામાં આવી હતી.

# હલકી ગુણવત્તાવાળા સિમેન્ટને જાણીતી કંપનીની બેગમાં પેક કરીને વેચાણ કર્યું

## સિમેન્ટની ૪૧૦ થેલીઓ જપ્ત કરાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

સુરત શહેરના ખટોદરા વિસ્તારમાં અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના નામે મોટાપાયે ઠગાઈ કરવાના ગુનાનો પર્દાફાશ થયો છે. આરોપીઓએ હલકી ગુણવત્તાવાળું સિમેન્ટ અલ્ટ્રાટેકના લોગોવાળી બેગોમાં ભરી ગ્રાહકોને વેચીને લાખો રૂપિયાની છેતરપિંડી કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર સુરત શહેરના ખટોદરા પોલીસ દ્વારા ડુપ્લિકેટ સિમેન્ટ પધરાવવાનું કારસ્તાન પકડી પાડવામાં આવ્યું છે. પોલીસ દ્વારા ૪૧૦ જેટલી બોરી કબજે કરવા આવી છે. સિમેન્ટ વેચાણ કરનાર બે વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો. પોલીસે ૧.૪૩ લાખની હલકી કક્ષાની સિમેન્ટનો જથ્થો કબજે કર્યો. આશંકા છે કે, આરોપીઓ પાસે અલ્ટ્રાટેક કંપનીની ડીલરશીપ કે સિમેન્ટ વેચાણ માટેના દસ્તાવેજી પુરાવાઓ ન હતા તેમછતાં કંપનીના લોગોનો ઉપયોગ કરીને ગ્રાહકો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળ પરથી અલ્ટ્રાટેકની લોગોવાળી બેગોમાં પેક કરાયેલ ૪૧૦ બેગ સિમેન્ટ જપ્ત કર્યું છે, જેની કિંમત રૂા.૧,૪૩,૫૦૦ છે. આ કેસમાં આઈપીસી કલમો : ૩૧૮(૪), ૩૪૫(૩), ૩૪૯, ૩૫૦(૧), કોપીરાઈટ એક્ટ ૧૯૯૭: કલમ ૬૩, ટ્રેડમાર્ક એક્ટ ૧૯૯૯ કલમ-૧૦૩ અંગે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરીયાદી નીતિન નારાયણ ઠાકરે (ઉ.વ.૪૬), ભોપાલ મધ્યપ્રદેશના રહેવાસી છે, જેઓએ આ ઠગાઈ અંગે પોલીસને જાણ કરી હતી. આ પ્રકરણમાં રાજેશભાઈ ચતુરભાઈ પટેલની ધરપકડ કરવામાં આવી છે. જે રહે. સાઈ આશિષ સોસાયટી, અલથાણ ખાતે રહે છે જ્યારે વોન્ટેડ આરોપીમાં લંબુ નામનો શખ્સ છે, જેનો રહેવાસ તથા મોબાઈલ નંબર હાલ પોલીસને પ્રાપ્ત થયો છે. ખટોદરા પોલીસ દ્વારા વધુ તપાસ ચાલી રહી છે. વોન્ટેડ આરોપીને ઝડપવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.

# નડિયાદની બેસ્ટ સ્કૂલમાં ઈ-મેગેઝિનનું વિમોચન કરાયું



નડિયાદ, તા.૨૧

લાયન્સ કલબ નડિયાદ મેઈનના સહયોગથી નડિયાદ ખાતે પ્રકાશિત થતા ઓનલાઈન ઈ-મેગેઝિન એનવાયરમેન્ટના ૨૧માં અંકનું વિમોચન નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ પાસે આવેલ બેસ્ટ સ્કૂલમાં કરવામાં આવ્યું હતું.

સમસ્ત મુસ્લિમ સમાજ વિકાસ ફાઉન્ડેશનના પ્રમુખ એ.જી. શેખ અને ઈ-મેગેઝિનના એડીટર લાયન હરિશ સોનીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં લાયન્સ કલબ ઈન્ટરનેશનલના ઝોન સેક્રેટરી મનેશભાઈ પટેલ, ઈ-મેગેઝિનના જોઈન્ટ સેક્રેટરી અશેષભાઈ પટેલ, ફલાહે દારેન કેળવણી મંડળના પ્રમુખ હનીફભાઈ મલેક, કો.ઓર્ડીનેટર હફીઝભાઈ મલેક, ઈકબાલ મેમણ, ઈમ્તિયાઝ વૈધ, ટ્રસ્ટી જુનેદભાઈ, શાળાના પ્રિન્સિપાલ અને શિક્ષક ગણ તેમજ શાળાના ૧થી ૧૦ ધોરણમાં અભ્યાસ કરતા ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા. વકતાઓએ આજના સમયમાં પર્યાવરણ જાળવણી કેટલી મહત્ત્વની છે અને વિદ્યાર્થીઓને જાળવણી માટે શું કરી શકે તે સમજ આપી હતી. ઈ મેગેઝિનના એડિટર હરિશ સોનીએ ઈ-મેગેઝિનનું મહત્ત્વ સમજાવ્યું હતું.

# ભાવનગર : દુષ્કર્મ કરનાર શખ્સના પરિવારે સગીરાના ઘરે આવી તોડફોડ કરી

ભાવનગર, તા.૨૧

ભાલ પંથકમાં સગીરા ઉપર દુષ્કર્મની ઘટના બાદ દુષ્કર્મ કરનાર શખ્સના પરિવારજનોએ સગીરાના ઘરે હથિયારો સાથે આવી બોલેરો વાહન અને ઘરમાં તોડફોડ કર્યાની સગીરાના પિતાએ વેળાવદર ભાલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર વેળાવદર ભાલ તાબેના એક ગામમાં સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી ગામમાં રહેતા શખ્સે દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવ અંગે સગીરાએ તેના ઘરે જાણ કરતા સગીરાના પિતા ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં દુષ્કર્મ કરનાર શખ્સને મળવા ગયા હતા તે દરમિયાન માથાકૂટ થઈ હતી. આ બનાવની દાઝ રાખી સાંજના સગીરાના પિતા તેના ઘરે હાજર હતા તે દરમિયાન દુષ્કર્મ કરનાર ભાવેશ ઉર્ફે ભાવુના પિતા મનસુખભાઈ, માતા, મોટો ભાઈ રોહન મનસુખભાઈ મકવાણા અને કિશન ધનાભાઈ મકવાણા લોખંડનો પાઈપ અને ધોકા લઈને આવ્યા હતા અને ગાળો બોલી ઘર પાસે પાર્ક કરેલ બોલેરો કારના કાચ તેમજ બંને દરવાજા ઉપર ધોકા માર્યા હતા તેમજ ઘરના સિમેન્ટના પતરા તેમજ બાથરૂમના બારણા ઉપર હથિયારોના ઘા ઝીંકી તોડફોડ કરી રૂા.૨૦૦૦/-નું નુકસાન કર્યું હતું. આ બનાવ અંગે વેળાવદર ભાલ પોલીસે મનસુખ મકવાણા તેમના પત્ની, દીકરો રોહન અને કિશન ધનાભાઈ મકવાણા વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ગારિયાધાર નજીક ડમ્પર-બાઈક વચ્ચે અકસ્માતમાં બે પિતરાઈ ભાઈનાં મોત

ભાવનગર, તા.૨૧

ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકા નજીક નવા ગામે રહેતા બે પિતરાઈ ભાઈ ગારિયાધારથી ઘરે પરત ફરતા હતા તે વેળાએ બાઈકનો ડમ્પર સાથે ગમખ્વાર અકસ્માત થતાં બંન્ને ભાઈઓના કરૂણ મોત નિપજતાં ભારે અરેરાટી છવાઈ જવા પામી હતી. ઘટના બાદ ગારિયાધાર પોલીસને જાણ થતાં પોલીસે ઘટના સ્થળે જઈ તપાસ હાથ ધરી છે અને ડમ્પર ચાલક ફરાર થઈ જતાં પોલીસે તેને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે.આ બનાવથી સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાયો હતો. ત્રાપજ ગામ નજીક હજુ ત્રણ દિવસ અગાઉ ટ્રક અને બસના જીવલેણ ગમખ્વાર અકસ્માતની શાહી સુકાઈ નથી ત્યાં ફરી જીવલેણ અકસ્માત થવા પામ્યો છે. ભાવનગર જિલ્લાના ગારિયાધારથી ચારેક કિલોમીટર દુર નવાગામ ખાતે રહેતા બે પિતરાઈ ભાઈઓ જયદીપ હરેશભાઈ ધોળકિયા (ઉ.વ.૧૪), સાહિલ મુકેશભાઈ ધોળકિયા (ઉ.વ.૧૮) ગારિયાધાર ખાતે વાળ કપાવવા પોતાનું મોટર સાયકલ લઈને ગયા હતા જયાંથી વાળ કપાવી ગારિયાધાર ખાતે પરત ફરતા હતા તે દરમિયાન ડમ્પર અને મોટર સાયકલનો ધડાકાભેર અકસ્માત થતાં બાઈક ચાલક સાહિલનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે જયદિપને ગંભીર ઈજા સાથે સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો જ્યાં ફરજ પરના તબિબે તેને પણ મૃત જાહેર કરતા પરિવારમાં ભારે શોક છવાઈ જવા પામ્યો છે. જાણવા મળ્યા મુજબ જયદીપ ત્રણ ભાઈઓમાં બીજા નંબરનો હતો. મૃતકના પિતા પણ થોડાક સમય અગાઉ અવસાન પામ્યા છે જેમાં અચાનક જયદીપનું મોત થતાં પરિવાર ઉપર આભ તૂટી પડ્યું હતું.

# વડોદરાની એમ.એસ. યુનિ.નું ૨૯મીએ કોન્વોકેશન : ઉપરાષ્ટ્રપતિ ઉપસ્થિત રહેશે

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૧

એમ.એસ યુનિવર્સિટીના ૭૩માં પદવીદાન સમારોહની તારીખનું સસ્પેન્સ દૂર થયું છે. વડોદરાના સાંસદે તારીખ ૨૯મી ડિસેમ્બરે એમ.એસ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીશ ધનખડે ઉપસ્થિત રહેવાની સંમતિ આપી છે તેવી જાણકારી સોશિયલ મીડિયા પર શેર કરી છે. આ જાહેરાતના પગલે હવે તારીખ ૨૯ ડિસેમ્બરે પદવી દાન સમારોહ યોજાશે તે નિશ્ચિત થઈ ગયું છે. જોકે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરે હજી સુધી સમારોહની તારીખ કે તેમાં હાજર રહેનારા મુખ્ય અતિથિના નામની જાહેરાત કરી નથી. આમ યુનિવર્સિટી દ્વારા જે બાબતને અત્યાર સુધી જાહેર નથી કરાઈ તેનું પેપર સાંસદે ફોડી નાખ્યું હોવાની ચર્ચા શરૂ થઈ છે. ઉલ્લેખનીય છે કે પદવીદાન સમારોહના આયોજનમાં થઈ રહેલા વિલંબના કારણે ડિગ્રી નહીં મળવાથી વિદ્યાર્થીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. આ મુદ્દે વિદ્યાર્થી સંગઠનો રજૂઆત પણ કરી ચૂક્યા છે. બે દિવસ પહેલા રજિસ્ટ્રારે પદવીદાન સમારોહ ૩૧મી ડિસેમ્બરે યોજાશે તેમ કહ્યું હતું. હવે આ સમારોહ તારીખ ૨૯મી ડિસેમ્બરે યોજાશે અને તેમાં ૧૧૦૦૦ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવશે તે સ્પષ્ટ થયું છે.

# હિંમતનગરમાં વહેલી સવારથી ધુમ્મસ છવાયું



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

હિંમતનગરમાં શનિવારે વહેલી સવારથી વાદળો વચ્ચે સૂરજદાદા હોવાને લઈને ઠંડીની અસર જોવા મળી છે. બેઠી ઠંડી અને સાથે ધુમ્મસ પણ જોવા મળ્યું છે. તો વાહન ચાલકો અને સ્કૂલના વિદ્યાર્થીઓ પણ ઠંડીમાં ગરમ કપડાં પહેરીને સ્કૂલે જતા જોવા મળ્યા હતાં. ઠંડીની અસર રોડ પર જોવા મળી હતી અને દુર દૂર સુધી ધુમ્મસ જોવા મળ્યું હતું. ઠંડીને લઈને અવરજવર રોડ પર ઓછી જોવા મળી હતી.

# વાપીની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં નાતાલની ઉજવણી કરવામાં આવી



વાપી, તા.૨૧

વાપીની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ૧૯મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ હૃદયસ્પર્શી ક્રિસમસ બોનાન્ઝાનું આયોજન કર્યું હતું, જેમાં માતા-પિતાની ઉત્સાહપૂર્ણ ભાગીદારી પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ ઈવેન્ટનો ઉદ્દેશ્ય માતાપિતા, વિદ્યાર્થીઓ અને શાળા વચ્ચે મજબૂત જોડાણને પ્રોત્સાહન આપવાનો હતો, એક પ્લેટફોર્મ બનાવવું જ્યાં પરિવારો તહેવારોની ખુશીમાં સહભાગી થઈ શકે. સુંદર રીતે સુશોભિત પરિસર, સંવાદિતાનું પ્રતિક શાંતિ પુષ્પાંજલિ દ્વારા પ્રકાશિત, હૂંફ અને નોસ્ટાલ્જીયાથી ભરેલી ઘટના માટે સંપૂર્ણ પૃષ્ઠભૂમિ સેટ કરે છે.માતા-પિતા, ખાસ કરીને મોન્ટેસોરીથી ધોરણ ૨ સુધીના, ઉજવણીના કેન્દ્રમાં હતા, જેઓ વિવિધ પ્રકારની વિશેષ રીતે ક્યુરેટેડ પ્રવૃત્તિઓમાં જોડાયા હતા. આનંદથી ભરપૂર રમતોમાં ભાગ લેવાથી માંડીને બાફતી ચા અને કોફી સાથે ભારતીય અને ચાઈનીઝ વાનગીઓ ઓફર કરતા ફૂડ સ્ટોલની શોધ કરવા સુધી, દિવસની વિશેષતાએ લકી ડ્રો હતી, જેણે દરેકને ઉત્તેજના સાથે ધાર પર રાખ્યા હતા, જ્યારે વર્ગ ૩-છના રેયાન ખાનને લકી વિજેતા જાહેર કરવામાં આવ્યો ત્યારે આનંદની ક્ષણમાં પરિણમ્યો.

અમારા સ્વપ્નદ્રષ્ટા નેતાઓ, અધ્યક્ષ ડૉ. એ. એફ. પિન્ટો અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. ગ્રેસ પિન્ટો, જેમના અતૂટ સમર્થન અને માર્ગદર્શનને કારણે આ આનંદકારક પ્રસંગ શક્ય બન્યો છે.

# એટીએમ ફ્રોડ કરતી આંતરરાજ્ય ગેંગને દહેજ પોલીસે ઝડપી પાડી

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૧



દહેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ દહેજ ગામના એક્સીસ બેંકના એ.ટી.એમ.ની અંદરથી ફરિયાદીની નજર ચૂકવી તેનું એ.ટી.એમ. કાર્ડ ચોરી કરી તેની જગ્યાએ બીજુ એ.ટી.એમ. કાર્ડ આપી એ.ટી.એમ. કાર્ડથી પૈસા ઉપાડી લઈ ગુનો આચરનાર ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ.

બનાવ વાળી જગ્યાની આજુબાજુના તેમજ રોડ પરના અલગ-અલગ જગ્યાના સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરી તથા ટેક્નિકલ અને હ્યુમન સોર્સીસ આધારે મળેલ માહિતીના આધારે આ ગુનાના આરોપીઓને દહેજના સરસ્વતી નાળા પાસેથી ઝડપી પાડી આરોપીઓએ ઉપયોગમાં લીધેલ બે મોટર સાયકલ તથા ચાર મોબાઈલ તેમજ રોકડા રૂપિયા-૮૦૦૦/- મળી કુલ રૂા.૧,૧૮,૦૦૦,/- ના મુદ્દામાલ કબજે કરી શુભમ ઉર્ફે અંશુ તિવારી રહે.હાલ.રામનગર જલાલપુર પોલીસ ચોકી પાસે જી.નવસારી મુળ રહે. તા.ગ્યાનપુર જી.ભદોહી (ઉત્તરપ્રદેશ) નિતીનસિંહ ,રહે હાલ ગંગાધર ચોકડી કારેલીબાગ ૧૩૧ શિવમ રેસીડેન્સી તા.પલસાણા જી.સુરત મૂળ રહે.નવેરી જલાલપુર બજાર થાણા.આંબેડકરનગર જી.અયોધ્યા (ઉત્તરપ્રદેશ), નિલેશ ઉર્ફે રજ્જુ તિવારી, રહે.હાલ.રામનગર જલાલપુર પોલીસ ચોકી પાસે જી.નવસારી મૂળ રહે. તા.ગ્યાનપુર જી.ભદોહી (ઉત્તરપ્રદેશ) તેમજ આકાશસિંગ હાલ રહે.રામનગર સોસા.જલાલપુર પોલીસ ચોકી પાસે જી.નવસારી મૂળ રહે.જોગીનકા પોસ્ટ.ગોપીગંજ જી.ભદોહી (ઉત્તરપ્રદેશ)ની અટકાયત કરી તપાસ હાથ ધરી છે. દહેજ પોલીસના હાથે ઝડપાયેલ આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. વિવિધ પોલીસ મથકોમાં તેઓ સામે કેસ નોંધાયેલા છે..

# નડિયાદમાં કાંસની સફાઈમાં ગેરરીતિ બાબતે શહેર કોંગ્રેસ પ્રમુખે સરકારમાં પત્ર લખ્યો

નડિયાદ, તા.૨૧

નડિયાદ શહેર (જિલ્લા) કોંગ્રેસ પ્રમુખે સરકારને નડિયાદના શહેરીજનોના નાણાંનો નગરપાલિકાના સત્તાધીશો અને જવાબદાર અધિકારીઓ દુરૂપયોગ કરતા હોવા બાબતના આક્ષેપવાળો પત્ર લખતા રાજકીય હલપલ મચી છે. નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટે લખેલા આ પત્રમાં એવું આક્ષેપ કર્યો છે કે નડિયાદમાં પાણીના નિકાલ માટે એટલે કે વરસાદી પાણીના નિકાલ માટે જે કાંસ બનાવવામાં આવ્યા છે અને જે કાંસનું મેન્ટેનન્સ નડિયાદ નગરપાલિકા અને કોન્ટ્રાક્ટર કરે છે તેમાં પણ ભ્રષ્ટાચાર જોવા મળી રહ્યો છે ૩૦થી ૩૫ લાખના હિસાબે રૂપિયા ૧ કરોડનો ખર્ચ કર્યો છે. આજે શહેરના તમામ કાંસની ૩ વર્ષ પહેલા જેવી સ્થિતિ હતી તેનાથી વધુ ખરાબ થઈ છે. પ્રિ-મોન્સૂન કામગીરી સરખી રીતે થઈ નથી. જો સરકાર તપાસ એજન્સીઓને તપાસ સોંપશે તો બહાર આવશે કે સત્તાધીશો અને જવાબદાર અધિકારીઓએ કેટલો ભ્રષ્ટાચાર કર્યો છે ! કાંસની અંદર નડિયાદ નગરપાલિકા દ્વારા ગટરોના જોડાણ આપી દેવામાં આવ્યા છે જેના કારણે બારેમાસ વરસાદી પાણીના નિકાલના કાંસ માં ગટરોના પાણી જોવા મળે છે એનો મતલબ એવો થયો કે નડિયાદની અંદર શું ગટર લાઈન ફેલ સાબિત થવા પામેલ છે કાંસની અંદર હાલમાં જે પાણી છે શું તે વરસાદી જ પાણી છે કે ગટરના પાણી છે ? તે તપાસતો વિષય છે. નડિયાદની અંદર ૮૦% કાંસને ઉપરથી બંધ કરી દેવામાં આવ્યા છે એટલે સફાઈ કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી અને જે જગ્યા ઉપર ઢાંકણા મૂકવામાં આવ્યા છે ત્યાંથી સફાઈ કરવી શક્ય નહીં. વોર્ડ નંબર ૧માં પસાર થતો કાંસ ખુલ્લો છે ત્યાં પણ સફાઈ નથી થતી અને ત્યાંના રહીશોની લાગણી અને માગણી વારંવાર રજૂઆત હોવા છતાં પણ એક કાંસનો પાણીનો યોગ્ય નિકાલ ન થતા ખૂબ જ દુર્ગંધની વચ્ચે આજે ન છુટકે લોકો રહેવા મજબૂર બન્યા છે. કાંસની સફાઈ દરમિયાન કે સફાઈ થઈ ગયા બાદ નગરપાલિકાના કોઈ જવાબદારી અધિકારી દ્વારા ઈન્સ્પેક્શન કે ચેકિંગ કરવામાં આવતું નથી.

**નામ બદલેલ છે.**

મારૂ જુનું નામ- માંજી અહમદ હાજી ઇબ્રાહીમ હતું જે બદલીને નવું નામ- માંજુ અહમદ હાજી ઇબ્રાહીમ રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

લી. માંજુ અહમદ હાજી ઇબ્રાહીમ સરનામું:- મસ્જીદ ફળીયું, સ્વીદરા, તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

## જાહેર નોટિસ

**કે.એમ. રાજપુત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અંકલેશ્વરની કોર્ટમાં**

**જન્મ-મરણ/કેસ નં. ૨૪૧/૨૦૨૪**

**અરજદારશ્રી : વસાવા કાળીબેન જયંતિભાઈ રહે-મુ.પો.કાંસીયા તા-અંકલેશ્વર જી-ભરૂચ**

**વિરૂદ્ધ**

**સામાવાળા : રજિસ્ટ્રારશ્રી, જન્મ-મરણ અને તલાટી કમ મંત્રી શ્રી કાંસીયા તા.અંકલેશ્વર જિ. ભરૂચ.**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટિસ.**

આથી જાહેર જનતાને જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં અરજદારશ્રીના ભાભી ભાનુબેન અદેસિંગ વસાવાનું મરણ તા. ૧૦/૦૫/૧૯૯૭ના રોજ મોજે. કાંસીયા તા. અંકલેશ્વર મુકામે થયેલ હોવાનું આ કામના અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેઓના મરણની નોંધ શરતચુકથી તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામપંચાયત કાંસીયાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે તલાટી કમ મંત્રીશ્રી ગ્રામપંચાયત કાંસીયાને હુકમ કરવા ઉપરોકત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી કાંસીયા ખાતે લેખિત આધાર-પુરાવા સહ વાંધાઓ રજૂ કરવા. જો તમે કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા. ૧૦/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**(કે.એમ. રાજપુત)**
**એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર અંકલેશ્વર**

## GUJARAT STATE WAQF BOARD
## ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ

**Established under the Wakf Act, 1995**
**Constituted by the Government of Gujarat**
**Under Wakf Act, 1995 (Central Act - 43 )**

ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ભોયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર

Dr.jivraj bhai Mehta Bhavan, Block No.8, Ground Floor, Old Secretariat, Sector- 10, Gandhinagar.

વકફઅધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬

વિષય :- **"અલ-ઈમ્દાદ વકફ ટ્રસ્ટ"**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **લાખાણી સાજીદ અહેમદ ઈકબાલભાઈ મુ.પો.ભાવનગર, જિ.ભાવનગર**નાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે પોતાની અંગત માલિકીની મિલ્કત **તોફિકભાઈ ફારૂકભાઈ ઘાયલ,** ભાવનગરનાઓએ તેમની જમીન વકફ (દાન) કરેલ છે. જે જણાવ્યા મુજબની વિગતો સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| પોતાની અંગત મિલ્કત વકફ (દાન) કરનારનું નામ | ગામ/મુ.પો./ઠે | જિલ્લો અને તાલુકો | મિલ્કતનો પ્રકાર | સર્વે નં/ મિલ્કત નં. | ચો.મી. |
|---|---|---|---|---|---|
| તોફીકભાઈ ફારૂકભાઈ ઘાયલ | મુ.પો. ભાવનગર, | તા. ભાવનગર, જિ. ભાવનગર. | મસ્જિદ | સર્વે નં.૩૪૨ પૈકી ૭-૧૫ ગુંઠા, સર્વે નં. ૩૪૩/૧ એકર ૩.૩૨ ગુંઠા પૈકી પ્લોટ નં. ૫૮. | ૧૩૫ |

ઉક્ત જણાવેલ વાકિફે વકફ કરેલ સ્થાવાર મિલ્કત વકફ અધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ) કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.

## GUJARAT STATE WAQF BOARD
## ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ

**Established under the Wakf Act, 1995**
**Constituted by the Government of Gujarat**
**Under Wakf Act, 1995 (Central Act - 43 )**

ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ભોયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર

Dr.jivraj bhai Mehta Bhavan, Block No.8, Ground Floor, Old Secretariat, Sector- 10, Gandhinagar.

વકફઅધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬

વિષય :- **"સુન્ની મુસ્લિમ જમાત"**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **કાપડીયા કાસીમભાઇ હાજી હુસેનભાઇ મુ.પો.ખતલવાડ, જિ.વલસાડ**નાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે પોતાની અંગત માલિકીની મિલ્કત **કાસીમભાઇ હાજી હુસેનભાઇ કાપડીયા,** વલસાડનાઓએ તેમની પોતાની જમીન વકફ (દાન) કરેલ છે. જે જણાવ્યા મુજબની વિગતો સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| પોતાની અંગત મિલ્કત વકફ (દાન) કરનારનું નામ | ગામ/મુ.પો./ઠે | જિલ્લો અને તાલુકો | મિલ્કતનો પ્રકાર | સર્વે નં/ મિલ્કત નં. | ચો.મી. |
|---|---|---|---|---|---|
| કાસીમભાઇ હાજી હુસેનભાઇ કાપડીયા | મુ.પો. ખતલવાડ, | તા. ઉંમરગામ, જિ. વલસાડ. | મકાન | સિટી સર્વે નં.૩૫૨ | ૧૩૬.૮૩ |

ઉક્ત જણાવેલ વાકિફે વકફ કરેલ સ્થાવાર મિલ્કત વકફ અધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ) કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.

# આંબેડકર વિશે ગૃહમંત્રીના વિધાનો સામે ૨૪મી ડિસેમ્બરના રોજ બસપા દ્વારા દેશવ્યાપી દેખાવો અને વિરોધ આંદોલન

**ન્યુઝ GT પોઈન્ટ** બનાવના ૪ દિવસ બાદ માયાવતી જાગ્યાં અને યુ.પી.ના તેમના હરીફ ચંદ્રશેખર આઝાદ તો દેખાતા જ નથી. જો કે માયાવતીની બી.એસ.પી.માં ઘૂસવા ચંદ્રશેખર આઝાદ પોતાની ઈચ્છા દેખાડેલ તો માયાવતીએ ‘‘નો એન્ટ્રી’’નું બોર્ડ મારી દીધું અને કહ્યું કે ભાજપ ચંદ્રશેખર આઝાદને બી.એસ.પી.માં ‘‘પ્લાન્ટ’’ કરવા માગતી’તી.

(એજન્સી) લખનૌ, તા.૨૧

સંસદમાં ડોક્ટર બાબાસાહેબ આંબેડકર વિરૂદ્ધ અપમાનજનક ઉચ્ચારણો કરનારા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના વિવાદસભર વિધાનોના વિરોધમાં બહુજન સમાજ પાર્ટીએ ૨૪ ડિસેમ્બરે દેશવ્યાપી દેખાવો અને આંદોલન કરવાનું જાહેર કર્યું છે. બસપાએ પ્રતિક્રિયા આપી છે કે અમિત શાહ દ્વારા આવા વિધાનો કરીને ભારતના બંધારણના નિર્માતાનું અપમાન કરવામાં આવ્યું છે. શનિવારે




સ્વીકાર નહીં કરવામાં આવે તો દેશભરના ટેકેદારોને બસપા એકત્ર કરશે અને આંદોલન કરશે. તેમણે કહ્યું હતું કે અમારી પાર્ટીએ ૨૪મી ડિસેમ્બરે દેશભરમાં શાંતિપૂર્ણ વિરોધ દેખાવો કરવાનું નક્કી કર્યું છે એ દિવસે દરેક જિલ્લા વડા મથકો પર ધરણા કરવામાં આવશે અને દેખાવો કરવામાં આવશે અને ન્યાયની માગણી કરવામાં આવશે. તેમણે ડોક્ટર આંબેડકરના ઐતિહાસિક અને સામાજિક મહત્ત્વ પર ભાર મૂકતા એમને સાચા દલિત મસીહા અને બહુજન મસીહા

## શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શ્રેણીબદ્ધ પોસ્ટ મૂકતા બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ અમિત શાહના વિધાનો સાથે સખત નારાજગી અને અસંમતી વ્યક્ત કરી

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શ્રેણીબદ્ધ પોસ્ટ મૂકીને પક્ષના વડા માયાવતીએ અમિત શાહના નિવેદનો અંગે પોતાની સખત નારાજગી અને અસંમતી વ્યક્ત કર્યા હતા. ડોક્ટર આંબેડકર માટે હૃદયપૂર્વકનું અવિરત સન્માન અને માન જાહેર કરતા માયાવતીએ ડોક્ટર આંબેડકરને ‘‘સુપર માનવતાવાદી’’ મહાનુભાવ ગણાવ્યા હતા એવા મહાનુભાવ જેમણે દલિતોના અધિકારો અને એમની ગરિમાની હિમાયત કરવા સાથે કલ્યાણલક્ષી બંધારણનું નિર્માણ કર્યું. તેમણે હંમેશા દલિતો તથા વંચિત થઈ ગયેલા સમાજના જૂથો અને અન્ય અવગણના પામતા સમાજના વર્ગો માટે લડત ચલાવી અને એમના અધિકારો અને સન્માન માટે જોરદાર હિમાયત કરી. માયાવતીએ પોસ્ટમાં લખ્યું હતું કે ડોક્ટર ભીમ રાવ બાબાસાહેબ આંબેડકરે દલિતો અને સમાજના વંચિત થયેલા વર્ગોના આત્મસન્માન અને એમના માનવ અધિકારો માટે અને એ અધિકારો સુનિશ્ચિત કરતા પવિત્ર બંધારણની રચના કરી હતી. આજે એ આવા તમામ વર્ગોમાં ઈશ્વરની જેમ પૂજાય છે. અમિત શાહે એમનું અપમાન કર્યું તેનાથી લોકોના હૃદયને ભારે આઘાત લાગ્યો છે. દેશભરમાં સમાજના દરેક વર્ગના લોકો સંસદમાં આવી મહાન વિભૂતિ વિશે કરવામાં આવેલા વિધાનોથી ભારે ટીકા વ્યક્ત કરી રહ્યા છે અને સખત રીતે નારાજ થયા છે. એટલે જ આંબેડકરવાદી બહુજન સમાજ પાર્ટીએ તાત્કાલિક પ્રતિક્રિયા આપી છે અને અમિત શાહ પાસે જાહેરમાં માફીની માગણી કરી છે. હજુ સુધી તેમણે માફી માગી નથી. જો માફી માગવાની અને નિવેદન પાછું લેવાની માગણીનો ગણાવ્યા હતા અને કહ્યું હતું કે આંબેડકરજીએ આ તમામ વર્ગોના કાનૂની અધિકારો અને સામાજિક ગૌરવને પુનઃ સ્થાપિત કરવા માટે અવિરત લડાઈ લડી હતી એટલે એમની આજે હયાતી નથી ત્યારે સૌથી વધુ તેમના વારસાને માન આપવું જ જોઈએ. ભાજપ અને કોંગ્રેસને આડે હાથ લેતા માયાવતીએ આક્ષેપ કર્યો હતો કે ડોક્ટર આંબેડકરનો વારસો સાચવવા બાબતમાં બંને પક્ષો દંભ કરે છે. જો આ પાર્ટીઓને આંબેડકરનું માન અને સન્માન ન હોય તો કમસેકમ એમને અપમાન કરવાથી તો દૂર રહેવું જ જોઈએ. જે દિવસે બાબાસહેબે દલિતો અને કચડાયેલા વર્ગને કાનૂની અધિકારો અને અનામતોની જોગવાઈ બંધારણમાં કરીએ દિવસ એ તમામ વર્ગો માટે સાત જન્મના આશીર્વાદ સમાન હતો.

# સઉદીના ડૉક્ટરે જર્મનીમાં ક્રિસમસ બજારમાં ભીડ પર કાર ફેરવી નાખી, ૨ મોત, ૬૦ ઘાયલ

(એજન્સી) તા.૨૧

જર્મનીના મેગ્ડેબર્ગમાં શુક્રવારે ક્રિસમસ માર્કેટમાં એક વ્યક્તિએ લોકો પર કાર ચડાવી દીધી હતી. આ ઘટનામાં ૨ વ્યક્તિનાં મોત થયા છે અને ૬૦ લોકો ઘાયલ થયા હતા. આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે અને લોકોને ઘટના સ્થળથી દૂર રહેવાની અપીલ કરી છે. આ ઘટના ૧૯ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ બર્લિનમાં એક મોટી આતંકવાદી ઘટનાની યાદ અપાવે છે, જ્યારે એક ઈસ્લામિક ઉગ્રવાદીએ ક્રિસમસ માર્કેટમાં ભીડમાં ટ્રક ભગાડી દીધો હતો. આ ઘટનામાં ૧૩ લોકોનાં મોત થયા હતા અને ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા. તે હુમલાખોરને થોડા દિવસો પછી ઈટાલીમાં પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો. મેગ્ડેબર્ગ એ જર્મન રાજ્ય સેક્સની-એનહાલ્ટની રાજધાની છે. આ શહેર એલ્બે નદીના કિનારે આવેલું છે અને તેની વસ્તી આશરે ૨,૪૦,૦૦૦ છે. આ શહેર બર્લિનથી લગભગ દોઢ કલાકની ડ્રાઈવ પર આવેલું છે. મેગ્ડેબર્ગ વર્ષમાં એક વખત ક્રિસમસ માર્કેટ ધરાવે છે અને મોટી ભીડ ખેંચે છે. સેક્સની-એન્હાલ્ટના ગૃહ પ્રધાન તમરા ઝિશાંગએ મીડિયાને જણાવ્યું હતું કે, શંકાસ્પદ ૫૦ વર્ષીય સઉદી ડૉક્ટર છે જે વર્ષ ૨૦૦૬માં પ્રથમ વખત જર્મની આવ્યો હતો. અત્યારે પરિસ્થિતિ જોતા લાગે છે કે તે એકલો ગુનેગાર છે, તેથી શહેર માટે બીજો કોઈ ખતરો નથી. ન્યુઝ એજન્સીના અહેવાલ પ્રમાણે ઘાયલોમાંથી પંદર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ગવર્નર રેનર હેસેલહોફએ જણાવ્યું હતું કે, બે પુખ્તવયના અને એક બાળકના મૃત્યુની પુષ્ટિ થઈ છે. કેટલાક લોકોની હાલત ગંભીર છે,



તેથી વધુ મૃત્યુની શક્યતા નકારી શકાય તેમ નથી. મેગ્ડેબર્ગની યુનિવર્સિટી હોસ્પિટલએ જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં ૧૦-૨૦ દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. તે જ સમયે, આ ઘટનાને લઈને સઉદી અરેબિયાનું નિવેદન પણ આવ્યું છે. સઉદી અરેબિયાએ કહ્યું છે કે, તે આ ઘટના અંગે જર્મનીની સાથે રહેશે. સાથે જ કહ્યું કે કોઈપણ પ્રકારની હિંસા સહન કરવામાં આવશે નહીં. આ ઘટના શુક્રવારે સાંજે ૭ વાગ્યાની આસપાસ બની હતી જ્યારે બજાર દુકાનદારો અને ખરીદદારોથી ભરેલું હતું. જર્મનીના ક્રિસમસ માર્કેટમાં બનેલી ઘટના અંગે સોશિયલ મીડિયા પર અનેક વીડિયો વાયરલ થયા છે. આ વાયરલ વીડિયોમાં એક કાર માર્કેટના સ્ટોલની બે હરોળ વચ્ચેથી ભીડમાંથી ઝડપથી પસાર થતી જોવા મળે છે. લોકોને જમીન પર પડતા અને ભાગતા પણ જોવા મળે છે.

# પૂર્વ મુસ્લિમ, ડૉક્ટર અને કટ્ટર જમણેરી : જર્મનીમાં ક્રિસમસ માર્કેટ હુમલા માટે જવાબદાર વ્યક્તિના અનેકરૂપ

## કોણ છે તાલેબ જવાદ ? સઉદી અરબે જર્મનીને ક્રિસમસ માર્કેટ પર હુમલા પહેલા જ શંકાસ્પદ વિશે જાણ કરી હતી : રિપોર્ટ

(એજન્સી) તા.૨૧

જર્મન શહેર મેગ્ડેબર્ગમાં ક્રિસમસ માર્કેટમાં કાર હુમલામાં બે લોકોના મોત થયા છે અને ૬૦ લોકો ઘાયલ થયા છે. આ ભયાનક હુમલા પાછળનો શંકાસ્પદ, ૫૦ વર્ષીય ડૉ. તાલેબ એ. તેના વિવાદાસ્પદ વિચારોને કારણે ચર્ચામાં છે. શંકાસ્પદ તાલિબ એ. સઉદી અરેબિયાના હોફુફમાં ૧૯૭૪માં થયો હતો. તે ૨૦૦૬માં જર્મની આવ્યો હતો અને ૨૦૧૬માં શરણાર્થીનો દરજ્જો મળ્યો હતો. તાલેબ અગાઉ મુસ્લિમ હતો અને હવે ઈસ્લામનો કટ્ટર ટીકાકાર છે. તેને જર્મનીના જમણેરી અને વિરોધી ઈમિગ્રેશન પાર્ટી અલ્ટરનેટીવ ફોર જર્મની (AfD)ના સમર્થક પણ માનવામાં આવે છે. તાલેબ પર માર્કેટમાં ભીડમાં ભાડે લીધેલી BMW કાર ચલાવવાનો આરોપ છે. આ હુમલો ૨૨ ડિસેમ્બરની સાંજે થયો હતો અને તાલેબ સીસીટીવી ફૂટેજમાં કાર ચલાવતો જોવા મળ્યો હતો. તાલેબ સઉદી અરેબિયામાં ખુલ્લેઆમ પોતાના નાસ્તિક વિચારો વ્યક્ત કરી શક્યો ન હતો. જર્મની આવ્યા પછી તેણે ‘WeAreSaudi.net’ નામની વેબસાઈટ બનાવી, જેણે સઉદી અરેબિયા અને ખાડી દેશોમાંથી ભાગી રહેલા નાસ્તિકોને મદદ કરી. જર્મનીએ સઉદી અરેબિયાની પ્રત્યાર્પણની વિનંતીને ફગાવીને તાલેબને આશ્રય આપ્યો હતો, તેમ છતાં તે સઉદી સરકાર દ્વારા આતંકવાદ અને માનવ તસ્કરીના આરોપમાં વોન્ટેડ હતો. જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે આ ઘટનાની નિંદા કરતા કહ્યું કે, ‘અમે પીડિતો અને તેમના પરિવારોની સાથે ઊભા છીએ.’ જર્મનીના પ્રમુખ ફ્રેંક-વોલ્ટર સ્ટેઈનમેયરે કહ્યું કે, ‘નાતાલની શાંતિ અચાનક છીનવાઈ



ગઈ’. સઉદી અરેબિયાએ પણ હુમલાની નિંદા કરી હતી અને પીડિત પરિવારો અને જર્મની પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. જર્મનીની સુરક્ષા એજન્સીએ અગાઉ ક્રિસમસ બજારોને સંભવિત ‘વૈચારિક હુમલા’ માટે સંવેદનશીલ ગણાવ્યા હતા. AfD પાર્ટીના નેતા એલિસ વીડલે હુમલાની નિંદા કરતા કહ્યું કે, ‘આ ગાંડપણ ક્યારે બંધ થશે ?’ આ મામલે સઉદી અરબે કહ્યું હતું કે અમે પહેલાથી જર્મનીને આ શંકાસ્પદ વિશે જાણકારી આપી હતી. આ હુમલાથી ફરી એકવાર જર્મનીમાં સુરક્ષાની ચિંતા સપાટી પર આવી છે. આ સાથે આ ઘટના ધાર્મિક અને રાજકીય વિચારધારાઓના સંઘર્ષ અને સ્થળાંતર નીતિ પર પણ સવાલો ઉભા કરે છે.

# રાજસ્થાનમાં LPG ટેન્કર બ્લાસ્ટમાં મૃત્યુઆંક વધીને ૧૪; મુખ્યમંત્રીએ તપાસના આદેશ આપ્યા

## પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે ભયાનક જ્વાળાઓ ફાટી નીકળી હતી, લોકો તેમના વાહનો છોડીને ગભરાટમાં ભાગી રહ્યા હતા

(એજન્સી) તા.૨૧

કોંગ્રેસના નેતા સચિન પાયલટે શનિવારે, ૨૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ જયપુરની સવાઈ માનસિંહ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા એલપીજી ટેન્કર વિસ્ફોટના પીડિતો સાથે મુલાકાત કરી હતી અને ઘટનાની વિગતવાર તપાસની માંગ કરી છે. કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, એસએમએસ હોસ્પિટલના ડોકટરો ઘાયલ લોકોને શ્રેષ્ઠ ગુણવત્તાની તબીબી સહાય પૂરી પાડી રહ્યા છે.

તાજેતરમાં જયપુર નજીક એલપીજી ટેન્કરમાં થયેલા વિસ્ફોટને કારણે થયેલા મૃત્યુઆંકમાં વધારો થયો છે, અને હવે ૧૪ લોકોના મૃત્યુની પુષ્ટિ થઈ છે. ઓછામાં ઓછા ૩૩ લોકો ઘાયલ થયા છે, જેમાં મોટાભાગના ગંભીર રીતે દાઝી ગયા છે. સત્તાવાળાઓ વિસ્ફોટ પછીના પરિણામોનું સંચાલન કરવા માટે કામ કરી રહ્યા છે, ઘાયલોને તબીબી સારવાર પૂરી પાડી રહ્યા છે. શુક્રવારે બનેલી આ ઘટનાએ વિસ્ફોટનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરી છે. ઈજાઓની ગંભીરતા અને જાનહાનિની સંખ્યા આ દુઃખદ ઘટનાની વિનાશક અસરને દર્શાવે છે. શુક્રવારે સવારે લગભગ ૫.૪૫ વાગ્યે વિસ્ફોટ થયો હતો જ્યારે અજમેરથી જયપુર તરફ જઈ રહેલા ભારત પેટ્રોલિયમના ટેન્કરે યુ-ટર્ન લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ જયપુર બાજુથી આવી રહેલી અન્ય એક ટ્રક ટેન્કર સાથે અથડાઈ હતી. આ અથડામણને કારણે ભારે આગ ભભૂકી ઉઠી હતી. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે જ્વાળાઓ ફાટી નીકળતાં અરાજકતા ફેલાઈ ગઈ હતી, લોકો તેમના વાહનો છોડીને ગભરાટમાં ભાગી ગયા હતા. જો કે, ઘણા લોકો આગમાંથી બચી શક્યા ન હતા અને તે જીવતા સળગી ગયા હતા. અન્ય લોકો ઉશ્કેરાટપૂર્વક રસ્તા પર દોડી આવ્યા હતા, તેમના કપડાં સળગી ગયા હતા, જ્યારે અન્ય લોકોએ આગને ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. આ આગ ઝડપથી ફેલાઈ અને ૪૦થી વધુ વાહનોને લપેટમાં લીધા હતા. ટેન્કરની પાછળ આવતી સ્લીપર બસ અને નજીકની પાઈપ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરી પણ આ આગની જ્વાળામાં સંપૂર્ણ રીતે લપેટમાં આવી ગઈ હતી. કમનસીબે, બસનો મુખ્ય બહાર નીકળવાનો દરવાજો જામ થઈ ગયો, જેમાં ૩૪ મુસાફરો અંદર ફસાઈ ગયા. બચાવકર્તાઓએ તેમને મુક્ત કરવા માટે સંઘર્ષ કર્યો, છેવટે ડ્રાઈવરના દરવાજામાંથી બચેલા લોકોને ખેંચી લીધા હતા. ઓગણીસ બસ મુસાફરો ગંભીર રીતે દાઝી ગયા હતા, જેમાં ઘણી જાનહાનિ નોંધાઈ હતી. આગ પર કાબૂ મેળવ્યા બાદ સળગી ગયેલા લોકોના અવશેષોને એકત્ર કરીને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ફાયર બ્રિગેડ, પોલીસ અને એમ્બ્યુલન્સ સેવાઓ સહિત ઈમરજન્સી રિસ્પોન્ડર્સ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં સ્થાનિક રહેવાસીઓએ ઘાયલોને તાત્કાલિક સહાય પૂરી પાડી હતી. પીડિતોને અકસ્માત સ્થળથી લગભગ ૧૫ કિમી દૂર આવેલી સવાઈ માનસિંહ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ શુક્રવારે જયપુર-અજમેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ભાંકરોટા ખાતે ટેન્કર અકસ્માતના સ્થળની મુલાકાત લીધી હતી. તેમણે પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું, પોલીસ અને જિલ્લા વહીવટી અધિકારીઓ પાસેથી ઘટનાની વિગતો એકઠી કરી અને તેમને તાત્કાલિક સહાય પૂરી પાડવા સૂચના આપી હતી. તેમણે સ્થળ પર ચાલી રહેલી રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. મીડિયાને સંબોધિત



કરતી વખતે, શર્માએ આ દુઃખદ દુર્ઘટના પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું અને તેને ગંભીર ઘટના ગણાવી હતી. તેમણે ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર આ અંગે સંપૂર્ણ તપાસ કરશે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરતા, તેમણે તેમના પ્રિયજનોને સહન કરવાની શક્તિ માટે પ્રાર્થના કરી હતી. સીએમ શર્માએ રાજ્ય સરકાર વતી મૃતકોના પરિવારજનોને ૫ લાખ રૂપિયા અને ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ૧ લાખ રૂપિયાની આર્થિક સહાયની પણ જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીએ ઘાયલોની તપાસ કરવા સવાઈ માનસિંહ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. તેમણે તબીબી અને આરોગ્ય પ્રધાન ગજેન્દ્રસિંહ ખિંવસાર અને હોસ્પિટલ પ્રશાસનને તમામ ઈજાગ્રસ્તોની શક્ય શ્રેષ્ઠ સારવાર કરવાની સૂચના પણ આપી હતી.

# જયપુર ગેસ ટેન્કર વિસ્ફોટ : આગની લપેટમાં આવેલા વ્યક્તિએ મદદ માટે ૬૦૦ મીટર સુધી દોડ લગાવી પરંતુ લોકોએ સહાયતા કરવાને બદલે માત્ર વીડિયો જ રેકોર્ડ કર્યો

(એજન્સી) જયપુર, તા.૨૧

જો તમારે દર્દ અને દુર્ઘટનાની ગંભીરતા જોવી હોય, તો ૩૨ વર્ષીય રાધેશ્યામ ચૌધરી જે જ્વાળાઓમાં લપેટાયેલા તેમના શરીર સાથે શુક્રવારની વહેલી સવારે જયપુર-અજમેર હાઈવે પર ભયાનક અકસ્માત પછી મદદ માટે દોડી રહ્યા હતા તેનો વીડિયો જોવો જોઈએ. રાધેશ્યામ, જયપુરમાં નેશનલ બેરીંગ્સ કંપની લિમિટેડના મોટર મિકેનિક છે, અને હંમેશની જેમ તેમની મોટરબાઈક પર રિંગ રોડ નજીકના તેમના ઘરેથી નીકળ્યા હતા, તેમની સાથે અન્ય ઘણા લોકો માટે તેમનું આ દુર્ભાગ્ય ૨ કિમી આગળ જ એક આપત્તિની રાહ જોઈ રહ્યું હતું તેની કોઈ કલ્પના ન હતી. રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ગેસ ટેન્કર વિસ્ફોટ પછીના અનેક વીડિયોઝ ઓનલાઈન આવ્યા હતા, જેમાં એક સળગતો માણસ તેના પગ પર ટકી રહેવા માટે સંઘર્ષ કરી રહ્યો હોવાનું દર્શાવવામાં આવ્યું હતું અને તે અકસ્માતના કોલાહલ વચ્ચે મદદ માટે ભાગી રહ્યો હતો. રાધેશ્યામના મોટા ભાઈ અખેરામને સવારે ૫.૫૦ વાગ્યે એક અજાણી વ્યક્તિએ ફોન કરીને અશુભ સંદેશો પાઠવ્યો હતો કે તત્કાલ હીરાપુરા બસ ટર્મિનલ પર આવો. તમારો ભાઈ મુશ્કેલીમાં છે. અખેરામ બે પડોશીઓ સાથે આ વિસ્તારમાં દોડી આવ્યા. અકસ્માત સ્થળે પહોંચીને તેણે જે જોયું તે તેને હંમેશ માટે હેરાન કરશે. તેમણે કહ્યું કે, મારો ભાઈ રસ્તા પર પડેલો હતો, લોકોએ મને કહ્યું કે તે વિસ્ફોટના સ્થળથી લગભગ ૬૦૦ મીટર સુધી ચાલ્યો હતો. તેઓએ કહ્યું કે તે રસ્તા પર સંઘર્ષ કરી રહ્યો હતો અને તે મદદ માટે રડી રહ્યો હતો. પરંતુ મદદ કરવાને બદલે, મોટાભાગના નજીકના લોકોએ તેનો માત્ર વીડિયો જ બનાવ્યો હતો. ટ્રાફિકની અવ્યવસ્થાને કારણે એમ્બ્યુલન્સ ગમે ત્યારે જલ્દી આવે તેવી અપેક્ષા રાખવી નિરર્થક છે તે સમજીને, અખેરામ અને તેના પડોશીઓ રાધેશ્યામને તેમની કારમાં લઈ ગયા હતા. અખેરામે કહ્યું કે, તે હોશમાં હતો, હોસ્પિટલ સુધી સુસંગત રીતે વાત કરતો હતો. તેણે અમને કહ્યું કે શું થયું હતું, વચ્ચે-વચ્ચે તે ધ્રૂજતો હતો. તેણે મને એલર્ટ



કરનાર કૉલરને મારો નંબર આપવાનો ઉલ્લેખ કર્યો હતો. તે અવિશ્વસનીય હતું કે કેવી રીતે તે અસહ્ય પીડા અનુભવવા છતાં મારો નંબર યાદ કરવામાં સફળ રહ્યો હતો. આ મુસાફરી દરમિયાન, રાધેશ્યામે દુર્ઘટના તરફ દોરી જતી કરુણ ક્ષણોનું વર્ણન કર્યું હતું. રાધેશ્યામ તેની બાઈક પરથી કૂદી ગયો અને વિરુદ્ધ દિશામાં ભાગ્યો હતો, પરંતુ જ્વાળાઓમાં ઝડપાય ગયો હતો. તે બળી ગયો હોવા છતાં, તે દોડ્યો અને ચાલ્યો જ્યાં સુધી તેને તેના ભાઈને બોલાવવા માટે કોઈ મળ્યું નહીં. અખેરામે કહ્યું કે, તે ૮૫% જેટલો દાઝી જવાથી, તેના બચવાની તક રહી ન હતી.

# પ્રિય યોગી આદિત્યનાથ, તમારા રાજ્યના યુવાનો ઈઝરાયેલમાં તેમની જરૂરત માટે સ્થળાંતર કરે છે, તેમની પસંદગીથી નહીં

## ઈઝરાયેલમાં કુશળ નોકરીઓ કરતાં યુપીના યુવાનો પર યોગી આદિત્યનાથનું ઘમંડી ભાષણ વધુ યોગ્ય રીતે સમજવાની જરૂર છે

(એજન્સી) તા.૨૧

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ પેલેસ્ટીનના નામ અને પ્રતીકો સાથે સુશોભિત બેગ સંસદમાં લઈ ગયા, ત્યારે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે પ્રતિક્રિયા આપી હતી. તેણીના આ હાવભાવની મજાક ઉડાવતા, તેમણે તેના રાજ્યમાંથી ૫,૬૦૦ યુવાનોને ઈઝરાયેલમાં પ્રોજેક્ટ્સ પર કામ કરવા મોકલવા અંગે ઘમંડ કર્યો હતો. રસપ્રદ વાત એ છે કે, રાજ્ય વિધાનસભામાં ભાષણ આપતી વખતે, આદિત્યનાથે ભાર મૂક્યો હતો કે ઉત્તર પ્રદેશના યુવાનો ઈઝરાયેલ જઈને કુશળ નોકરીઓ લઈ રહ્યા છે, મફત ભોજન અને રહેઠાણ મેળવી રહ્યા છે અને દર મહિને ૧.૫ લાખ રૂપિયા કમાવી રહ્યા છે. તેમણે એવો પણ ગર્વપૂર્વક દાવો કર્યો હતો કે આ રેમિટન્સ રાજ્યના વિકાસને વેગ આપે છે. કમનસીબે, આદિત્યનાથ નિર્ણાયક પ્રશ્નો પર મૌન રહ્યા હતા કે : શા માટે ઉત્તર પ્રદેશના યુવાનો ઈઝરાયેલમાં સ્થળાંતર કરીને પોતાનો જીવ જોખમમાં મૂકી રહ્યા છે, જે પ્રદેશ હજુ પણ સંઘર્ષથી ઝઝૂમી રહ્યો છે ? સ્વર્ગીય મંત્રી સુષ્મા સ્વરાજ દ્વારા ભારતીય મજૂર સ્થળાંતર કરનારાઓની સલામતી અને અધિકારોની ખાતરી કરવા માટે વિદેશ મંત્રાલય (MEA) માર્ગદર્શિકા અને સુરક્ષાને બાયપાસ કરીને, આ ભરતી પ્રક્રિયા કેવી રીતે હાથ ધરવામાં આવી હતી ? તદુપરાંત, તેમણે ઈઝરાયેલમાં આ યુવા કામદારો જે નોકરીઓ કરી રહ્યા છે તેના પ્રકાર વિશે તેમણે કોઈ સ્પષ્ટતા આપી નથી, તેમની કામ કરવાની પરિસ્થિતિઓ અને તેમાં રહેલા જોખમો અંગે અસ્પષ્ટતા છે. ૧૨ ડિસેમ્બરે સંસદમાં રજૂ કરાયેલા એક દસ્તાવેજ અનુસાર, હાલમાં ઈઝરાયેલમાં ૩૨,૦૦૦ ભારતીયો કામ કરી રહ્યા છે. નોંધનીય છે કે, તેમાંથી ૧૨,૦૦૦ ઓક્ટોબર ૨૦૨૩ પછી સ્થળાંતર કર્યું છે જ્યારે હમાસ-ઈઝરાયેલ સંઘર્ષ ફાટી નીકળ્યો હતો, તેના પરિણામે અત્યાર સુધીમાં ૪૫,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયન મૃત્યુ પામ્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ પ્રદેશ અત્યંત અસ્થિર છે. તેમ છતાં, ઉત્તર પ્રદેશના ૫,૬૦૦ સહિત આપણા યુવાનો, તેમના જીવનને જોખમમાં મૂકીને જોખમી પરિસ્થિતિઓમાં કામ કરી રહ્યા છે. શું આદિત્યનાથને આ અંગે ગર્વ અનુભવવો જોઈએ ? ના. ભરતી અભિયાન માટે કતારમાં યુપીના યુવાનો પાસેથી મેં જે પુરાવાઓ એકત્રિત કર્યા તે દર્શાવે છે કે ઘણા લોકોએ પસંદગીને બદલે જરૂરિયાતને કારણે સ્થળાંતર કરવાનું પસંદ કર્યું હતું. ભરતી અભિયાન દરમિયાન ઉત્તર પ્રદેશના એક યુવકે મારી સાથે તેની વાર્તા શેર કરી. તેણે સમજાવ્યું કે COVID-૧૯ ફાટી નીકળ્યા દરમિયાન સંયુક્ત આરબ અમીરાત (UAE)માં તેની નોકરી ગુમાવી દીધી હતી અને ખાલી હાથે ભારત પાછો ફર્યો હતો. તેણે ખેતી કરવાનો પ્રયાસ કર્યો પરંતુ તે તેના ૨૦ સભ્યોના સંયુક્ત પરિવારને ટેકો આપવા માટે અપૂરતો હતો. વધુ સારી તકો માટે તેણે ફરીથી સ્થળાંતર કરવાના વિકલ્પો શોધવાનું શરૂ કર્યું. તે સમયે ઈઝરાયેલ ભરતી અભિયાને તેનું ધ્યાન ખેંચ્યું. તેણે મને કહ્યું કે તે ઈઝરાયેલમાં કામ કરવાનું શરૂ કરે તે પહેલાં, તેણે ‘ભારતીય કંપની’ને $૧,૦૦૦ની સમકક્ષ ચૂકવણી કરવાની જરૂર હતી જેણે તેની ભરતી કરી હતી, તે ઉપરાંત, દસ્તાવેજોમાં દર્શાવેલ ભારતથી ઈઝરાયેલ સુધીના હવાઈ ભાડાના ખર્ચને આવરી લે છે તેના માટે અરજદારોએ સહી કરવી જરૂરી હતી. ટૂંકમાં, તેમનું સ્થળાંતર પસંદગીથી નહીં, જરૂરિયાતથી હતું. તદુપરાંત, આ ભરતી પણ મફત ન હતી. મે ૨૦૨૩માં, ભારત અને ઈઝરાયેલે ૪૦,૦૦૦થી વધુ ભારતીય કામદારોને ઈઝરાયેલ મોકલવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. તે સમયે, કોઈ પણ દેશે ધાર્યું ન હતું કે ગાઝા સ્થિત ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધ થોડા મહિના પછી ઓક્ટોબરમાં ફાટી નીકળશે. યુદ્ધ ફાટી નીકળ્યું હોવા છતાં, ભારત સરકારે આ સોદો કર્યો. ૧૯ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ, ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારતીય કામદારોના આગમનને ઝડપી બનાવવા માટે ફોન કર્યો હતો. ભારત સરકાર કંપનીના




૪૯ ટકા શેર ધરાવે છે, જ્યારે ખાનગી કંપનીઓ ૫૧ ટકા હિસ્સો ધરાવે છે. NSDCના વિભાગ અનુસાર, આ સંસ્થાનું મિશન ગુણવત્તાયુક્ત, નફાકારક વ્યાવસાયિક સંસ્થાઓની રચનાને ઉત્પ્રેરક કરીને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાનું છે. રસપ્રદ વાત એ છે કે, તેમાં ભરતીનો ઉલ્લેખ નથી. ૨૦૧૪ માં શરૂ કરાયેલ, eMigrateનો ઉદ્દેશ્ય વીમા ફરજિયાત કરીને અને શ્રમ ગંતવ્ય દેશોમાં ભારતીય દૂતાવાસો અને કોન્સ્યુલેટ દ્વારા દેખરેખ સુનિશ્ચિત કરીને વિદેશમાં ભારતીય કામદારોને સુરક્ષિત કરવાનો છે. ઈ-માઈગ્રેટ સિસ્ટમ દ્વારા સ્થળાંતર કરનારા કામદારોએ પ્રવાસી ભારતીય ભીમ યોજનામાં સબ્સ્ક્રાઈબ કરવું જરૂરી છે, જે એક ફરજિયાત વીમા યોજના કે જે આકસ્મિક મૃત્યુ અથવા કાયમી અપંગતાના કિસ્સામાં રૂા.૧૦ લાખનું કવરેજ પ્રદાન કરે છે. વીમા પ્રિમીયમ બે વર્ષના સમયગાળા માટે રૂા.૨૭૫ અને ત્રણ વર્ષના સમયગાળા માટે રૂા.૩૭૫ છે. રસપ્રદ વાત એ છે કે, ઈઝરાયેલમાં ભરતી કરાયેલા કામદારોએ પ્રવાસી ભારતીય વીમા યોજનામાં સબ્સ્ક્રાઈબ કરવું આવશ્યક છે. જો કે, NSDC દ્વારા ઈઝરાયેલમાં ભરતી eMigrate દ્વારા હાથ ધરવામાં આવતી ન હોવાથી, આ કામદારો યોજના અથવા અન્ય લાભો માટે પાત્ર નથી. ઈમિગ્રેટમાં નોંધણી ફક્ત ઈમિગ્રેશન ચેક રિક્વાયર્ડ (ઈસીઆર) સૂચિ પરના દેશોમાં જતા કામદારો માટે ફરજિયાત છે, જેમાં સુરક્ષા જોખમો અથવા સમસ્યારૂપ શ્રમ કાયદાઓ ધરાવતા રાષ્ટ્રોનો સમાવેશ થાય છે. ૧૭ ECR દેશોમાં અફઘાનિસ્તાન, ઈરાક, જોર્ડન, લિબિયા, સીરિયા, લેબનોન, બહેરીન, સાઉદી અરેબિયા, કુવૈત, UAE, ઓમાન, કતાર, સુદાન, યમન, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને મલેશિયા છે. જ્યારે અફઘાનિસ્તાન, ઈરાક, લિબિયા, સીરિયા અને યમનને ઉચ્ચ-સુરક્ષા જોખમી વિસ્તારો ગણવામાં આવે છે, સાઉદી અરેબિયા, કુવૈત, UAE, ઓમાન, કતાર, સુદાન, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ અને મલેશિયાની મુખ્યત્વે બિનતરફેણકારી શ્રમ કાયદાઓ માટે ટીકા કરવામાં આવે છે. ભારત સરકારના ડેટા દર્શાવે છે કે યુપીમાંથી ૧૩૫,૮૮૨ યુવાનોએ ૨૦૨૪ માં ઉપરોક્ત સૂચિબદ્ધ ૧૭ દેશોમાં કામ માટે સ્થળાંતર કર્યું હતું. તેમાંથી ૭૪,૧૭૪ યુપીના યુવાનો સાઉદી અરેબિયા ગયા હતા. હમાસ સાથે સંઘર્ષ છતાં, ઈઝરાયેલને ECR સૂચિમાં ઉમેરવામાં આવ્યું નથી, પરંતુ ભારત સરકાર પાસે ઈઝરાયેલ જતા કામદારો માટે eMigrate લાગુ કરવાનો વિકલ્પ છે. તેમ છતાં તેણે આમ કરવાનું ટાળ્યું છે. ઈઝરાયેલમાં સ્થળાંતર કરવું એ ગર્વની બાબત ન હોવી જોઈએ; ઈઝરાયેલ તેના નાગરિકો અથવા કામદારો માટે સલામતીની ખાતરી વિનાનું યુદ્ધ ક્ષેત્ર છે. યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશમાંથી યુવાનોના ઈઝરાયલ સ્થળાંતરની ઉજવણી કરવાને બદલે યુવાનો ઈઝરાયેલ તેમજ સાઉદી અરેબિયા જેવા દેશોમાં શા માટે જતા રહ્યા છે તેના પર ચિંતન કરવું જોઈએ. મોટી સંખ્યામાં આ સ્થળાંતર દેશમાં ઓછી તકોને દર્શાવે છે, અને આ સ્થળાંતરના મૂળ કારણોને સમજવાનો અને તેના માટે યોગ્ય કામ કરવાનો સમય છે.

અપહરણ અને હત્યાના ગુનામાં શ્રેષ્ઠ કામગીરી બદલ

# વાંકાનેર ડિવિઝનના ડીવાયએસપી સહિતની ટીમને રાજ્ય પોલીસવડા દ્વારા પ્રશંસા પત્ર એનાયત કરાયા




વાંકાનેર, તા.૨૧

વાંકાનેર પંથકમાં ગુનેગારોને ગણતરીની કલાકોમાં જ પકડી પાડવામાં તેમજ હત્યા સહિતના ગુનાઓના આરોપીઓને વાંકાનેર ડિવિઝનના ડીવાયએસપી એસ.એચ. સારડા તેમજ મોરબી જિલ્લાના બે પીઆઇ, એક પીએસઆઇ અને ચાર પોલીસ કર્મચારીઓને રાજ્યના પોલીસ વડાના હસ્તે શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. ડીજીપી વિકાસ સહાયની અધ્યક્ષતામાં રાજકોટ ખાતે રાજ્ય પોલીસની ક્રાઇમ કોન્ફરન્સ યોજાઈ રહી છે. જેમાં નવ રેન્જ આઈજી, ચાર પોલીસ કમિશ્નર, સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓના એસપી, કોસ્ટલ રેન્જના આઈજી, સીઆઈડી ક્રાઇમના વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ કોન્ફરન્સમાં રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, સાયબર ક્રાઇમના ગુનામાં ધરખમ ઉછાળો, મહિલા સુરક્ષા, ગુનાખોરીનો ગ્રાફ, દરિયાઈ સુરક્ષા સહીતની બાબતે નોટ રીડિંગ યોજાઈ હતી. આ દરમિયાન વાંકાનેર વિભાગના ડીવાયએસપી એસ. એચ. સારડાએ ડિવિઝન પીઆઇ એચ.એ. જાડેજા, સાયબર ક્રાઈમ પીઆઈ આર.એસ. પટેલ, સાયબર ક્રાઈમ પીએસઆઈ વી.એન.પરમાર, વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હંસાબેન દેવજીભાઈ પાપોદરા, હેડ ક્વાર્ટરના હેડ કોન્સ્ટેબલ જયેશભાઈ સોમાભાઈ વાઘેલા, કોન્સ્ટેબલ કૌશિકભાઈ બાબુભાઈ મણવર, ટ્રાફિક શાખાના કોન્સ્ટેબલ ભાનુભાઈ પોલાભાઈ બાલાસરાનું પોલીસ વડા દ્વારા શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

# ઝઘડિયામાં બનેલ બળાત્કારની ઘટના મુદ્દે ધારાસભ્ય વસાવા દ્વારા એસપીને આવેદન

## ડો.બાબા સાહેબ આંબેડકરના અપમાન મુદ્દે ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગ કરતા ધારાસભ્ય ચૈતર વસાવા

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૨૧

આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ ઝઘડિયામાં થયેલી ગંભીર ઘટના મુદ્દે ભરૂચના એસપીને આવેદનપત્ર આપ્યું હતું અને માગણી કરી હતી કે આ મુદ્દા પર ઝડપથી કેસ ચલાવવામાં આવે અને અપરાધીને સજા કરવામાં આવે. આ સિવાય ધારાસભ્ય ચૈતર વસાવાએ ગૃહમંત્રી અમિત શાહના નિવેદન પર પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતાં જણાવ્યું હતું કે સંસદ ભવનમાં દેશના ગૃહમંત્રી અમિત શાહે જે ટિપ્પણી કરી છે, તેના પર હું ગૃહમંત્રી અમિત શાહને કહેવા માંગીશ કે જયારે વર્ણવ્યવસ્થા હતી ત્યારે એસસી-એસટી સમાજના લોકોને ભણવાની કે જાહેરમાં ફરવાની અને બોલવાની પણ છૂટ ન હતી અને આજે બાબા સાહેબના કારણે એક આદિવાસી મહિલા દેશના રાષ્ટ્રપતિ બન્યા છે. આ શક્ય બન્યું કારણકે આપણને બાબા સાહેબે એક મજબૂત સંવિધાન આપ્યું. તો ગૃહમંત્રી અમિત શાહે બાબા સાહેબનો જે અપમાન કર્યું છે, તેને અમે સહન કરીશું નહીં. અમારી માગણી છે કે ગૃહમંત્રી અમિત શાહ રાજીનામું આપે અને બાબા સાહેબ વિરૂદ્ધ ટિપ્પણી કરવા માટે તેઓ સમગ્ર દેશ પાસેની માફી માંગે.



વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ ઝઘડિયાની ઘટના મુદ્દે પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ઝઘડિયામાં એક શ્રમજીવી પરિવારની દીકરી સાથે જે દર્દનાક ઘટના ઘટી એ મુદ્દા પર આજે અમે ભરૂચ જિલ્લાના એસપીને આવેદનપત્ર આપ્યું છે અને અમે માંગ કરી છે કે આ કેસને ઝડપથી આગળ વધારવામાં આવે.

જયારે ઝઘડિયામાં આ બનાવ બન્યો એ સમયે ઝઘડિયાની પોલીસે મારા પર બે એફઆઈઆર કરી હતી અને હું ૧૭ તારીખે જ ઝઘડિયા આવવા માટે નીકળ્યો હતો પરંતુ પોલીસે મને બેથી ત્રણ દિવસ સુધી ભરૂચ જિલ્લામાં પ્રવેશવા દીધો નહીં. અમે કોઈ કામદારો માટે કે કોઈ દીકરીઓ માટે ઊભા રહીએ તો અમારા પર પોલીસ ફરિયાદો થઈ જાય છે. અમે ઈચ્છીએ કે દીકરી ઝડપથી સાજી થઈ જાય અને આ પરિવારને ન્યાય મળે.

ગુજરાત સરકારને અમે કહેવા માંગીશું કે જયારે બીજા રાજ્યમાં કોઈ ઘટના ઘટે છે ત્યારે તમે દેખાવો કરો છો અને લાંબા લાંબા ટ્વીટ કરો છો અને કેન્ડલ માર્ચ પણ કરો છો, પરંતુ ગુજરાત રાજ્યમાં જ ઝઘડિયામાં એક શ્રમજીવી પરિવારની નાનકડી દીકરી સાથે દર્દનાક ઘટના ઘટી ગઈ તે સમયે શા માટે કોઈ ભાજપના સ્થાનિક નેતાઓ કંઈ બોલતા નથી ? શા માટે સરકાર આ મુદ્દા પર મૌન બેઠી છે ? મહિલા સુરક્ષાની અને બેટી બચાવોની મોટી-મોટી વાતો થાય છે. કારણ કે આજે ગુજરાત સલામત નથી.

ગોધરાના બહુચર્ચિત મર્ડર કેસમાં

# માથાભારે અને ૩૦થી વધુ ગુનામાં સંડોવાયેલ અનવર હયાતની ધરપકડ



ગોધરા, તા.૨૧

ગોધરા શહેરના સિંગલ ફળિયા વિસ્તારમાં આવેલા મુન્ના ફળિયાની બહાર રોડ ઉપર પાંચ જેટલા માથાભારે શખ્સોએ ચાકૂ લોખંડની પાઈપ અને લોખંડનો હથોડો તેમજ તલવાર જેવા મારક હથિયારો સાથે મોહસીન મોહંમદ હનીફ ભાગલીયા ઉર્ફે ચૂચલા ઉપરા છાપરી ઘા

મારી ગંભીર પ્રકારે ઈજાગ્રસ્ત કરી ફરાર થઈ ગયા હતા. જોકે આજુબાજુના સ્થાનિક લોકો દોડી આવી અને યુવકને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં યુવકની હાલત અત્યંત નાજુક હોવાથી તેને તાત્કાલિક વડોદરા સયાજી હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર લેતાં પહેલાં જ યુવકે દમ તોડ્યો હતો. જેથી ગોધરા બી ડિવિઝન પોલીસે પાંચ આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી તેમને પકડવા માટેચક્રો ગતિમાન કર્યા હતા. જેમાં હત્યાના ગુનામાં સંડોવાયેલા અને ૩૦થી વધુ ગુનાઓમાં સંડોવાયેલા અનવર હયાતની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.ગોધરાના સિંગલ ફળિયા વિસ્તારમાં બહુચર્ચિત મર્ડરના કેસમાં ગોધરા બી ડિવિઝન પોલીસે વધુ એક માથાભારે અને ૩૦થી વધુ ગુનામાં સંડોવાયેલા અનવર હયાતની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગોધરા બી ડિવિઝન પોલીસે અનવર હયાતને પકડવા માટે અલગ અલગ ટીમો બનાવી હતી. આ ચકચારી પ્રકરણમાં પોલીસે અત્યાર સુધીમાં ચાર જેટલા આરોપીની ધરપકડ કરી છે.

ત્યારે મોહસીન મોહંમદ હનીફ ભાગલીયા ઉર્ફે ચૂચલા મર્ડર કેસમાં સંડોવાયેલા અનવપ હયાત ગુનાહિત ભૂતકાળ ધરાવે છે. જેમાં હત્યાની કોશિશ મારામારી પશુની હેરાફેરી ઉપરાંત મિલકત સંબંધિત ૩૦થી વધુ ગુનાઓ તેની સામે નોંધાયેલા છે.

અંકલેશ્વરના ન્યુ સંજાલી નજીક

# રેલવે ટ્રેકની ક્લીપ અને સામાનની ચોરી કરનાર ૩ ઈસમોની અટકાયત




અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વરના ન્યુ સંજાલી સ્ટેશનથી અપ લાઈનના ટ્રેક ઉપરથી ઈ.આર.સી. ક્લીપ અને મેટલ લાઈનરની ચોરીમાં સંડોવાયેલ ત્રણ આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતા ગત તારીખ-૧૫મી ડિસેમ્બરના રોજ અંકલેશ્વરના ન્યુ સંજાલી સ્ટેશનથી અપ લાઈનના ટ્રેકની હાલ કામગીરી ચાલી રહી છે. તે દરમિયાન અજાણ્યા ઈસમો આ સ્થળેથી અપ લાઈનના ટ્રેક ઉપરથી ઈ.આર.સી. ક્લીપ નંગ-૭૩ અને મેટલ લાઈનર નંગ-૬ મળી કુલ ૭ હજારથી વધુના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરી અંગે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. તે દરમિયાન પોલીસે આંબોલી ગામમાં રહેતો અલ્પેશ ગોકુળ વસાવા, મહેશ ઉદેસીંગ વસાવા અને સન્મુખ મથુર વસાવાને ઝડપી પાડી તેઓ પાસેથી ચોરી થયેલ મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઘેર-ઘેર ગાય પાળો અને માનવતાનો બોધ આપતી

# ઐતિહાસિક મોટામિયાં માંગરોળની ગાદીના ઉર્સ મેળાનો આગામી ૩૧મીથી પ્રારંભ

અંકલેશ્વર, તા.૨૧

ઘેર-ઘેર સંસ્કાર આપો, ઘેર-ઘેર ગાય પાળો, કોમી એકતા, શિક્ષણ, આધ્યાત્મિક પ્રગતિ, માનવતા, વ્યસનમુક્તિ ઘેર-ઘેર વૃક્ષ વાવો તેમજ કન્યા કેળવણીનો બોધ આપતી પરંપરાગત ઐતિહાસિક બિનરાજકીય મોટામિયાં માંગરોળની દરગાહ શરીફમાં હાલના એકમાત્ર સજ્જાદાનશીન-ગાદીપતિ હિઝ હોલીનેસ ખ્વાજા સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તીએ એજ પરંપરા જાળવી રાખી પૂર્વજોની ઢબે રાજકારણથી દૂર રહી સેવા કાર્ય કરી રહ્યા છે.દર વર્ષે ગુજરાતી તિથિ મુજબ પોષ સુદ એકમથી ઉર્સ મેળાનું આયોજન થાય છે. આ વર્ષે મેળો તારીખ ૩૧/૧૨/ ૨૦૨૪ના મંગળવારથી શરૂ થશે તથા તારીખ ૦૧/૦૧ /૨૦૨૫ના બુધવારના રાત્રે ચિરાગી થશે તથા રાબેતા મુજબ પંદર દિવસ સુધી ચાલશે. તારીખ ૩૧/૧૨ / ૨૦૨૪ના મંગળવારના રોજ હાલના ગાદીપતિ પીર સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી પોતાના રહેઠાણ પાલેજથી મોટામિયાં માંગરોળ આવશે જ્યાં તેઓનું સ્વાગત કરવામાં આવશે. તારીખ ૩૧ના ૩:૩૦ કલાકે વર્તમાન ગાદીપતિ પીર સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તીના મુબારક હસ્તે સંદલ શરીફની વિધિ થશે તેમજ ભાઈચારો, કોમી એકતા માટે વિશેષ દુવાઓ પણ થશે. ઉર્સ દરમિયાન કોમી એકતાના ભજન અને મહેફિલે શમા જેવા કાર્યક્રમ થશે.આ ગાદી પ્રેરિત ચાલતા ગ્લોબલ સૂફી પીસ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા શિક્ષણ, આરોગ્ય, અધ્યાત્મ તથા સમાજ સેવાના અનેક કાર્યો થઇ રહ્યા છે, શિક્ષણક્ષેત્રે આધુનિક કેમ્પસમાં અંગ્રેજી માધ્યમની સીબીએસઈ શાળા પણ ચાલે છે. ઉર્સ મેળા દરમિયાન અહીં ચિશ્તીયા નગર કમ્પાઉન્ડ ખાતે વિવિધ પ્રકારની ચગડોળ તથા મનોરંજનના સાધનો અને ખાણીપીણીના સ્ટોલો આકર્ષણનું કેન્દ્ર બને છે,જેનો અનેક લોકો લાભ ઉઠાવે છે.

દેશના ગૃહમંત્રી અમિત શાહ દ્વારા

# ડો. આંબેડકર અંગે કરેલ નિવેદનના વિરોધમાં સ્વયં સૈનિક દળ દ્વારા કલે.ને આવેદન

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૨૧

દેશના ગૃહમંત્રી અમિત શાહે બાબાસાહેબ આંબેડકર અંગે કરેલ નિવેદનના વિરોધમાં ભરૂચમાં સ્વયં સૈનિક દળ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી વિરોધ નોંધાવાયો હતો.દેશના ગૃહમંત્રી અમિત શાહે ભારતના બંધારણના ઘડવૈયા ડોક્ટર બાબા સાહેબ આંબેડકર અંગે સંસદમાં કરેલા નિવેદનનો ઠેર-ઠેર વિરોધ થઈ રહ્યો છે ત્યારે આજરોજ ભરૂચમાં સ્વયં સૈનિક દળ સહિતની સંસ્થાના સભ્યો દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું. સંસ્થાના આગેવાનો અને સભ્યો રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા જયાં ભારે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સાથે જ અમિત શાહ માફી માંગે તેવી માંગ કરવામાં આવી છે.

# ભાવનગર ક્રિમિનલ બાર એસો.ના પ્રમુખ પદની ચૂંટણીમાં રિકાઉન્ટિંગ બાદ બે ઉમેદવાર વચ્ચે ટાઈ

## બંને ઉમેદવારો છ-છ મહિના પ્રમુખ પદે રહેશે





ભાવનગર, તા.૨૧

ભાવનગર બાર એસોસિએશન અને ક્રિમિનલ બાર એસોસિએશનની મત ગણતરીનું પરિણામ જાહેર થયું હતું. જયારે મોડે સુધી ક્રિમિનલ બાર એસોસિએશનનું ચૂંટણી પરિણામ જાહેર થયું ન હતું કારણ કે પ્રમુખ પદ માટે ચૂંટણી લડતા ઉમેદવાર ધર્મેન્દ્રભાઈ ડાભી અને શિવભદ્રસિંહ ગોહિલ વચ્ચે ફકત એક મતનો તફાવત પડતા શિવુભાએ રિકાઉન્ટીંગની માગણી કરી હતી. રિકાઉન્ટીંગ બાદ બંને ઉમેદવારોને ૧૭૯-૧૭૯ સરખા મત થતાં બંને વચ્ચે ટાઈ થઈ હતી ત્યારબાદ સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો કે બંને ઉમેદવારો ૬-૬ મહિના પ્રમુખ પદે રહેશે. આમ ક્રિમિનલ બાર એસોસિએશનની ચૂંટણીમાં ભારે રસાકસી જોવા મળી હતી.ભાવનગર ક્રિમિનલ બાર એસોસિએશનના કુલ મતદારો ૪૨૭ તે પૈકીના ૩૭૨ મતદારોએ પોતાનો મત અધિકારનો ઉપયોગ કર્યો હતો. આમ આમ ચૂંટણીમાં ૮૦ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. જયારે ઉપપ્રમુખ કિશનભાઈ મેરને ૧૯૬ મત, મંત્રી પદે જયદેવસિંહ ગોહિલને ૧૯૪ મત, મંત્રી પદે કિશોરભાઈ કંટારીયા ૧૮૦ મત, ખજાનચી પદે હિતેશભાઈ ગાંધીને ૧૯૪ મત મળતા તમામ ઉપરોક્ત ઉમેદવારો વિજેતા જાહેર થયેલ છે. કારોબારી સભ્ય પણ બિનહરીફ જાહેર થયેલ છે. આ ચૂંટણી પ્રક્રિયામાં ચૂંટણી અધિકારી તરીકે ધર્મેન્દ્રસિંહ સી.ચુડાસમા સાથે રિયાઝભાઈ આબેદી, પારસભાઈ ગોહેલ, આર.સી. ચૌહાણ, કલ્પેશ વ્યાસ વગેરેએ સરાહનીય સેવા આપી હતી.

ડો. આંબેડકરના અપમાન બદલ

# વડોદરા જિલ્લા કોંગ્રેસ દ્વારા ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગ

પાલેજ, તા.૨૧

વડોદરા જિલ્લા કોંગ્રેસ દ્વારા જિલ્લા કલેકટર ને આવેદન પત્ર પાઠવી બંધારણના ઘડવૈયા બાબા આંબેડકરનું રાજય સભામાં અપમાન કરવા બદલ રાજીનામાંની માંગણી કરી હતી. આજ રોજ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ જસપાલ સિંહ પઢિયારની આગેવાની હેઠળ કોંગ્રેસનાં અગ્રણીઓ મુબારક પટેલ/ પીન્ટુ વેમાડી /ભાસ્કર ભટ્ટ/ડો. પ્યારે/ સહિત અગ્રણીઓ જિલ્લા કલેક્ટર વડોદરાને એક આવેદન પાઠવ્યું હતું. જેમાં તારીખ ૧૭મી નાં રોજ રાજ્ય સભામાં ગૃહમંત્રી અમિત શાહે ડો. આંબેડકરની જે રીતે આંબેડકર આંબેડકર આંબેડકર સાત વાર બોલીને એક ફેશન થઈ ગઇ છે. જો આટલું નામ ભગવાનનું લીધું હોત તમે સાત જન્મ માટે સ્વર્ગ મળ્યું હોત એવું નિવેદન કરતાં સમગ્ર દેશમાં તેનાં પડઘા પડ્યા છે. આજ રોજ વડોદરા જિલ્લા કોંગ્રેસ સમિતિ અગ્રણીઓએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ગૃહમંત્રીના રાજીનામાંની માંગણી કરી હતી.

# કપડવંજ તાલુકામાં મુકબધિર બાળાનું દુષ્કર્મ કરવાના ઈરાદે અપહરણ કરનાર બે ઝડપાયા

## વણજારિયા ગામના નટવર તથા રામો બાઈક પર ઉઠાવી ગયા હતા



નડિયાદ, તા.૨૧

કપડવંજ તાલુકાના એક ગામની સાડા બાર વર્ષી મુકબધિર કિશોરીનું દુષ્કર્મ કરવાના ઈરાદે અપહરણ કરીને ભાગેલ બે અપહરણકારને પોલીસે ગણતરીના સમયમાં ઝડપી પાડી બાળકીને તેઓના ચુંગાલમાંથી મુક્ત કરાવી છે. મળતી માહિતી મુજબ કપડવંજ તાલુકાના એક ગામમાં રહેતા એક પરિવારની ૧૨ વર્ષ ૬ મહિનાની મુકબધિર બાળકીને ગત તારીખ ૧૯ ડિસેમ્બરના રોજ કોઈ ઈસમો અપહરણ કરી લઈ ગયા હતા. જે અંગે પરિવારના મોભીએ કપડવંજ ગ્રામ્ય પોલીસમાં જાણ કરી હતી. ખેડા જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ અપહૃત મુકબધીર બાળકી સાથે અઘટીત થાય તે પહેલા શોધી કાઢવા માટે તપાસમાં ખેડા એલસીબી પોલીસ સહિત જિલ્લા પોલીસની વિવિધ ટીમો બનાવી જોતરી હતી સાથે પોલીસની વિવિધ ટીમો દ્વારા મુકબધીર બાળકીને શોધી કાઢવા કામગીરી શરૂ કારી હતી. પોલીસની વિવિધ ટીમો દ્વારા ટેક્નિકલ રીસોર્સીસ તથા હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી બનાવવાળી જગ્યાથી આશરે પાંચ કિલોમીટર ત્રિજયા સુધીના વિસ્તારમાં આવેલ ખેતરો તથા કોતરોમાં હોમગાર્ડ જી.આર.ડી. સભ્યોની મદદથી બારીકાઈથી સર્ચ કરવાની સાથે ડોગ સ્ક્વોડની પણ મદદ મેળવવામાં આવી હતી. ઉપરાંત પોલીસની વિવિધ ટીમો દ્વારા ઘટનાસ્થળ કપડવંજ મોડાસા હાઈવે નજીક આવેલ આ વિસ્તારમાં આવેલ તમામ મકાનો તથા હોટલ તેમજ રોકાણ થઈ શકે તેવી તમામ જગ્યાઓની બારીકાઈથી તપાસ કરી હતી સાથે પોલીસે આશરે ૨૦ જેટલા સી.સી.ટી.વી. કેમેરાઓના વિડીયો ફુટેજ મેળવી ચેક કર્યા હતા. તે દરમ્યાન કપડવંજ ગ્રામ્ય પોલીસ ઈન્સપેક્ટર એ.આર.ચૌધરીને બાતમીદારથી બાતમી મળી હતી કે અપહૃત મુકબધીર બાળકીને બાજુના વણજારીયા ગામના નટવર ઉર્ફે મગરો પ્રભાતભાઈ રાઠોડ તથા રામો ઉર્ફે શકુર અજીત ભાઈ પરમાર બદઈરાદાથી મોટર સાયકલ ઉપર બેસાડી કપડવંજ તરફ લઇ ગયા છે જેથી પોલીસે ગામમાં જઈ તપાસ કરતા બંને ઘેર મળી આવ્યા ન હતા બાદ પોલીસે તપાસ હાથ ધરી રામા ઉર્ફે શકુરને દબોચ્યો થયો હતો અને તેની આગવી ઢબે પોલીસે હાથ ધરેલ પૂછપરછમાં તેણે મિત્ર નટવર ઉર્ફે મગરો બંન્ને જણાઓએ મુક બધીર બાળકીનું તેના ઘરેથી અપહરણ કર્યાની કબૂલાત કરવાની સાથે નટવર ઉર્ફે મેગરો પોતાના મોટર સાયકલ નંબર GJ ૦૭ ઈજી ૩૫૮૦ ઉપર અપહૃત મુકબધીર બાળકીને બેસાડી મહુધાના ચુણેલ ગામે મુકી આવ્યો હોવાની કબુલાત કરી હતી સાથે પોલીસને વધુ પૂછપરછમાં રામા ઉર્ફે શકુર અજીતભાઈ પરમારએ નટવર ઉર્ફે મગરો અપહૃત મુકબધીર બાળકીને લઇને તેના ઘરે આવનાર છે પણ તે ક્યારે આવશે તે મને ખબર નથી તેમ જણાવ્યું હતું. જેથી પોલીસ દ્વારા વણઝારીયા ગામ જે તરફ જતા તમામ રસ્તા પર વોચ ગોઠવવામાં આવી હતી દરમિયાન વણઝારીયા ગામના બસ સ્ટેન્ડ પાસે વહેલી સવારમાં અપહૃત મુકબધીર બાળકીને રીક્ષા નંબર GJ ૨૩ છેં ૪૫૩૦માં આવેલ અપહરણકાર નટવર ઉર્ફે મગરો પ્રભાત ભાઈ રાઠોડને વોચમાં ઉભેલ પોલીસે દબોચી લીધો હતો સાથે પોલીસે અપહૃત મુકબધીર બાળકીને તેની ચુંગાલમાંથી મુક્ત કરાવી હતી. બાદ પોલીસ પૂછપરછમાં નટવર ઉર્ફે મગરાએ બાળકી મુકબધીર હોય અને કંઈ બોલી શક્તિ ન હોવાથી તેની દિવ્યાંગતાનો ફાયદો ઉઠાવી તેની સાથે બદકામ કરવાના ઈરાદાથી ઉઠાવી લઈ ગયેલ હોવાની કબૂલાત કરી છે.

# પાલનપુરના સેમોદ્રા દૂધ મંડળીમાં ભેળસેળ યુક્ત દૂધ પધરાવી ડેરીને ૨૦ લાખના ખાડામાં ઉતારી

## સ્ટાફ સાથે હપ્તાનું સેટિંગ કરી છેતરપિંડી કરાઈ

પાલનપુર, તા.૨૧

પાલનપુર તાલુકાના સેમોદ્રા દૂધ મંડળીમાં એક ગ્રાહક મંડળીના સ્ટાફને પત્રમ પુષ્પમ કરી ભેળસેળ દૂધ પધરાવી ડેરીને રૂા. ૨૦લાખના ખાડામાં ઉતારી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ અંગે દૂધ મંડળીના ચેરમેને ચાર ગ્રાહક, ડેરીના મંત્રી અને બે કર્મચારીઓ સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રોના જણાવ્યાં મુજબ, સેમોદ્રા ગામનો ઈકરામ અબ્દુલસત્તાર ઘઘા પોતાના પશુ તેમજ પરિવારના સુફિયાબેન યુનુસભાઈ ઘઘા, અબ્દુલહક સુલેમાનભાઈ ઘઘા, મહેસુરાબેન આરીફભાઈ ઘઘાના પશુઓના દૂધમાં પાણી ભેળવતો હતો. જે દૂધ ડેરીમાં ભરાવવા માટે તેમજ ચોખ્ખા દૂધની બરણીમાંથી ઉંચો ફેટ આપવા માટે ડેરીના ટેસ્ટર શૈલેષજી વાલાજી ઠાકોર અને ભીખાભાઈ રાજસંગભાઈ ઉપલાણાને મહિને પોતાના પગારમાંથી હપ્તો આપતો હતો. આ કૌભાંડ પ્રકાશમાં આવતાં બનાસડેરીએ દૂધ મંડળીને રૂપિયા ૨૦ લાખનો દંડ કર્યો હતો. જેમાં દૂધ મંડળીના મંત્રી રામજી ભાઈ વીરસંગભાઈ પટેલ પણ જવાબદાર હોઈ તમામની સામે દૂધ મંડળીના ચેરમેન ધનરાજ ભાઈ પરથીભાઈ પટેલે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બનાસડેરીની ટીમ સેમોદ્રા દૂધ મંડળીમાં તપાસ માટે આવી હતી. ત્યારે ઈકરામ ઘઘાના દૂધનો ફેટ અને એસ. એન. એફ. આવ્યા ન હતા. વળી તે દિવસે પરિવારના ચાર સદસ્યોના પશુઓનું દૂધ પણ ડેરીમાં આવ્યું ન હતુ. જેથી ટીમને શંકા જતાં બીજા દિવસે ઈકરામ ઘઘા સહિત ચારેય ગ્રાહકોના ખેતરમાં રૂબરૂ જઈ પશુઓ દોવરાવ્યા હતા. જ્યાં દૂધ ઓછુ આવ્યું હતુ. જેમને દૂધ મંડળીમાં લઈ આવ્યા હતા. જ્યાં ઈકરામ ઘઘાએ દૂધમાં પાણી ભેળવવાનું અને ઉંચા ફેટ માટે કર્મચારીઓને હપ્તા આપતો હોવાનો એકરાર કર્યો હતો.

# અંકલેશ્વર તાલુકા વકીલ મંડળની ચૂંટણીમાં હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વર તાલુકા વકીલ મંડળની યોજાયેલ ચૂંટણીમાં પ્રમુખ સહિત અન્ય હોદ્દેદારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. જેમાં પ્રમુખ તરીકે ઈશ્વર ડી.પટેલ, ઉપપ્રમુખ ભીમસિંહ કે.ચાવડા, સેક્રેટરી એ.એ. પોખરીયાલ, જોઈન્ટ-સેક્રેટરી એમ. એમ. સુફી, ખજાનચી પરેશ પરમાર, લાઈબ્રેરિયન જસ્મીકા સી. ગુજ્જર, કારોબારી અધ્યક્ષ એ.એમ.દાણી, કારોબારી સભ્યો કે. ઝેડ.મોદી, નિતિન વકીલ, વી. એચ. મોદી, એફ. એમ. કુરેશી, રીટા વસાવા,વી. બી. મકવાણા, જે.વી.રાજ તથા એ.જે.પટેલ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.

જૂનાગઢ પંથકમાં કડકડતી ઠંડીનો અનુભવ

# ગિરનાર પર્વત પર ૫ ડિગ્રી જૂનાગઢમાં ૧૦ ડિગ્રી તાપમાન

જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં શિયાળાની કડકડતી ઠંડીનો અનુભવ છેલ્લા પંદરેક દિવસથી લોકો કરી રહ્યા છે. દિવસભર સતત ટાઢુંબોળ વાતાવરણ રહેવાનાં કારણે બજારોમાં લોકોની પાંખી અવરજવર રહે છે. સાંજ પડે તો સોપો પડી જાય તેવી સ્થિતિ છે. ઠંડીનું આક્રમણ હજુ પણ સતત જારી રહેવાનું હવામાન વિભાગની આગાહી છે. દરમ્યાન જૂનાગઢ શહેરનું આજે ૧૦ ડિગ્રી તાપમાન રહ્યું છે. જયારે ગિરનાર પર પાંચ ડિગ્રી તાપમાન સાથે ઠંડીનું લખલખું પસાર થયું છે. ત્યારે ગિરનાર ક્ષેત્ર અને ભવનાથ વિસ્તારમાં આવતાં પ્રવાસીઓ અને સ્થાનિકોને કાતિલ ઠંડીની અસર પહોંચી છે. જયારે જૂનાગઢમાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા છે અને પવનની ગતિ ૭.૬ રહી છે. આમ જૂનાગઢ સહિત સમગ્ર સોરઠમાં કાતિલ ઠંડીનો દોર ચાલી રહ્યો છે.

### ઝઘડિયામાં દુષ્કર્મનો ભોગ બનેલી બાળકીની સ્થિતિ જાણવા પહોંચ્યા 'આપ' ધારાસભ્ય

# ગૃહ રાજ્યમંત્રી શેખી મારવાને બદલે રાજીનામું આપે, રાક્ષશી કૃત્ય કરનારને ફાંસીની સજા આપો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨૧

ઝઘડિયામાં દસ વર્ષીય બાળકી પર દુષ્કર્મ ઘટેલી ચર્ચાસ્પદ ઘટનાના પડઘા રાજયભરમાં તથા દેશમાં પણ પડ્યા છે, ત્યારે હવે આ બાળકીની સ્થિતિ જાણવા વિવિધ પક્ષોના નેતાઓની એકપણ એક પહોંચી રહ્યા છે. જેમાં ઝારખંડ સરકારના ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી દીપિકા પાંડેસિંહ અને ત્યાર બાદ ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાએ પીડિતા અને પરિવારની મુલાકાત લીધી હતી, ત્યારે હવે આજેઆપના ફાયરબ્રાન્ડ ધારકાસભ્ય ડેડિયાપાડાના ચૈતર વસાવા બાળકીની સ્થિતિ જાણવા સયાજી હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા.

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ આ અંગે જણાવ્યું હતું કે, ઝઘડિયા ખાતે જે ૧૦ વર્ષની માસૂમ દીકરી સાથે દુષ્કર્મની ઘટના ઘટી હતી તેની તબિયત અને સ્થિતિ શું છે તે જોવા માટે અમે SSG હોસ્પિટલ વડોદરા આવ્યા છીએ. ડોક્ટરોની પૂરી ટીમ સાથે અમે ચર્ચા કરી ત્યારે જાણવા મળ્યું કે તેની તબિયત ખૂબ જ નાજુક છે. ડોક્ટરની ટીમ સંપૂર્ણ પ્રયાસો કરી રહી છે. પ્રયત્ન કરી રહી છે કે દીકરીને કોઈપણ પ્રકારે આ



પરિસ્થિતિમાંથી બહાર લાવી શકાય. દીકરીના માતા-પિતાને પણ અમે મળ્યા છીએ. દીકરીની માતાની પણ હવે હિંમત ખુટી ગઈ હોય એવી સ્થિતિ છે. તેમની સાથે અમે બેઠા અને તેઓ ખુબ દુ:ખી છે. ત્યારે આજે દીકરીના પરિવારને હિંમત અને સાત્વના આપવા માટે અમે અહીંયા આવ્યા છીએ. જાન્યુઆરી ૨૦૨૪થી લઈને ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં આવી દુષ્કર્મની ઘટનાઓ જે પ્રકારે ગુજરાતમાં બની છે તે પ્રજાજનો સૌ જાણે છે. અત્યાર સુધીમાં ૬૪૮ જેટલી દુષ્કર્મની ઘટનાઓ સગીર બાળકીઓ સાથે બની છે. દાહોદની વાત હોય કે સુરતની વાત હોય, બારડોલી હોય કે ભાવનગર કે પછી અમરેલી હોય જ્યાં પણ આવી ઘટનાઓ બની છે તે ખૂબ જ નિંદનીય છે. સરકાર સામે અમે માગ કરીએ કે છીએ જ્યાં પણ જે પણ દીકરીઓ સાથે આવી દુષ્કર્મની ઘટના ઘટી છે. આવા આરોપીઓ સામે કડકમાં કડક અને ઝડપી કાર્યવાહી કરવામાં આવે અને તેમને ફાંસી સુધી પહોંચાડવાનો દાખલો બેસાડવામાં આવે. ફરી કોઈ વ્યક્તિ આવા વિચાર પણ ન કરી શકે એવી સજા આપવાની અમે માગ કરીએ છીએ. ચૈતર વસાવાએ વધુમાં ભાજપ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, આ સાથે ગુજરાત સરકારને કહેવા માગું છું કે, આપણે જે સુરક્ષિત ગુજરાતની વાતો કરીએ છીએ. મહિલા સલામતીની વાતો કરીએ છીએ. આપણે બેટી પઢાવો બેટી બચાવોની વાતો કરીએ છીએ. પણ આપણું ગુજરાત સુરક્ષિત નથી. કોઈપણ દેશમાં કે કોઈપણ રાજ્યમાં આવી ઘટના ઘટવી ન જોઈએ. જ્યાં પણ ઘટના ઘટે તે નિંદનીય છે. જ્યારે બીજા રાજ્યમાં કોઈ ઘટના ઘટે છે ત્યારે આપણા મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી બીજા રાજ્યના મુખ્યમંત્રી કે સરકારને સલાહ આપવા નીકળે છે. લાંબા લાંબા ટ્વિટર પર ટ્વીટ કરે છે. કેન્ડલ માર્ચ કાઢવામાં આવે છે. જ્યારે આ શ્રમજીવીની દીકરી સાથે આવું બન્યું ત્યારે અહીંના સ્થાનિક એકપણ નેતા કે સરકારની એકપણ વ્યક્તિ બોલવા તૈયાર નથી. બધાએ મૌન સેવી લીધું છે. ગુજરાત સરકારે આ વરવી વાસ્તવિકતા સ્વીકારવી પડશે કે ગુજરાતમાં ૬૪૮ જેટલી ઘટનાઓ આજ દિન સુધી આ વર્ષે જ બની છે. એમના પર ક્યાં સુધી કાર્યવાહી કરી છે તે અંગે સરકારે જવાબ આપવો પડશે. દાહોદમાં છ વર્ષની દીકરી પીંખાઈ ગઈ એની સામે શું કાર્યવાહી કરી? સુરતમાં શું કાર્યવાહી કરી? બારડોલીમાં શું કાર્યવાહી કરી? એ સરકારે આવીને પ્રજા સમક્ષ કહેવું પડશે. ગૃહ રાજ્યમંત્રી શેખી મારવાને બદલે પોતે રાજીનામું આપે. આજે દીકરીઓ સલામત નથી, આરોપીઓ હિંમત કરે છે એટલે તાત્કાલિક ધોરણે ઝડપી અને કડકમાં કડક કાર્યવાહી થાય અને દાખલા બેસાડવામાં આવે અને આવા રાક્ષસી કૃત્ય કરનારને ફાંસી સુધી લટકાવવામાં આવે એવી અમે માગ કરીએ છીએ તેમ તેમણે વધુમાં જણાવ્યું છે.

### રાજ્યના ગ્રામ્ય આરોગ્ય સેવાઓને વધુ સુદૃઢ બનાવવા સરકાર દ્વારા મહત્ત્વનો નિર્ણય

# રાજ્યમાં વસ્તીના ધારા-ધોરણ મુજબ આરોગ્ય સેવા પૂરી પાડવા નવા ૨૪ આરોગ્ય કેન્દ્ર મંજૂર

### હાલમાં ૧૪૯૯ કેન્દ્રો કાર્યરત : જીઓ સ્પે. એનાલિસિસને આધારે કેન્દ્ર મંજૂર કરાય છે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૨૧

રાજય સરકાર દ્વારા યોજાયેલી એક બેઠકમાં રાજયમાં વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૪ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (P.H.C) શરૂ કરવા સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

રાજયના ગ્રામ્ય આરોગ્ય માળખાને વધુ સુદ્રઢ અને લોકઉપયોગી બનાવવા આ કેન્દ્રો મહત્વના બની રહેશે તેમ જણાવતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતુ કે, હાલમાં રાજયમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવે છે. જે મુજબ સામાન્ય વિસ્તારમાં ૩૦,૦૦૦ અને આદિજાતિ વિસ્તારમાં ૨૦,૦૦૦ની ગ્રામ્ય વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવે છે. હાલ રાજયમાં ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ કુલ ૧૪૯૯ પ્રા.આ.કેન્દ્રો પુરતા પ્રમાણમાં મંજુર અને કાર્યરત છે. હાલ આ પ્રાથમિક કેન્દ્રોની મંજૂરીમાં ભૌગોલિક પરિસ્થિતિને આધારે ઉક્ત વસ્તીના ધારાધોરણો ધ્યાને ન લેતા જીઓ સ્પેશિયલ એનાલિસિસના આધારે આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાને લઈ કુલ ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. જેથી આવા અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ સુચારૂ રૂપે પુરી પાડી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર , લેબોરેટરી ટેકનીશીયન, જુનિયર ફાર્માસિસ્ટ,સીનીયર ક્લાર્ક સહિતના અન્ય સ્ટાફની નિમણૂંક કરાય છે. હાલ જે જગ્યાઓએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘટ છે ત્યાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ પહોંચતી કરવામાં સ્થાનિક જનો માટે આ કેન્દ્રો આશીર્વાદરૂપ સાહિત થશે તેમ મંત્રીએ જણાવ્યુ હતુ.

### હવામાન વિભાગે નાતાલ બાદ ૨૭ અને ૨૮ ડિસેમ્બરે માવઠાની કરી આગાહી

# રાજ્યમાં ભરશિયાળે પડી રહેલી ઠંડી વચ્ચે છૂટાછવાયા વરસાદની આગાહીથી ટેન્શન !

### આગામી પાંચ દિવસ વાતાવરણ શુષ્ક રહ્યા બાદ વાતાવરણમાં આવશે પલ્ટો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨૧

રાજયમાં પડી રહેલી ભારે ઠંડી વચ્ચે હવામાન વિભાગની જાહેર થયેલી આગાહીથી લોકો ચિંતિત બન્યા છે. જેમાં ઠંડી વચ્ચે માવઠાની વાત કરવામાં આવી છે.

ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કડકડતી ઠંડી વચ્ચે લોકોએ સ્વેટરની સાથે રેઈનકોટની પણ વ્યવસ્થા કરવી પડે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. ૨૭ અને ૨૮ ડીસેમ્બરે અલગ અલગ જિલ્લાઓમાં છુટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આગામી એક સપ્તાહ માટે ગુજરાતના હવામાનની આગાહી કરવામાં આવી છે. જે મુજબ આગામી પાંચ દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણ પ્રવર્તશે. જ્યારે છઠ્ઠા અને સાતમા દિવસે રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૨૭ તારીખે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદ વરસી શકે છે. જેમાં દ્વારકા, પોરબંદર, ભાવનગર, મોરબીનો સમાવેશ થાય છે. જ્યારે ૨૮ ડિસેમ્બરના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને પૂર્વ ગુજરાતના મધ્યપ્રદેશને અડીને આવેલા જિલ્લાઓ છોટાઉદેપુર, દક્ષિણ ગુજરાતમાં નર્મદા, વલસાડ દમણ અને નગર હવેલીમાં હળવો વરસાદ વરસી શકે છે. પવનથી દિશા બદલાતા તાપમાનમાં ફેરફાર થવાની શકયતા દર્શાવાઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન નલિયા, પોરબંદર અને રાજકોટમાં કોલ્ડવેવ જોવા મળી હતી. જેમાં રાજ્યમાં નલિયામાં સૌથી લઘુત્તમ તાપમાન ૫.૮ ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું હતું. જયારે પોરબંદર અને રાજકોટમાં અનુક્રમે ૧૦.૫ અને ૯.૪ ડિગ્રી સેલ્સિયસ જેટલું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ અને ગાંધીનગરમાં ૧૪.૪ ડિગ્રી સેલ્સિયસ જેટલું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટી વધઘટ જોવા મળશે નહીં. ત્યારબાદના દિવસોમાં રાજ્યમાં તાપમાન બે થી ત્રણ ડિગ્રી જેટલું વધશે. કારણકે અરબસાગર ઉપરથી ભેજ ગુજરાત તરફ આવશે. ઈસ્ટરલી અને સાઉથવેસ્ટરલી પવનો ભેગા થવાથી ગુજરાતમાં હળવો વરસાદ વરસી શકે છે.

### રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ વધુ એક વાર શંકાના ઘેરામાં

# રૂા.૮.૭૫ કરોડના વ્યવહારમાં ફરિયાદીને મદદ કરવા કેસના પેપરો આપી દેતા હાઈકોર્ટેની ઝાટકણી

### આશ્ચર્યજનક બાબત છે કે ડીસીબીના તપાસ અધિકારી દ્વારા ફરિયાદીને ચાર્જશીટ થયા પહેલા જ તપાસના કાગળો આપી દેવામાં આવ્યા છે, કેસના પેપરો આપી દેવાની ફેશન ચાલી છે કે શું ? : હાઈકોર્ટે લીધી ગંભીર નોંધ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૧

રાજકોટ શહેરના એક વેપારી સાથે રૂપિયા ૮.૭૫ કરોડનું કથિત ચીટીંગ કરવાના કેસમાં કલકત્તાના સ્ટોક બ્રોકર વિરૂદ્ધ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચરના તપાસનીશ અધિકારીએ ભરપૂર મદદ કરીને આ કેસમાં ચાર્જશીટ થયા પહેલા જ ફરિયાદીને કેસના પેપર આપી દેતા હાઈકોર્ટ દ્વારા આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં આ સાથે આકરા શબ્દોમાં ઝાટકણી પણ કાઢવામાં આવી હતી. પોલીસ દ્વારા નાણાકીય વ્યવહારના કેસમાં ફરિયાદીને આરોપી વિરૂદ્ધ કેસ મજબૂત બનાવવા માટે ખોટી રીતે ભરપૂર મદદ કરવામાં આવી હોવાનું આક્ષેપ આરોપીના પક્ષ દ્વારા કરવામાં આવ્યો હતો.

સામાન્ય રીતે ચાર્જશીટ થાય ત્યાં સુધી પોલીસ દ્વારા કોઈપણ પક્ષને તપાસના કાગળો આપવામાં આવતા નથી પરંતુ આ કેસમાં કેટલાક નિવેદનો સહિતના દસ્તાવેજો ફરિયાદીને આપી દેવામાં આવ્યા હતા. પોલીસની આ વર્તણૂક ધ્યાનમાં લીધા બાદ હાઈકોર્ટ દ્વારા આરોપીને જામીન આપવાનો હુકમ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે તેના ચુકાદામાં સ્પષ્ટ લખ્યું હતું કે એ આશ્ચર્યજનક બાબત છે કે ડીસીબીના તપાસ અધિકારી દ્વારા ફરિયાદીને ચાર્જશીટ થયા પહેલા જ તપાસના કાગળો આપી દેવામાં આવ્યા છે. અગાઉ અન્ય કેસોમાં પણ રાજકોટ પોલીસની વર્તણુક સામે અને નાણાકીય બાબતોમાં દરમિયાનગીરી કરવા બાબતે ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં જ ગંભીર નોંધ લીધી હતી. ખાસ કરીને રાજકોટ ક્રાઈમ બ્રાંચ દ્વારા નાણાકીય વ્યવહારના કેસોમાં ખાસ રસ લેવામાં આવતો હોવાની અદાલતે નોંધ લીધી હતી. આ કેસમાં પણ હાઈકોર્ટ સરકારી વકીલને પૂછ્યું હતું કે કેસમાં ચાર્જશીટ થયા પહેલા ફરિયાદીને કેવી રીતે દસ્તાવેજો આપી દેવામાં આવ્યા છે ? તેના અનુસંધાને સરકારી વકીલ દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો કે આ ફરિયાદી દ્વારા અરજી કરવામાં આવી હતી અને નિવેદનો આપવા માટે માગણી કરાઈ હતી તેના આધારે આપવામાં આવેલા હતા. આથી કોર્ટે ગંભીર નોંધ લીધી હતી કે આજકાલ આવી રીતે નિવેદનો આપી દેવાની ફેશન ચાલી છે. કાલે સવારે જો આરોપી દ્વારા કેસના દસ્તાવેજો માંગવામાં આવશે તો આપી દેવામાં આવશે ? કેસની વિગતો મુજબ રાજકોટમાં એન્જલ ફાઈબર પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની મારફતે કોટનનો વેપાર કરતાં વેપારી અશોક દુધાગરાએ ipo લોન્ચ કરવાનો હોવાથી તેમના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જે.જી. ઉનડકટ ના માધ્યમથી કોલકત્તામાં રહેતા મર્ચન્ટ બેક્રર કમલકાંત કોઠારી સાથે સંપર્ક થયો હતો. કમલકાંત કોઠારી દ્વારા આઈપીઓ લોન્ચ કરવામાં મદદ કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી. તેઓ વચ્ચે સંપર્ક થતા વર્ષ ૨૦૧૮ માં કોઠારી અને વેપારી વચ્ચે માર્કેટ મેકિંગ એગ્રીમેન્ટ થયો હતો. વેપારી દ્વારા ચેક મારફતે ટુકડે ટુકડે કુલ રૂપિયા ૮.૭૫ કરોડ આપ્યા હતા. જોકે વેપારીને આ રૂપિયાની જરૂર પડતા તેણે કોઠારી પાસેથી પરત માગતા ગલ્લા તલ્લા કરવામાં આવ્યા હતા. આથી વેપારીએ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં અરજી આપી હતી. ત્યારબાદ ફરિયાદ નોંધવામાં આવી હતી આથી કોઠારી દ્વારા રાજકોટની કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરવામાં આવી હતી તે ફગાવી દેવામાં આવી હતી. ત્યારબાદ હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન વેપારી દ્વારા આરોપીને આગોતરા જામીન ઉપર મુક્ત કરવા સામે વિરોધ કરવામાં આવ્યો હતો. જોકે આરોપીના વકીલ દ્વારા હાઈકોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે પોલીસ દ્વારા ફરિયાદીને ખોટી રીતે મદદ કરવામાં આવી રહી છે અને તપાસની એકે એક વિગતો ચાર્જશીટ થયા પહેલા જ ફરિયાદીને આપી દેવામાં આવી છે જેથી તેઓ કેસમાં ફાયદો ઉઠાવી શકે. વધુમાં રજૂઆત કરવામાં આવી હતી કે જે પણ વ્યવહારો થયા હતા તે બધા જ કાયદેસરના વહેવારો છે તેણે શેર બજારમાં પૈસા રોક્યા હતા. તેમની વચ્ચે એગ્રીમેન્ટ થયું હતું અને તે મુજબ પૈસા રોક્યા હતા. શેર બજારમાં જ્યાં રોકાણ કર્યું હતું ત્યાં શેરના ભાવ ગગડી જતા ખોટ આવી હતી અને તેની તમામ માહિતી ફરિયાદીને સત્તાવાર રીતે આપવામાં આવી હતી એટલું જ નહીં કુલ રૂપિયા ૮.૭૫ કરોડ માંથી જે પણ રકમનું નુકસાન ગયું તે બાદ વધેલા રૂપિયા ત્રણ કરોડ આસપાસની રકમ ફરિયાદીને પરત પણ આપવામાં આવી છે. વધુમાં ફરિયાદીની કંપનીના શેરોનો ભાવ ગગડી જતા તેને ભારે નુકસાન થયું હતું અને કંપનીએ નાદારી નોંધાવી છે. આથી પોતાને થયેલું નુકસાન આરોપી પાસે વસૂલવા માટે ખોટી રીતે આ કેસ થોપી દેવામાં આવ્યો છે. આથી આ સમગ્ર વ્યવહાર કાયદેસરનો છે અને તેમાં કોઈ જાતનો ગુનો બનતો નહીં હોવાથી જામીન આપવા જોઈએ. કોર્ટે આ રજૂઆતો ગ્રાહ્ય રાખીને આરોપીને આગોતરા જામીન આપ્યા હતા.

**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૨૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૨ ડિસેમ્બર-૨૦૨૪ | રૂા. | ૪૯.૦૦ |

ગુજરાત ટુડે 'હેલ્થ ટુડે' પૂર્તિ
આરોગ્ય ક્ષેત્રે લોકજાગૃતિ માટે 'ગુજરાત ટુડે'ની દર વર્ષે પ્રસિદ્ધ થતી 'હેલ્થ ટુડે' પૂર્તિ
૨૯ ડિસેમ્બર-૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ થશે
તેમાં તમારી જાહેરખબર મોકલાવી શકો છો. જાહેરખબર અમારા જે-તે વિસ્તારના સીટી ઓફિસ સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી, ખાતે પણ મોકલી શકો છો.
વ્યવસ્થાપક
જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક, ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮
ફોન : ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧,
E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in






● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

રવિવાર
મેઘધનુષ
ગુજરાત ટુડે
તા.૨૨-૧૨-૨૦૨૪

# ઇન્ફ્લુઅન્સર માર્કેટિંગની તદ્દન નવી કરિયર, સોશિયલ મીડિયાના વિશ્વમાં પ્રોડક્ટનું પ્રમોશન કરાવીને કરો અઢળક કમાણી



**આથી કંપનીની જરૂરિયાત અને બજેટ પ્રમાણે ઇન્ફ્લુઅન્સર્સની પસંદગી કરવાની હોય છે. તેમની પાસે નાણાં પ્રમાણે કેટલા વીડિયો, સ્ટોરી, પોસ્ટ વગેરે કરાવવાની મૌખિક કે લેખિત ડીલ કરવાની હોય છે. જો કોઇ ઇવેન્ટ કરવાની જરૂરિયાત ઊભી થાય તો જગ્યાની પસંદગીથી લઇને તમામ વ્યવસ્થા કરવાની હોય છે. એટલે એક પ્રકારે સેલિબ્રિટી મેનેજમેન્ટ અને ઇવેન્ટ મેનેજમેન્ટની સંયુક્ત કામગીરી થઇ જાય છે. કેમ્પેન શરૂ થયા પછી પ્રમોશન માટેનું મટિરીયલ તૈયાર કરાવવું, પ્રોડક્ટને હાઇલાઇટ કેવી રીતે કરવી તેનું આયોજન કરવું, પ્રમોશનની સ્ટ્રેટેજી બનાવવી અને તે પ્રમાણેની જ કામગીરી થાય તે જોવાનું રહે છે. આમ આ ખૂબ જ લાંબી, મહેનત અને દિમાગ માગી લે તેવી કામગીરી છે. તેની સામે કમાણી પણ સારી એવી થાય છે. કંપની અને ઇન્ફ્લુઅન્સર્સ બન્ને પાસેથી કમિશનરૂપે કમાણી મળે છે. આ ઉપરાંત ઇન્ફ્લુઅન્સર માર્કેટિંગની કંપની કે વ્યવસાયિક અમુક રકમમાં પ્રોજેક્ટ લઇને ઇન્ફ્લુઅન્સર પાસેથી કામ કરાવીને નફો કમાઇ શકે છે.**

### હેલ્લો સ્ટુડન્ટ્સ

**- સાહેબ સોની**

મિત્રો છેલ્લા કેટલાક અંકો આપણે સોશિયલ મીડિયા અને કોન્ટેન્ટ ક્રિએટર્સની કરિયર બાબતે ફોકસ કર્યા હતા. તેનું કારણ છે કે, છેલ્લા એક દાયકાથી અને ખાસ કરીને છેલ્લા પાંચ વર્ષથી સોશિયલ મીડિયાનો પ્રભાવ લોકોના દિલોદિમાગમાં છે. જે સોશિયલ મીડિયાનો રચનાત્મક અને હકારાત્મક ઉપયોગ કરે તો તેઓ ન્યાલ થઇ ગયાના અઢળક દાખલા છે. આથી તો બાબત જન-જન સુધી પહોંચે તે માટે સોશિયલ મીડિયા અને તેની સાથે સંકળાયેલી બાબતોની જાણકારી આપવી ખૂબ જ જરૂરી છે. તો ચાલો આજે આપણે વાત કરીશું ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગની દુનિયાની. આ કરિયર તદ્દન નવી કરિયર છે. તેનું મુળ પ્લેટફોર્મ એટલે કે માર્કેટિંગની આવડત તો સદીઓ પૂરી છે પરંતુ ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગની દુનિયામાં જો સોશિયલ મીડિયાનો થોડો ઘણો અનુભવ હોય અને માર્કેટમાં તમારા કનેક્શન હોય તો આ દુનિયામાં કરિયર બનાવીને અઢળખ કમાણી કરી શકાય છે. તો ચાલો આજે આપણે વાત કરીશું ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગની.

**ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગ શું છે ?**

પહેલા તો આપણે બે શબ્દો સમજવા પડશે. એક શબ્દ છે ઈન્ફ્લુઅન્સર અને બીજો શબ્દ છે માર્કેટિંગ. ઈન્ફ્લુઅન્સર એટલે તો તમને આગળ જણાવ્યું છે કે, જે વ્યક્તિ કે સંસ્થા સોશિયલ મીડિયામાં હજારો, લાખ્ખો, કરોડોની સંખ્યામાં સબસક્રાઈબર્સ અને ફોલોઅર્સ ધરાવતા હોય તેમને ઈન્ફ્લુઅન્સર્સ કહેવાય છે. કારણ કે તેઓ સમાજ ઉપર જબરો પ્રભાવ ધરાવે છે. હવે બ્રાન્ડ અને કંપનીઓ પરંપરાંગત અખબારો, ટીવી ચેનલો કે વેબસાઈટો ઉપર જાહેરાત આપવાના બદલે ઈન્ફ્લુઅન્સર્સના માધ્યમથી બ્રાન્ડ પ્રમોશન કરાવવામાં માને છે. આથી મેં આગળના લેખોમાં જણાવ્યું હતું તેમ ઈન્ફ્લુઅન્સર્સ કરોડો રૂપિયાની કમાણી કરે છે. ઉત્તરાખંડના હલ્દવાનીના સામાન્ય પરિવારનો છોકરડો સૌરભ જોશી, ઝારખંડનો ટ્રક ડ્રાઈવર રાજેશ રવાણી, નાગપુરનો ડોલી ચાવાળો, દિલ્હીની વડાપાવ ગર્લ ચંદ્રિકા દિક્ષીત, હરિયાણાનો પહેલવાન અંકિત બૈયનપુરીયા અને આવા તો બહુ બધા ઉદાહરણ છે કે, ધૂળમાંથી મહેલ સુધી પહોંચી ગયા હોય.

તમે જોતા હશો કે આ લોકો અનેક પ્રકારની બ્રાન્ડ, કંપનીઓ, સેવાઓ અને ઉત્પાદનોનું સીધું કે આડકતરું પ્રમોશન કરે છે. હવે તો માત્ર લોકલ જ નહિ પરંતુ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની પેઢીઓ સોશિયલ મીડિયાનું પ્રમોશન કેમ્પેન ચલાવે છે. તમને યાદ હોય તો વચ્ચે દક્ષિણ ભારતના એક ગ્રામીણ વિસ્તારના અમુક વ્યક્તિઓ દ્વારા ચલાવવામાં આવતા આદિવાસી હેર ઓઈલનું પ્રમોશન દેશભરના લગભગ તમામ ઈન્ફ્લુઅન્સર દ્વારા કરાવવામાં આવ્યું હતું. આથી તે દેશભરમાં જાણીતું બની ગયું હતું.

તો આ જે પ્રમોશન કરાવવાનું કામ છે તે એક કંપની કરી શકતી નથી. કારણ કે તેઓ પાસે સોશિયલ મીડિયાની આંટીઘૂંટીઓ, ઈન્ફ્લુઅન્સર્સની કામ કરવાની સ્ટાઈલ, તેમની ફી, પ્રમોશનથી આવનાર સંભવિત રીસ્પોન્સ, કેવા પ્રકારના ઈન્ફ્લુઅન્સર પસંદ કરવા, તેમની પાસેથી ડીલીવરેબલ્સ એટલે કે પૈસાની સામે કામ કેવી રીતે લેવું, ઈવેન્ટ ઓર્ગેનાઈઝ કરવી અને છેલ્લે રિઝલ્ટ લાવી આપવા સુધીની સમજ હોતી નથી. આવા તબક્કે ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગની શરૂઆત થાય છે. ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગની કંપનીઓ હોય છે કે વ્યક્તિગત રીતે વ્યવસાય તરીકે અપનાવી શકો છો. ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગનું કામ કરતા વ્યવસાયિકો ઈન્ફ્લુઅન્સર અને કંપનીઓ બન્ને વચ્ચે એક સેતુ સાધીને માર્કેટિંગની કામગીરી કરે છે. ઈન્ફ્લુઅન્સર્સને કોઈપણ જાતની ઝંઝટ વગર સામેથી પ્રમોશનની કામગીરી મળે છે જયારે કંપનીઓને પ્રમોશન માટે ઈન્ફ્લુઅન્સર્સને શોધવા જવાની જરૂર હોતી નથી. ઈન્ફ્લુઅન્સર્સને સાચવવાની અને કંપની કામગીરી કરી આપવાની તમામ જવાબદારી ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગ કરનારની હોય છે. તેની સામે તેઓને ફી મળે છે અથવા તો કમિશન મળે છે. તો ચાલો આગળના પેરેગ્રાફમાં આપણે જાણીશું કે, ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગની કંપનીની કામગીરી અને કેવી રીતે કમાણી થાય છે.

**ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગની કામગીરી અને કમાણી**

ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગની કામગીરી શું છે તે તો ઉપર આપણે જાણી ગયા પરંતુ ખરેખર કામ કેવી રીતે કરતા હોય છે તેની માહિતી આપીશ. શરૂઆતમાં જ મેં કીધું હતું તેમ સૌ પ્રથમ માર્કેટિંગ અને સોશિયલ મીડિયાનો અનુભવ હોવો જરૂરી છે. જે લોકો ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગની દુનિયામાં સ્થાપિત થઈ ગયા હોય તેઓની પાસે ઈન્ફ્લુઅન્સર્સની યાદી હોય છે. દરેક પ્રકારના ઈન્ફ્લુઅન્સર્સ સાથે તેઓ સતત કોન્ટેન્કમાં રહેતા હોય છે. કોનું કામ કેવું છે અને કોનો વીડિયો વધારે ચાલે છે તેની માહિતી તેઓ પાસે હોય છે. તેઓ સોશિયલ મીડિયાની દુનિયામાં કોણ સફળ છે અને કોણ નિષ્ફળ, લેટેસ્ટ અપડેટ સહિતની માહિતી રાખતા હોય છે. આથી તેઓને માર્કેટિંગનું કામ કરાવવાનો આત્મવિશ્વાસ હોય છે. પછી હવે કામ આવે છે ક્લાયન્ટ શોધવાનું. આના માટે પણ ખૂબ જ મહેનત કરવી પડે છે. ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગની દુનિયામાં સમાચાર રાખવા પડે છે કે, કઈ કંપની માર્કેટિંગ અને પ્રમોશનનું કામ કરવવા માંગે છે અને તેની પાસે બજેટ છે. આની માહિતી અખબારોના માધ્યમથી અથવા તો કોન્ટેક્ટથી મળી જાય છે. આથી કંપનીઓનો એપ્રોચ કરવામાં આવે છે. તેમને શું કામગીરી કરવાની છે અને બજેટ કેટલું છે તે જાણીને પછીને પ્રમોશનનું કેમ્પેન લેવામાં આવે છે.

આથી કંપનીની જરૂરિયાત અને બજેટ પ્રમાણે ઈન્ફ્લુઅન્સર્સની પસંદગી કરવાની હોય છે. તેમની પાસે નાણા પ્રમાણે કેટલા વીડિયો, સ્ટોરી, પોસ્ટ વગેરે કરવવાની મૌખિક કે લેખિત ડીલ કરવાની હોય છે. જો કોઈ ઈવેન્ટ કરવાની જરુરિયાત ઊભી થાય તો જગ્યાની પસંદગીથી લઈને તમામ વ્યવસ્થા કરવાનની હોય છે. એટલે એક પ્રકારે સેલિબ્રિટી મેનેજમેન્ટ અને ઈવેન્ટ મેનેજમેન્ટની સંયુક્ત કામગીરી થઈ જાય છે. કેમ્પેન શરૂ થયા પછી પ્રમોશન માટેનું મટિરીયલ તૈયાર કરવાવું, પ્રોડક્ટને હાઈલાઈટ કેવી રીતે કરવી તેનું આયોજન કરવું, પ્રમોશનની સ્ટ્રેટેજી બનાવવી અને તે પ્રમાણેની જ કામગીરી થાય તે જોવાનું રહે છે. આમ આ ખૂબ જ લાંબી, મહેનત અને દિમાગ માગી લે તેવી કામગીરી છે. તેની સામે કમાણી પણ સારી એવી થાય છે. કંપની અને ઈન્ફ્લુઅન્સર્સ બન્ને પાસેથી કમિશન રૂપે કમાણી મળે છે. આ ઉપરાંત ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગની કંપની કે વ્યવસાયિક અમુક રકમમાં પ્રોજેક્ટ લઈને ઈન્ફ્લુઅન્સર પાસેથી કામ કરાવીને નફો કમાઈ શકે છે. આ ઉપરાંત ઘણા રસ્તા છે કે તેના માધ્યમથી જો તમારૂં કામ જામી જાય તો અઢળક કમાણી થાય તેમ છે. અમુક હજાર રૂપિયાથી લઈને લાખ્ખો અને કરોડો રૂપિયાનું બજેટ હોય તેવા અવનવા કેમ્પેન લઈ શકાય છે અને તેના માધ્યમથી કમાણી કરી શકાય છે.

**કોણ કરી શકે અને શરૂઆત કેવી રીતે કરવી ?**

★ જો તમે પોતે ઈન્ફ્લુઅન્સર હોવ તો તમે પોતે પણ આ કામગીરી કરી શકો છો અથવા તો ઈન્ફ્લુઅન્સર તરીકે ફુલ ટાઈમ કામગીરી ના કરતા હોય પરંતુ તેનો અનુભવ હોય તો

★ બ્લોગર્સ, કોન્ટેન્ટ ક્રિએટર્સ અને ઈન્ફ્લુઅન્સર્સ સાથે સારા કોન્ટેક્ટ હોય તો

★ કંપનીઓમાં સારા કોન્ટેક્ટ હોય તો

★ એડવર્ટાઈઝીંગ, માર્કેટિંગ અને ડિજીટલ માર્કેટિંગનો થોડો ઘણો અનુબવ હોય તો

★ કોર્પોરેટ કોમ્યુનિકેશન અને પબ્લિક રીલેશનનો અનુભવ હોય તો

★ ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગની કોઈ કંપનીમાં જોડાઈને કામગીરીનો અનુભવ લઈ શકાય.

★ ઈન્ફ્લુઅન્સર માર્કેટિંગના કોઈ ખાસ કોર્ષ આવતા નથી પરંતુ અનુભવના આધારે જોડાઈ શકાય

★ શરૂઆતમાં સ્થાનિક કોન્ટેન્કના આધારે નાની પેઢીઓ પાસેથી કામ લઈને અનુભવ અને કમાણી કરી શકાય

★ એક વખત સારા કોન્ટેક્ટસ થાય તો મોટા કોન્ટ્રાક્ટ મેળવી શકાય છે.

★ માર્કેટમાં એક વખત નામ થાય તે પછી કમાણીનો દર વધતો જાય છે. કારણ કે કંપની તમને કામ આપે જ્યારે કામ મેળવવા માટે ઈન્ફ્લુઅન્સર્સ પણ તત્પર હોય છે.

★ કાયમી કામ મળતું હોવાથી ઈન્ફ્લુઅન્સર્સ પણ નોર્મલ ક્લાયન્ટ કરતા ખાસ્સી ઓછી ફી ચાર્જ કરતા હોય છે તો તે નફો સુધી તમારા ગજવામાં જઈ શકે અથવા તો ક્લાયન્ટને ડિસ્કાઉન્ટ આપીને આકર્ષી શકાય છે.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**E-mail:sahebtoday@gmail.com**

# શબ્દ વાવીને તમે કાલે ગયાં'તાં પુસ્તકો ઊગી ગયાં છે આંગણામાં...!

### દસ્તક



**હર્ષદ પંડ્યા**

શિયાળો તો એના મર્યાદિત કાળમાં રહીને માણસને થીજવી દે, પણ પ્રિયજનની નફરત તો કઈ ઘડીએ માણસની લાગણીને કે એના શ્વાસને થીજવી દે, કહેવાય નહીં ! શિયાળાની ઠંડી હજુ થીજી જવાય એટલી હદે વકરી નથી. શિયાળો તો ખુલ્લેઆમ આપણને ધ્રુજાવે છે. પણ પ્રિયજનની નફરત બિહામણું સ્મિત પહેરીને આપણને ધ્રુજાવે છે. આપણે પ્રેમના દોરે બંધાઈ તો જઈએ છીએ, પણ ખબર નથી પડતી કે એ દોરો પ્રેમનો છે કે પ્રેમના વ્હેમનો છે ! આજે સ્વાર્થનું મૂડીરોકાણ કરીને પ્રેમના નામે છેતરવાનો બિઝનેસ ફૂલ્યોફાલ્યો છે.

મને સંબંધ હંમેશાં વિસ્મય લાગ્યો છે. આજે દરિયો લાગે એ જ આવનારી કોઈક પળે સહરા નીકળે ! જે વ્યક્તિ આજે આપણા માટે અસ્તિત્વનો ઉત્સવ બનીને આવી હોય એ જ વ્યક્તિ આવતીકાલે અસ્તિત્વનો ઉચ્છેદ કરે, કોને ખબર ? આપણે સૌ સંબંધની ખબરથી જ બેખબર રહી ગયા છીએ. ટોળામાં ફરતો માણસ કેટલો ખુશ લાગે છે, પણ એની લાગણીઓ હિઝરાયા કરતી હોય છે, એની એના સિવાય અન્યને કયાંથી ખબર હોય ?

એક મુઠ્ઠી લાગણી કે એક ખોબો પ્રેમની તરસ લઈને આપણે સૌ એકબીજાને મળતા રહીએ છીએ, પણ તરસ મટતી નથી. ઉલટાની વધારેને વધારે તરસી બને છે. તરસની કુંડળીમાં જળ નથી, મૃગજળ છે. છાંયડાના માણસો તરસને સમજી શકે, પણ પડછાયાના માણસો તરસના રસને નથી તો ઓળખી શકતા, નથી તો પામી શકતા. આજે છાંયડાની સંખ્યા ઘટતી ગઈ, પડછાયાની વસ્તી વધતી ગઈ.. પરિણામે માણસની સાચુકલી તરસ, સાચુકલી લાગણી રસ્તે રઝળતી વાર્તા બની ગઈ.

સંબંધોમાં પાછલા દરવાજેથી સ્વાર્થ ભળવા માંડે અથવા તો લાગણીઓના લયમાં ગણતરીનું 'ગણ' તંત્ર ભળવા માંડે ત્યારે અંબાણી બંધુઓ જ નહીં, રામ અને ભરત જેવા ભાઈઓને પણ છૂટા પડવું પડેલું ! ફરક એટલો કે રામ અને ભરત 'આ સંપત્તિ મારે ન જોઈએ !'' એવી હઠ લઈને બેઠા'તા, જ્યારે અંબાણી બંધુંઓ....!!



સ્વાર્થના પ્રદૂષણમાં સંબંધના ફેફસાં ખલાસ થઈ જાય છે. એ પ્રેમનો શ્વાસ લઈ શકતા નથી. આપણો સંબંધ રેતી પર લખાયેલા નામ જેવો ક્ષણિક હોય છે. સંબંધ પથ્થર પર અંકિત થઈ જવો જોઈએ. સાચા સંબંધના લેખો ના હોય, એના તો શિલાલેખો જ હોય ! શબ્દમાં કેદ થઈ જાય એ સંબંધ ન હોય - સંબંધ તો શબ્દથી મુક્ત હોય. શરતથી મુક્ત હોય, ગણિત અને ગણતરીથી મુક્ત હોય. સંબંધની સાબિતીઓ આપવાની કે માગવાની ન હોય. સંબંધ બાંધનાર કે શ્વસનાર તો ચૂપચાપ સંબંધની સુગંધ મૂકીને જતું રહે છે. આ સુગંધને કોણે કેટલી જાળવી, કોણે કેટલી વેડફી એની એને ચિંતા ન હોય. જેને અજવાળું ફેલાવવું હોય એને અંધારાની બીક ના હોય. અંધારાની વહેતી ધારામાં પણ અજવાળાની નાવડી ખેંચી લાવવાનું કામ સાચુકલો સંબંધ જ કરી શકે. બીજાના અસ્તિત્વને પામવું હોય તો આપણે ખુદના અસ્તિત્વને ઓળખવું પડે.

નજરોથી ઓઝલ થઈ ગયેલી વ્યક્તિ આંસુમાં ઊભરતી હોય તો એના જેવો સાચો સંબંધ બીજો કોઈ ન હોઈ શકે. આજનો અવાજ આવતી કાલનો પડઘો બની જાય અને એ પછી સદીઓ સુધીનો રણકાર બની જાય તો એ સાચો અવાજ કહેવાય. સાચા સંબંધનું પણ એવું જ કહેવાય !

આપણામાં જ એક એવો માણસ જીવતો હોય છે જે કોઈને કોઈ ક્ષણો આપણને કોઈને કોઈ સંબંધ તરફ ધકેલતો રહે છે. કયારેક એવું પણ બને કે કોઈક ક્ષણે આપણને એ 'રિવર્સ ગેર'માં ખેંચતો પણ હોય ! જળ માનીને પગ મૂકવા જતાં જ રણ નીકળે, અને રણમાંથી કયારેક જળ મળે... એમ પણ બને ! સંબંધોના સાધનો જ નહીં, એની સાધના પણ બદલાતી રહી છે !

સંબંધનું વિઝન પ્રચાર નહીં, આચાર છે. વાણીનો વિલાસ નહીં વર્તનનો અભ્યાસ જ સંબંધને ટકાવે છે. માણસ વાણીના વૈભવથી અંજાઈ જાય છે અને હૃદયના મૌનને ઠોકર મારે છે. દુઃખ જ એ વાતનું છે કે માણસ જ્યારે છાપરાને કે ઘરની છતને જ આકાશ માનવાની ભૂલ કરી બેસે, પછી થાય શું ? સંબંધનો અર્થ હોય, સંદર્ભ ન હોય. આજે આપણે સૌ અર્થ ભૂલીને સંદર્ભને પકડી બેઠા અને એમ કરવા જતાં સંબંધને ખોઈ બેઠા. સંબંધનો માત્ર સૂર હોય, રાગ-રાગિણી ન હોય. એ સંભળાય તો જ ઘણું ! આપણા પ્રેમને કે સંબંધને ભલે કોઈ પામે કે ન પામે, આપણે તો સામેની વ્યક્તિના પ્રેમને પામતા જ રહેવું, જો સંબંધનો શ્વાસ બારેમાસ લીલોછમ્ રાખવો હોય તો !

સંબંધના ઉપનિષધને કે સંબંધોની શ્વાસસંહિતાને સમજાવતાં શબ્દપ્રીત કહે છે :

**"શબ્દ વાવીને તમે કાલે ગયાં'તાં**
**પુસ્તકો ઊગી ગયાં છે આંગણામાં...!"**

**:::: ટહુકો ::::**

**ડાલા હૈ ઉસને અબ કે અજબ ઈમ્તેહાન મેં**
**તેઝ આંધિયોં મેં રેતકા ઘર દે ગયા મુઝે**

**- આબિદ મનાવરી**

# કાયદા પણ પક્ષપાત કરનારા હોય છે...

એક સમય હતો જ્યારે દીકરી જન્મવા તો દેવાતી હતી, પણ પછી દૂધપીતી કરાતી હતી. પછી તો વિજ્ઞાન એટલો થયો કે ભ્રૂણહત્યા દ્વારા જન્મ વગર જ દીકરીને મોત અપાતું થયું. પશુને પણ મૃત્યુ જન્મ પછી છે, પણ કેટલીક દીકરી એવી છે, જેને મૃત્યુ જન્મ પહેલાં છે. આજકાલ ગાયનેકોલોજિસ્ટ બાળક ઊંધું છે એટલે સિઝેરિયન કરવું પડશે એમ કહીને લાખેક રૂપિયા ખંખેરી લે છે. કોઈ પણ રીતે હવે ડૉક્ટરો (ને બીજા પણ) કમાણીમાં લાગ્યા છે. સેવા લગભગ આઉટડેટેડ થઈ ગઈ છે. સ્ત્રીઓનું એટલું શોષણ થયું કે કાયદામાં ફેરફારો કરવા પડ્યા, જેથી શોષિત સ્ત્રીઓને ન્યાય મળી રહે. એ દરમિયાન સ્ત્રી શિક્ષિત થઈ, ઘરકામ ઉપરાંત નોકરી-વ્યવસાય કરતી થઈ, ખુમારીથી એકલી રહેતી થઈ ને હવે ઘણી યુવતીઓને એવું લાગે છે કે લગ્ન કરીને પુરુષ પર નિર્ભર પણ શું કામ રહેવું ? તેવી યુવતીઓ હવે પરણતી નથી અથવા તો મોડી પરણે છે. પરણે તો જન્મ આપવા કરતાં તેને બાળક દત્તક લેવાનું વધારે અનુકૂળ આવે છે. તે એ પણ જાણે છે કે કાયદાઓ તેની તરફેણમાં છે ને નથી જાણતી એવી સ્ત્રીઓમાંની ઘણી ઘરેલુ હિંસાનો ભોગ બને છે ને નથી વેઠાતું તો આત્મહત્યા પણ કરી લે છે. આજના સમયમાં બે પરિબળો નવાં ઉમેરાયાં છે. લિવ ઈનમાં રહીને અનુકૂળ આવે ત્યાં સુધી પાર્ટનર સાથે રહેવું અને ન ફાવે તો રસ્તે પડી જવું. હવે હસબન્ડ કે વાઈફ, પાર્ટનર કહેવાય છે. લિવ ઈનમાં પણ જટિલતા વધતી આવે છે. આધુનિક લગ્નજીવનની આડ



## સ્ત્રી સશક્તીકરણ

- રવીન્દ્ર પારેખ

પેદાશ એ છે કે તેનો એક કાંટો લગ્નેતર સંબંધોમાં ખૂલે છે. આમ થવું અશક્ય ન હતું. નોકરી-ધંધા નિમિત્તે આઠેક કલાક પતિ કે પત્નીએ ઘર બહાર રહેવાનું થયું ને એમાં સહકર્મી સાથે ક્યારેક ફ્લર્ટિંગ વધ્યું ને એ જ નજીક આવવાનું કારણ પણ બન્યું. પછી તો વાત એટલી આગળ વધી કે છૂટાછેડાનું પ્રમાણ વધ્યું. એ શક્ય ન બન્યું તો પ્રેમ મેળવવા પતિ કે પત્ની કે નવા પ્રેમી/પ્રેમિકાની હત્યા પણ કરી નાખવામાં આવી. આવી હત્યાઓ હવે રોજિંદી થઈ ગઈ છે.

બીજી તરફ ગૃહિણીઓ એટલી સજાગ થઈ છે કે સાસરામાં થોડો પણ ત્રાસ અનુભવાય તો સીધી પોલીસ ચોકીએ પહોંચે છે. દહેજને નામે કે ઘરેલુ હિંસાને નામે પત્ની ધારે તો ફરિયાદ કરી શકે છે ને પોલીસ એક વાર તો સાસરાને દોડતું કરી જ દે છે. ફરિયાદો સાચી હોય ત્યાં તો કૈં કહેવાનું નથી. ગૃહિણીને ન્યાય મળે એટલું જ અપેક્ષિત હોય, પણ, બધી વખતે ફરિયાદો સાચી ન હોય એ પણ શક્ય છે. એ સંજોગોમાં પતિ, સસરા, સાસુ, નણંદ એમ બધા જ સકંજામાં આવ્યા વગર રહેતાં નથી. જેમ બધી જ વખતે પતિ સાચો ન હોય એમ જ પત્ની પણ ન હોય એમ બને ને એ કાયદાએ જોવાનું રહે. એવે વખતે કાયદો કોઈની તરફેણ કરતો થઈ જાય તો તે અન્યાયકર્તા નીવડે.

કાયદો ન્યાય માટે હોય, એ પક્ષપાત કરનારો તો કેવી રીતે હોય? ન્યાયતંત્ર અન્યાય કરે તો એ પીડા વધારનારો જ નીવડે ને સંબંધિતોનો ન્યાય પર ભરોસો જ ન રહે એમ બને. એવો એક ચમકાવી દેતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બેંગલુરુનો એક આઈટી પ્રોફેશનલ અતુલ સુભાષ પત્ની અને સાસરિયાંથી એટલો ત્રાસ્યો કે તેણે આત્મહત્યા કરી લીધી. ૨૪ પાનાંની આત્મહત્યાની નોટમાં તેણે લખ્યું છે કે ન્યાય ન મળે તો મારાં અસ્થિ કોર્ટની ગટરમાં ફેંકી દેજો. અતુલે આત્મહત્યા પત્ની, સાસરિયાં અને ન્યાયતંત્રના અધિકારીઓના ત્રાસથી કરી છે. એ સાથે જ અતુલે એક કલાક વીસ મિનિટનો વીડિયો તેની પત્ની નિકિતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં, 'ભારતમાં પુરૂષો વિરૂદ્ધ કાયદેસરનો નરસંહાર થઈ રહ્યો છે' એવા ટાઈટલથી પોસ્ટ કર્યો છે. નિકિતા પોતે સોફ્ટવેર એન્જિનિયર અને બી.ટેક ઈન કોમ્પ્યુટર સાયન્સ, એમબીએ ફાઈનાન્સ અને એઆઈ એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ છે.

અતુલના ભાઈ વિકાસે બેંગલુરૂની મરાઠાહલ્લી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે ને તેને આધારે કેસ નોંધવામાં આવ્યો છે. આરોપી તરીકે અતુલનાં પત્ની નિકિતા સિંઘાનિયા, સાસુ, સસરા, સાળાનાં નામ નોંધવામાં આવ્યાં છે. અતુલે સુસાઈડ નોટમાં ઉત્તર પ્રદેશના જૌનપુરની પ્રિન્સિપાલ ફેમિલી કોર્ટના જજનું નામ પણ લખ્યું છે, પણ એફઆઈઆરમાં નામ નથી. સુસાઈડ નોટમાં 'જસ્ટિસ ઈઝ ડ્યુ' એવું હેડિંગ છે. નોટમાં તેણે લખ્યું છે કે કોર્ટમાં તેની પાસે લાંચ માંગવામાં આવી હતી, પણ તે તેણે આપવી ન હતી. અતુલનો આક્ષેપ એવો પણ છે કે બાળકોને આગળ કરીને પત્નીએ ભરણપોષણને નામે પૈસા પડાવ્યા હતા. નિકિતાએ પતિ સામે નવ કેસ કર્યા હતા. હાઈકોર્ટમાં ઝડપી સુનાવણી માટે ને રોકડની માંગણી માટે અરજીઓ કરવામાં આવી હતી. નિકિતાએ પોતે પતિને આત્મહત્યા માટે બે વખત ઉશ્કેર્યો હતો. એમાં એક ઉશ્કેરણી તો જજની હાજરીમાં થઈ હતી. કોર્ટમાં કર્મચારીઓએ અને બેલિફે માંગેલી રકમ નામ સાથે નોટમાં છે. જૌનપુર કોર્ટના ચુકાદા સંદર્ભે એવી નોંધ પણ છે કે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનું પાલન કરવામાં આવ્યું નથી. ન્યાયાધીશે એક તરફી ન્યાય કર્યો છે. કેસની પતાવટ પહેલાં અતુલ પાસેથી પહેલાં એક કરોડ ને પછી ત્રણ કરોડ માંગવામાં આવ્યા હતા. કેસની સુનાવણી ૧૨૦ વખત મોકૂફ રાખવામાં આવી ને કેસ માટે અતુલે બેંગલુરૂથી જૌનપુર ૪૦ વખત દોડવું પડ્યું. તેના વૃદ્ધ માબાપે બિહારથી અને ભાઈએ દિલ્હીથી કોર્ટ સુધી આવવું પડ્યું તે નફામાં.

તેને ત્રણ વર્ષ સુધી સંતાન સાથે વાત ન કરવા દેવાઈ ને ઉપરથી ખર્ચ પેટે દર મહિને બે લાખની માંગણી કરવામાં આવી. નાનામોટા પ્રસંગે સાડીઓ ઉપરાંત દર વખતે ૧૦ લાખના ઘરેણાંની માંગણીઓ થઈ. મકાન બાંધવા ૫૦ લાખ માંગવામાં આવ્યા. પૈસા આપવાની ના થતી તો ઝઘડાઓ વધતા. આ માણસ સાસરિયાંથી એટલો ત્રાસ્યો હતો કે તેના મૃતદેહની નજીક કોઈ ફરકે કે કોઈ સમાધાન થાય તેવું તે ઈચ્છતો ન હતો. સાસરિયાંનો ત્રાસ કેટલો હશે તે તેની સાસુના આ સવાલ પરથી આવે કે જમાઈને તે પૂછે છે કે હજી તમે આત્મહત્યા કરી નથી ? અતુલના પિતા પવનકુમારે પણ ન્યૂઝ એજન્સી એએનઆઈને જણાવ્યું છે કે અતુલના સાસરિયાં પર મુકાયેલા તમામ આરોપો સાચા છે. અતુલની પત્ની મળી નથી એટલે નોટિસ તેનાં ઘર પર ચોંટાડાઈ છે. તેનું શું કહેવું છે એ બહાર આવ્યું નથી, એટલે અત્યારે તો એક બાજુ જ સામે છે, પણ કાયદાનો લાભ લઈને સ્ત્રીઓ પુરૂષોને ટૉર્ચર કરતી થઈ છે તે નકારી શકાય એમ નથી. એવા ઘણા કિસ્સાઓ જાણ્યા પછી એટલું ઉમેરવાનું થાય છે કે સ્ત્રીઓનાં શોષણની ટકાવારી આજે પણ ઊંચી જ છે. સાથે જ કાયદાનો દુરૂપયોગ અટકવો જોઈએ એ પણ એટલું જ સાચું છે. ટૂંકમાં, સ્ત્રી કે પુરૂષ વચ્ચે ભેદ કરનારા કાયદામાં સમાનતા જળવાઈ રહે એવા ફેરફારો અનિવાર્ય છે.

એકમ ન્યાય ફાઉન્ડેશને બહાર પાડેલા અહેવાલમાં સ્પષ્ટ જણાવાયું છે કે મહિલાઓ દ્વારા થતા ત્રાસને કારણે પુરૂષોની આત્મહત્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૨૩માં ૩૦૬ કેસોમાં પુરૂષોની હત્યા તેમની પત્નીઓ દ્વારા કરવામાં આવી હતી. તેમાંની ૨૧૩ હત્યા લગ્નેતર સંબંધોને કારણે અને ૫૫ હત્યા પારિવારિક વિવાદોને કારણે થઈ હતી, તો બાકીની હત્યા અન્ય કારણોસર થઈ હતી. આ જ સંસ્થાની અન્ય તપાસમાં ૪૫ પુરૂષોએ આત્મહત્યા તેમની સામે થયેલા ખોટા કેસને કારણે કરી છે. એમ લાગે છે કે અતુલ જેવા લોકોનું અપમૃત્યુ લિંગ આધારિત કાયદાઓનું પરિણામ છે. એ પણ છે કે ઘરેલુ હિંસા હવે સ્ત્રીઓ પૂરતી સીમિત નથી. સુપ્રીમ કોર્ટે વારંવાર કહ્યું છે કે કાયદાઓનો દુરૂપયોગ થઈ રહ્યો છે ને દહેજના નામે પતિ અને પરિવારને ફસાવવાની પ્રવૃત્તિ થતી રહેતી હોય તો કોઈ નિર્દોષ પરિવાર હેરાન ન થાય તે જોવાવું જોઈએ. એ સંજોગોમાં સરકારે નવા કાયદા કરવા જોઈએ અથવા કાયદામાં સુધારા કરવા જોઈએ. આમ તો કાયદાની છટકબારીઓનો લાભ લેવાનું સામાન્ય છે, પણ મહિલાઓ સંબંધિત કેસોમાં સમસ્યા ને સંખ્યા વધુ વકરી રહી હોવાનું લાગે છે. આની સામે સુરત, અમદાવાદમાં 'પત્ની અત્યાચાર વિરોધી સંઘ' સક્રિય થયો છે ને સુરતમાં જ છેલ્લાં થોડાં વર્ષોમાં ૩૭૨૦ પતિઓએ પત્નીના ત્રાસની વિરૂદ્ધ લેખિત ફરિયાદો નોંધાવી છે. દર મહિને અંદાજે ૨૦ ફરિયાદો આવે છે ને ગુજરાતમાં જ તેના ૭૬૦૦૦ સભ્યો છે તે સૂચક છે...

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# 'ગાઝામાં યુદ્ધ એ સ્પષ્ટ નરસંહાર છે' : ઇઝરાયેલી ઇતિહાસકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ ડેટાબેઝ પેલેસ્ટીનીઓ વિરુદ્ધ અત્યાચારની વિગતો દર્શાવે છે

**ઈતિહાસકાર મોર્ડેચાઈએ પ્રત્યક્ષદર્શી અહેવાલો, વીડિયો ફૂટેજ અને લેખોનો ઉપયોગ કરીને એવું તારણ કાઢ્યું છે કે ઇઝરાયેલ ગાઝામાં નરસંહાર કરી રહ્યું છે**



પોતાની પાસે રહેલ સફેદ ધ્વજ લહેરાવતી પેલેસ્ટીની મહિલા અને તેની સાથે રહેલા બાળકને ગોળી મારવાનું દૃશ્ય હોય અથવા રોટલી માટે કતારમાં ઊભી રહેલી અને ભૂખે મરતી છોકરીઓને કચડીને મારી નાખવામાં આવતી હોય, આ બધુ ગાઝામાં ઈઝરાયેલી દળો દ્વારા કરવામાં આવી રહેલા અત્યાચારની હદ દર્શાવે છે.

પેલેસ્ટીની લોકોના જીવન માટે ઈઝરાયેલની સંપૂર્ણ ઉદાસીનતા, તેમની પીડા, વેદનાની અસંખ્ય અન્ય વાર્તાઓ ઈઝરાયેલના ઈતિહાસકાર લી મોર્ડેચાઈ દ્વારા એક અહેવાલમાં દસ્તાવેજીકૃત કરવામાં આવી છે, જે ગાઝામાં દરરોજ આચરવામાં આવતા યુદ્ધ ગુનાઓની ગંભીર યાદ અપાવે છે.

જેરુસલેમની હિબ્રુ યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર મોર્ડેચાઈ, જેમણે યુ.એસ.ની પ્રિન્સટન યુનિવર્સિટીમાં ફેલોશિપ પણ મેળવી છે, તેમણે એક અહેવાલ પ્રકાશિત કર્યો છે જે "ઈઝરાયેલ-ગાઝા યુદ્ધના સાક્ષી" નામના ડેટાબેઝના રૂપમાં છે, જેનો મિડલ ઈસ્ટ આઈએ અહેવાલ આપ્યો છે અને ઈઝરાયેલી દળો દ્વારા કરવામાં આવતી અતિરેકની ઘટનાઓને દર્શાવતા આ દસ્તાવેજો છે.

૧૨૪ પાનાના આ અહેવાલમાં – (જે મૂળ હિબ્રુમાંથી અંગ્રેજીમાં અનુવાદિત છે) - જેમાં ૧,૪૦૦ ફૂટનોટ્સ છે, તેમાં મોર્ડેચાઈએ પ્રત્યક્ષદર્શી અહેવાલો, વીડિયો ફૂટેજ, લેખો, ફોટોગ્રાફ્સ, પ્રત્યક્ષદર્શી પુરાવા અને તપાસ સામગ્રીનો ઉપયોગ કર્યો છે અને એવું તારણ આપ્યું છે કે ઈઝરાયેલ ગાઝામાં નરસંહાર કરી રહ્યું છે. હારેટ્ઝે આ અહેવાલને ઈઝરાયેલ ગાઝામાં જે યુદ્ધ ગુનાઓ આચરે છે તેના હિબ્રુ ભાષામાં સૌથી પદ્ધતિસરનું અને વિગતવાર દસ્તાવેજીકરણ ગણાવ્યું છે.

આ ડેટાબેઝમાં ફોટા, વીડિયો, જુબાનીઓ, અહેવાલો અને ગાઝામાં ઈઝરાયેલી દળો દ્વારા આચરવામાં આવેલા અત્યાચારોની વિગતો આપતાં તપાસનો સમાવેશ થાય છે. આ યુદ્ધમાં ૪૪,૫૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે.

ઈઝરાયેલી સૈનિકો દ્વારા કરવામાં આવેલા લોકોની હત્યા અને તેમની લાશો પર શ્વાન દેખાય છે. એક કૂતરો પેલેસ્ટીની શબને ખાય છે, ત્યારે એક ઈઝરાયેલી સૈનિક આ કૃત્યનો વીડિયો ઉતારીને પોતાનો આનંદ વ્યક્ત કરે છે અને કહે છે કે હવે આ આતંકવાદી છૂટી ગયો છે. પરંતુ આ કેવું ભવ્ય દૃશ્ય છે, એક સુંદર સૂર્યાસ્ત છે. ગાઝા પટ્ટી પર લાલ સૂર્ય અસ્ત થઈ રહ્યો છે. મોર્ડેચાઈ દ્વારા બનાવવામાં આવેલ ડેટાબેઝમાં ઈઝરાયેલી સૈનિકો દ્વારા ગાઝાના બાળકોની હત્યા, સમગ્ર પરિવારોની હત્યા, ભૂખમરો, નાગરિકોની ગોળીબારની ઘટનાઓ અને કેદીઓ અને લાશો પર સમાન રીતે ચાલતી ટેન્કોની વિગતો પણ છે. તેમણે હારેટ્ઝને કહ્યું કે, મને લાગે છે કે હું મારા સિદ્ધાંતો મુજબ જીવવાનું ચાલુ રાખી શકતો નથી, તે જીવન અને મૃત્યુની બાબત છે, અને જે થઈ રહ્યું હતું તે ખૂબ ખોટું છે અને હું અહીં જે મૂલ્યો સાથે ઉછર્યો છું તેનો વિરોધાભાસ કરે છે. આ ડેટાબેઝમાં, મોર્ડેચાઈએ ગાઝાના આરોગ્ય મંત્રાલય દ્વારા પ્રકાશિત કરાયેલા મૃત્યુના આંકડાઓની સત્યતાની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું છે કે આ આંકડાઓ અતિશયોક્તિપૂર્ણ હોવાના દાવાઓ પાયાવિહોણા છે, અને ઈઝરાયેલી સરકાર પણ આરોગ્ય મંત્રાલયના ડેટાને સચોટ માને છે.

આ અહેવાલના પરિશિષ્ટમાં, મોર્ડેચાઈએ તર્ક આપ્યો છે કે શા માટે ગાઝા પર ઈઝરાયેલનું યુદ્ધ એ નરસંહાર છે. તેને નરસંહાર ગણવા માટે ડેથ કેમ્પની જરૂર નથી. આપણે જે રીતે નરસંહાર વિશે વિચારીએ છીએ તે રીતે ઈઝરાયેલ, ગેસ ચેમ્બર, મૃત્યુ શિબિરો અને વિશ્વ યુદ્ધ II - નરસંહારના ગુનાના નિવારણ અને સજાના સંમેલન (૧૯૪૮)ના મોડેલથી ડિસ્કનેક્ટ કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે, નરસંહાર ગણવામાં આવે તે માટે મૃત્યુ શિબિરો હોવી જરૂરી નથી. તે બધા કૃત્યો કરવાના સંદર્ભમાં, તે હત્યા છે, પરંતુ એટલું જ નહીં ત્યાં લોકોને ઘાયલ કરવા, બાળકોનું અપહરણ અને લોકોના ચોક્કસ જૂથમાં જન્મ અટકાવવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા છે. આ તમામ કૃત્યોમાં નરસંહાર જેવુ સામ્ય છે અને તે એક જૂથનો ઈરાદાપૂર્વકનો વિનાશ છે.

(સૌ. : ધ વાયર)

# IITs અને IIMsમાં સામાન્ય કેટેગરીમાં ૯૦% ફેકલ્ટી સભ્યો છે: SC-ST અને OBC માટેની જગ્યાઓ શા માટે ભરવામાં આવતી નથી ? AIOBCSAએ તેને બંધારણનું ઉલ્લંઘન ગણાવ્યું

**AIOBCSA દ્વારા રજૂ કરાયેલા ડેટા અનુસાર, ઘણી IITs અને IIMsમાં ૯૦%થી વધુ ફેકલ્ટી હોદ્દા પર જનરલ કેટેગરીના વ્યક્તિઓ દ્વારા કબજો કરવામાં આવ્યો છે, જેના લીધે OBC, SC અને ST માટે ફરજિયાત અનામત ટકાવારી નોંધપાત્ર રીતે ઓછી છે.**

ભારતની પ્રીમિયર ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં બહુજન સમુદાયો માટે સ્થિતિ ખૂબ જ અસ્વસ્થ છે, કારણ કે કેટલીક ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ (IIMs)માં ૯૦%થી વધુ ફેકલ્ટી હોદ્દાઓ સામાન્ય કેટેગરીની વ્યક્તિઓ પાસે છે. તેવી જ રીતે, ૨૧ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT)માં, ૮૦%થી વધુ ફેકલ્ટી પ્રતિનિધિત્વ સામાન્ય વિભાગમાંથી છે. આ આંકડાઓ વિવિધતા અને સમાવેશને સુનિશ્ચિત કરવા માટે બંધારણીય રીતે ફરજિયાત આરક્ષણના ધોરણોનું ગંભીરપણે ઉલ્લંઘન કરે છે.

ઓલ ઈન્ડિયા ઓબીસી સ્ટુડન્ટ્સ એસોસિએશન (AIOBCSA) દ્વારા સોમવારે નવી દિલ્હીમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં આ સ્પષ્ટ અસમાનતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. રાજ્યસભાના સાંસદ પી. વિલ્સન અને AIOBCSA રાષ્ટ્રીય અધ્યક્ષ કિરણ કુમાર ગૌડે આ કાર્યક્રમનું નેતૃત્વ કર્યું હતું, જેમાં વંચિત સમુદાયોના લોકોને પ્રણાલીગત રીતે બાકાત રાખવાના પ્રકાશિત કરતા ડેટા રજૂ કર્યા અને તેઓએ તાત્કાલિક સુધારાત્મક પગલાંની માંગણી કરી છે.

રાજ્યસભાના સાંસદ પી. વિલ્સન અને AIOBCSAના રાષ્ટ્રીય અધ્યક્ષ કિરણકુમાર ગૌડે પ્રેસને સંબોધિત કરી હતી, અને આવી પ્રીમિયર સંસ્થાઓમાં વંચિત સમુદાયોના લોકોને પ્રણાલીગત રીતે બાકાત રાખવાના પ્રકાશિત કરતા ડેટા રજૂ કર્યા હતા.

**આઘાતજનક આંકડા અને નીતિનું ઉલ્લંઘન**

સપ્ટેમ્બર ૨૦૨૪માં AIOBCSAને મળેલા RTI પ્રતિસાદોમાં IIM ઈન્દોર જેવી સંસ્થાઓમાં અપ્રમાણસર ફેકલ્ટી કમ્પોઝિશનનો ખુલાસો કર્યો હતો, જ્યાં ૯૭.૨% ફેકલ્ટી હોદ્દા સામાન્ય કેટેગરીની વ્યક્તિઓ પાસે છે, જેમાં અનુસૂચિત જાતિ (SC) અથવા અનુસૂચિત જનજાતિ (ST) માટે કોઈ પ્રતિનિધિત્વ નથી. IIM ઉદયપુર અને IIM લખનૌમાં પણ આવું સમાન વલણ જોવા મળ્યું હતું, જ્યાં ૯૦%થી વધુ ફેકલ્ટી જનરલ કેટેગરીના છે.

આઈઆઈટીમાં, પણ આ સંખ્યાઓ સમાન રીતે આવું જ દર્શાવે છે. IIT બોમ્બે અને IIT ખડગપુરમાં ૯૦%થી વધુ ફેકલ્ટી જનરલ કેટેગરી છે, જેમાં મંડી, ગાંધીનગર, કાનપુર, ગુવાહાટી અને દિલ્હીની IIT ૮૦-૯૦% જનરલ કેટેગરીની ફેકલ્ટી છે. સમગ્ર ૧૩ IIMમાં, ૮૨.૮% ફેકલ્ટી જનરલ કેટેગરીના છે, જ્યારે SCs (૫%), STs (૧%), અને OBCs (૯.૬%) છે અને તેમના માટેનું ફરજિયાત પ્રતિનિધિત્વ અનુક્રમે ૧૫%, ૭.૫% અને ૨૭% કરતાં ઘણું ઓછું છે.

તેવી જ રીતે, ૨૧ IITમાં, ૮૦% ફેકલ્ટી હોદ્દાઓ જનરલ કેટેગરી પાસે છે, જેમાં SC ૬%, STs ૧.૬% અને OBC ૧૧.૨% છે. આ ઉપરાંત, સેંકડો અનામત હોદ્દાઓ અપૂર્ણ છે. સાત IIMમાં ૨૫૬ ખાલી જગ્યાઓ છે, જેમાં OBC માટે ૮૮, SC માટે ૫૪ અને ST માટે ૩૦ સ્થાનો છે. અગિયાર IITમાં ૧,૫૫૭ ફેકલ્ટીની જગ્યાઓ ખાલી છે, જેમાં ૪૧૫ OBC માટે, ૨૩૪ SC માટે અને ૧૨૯ ST માટે અનામત છે.

AIOBCSAએ આ પ્રેસ મીટમાં, સાંસદ પી. વિલ્સને આ પરિસ્થિતિને બંધારણનું સંપૂર્ણ ઉલ્લંઘન ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, આરક્ષણ નીતિઓની આ સ્પષ્ટ અવગણના છે; તે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને એકેડેમિયામાં પ્રભાવની સ્થિતિમાંથી બાકાત રાખવાનો પ્રણાલીગત પ્રયાસ છે.

AIOBCSAના રાષ્ટ્રીય અધ્યક્ષ કિરણકુમાર ગૌડે આ મુદ્દે હસ્તક્ષેપની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, અને કહ્યું કે, આ ઓછા પ્રતિનિધિત્વ ધરાવતા જૂથોને તકો આપવામાં આવતી નથી. એસોસિએશને શિક્ષણ મંત્રાલયને અમુક માંગણીઓ રજૂ કરી હતી, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

૧. ફેકલ્ટી ભરતી પ્રક્રિયાઓની સ્વતંત્ર સમીક્ષા હાથ ધરવી.
૨. આરક્ષણ નીતિઓનું કડક પાલન લાગુ કરવું.
૩. પારદર્શક ફેકલ્ટી રોસ્ટર પ્રકાશિત કરવું.
૪. વિલંબ કર્યા વિના ખાલી અનામત જગ્યાઓ ભરવી.
૫. અનુપાલન સુનિશ્ચિત કરવા માટે જવાબદારીની પદ્ધતિઓ સ્થાપિત કરવી.

આ પ્રેસ મીટમાં AIOBCSAના રાષ્ટ્રીય સલાહકાર અલ્લા રામકૃષ્ણ, રાષ્ટ્રીય સંયોજક પંકજ રાજશેખર કુશવાહા અને અન્ય મુખ્ય હોદ્દેદારો પણ આવ્યા હતા. વક્તાઓએ ધ્યાન દોર્યું હતું કે IIT પટના અને IIM જમ્મુ જેવી સંસ્થાઓએ બતાવ્યું છે કે અનામત નીતિઓનો યોગ્ય અમલ શક્ય છે, જે દર્શાવે છે કે વર્તમાન નિષ્ફળતાઓ પ્રણાલીગત પડકારોને બદલે તેના માટે પ્રતિબદ્ધતાનો અભાવ દર્શાવે છે.

AIOBCSA દ્વારા શેર કરવામાં આવેલ ડેટા ભારતની શૈક્ષણિક સંસ્થાઓમાં સામાજિક ન્યાયની સ્થિતિ વિશે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. વિલ્સને નોંધ્યું હતું કે, જો આપણે આપણી પ્રીમિયર સંસ્થાઓમાં વિવિધતા અને પ્રતિનિધિત્વની ખાતરી કરી શકતા નથી, તો અમે તે જ સમુદાયોને નિષ્ફળ કરી રહ્યા છીએ જેમના ઉત્થાન માટે આ નીતિઓ બનાવવામાં આવી છે.

એસોસિએશને સર્વસંમતિ સાથે માંગ કરી છે કે માત્ર અમુક પગલાં લેવા એ અપૂરતા છે. બંધારણીય મૂલ્યોને જાળવવા અને સમાનતાને પ્રોત્સાહન આપવા માટે, આ સંસ્થાઓ ફેકલ્ટી પ્રતિનિધિત્વમાં સ્પષ્ટ અસમાનતાઓને સંબોધિત કરે અને અનામતની નીતિઓનો યોગ્ય અમલ થાય તેની ખાતરી કરે તે આવશ્યક છે.

- ગીતા સુનીલ પિલ્લઈ
(સૌ. : મૂકનાયક.કોમ)

## ૦ ગઝલ ૦

શ્વાસ તરવા જેટલું જળ જોઈએ,
માછલીને ક્યાં બધું તળ જોઈએ !

મૃગજળોના સૌ તમાશા આપના,
ઊંટને તો પાધરું થળ જોઈએ !

દેવ દાનવ સૌ જતા નિષ્ફળ અહીં !
દોસ્ત,દમયંતીને ફક્ત નળ જોઈએ.

કોણ જાણે ક્યારે એ આવી મળે ?
મોતને તો બસ મોતની પળ જોઈએ.

એ ય સમસ્યા છે નવા આ વિશ્વની !
શાંતિ કાજે કેટલા દળ જોઈએ !?

એ ખરું,કે શબ્દ શક્તિ છે છતાં !
મૌન રહેવામાં ઘણું બળ જોઈએ.

ખૂબ છે મુશ્કેલ ખુદમાં ઝાંખવું,
ખોલવા ખુદને ખરી કળ જોઈએ.

એટલે તો હું થયો 'મૌલિક' પછી,
ભીડ સંગે કેટલાં છળ જોઈએ !?

- એ. ટી. સિંધી 'મૌલિક' (પાલનપુર)

# હઝરત રૂકૈયા (રદીઅલ્લાહુ અનહા)

(ઈસ આ.૬૦૩-૬૨૪)

હઝરત રૂકૈયા રદી. રસુલલ્લાહ (સ.અ.વ.) સાહેબ અને હઝરત ખદીજા રદી.ના ત્રીજા સંતાન અને બીજા સુપુત્રી હતા. એમનો જન્મ હઝરત ઝયનબ રદી. પછી આમૂલ ફીલ (અબરહ બાદશાહે કાબા શરીફ પર ચઢાઈ કરવાનો પ્રયત્ન કર્યો હતો – એ હાથીઓના વર્ષ)થી ૩૩ વર્ષ અને નબી (સ.અ.વ.)સાહેબે પોતાની નબુવ્વત જાહેર કર્યાના સાત વર્ષ તથા મદીના હિજરતથી ૧૯ વર્ષ પહેલાં મક્કામાં થયો હતો. એ વખતે રસુલલ્લાહ (સ.અ.વ.)સાહેબની ઉમર ૩૩ વર્ષ હતી.

રસુલલ્લાહ (સ.અ.વ.)સાહેબ પર વહી અવતરિત થઈ ત્યારે હઝરત રૂકૈયા રદી.ની ઉમર સાત વર્ષ હતી. એ જ દિવસે એમના માતા હઝરત ખદીજા રદી.અને બાળકો -હઝરત અલી રદી. (તેઓ હુઝુર (સ.અ.વ.)સાહેબના ઘરમાં જ રહેતા હતા), હઝરત ઝયનબ રદી., હઝરત રૂકૈયા રદી. હઝરત ઉમ્મે કુલસુમ રદી. અને હઝરત ફાતિમા રદી. એ પણ કલમો પઢી ઈસ્લામ સ્વીકારી લીધો હતો.

હુઝુર (સ.અ.વ.)સાહેબ કુરેશના બનુહાશિમ જેવા ઉચ્ચ કબીલાથી સંબંધ હતો અને આપ (સ.અ.વ.)સાહેબ નબુવ્વત પહેલા મક્કાના

## પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

પ્રતિષ્ઠિત વેપારીઓમાંથી એક ગણાતા હતા. હઝરત ખદીજા રદી.ની ખ્યાતિ એક મોટા વેપારી અને ખૂબ જ પવિત્ર સ્ત્રી તરીકેની હતી. તેથી હઝરત રૂકૈયા રદી. માટે કોઈ પ્રતિષ્ઠિત કુટુંબના નબીરાની શોધ કરવામાં આવી. હુઝુર (સ.અ.વ.)સાહેબના કાકાઓમાં હઝરત અબ્બાસ રદી.નબી (સ.અ.વ.)સાહેબથી થોડાક જ મોટા હતા એમને ત્યાં હજી કોઈ પુત્ર થયો નહતો, બીજા એક કાકા અબુ લહબને બે પુત્રો હતા એમાંથી એક ઉત્બા સાથે હઝરત રૂકૈયા રદી.ની સગાઈ અને પછી નિકાહ કરવામાં આવ્યા હતા, પરંતુ વળાવવામાં આવ્યા નહોતા. કેમ કે હજી એ વખતે એમની ઉમર લગભગ સાત વર્ષની હતી. આ લગ્ન ખૂબ જ ટૂંક સમય સુધી જ રહ્યા.

એનું કારણ એ હતું કે નબી (સ.અ.વ.)સાહેબ જયારે મક્કાના મૂર્તિ પૂજકોને એક અલ્લાહને માની એની ઈબાદત કરવાનું આમંત્રણ આપી રહ્યા હતા ત્યારે અબુ લહબ આપનો સૌથી મોટો વિરોધી હતો. સ્વાભાવિક રીતે જ બંને વચ્ચે સારા સંબંધ રહ્યા નહોતા. ઈબ્ને હિશામ અને સહી બુખારીથી પણ આ બાબતનું સમર્થન મળે છે. સુરહ તબ્બત યદા અબુ લહબના વિરોધના કારણે જ અવતરિત થઈ હતી. અબુ લહબને આ સાંભળી ખોટું લાગ્યું હતું અને કદાચ આ જ બાબત હઝરત રૂકૈયા અને ઉત્બાના છૂટાછેડાનું કારણ બની હોય. ઈસ ૬૧૩માં તેઓ લગભગ દસ વરસના હતા ત્યારે ઉત્બાથી છૂટાછેડા થઈ ગયા હતા.

અને એ જ વર્ષે એમના લગ્ન હઝરત ઉસ્માન બિન અફાન રદી.સાથે થયા. હઝરત ઉસ્માન રદી. પણ એક ઈજ્જતદાર કુટુંબથી સંબંધ ધરાવતા હતા. હઝરત ઉસ્માન રદી. પિતૃ પક્ષે રસુલલ્લાહ (સ.અ.વ.)સાહેબના ભત્રીજા અને માતૃ પક્ષે ભાણિયા થતા હતા. હઝરત રૂકૈયા રદી. અને હઝરત ઉસ્માન રદી. લગ્ન જીવનમાં ખુશ હતા.

જયારે હઝરત રૂકૈયા રદી. બાર વર્ષના હતા ત્યારે હઝરત ઉસ્માન રદી. સાથે હબશા તરફ પહેલી વાર હિજરત કરવાનો પ્રસંગ આવ્યો. હુઝુર (સ.અ.વ.)સાહેબ એમના ખબર અંતર કાઢતા રહેતા હતા પરંતુ કેટલોક સમય કોઈ ખબર ન આવી તો આપે (સ.અ.વ.)સાહેબે ફરમાવ્યું 'અલ્લાહ એ બંને પર કૃપા કરે. નિઃશંકપણે હઝરત ઉસ્માન રદી.(આ ઉમ્મતમાં) પ્રથમ વ્યક્તિ છે જેને હઝરત લૂત અસ.પછી પોતાની પત્નીને લઈને અલ્લાહના માર્ગમાં વતન છોડવું પડ્યું. (એક કથન મુજબ હઝરત લૂત અસ. સાથે હઝરત ઈબ્રાહીમ અસ.નો પણ ઉલ્લેખ છે કે એમણે પણ અલ્લાહના માર્ગમાં પોતાની પત્ની સાથે હિજરત કરી હતી.)

હઝરત ઉસ્માન અને હઝરત રૂકૈયા રદી. ઈથીયોપીયામાં લગભગ આઠ વર્ષ રહ્યા. હઝરત રૂકૈયા રદી. જયારે પંદર વર્ષના હતા ત્યારે એમને ગર્ભપાત થઈ ગયું હતું. ઈસ ૬૨૧માં તેઓ લગભગ અઢાર વર્ષના હતા ત્યારે પુત્ર જન્મ્યો હતો. એનું નામ અબ્દુલ્લાહ રદી. રાખવામાં આવ્યું. તેથી હઝરત ઉસ્માન રદી.ની કુનિયત અબુ અબ્દુલ્લાહ હતી. હઝરત રૂકૈયા રદી. જયારે ઓગણીસ વર્ષના હતા ત્યારે પતિ પત્ની બંને મક્કા આવી ગયા હતા. એ પછી જયારે મદીના મુનવ્વરા તરફ હુઝુર (સ.અ.વ.)સાહેબ પોતાના સહાબા સાથે હિજરત કરી ગયા હતા ત્યારે હુઝુર (સ.અ.વ.)સાહેબ મદીના પહોંચે એ પહેલા હઝરત ઉસ્માન રદી. એકલા મદીના પહોંચી ગયા હતા અને હઝરત રૂકૈયા રદી. હજી મક્કામાં જ હતા. તેઓ હુઝુર (સ.અ.વ.)સાહેબના મદીના પહોંચી ગયા બાદ મદીના ગયા હતા. આમ હઝરત રૂકૈયા રદી.એ ભાગ્યશાળી સુપુત્રીઓમાંથી હતા જેમને બે હિજરત કરવાની તક મળી.

મદીના મુનવ્વરામાં હઝરત ઉસ્માન રદી.ઓસ બિન સાબિત (હઝરત હ્સાન બિન સાબિત રદી.ના ભાઈ) અન્સારીના ઘરે ઉતર્યા હતા. હઝરત ઓસ બનુ નજ્જારથી હતા. વીસ વરસના હઝરત રૂકૈયા પણ ત્યાં જ આવીને રોકાયા. હુઝુર (સ.અ.વ.)સાહેબ પણ બનુ નજ્જારના હઝરત અબુ ઐયુબ અન્સારી રદી.ના ઘરે રોકાયા હતા. આમ હઝરત રૂકૈયા રદી.ને પોતાના પિતાની નજીકમાં રહેવાનો અવસર મળ્યો હતો.

હઝરત ઉસ્માન રદી. એક સફળ અને ધનવાન વેપારી હતા. સાથે સાથે ખૂબ ગની (ઉદાર) પણ હતા. તેથી તેઓ 'ઉસ્માને ગની' તરીકે ઓળખાયા. એમની અને હઝરત રૂકૈયાનું જીવન સ્વાભાવિક રીતે જ સુખી હતું. તેઓ ખૂબ આરામથી રહેતા હતા. અગિયાર વર્ષના દામ્પત્ય જીવનમાં એમની વચ્ચે કોઈ કકળાટ થયો નહતો. હઝરત ઉસ્માન રદી. હઝરત રૂકૈયા રદી. સાથે જે પ્રેમભર્યો સદ્વર્તાવ કર્યો એનાથી હુઝુર (સ.અ.વ.)સાહેબ હઝરત ઉસ્માન રદી.થી ખૂબ ખુશ હતા.

૨૧ વર્ષની આયુમાં રમઝાન બે હિજરીમાં હઝરત રૂકૈયા રદી.ને ચેચકના દાણા નીકળી આવ્યા. આ એ સમય હતો જયારે બદરના યુદ્ધની તૈયારીઓ ચાલી રહી હતી. ૧૨ રમઝાનના દિવસે નબી (સ.અ.વ.)સાહેબ સહાબાએ કિરામને લઈને બદર તરફ રવાના થયા. ૧૭ રમઝાનના દિવસે બદરનું યુદ્ધ થયું. હુઝુર (સ.અ.વ.)સાહેબ હઝરત રૂકૈયા રદી.ની દેખભાળ માટે હઝરત ઉસ્માન રદી. અને હઝરત ઉસામા બિન ઝેદ રદી.ને મદીના છોડીને આવ્યા હતા. જે દિવસે હઝરત ઝેદ બિન હારીસા રદી. બદર યુદ્ધના વિજયની ખુશખબરી લઈને આવ્યા એ જ દિવસે હઝરત રૂકૈયા રદી.નું અવસાન થયું હતું. (જોકે હઝરત ઉસ્માન રદી. બદરના યુદ્ધમાં શારીરિક રીતે સામેલ નહોતા થયા પરંતુ હુઝુર (સ.અ.વ.)સાહેબ બદરના યુદ્ધમાં સામેલ સહાબાને માલે ગનીમતનું વિતરણ કર્યું તો એક હિસ્સો હઝરત ઉસ્માનનો પણ રાખ્યો હતો.) હઝરત રૂકૈયા રદી.ને જન્નતુલ બકીમાં દફનાવવામાં આવ્યા. હઝરત રૂકૈયા રદી.નો ઉછેર ચુસ્ત ઈસ્લામી ઘરમાં થયો. કેટલા ભાગ્યશાળી હતા એ કે અલ્લાહના આખરી રસુલ (સ.અ.વ.)સાહેબ એમના પિતા અને ઉમ્મુલ મોમીનીન હઝરત ખદીજા રદી.એમના માતા હતા ! તેઓ તકવા (સંયમ), ઝુહદ, શિષ્ટાચાર, પવિત્રતા, લજ્જા અને વર્તાવમાં એકદમ ઉચ્ચ હતા. એમનાથી કોઈ હદીસ રિવાયત નથી થઈ.

Email. :-msaeed181@gmail.com
(મો. ૯૬૨૪૦૪૬૬૭૭)

(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)

# નકલી માહિતી બનાવીને, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો દુરુપયોગ : આ અંગે કોઈ વ્યાપક કાયદાની જરૂર છે ખરી ?

વિશ્વની બીજી સૌથી મોટી વસ્તી ધરાવતો ભારત દેશ આજે આર્થિક વૃદ્ધિમાં હરણફાળ ભરે છે ત્યારે AI ગ્રહણ કરવામાં તેનો નોંધપાત્ર વધારો દેખાય રહ્યો છે. નકલી સમાચાર, ડીપ ફેક (નકલી ચહેરાવાળો ફોટો કે વીડિયો) અને નકલી વિડિયોના ફેલાવાને લગતો વ્યાપક AI નીતિનો અભાવ, ગંભીર જોખમો ઉભો કરે છે. નિયમનો ન હોવાને કારણે દૂષિત કામકર્તાઓને બિન્દાસ તેનો બેફામ ઉપયોગ કરીને જાહેર વિશ્વાસ, સામાજિક સ્થિરતા અને લોકશાહી પ્રક્રિયાઓને નબળી પાડે છે. આવા દુરુપયોગને રોકવા માટે અને AIને નિયંત્રિત કરવા શુ કરી શકાય, તે અંગે આ લેખ છે.

**ચૂંટણીની ખોટી માહિતી અને AI :** આપણે જાણીએ છીએ કે, આજે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિશ્વને પુનઃઆકાર આપી રહ્યું છે. ભારતમાં નીચલી અદાલતોમાં અનુવાદમાં મદદ કરવાથી માંડીને રસીના વિકાસ માટેના જૈવિક માર્ગોનું પૃથ્થકરણ અને આગાહી કરવા સુધી- ભાગ્યે જ એવું કોઈ ક્ષેત્ર હશે કે જેમાં ઈેનો ઉપયોગ ન થતો હોય. ભારત દેશમાં કે જ્યાં ઈન્ટરનેટનું પ્રમાણ વધુ છે, ત્યાં છબીઓ, વૉઈસ નોટ્સ અને ડીપ ફેક વિડિયો જેવા વાસ્તવિક જીવન જનરેટ કરવાની AIની ક્ષમતા આજે સમસ્યાઓનું કારણ બની રહી છે. આમ તો ખોટા સમાચાર અને ખોટી માહિતી તો AIના આગમન પહેલા પણ પ્રચલિત હતી પણ હવે AIનો ઉપયોગ સામાન્ય બની ગયો તે પછી તો આ એક મોટી સમસ્યાઓ બની ગઈ છે. તાજેતરમાં, NCP (શરદ પવાર)ના નેતા અને બારામતીના સાંસદ સુપ્રિયા સુલે અને કૉંગ્રેસના નેતા નાના પટોલે-ની એક ઑડિયો ક્લિપ ભારતીય જનતા પાર્ટી દ્વારા રિલીઝ કરવામાં આવી હતી, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેઓ બિટકોઇન સંબંધિત નાણાકીય છેતરપિંડી સાથે સંકળાયેલા છે. જોકે નિષ્ણાતોએ આ ઓડિયો ક્લિપ્સને 'સંભવિત AI' તરીકે ઓળખી હતી.

ભારતમાં, AI અને ડીપફેક્સની સ્વીકૃતિ આશ્ચર્યજનક છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ દરમિયાન, વડાપ્રધાને પોતે સેટ-અપ જેવા રોક કોન્સર્ટમાં ડાન્સ કરતા એક AI જનરેટેડ મેમ વીડિયો ટ્વીટ કર્યો હતો અને મજાકીયા ટિપ્પણી કરી હતી કે "તમારા બધાની જેમ, મને પણ મારી જાતને ડાન્સ કરતા જોઈને આનંદ થયો છે. ચૂંટણીની પરાકાષ્ઠાના સમયમાં આવી સર્જનાત્મકતા ખરેખર આનંદની વાત છે. પશ્ચિમ બંગાળ પોલીસે પણ વપરાશકર્તાઓને બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજી દર્શાવતા સમાન વિડિયો શેર ન કરવા ચેતવણી આપી હતી. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીઓ દરમિયાન હિન્દી સિનેમાના કલાકારો રણવીરસિંહ અને અમીરખાનના કોંગ્રેસનો પ્રચાર કરતા નકલી વીડિયો ફરતા થયા હતા.

તેલંગાણામાં ગૃહપ્રધાન અમિત શાહનો ચેડાં કરેલો વીડિયો ફરતો મુકવા બદલ કૉંગ્રેસ IT સેલના અમુક સભ્યોની CrPC અને IPC જેવા સામાન્ય ફોજદારી કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. તાજેતરમાં, ટેક્નોલોજી કંપની મેટાના ગ્લોબલ અફેર્સના પ્રેસિડેન્ટે જણાવ્યું હતું કે, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI)એ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વગેરે સહિતના તેના પ્લેટફોર્મની સરખામણીમાં આ વર્ષે વૈશ્વિક ચૂંટણીઓ પર જ સાધારણ અસર કરી હતી. જો કે, મેટા અને તેના પ્લેટફોર્મ્સ, AI ઈકોસિસ્ટમનો માત્ર એક ભાગ જ છે.

અબજોપતિ એલોન મસ્કે, યુનાઈટેડ સ્ટેટ્સમાં રાષ્ટ્રપતિ માટે ડોનાલ્ડ ટ્રમ્પને ખુલ્લેઆમ સમર્થન આપ્યું છે-એ ૨૦૨૪ના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કમલા હેરિસના અવાજવાળી નકલી વૉઈસ નોટ (બીજા વપરાશકર્તા દ્વારા જનરેટ કરવામાં આવી છે) પોસ્ટ કરી છે, જે ખરેખર વાસ્તવિક જીવનમાં તેમણે કરી ન હતી. આ વિડિયો એલોન મસ્કની માલિકીની સોશિયલ સાઈટ-X પર ૧૩૫ મિલિયનથી વધુ વ્યૂઝ ધરાવે છે. ચૂંટણી દરમિયાન AIનો ઉપયોગ, ડીપ ફેક અને અન્ય AI જનરેટ કરેલી ખોટી માહિતીને નિયંત્રિત કરવાના મુદ્દાને આગળ લાવ્યો છે.

**ભારતમાં AI પર શું નીતિઓ છે ? :** ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અંગે કોઈ એક વ્યાપક નીતિ નથી. ભારતે તાજેતરમાં જ ૨૦૨૩માં તેનો ડેટા પ્રોટેક્શન એક્ટ મેળવ્યો છે જે ધીમી ગતિને પ્રકાશિત કરે છે જેની સાથે ટેક્નોલોજી સંબંધિત કાયદો અમલમાં આવશે. આ એટલા માટે પણ હતું કારણ કે સરકારે સંયુક્ત સંસદીય સમિતિના અહેવાલ અનુસાર તેના બિલમાં ફેરફાર કરવો પડ્યો હતો. ભારતમાં AI પરના નીતિ દસ્તાવેજો તમામ વિભાગો દ્વારા



> **આજના યુગમાં AI એક અનિવાર્ય અને સરળ સાધન બની ગયું છે. આજે તેનો ઉપયોગ કરીને નકલી છબીઓ અને લક્ષિત ખોટી માહિતી ઊભી કરવામાં આવે છે, જેના થકી તે ઈન્ટરનેટ પ્રભાવિત વિશ્વની અસરને વધુ નુકસાન પહોંચાડવાની ક્ષમતા ધરાવે છે**

માર્ગદર્શક દસ્તાવેજો અથવા વ્યૂહરચના છે. ઉદાહરણ તરીકે, NITI આયોગે ૨૦૧૮માં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટેની રાષ્ટ્રીય વ્યૂહરચના બહાર પાડી હતી. NSAIના મુખ્ય હાઈલાઈટ્સમાં સામાન્ય વૈશ્વિક પડકારો માટે સ્કેલેબલ અલ સોલ્યુશન્સ બનાવીને વિકાસશીલ અર્થતંત્રો માટે વૈશ્વિક "AI Garage" તરીકે પોતાને સ્થાન આપવાનું ભારતનું વિઝન સામેલ છે. ઉચ્ચ-પ્રાથમિક ક્ષેત્રોમાં ઈે પ્રોજેક્ટ્સનું પાઈલોટિંગ, AI ઈનોવેશન માટે એક મજબૂત ઈકોસિસ્ટમનું નિર્માણ અને જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં હિતધારકોને જોડવા, ત્રિ-પાંખીય અભિગમની પણ હિમાયત કરે છે. વધુમાં, વ્યૂહરચના લેટ-મૂવર ફાયદા પર ભાર મૂકે છે, જે ભારતને વૈશ્વિક AI લેન્ડસ્કેપમાં લીપફ્રોગ કરવા માટે હાલની તકનીકોને અનુકૂલિત કરવા અને નવીનતા લાવવા પ્રોત્સાહિત કરે છે. આ સિવાય, ૨૦૦૦નો ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ અને ૨૦૨૩ના ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ જેવા કાયદાઓ ડેટા સંરક્ષણ અને દુરુપયોગના કેટલાક પાસાઓને સંબોધિત કરે છે, તેઓ ઝડપથી વિકસિત થતી AI ટેક્નોલોજીઓ દ્વારા ઊભા થયેલા પડકારોને વ્યાપકપણે સંબોધવામાં ઓછા પડે છે.

**શું ભારતને વ્યાપક કાયદાની જરૂરત છે ?**

આ અંગે નિષ્ણાતોના અલગ-અલગ મંતવ્યો છે. કાર્નેગી ઈન્ડિયાના તાજેતરના પેપરમાં નોંધવામાં આવ્યું છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર વ્યાપક કાયદાની જરૂરિયાત પર કોઈ સર્વસંમતિ નથી. તેની સામેની દલીલોમાં નવીનતાને દબાવી દેવાની ચિંતા, આવા કાયદાની અકાળ પ્રકૃતિ, AIની વિકસતી ગતિ અને IT એક્ટ જેવા હાલના કાયદાઓની અસરકારકતાનો સમાવેશ થાય છે. જો કે, કેટલાક નવા જોખમોને સંબોધવા, મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા, જવાબદારી સુનિશ્ચિત કરવા અને વૈશ્વિક ધોરણો સાથે સંરેખિત કરવા માટે સમર્પિત AI કાયદાની હિમાયત કરે છે. વૈકલ્પિક અભિગમો, જેમ કે સ્વ-નિયમન, સહ-નિયમન અને ક્ષેત્ર-વિશિષ્ટ નિયમો, નિષ્ણાતો સૂચવે છે.

જ્યારે કોઈપણ ટેક્નોલોજી સંબંધિત કાયદા માટે આ કેસ છે, ત્યારે AI એ એક મુખ્ય ક્ષેત્ર છે જેમાં ઉદ્યોગના અગ્રણીઓ પણ નિયમન માટે ખુલ્લા છે, જો કે તે નવીનતાને અવરોધે નહીં. તેથી, લોકોના મોટા હિતો અને તેમની સેવા કરવાની જરૂરિયાત એ 'નવીનતાને જાળવવાની જરૂરિયાત' ઉપર પ્રબળ હોવી જોઈએ જે વિજ્ઞાનથી જનતાને લાભ થાય તેવા કોઈપણ પગલા સામે દલીલ તરીકે વારંવાર ફેંકવામાં આવે છે.

**જુઠ્ઠા સમાચારો વિશે શું કરાય :** લોકશાહી અને સામાજિક સંવાદિતા જાળવવા માટે AI-જનરેટેડ ખોટા સમાચારને સંબોધિત કરવા જરૂરી છે. મુખ્ય વ્યૂહરચનાઓ, પારદર્શિતા, જાહેર જાગૃતિ, તકનીકી હસ્તક્ષેપ, નિયમન અને સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**પારદર્શિતા અને જવાબદારી :** ઝુંબેશ અને અધિકારીઓએ જાહેર ચકાસણી સુનિશ્ચિત કરવા માટે અલ્ગોરિધમ્સ, ડેટા અને ઉદ્દેશ્યો સહિતનો ઉપયોગ જાહેર કરવો જોઈએ. સ્વતંત્ર દેખરેખ સંસ્થાઓએ ચૂંટણીમાં AI પર દેખરેખ રાખવી જોઈએ, નૈતિક પ્રથાઓ લાગુ કરવી જોઈએ અને ઉલ્લંઘનોને અસરકારક રીતે નિયંત્રિત કરવું જોઈએ.

**જાહેર જાગૃતિ અને મીડિયા સાક્ષરતા :** વ્યાપક ડિજિટલ સાક્ષરતા ઝુંબેશ મતદારોને જનરેટેડ સામગ્રી ઓળખવા માટે સશક્ત બનાવી શકે છે. હકીકત-તપાસ કરતી સંસ્થાઓને સમર્થન આપવું અને મીડિયા આઉટલેટ્સ સાથે સહયોગ કરવાથી ખોટી માહિતીનો સામનો કરી શકાય છે અને જવાબદાર રિપોર્ટિંગને પ્રોત્સાહિત કરી શકાય છે.

**તકનીકી હસ્તક્ષેપ :** કૃત્રિમ સામગ્રીને શોધવા અને લેબલ કરવા માટે AI ટૂલ્સનો વિકાસ કરવો મહત્વપૂર્ણ છે.

AI-જનરેટેડ મીડિયા માટે વોટરમાર્ક્સ અને લેબલોનો વ્યાપક ઉપયોગ નકલી સામગ્રીથી વાસ્તવિકને અલગ પાડવામાં મદદ કરી શકે છે અને માહિતીના સ્ત્રોતોમાં વિશ્વાસને પ્રોત્સાહન આપી શકે છે.

**રેગ્યુલેટરી ફ્રેમવર્ક :** નવા અથવા અપડેટ કરેલા કાયદાઓએ AI-જનરેટેડ જુઠ્ઠા ન્યૂઝના સંચાલનમાં અંતરાલને દૂર કરવું આવશ્યક છે. સંતુલિત, નવીનતા-મૈત્રીપૂર્ણ અભિગમ નિર્ણાયક છે. નૈતિક AI વિકાસ માર્ગદર્શિકાએ વિકાસકર્તાઓ અને સંશોધકો વચ્ચે જવાબદારીને પ્રોત્સાહન આપવું જોઈએ.

**AI ગવર્નન્સ બોડી :** એક સમર્પિત ઈે ગવર્નન્સ બોડી વ્યાપક માર્ગદર્શિકા સ્થાપિત કરી શકે છે, તમામ ક્ષેત્રોમાં AIના ઉપયોગનું નિરીક્ષણ કરી શકે છે અને ઉભરતા પડકારોને સંબોધિત કરી શકે છે. આ Meity જેવી સંસ્થાઓ પર નિર્ભરતા ઘટાડે છે અને વિશિષ્ટ દેખરેખ અને સક્રિય નિયમનની ખાતરી કરે છે. આ સંસ્થા સરકાર દ્વારા AIના ઉપયોગને નિયંત્રિત કરવા માટે પૂરતી સ્વતંત્ર હોવી જોઈએ કારણ કે સરકાર જ્યારે નાગરિક અધિકાર ચળવળો અને કાર્યકરો સામે કૂચ કરવા માંગે છે ત્યારે ડેટા વિશ્લેષણમાં AIનો ઉપયોગ કરીને તેને એક પ્રચંડ બળ બનાવે છે.

**મલ્ટી-સ્ટેકહોલ્ડર સહયોગ :** AI કંપનીઓએ સ્વ-નિયમન અને નૈતિક પ્રથાઓ અપનાવવી જોઈએ. સરકારો, ટેક ફર્મ્સ, સંશોધકો અને નાગરિક સમાજે અસરકારક, માપી શકાય તેવા ઉકેલો વિકસાવવા માટે કુશળતાનો ઉપયોગ કરીને, વહેંચાયેલ પહેલ પર સહયોગ કરવો જોઈએ.

**નિષ્કર્ષ :** AI અહીં જ રહેવાની છે અને આપણા જીવન પર તેની અસર માત્ર સમય સાથે વધતી જશે. જ્યારે તેની નવીનતા અને પ્રગતિની સંભાવના નિર્વિવાદ છે, તેથી તે જે જોખમમાં પણ તે ખોટી માહિતી અને ઊંડા બનાવટીની વાત આવે છે. હવે એ પ્રશ્ન નથી કે આપણે આ પડકારોનો સામનો કરવો જોઈએ કે કેમ પરંતુ આપણે તે કેટલી ઝડપથી અને અસરકારક રીતે કરી શકીએ છીએ. સરકારોએ નવીનતાને પ્રોત્સાહન આપતી વખતે AIને નિયમન કરવા માટે સ્વતંત્ર, કાયદાના નિયમ-આધારિત મિકેનિઝમ્સની સ્થાપના કરવાની જરૂર છે. માત્ર તકનીકી પ્રગતિ માટે જ નહીં, પરંતુ AI-સંચાલિત વિશ્વમાં લોકશાહી, સામાજિક વિશ્વાસ અને વ્યક્તિગત અધિકારોની સુરક્ષા માટે તેના સંતુલન પર પ્રહાર કરવો નિર્ણાયક છે.

**(સૌ. : સબરંગ ઈન્ડિયા)**

# પ્રિન્ટ જર્નાલિઝમનું ભાવિ જોખમમાં છે : દેશના દરેક ઘરમાં એક વર્તમાન પત્ર (અખબાર) શા માટે આવવું જ જોઈએ



> **આજના સમયમાં પ્રિન્ટ જર્નાલિઝમ એ કટોકટીની સ્થિતિમાં છે. ભારતમાં અખબારોનું પરિભ્રમણ વસ્તી વૃદ્ધિના સાપેક્ષમાં અટકી ગયું હોય તેવું લાગે છે, એટલે કે વર્તમાનપત્રોમાં સમાચાર વાંચતા લોકોનું પ્રમાણ ઘટી ગયું છે.**

આજના સમયમાં પ્રિન્ટ જર્નાલિઝમ એ કટોકટીની સ્થિતિમાં છે. ભારતમાં અખબારોનું પરિભ્રમણ વસ્તી વૃદ્ધિના સાપેક્ષમાં અટકી ગયું હોય તેવું લાગે છે, એટલે કે વર્તમાન પત્રોમાં સમાચાર વાંચતા લોકોનું પ્રમાણ ઘટી ગયું છે. વધુને વધુ વાચકો હવે મફત ઓનલાઈન સમાચાર સ્ત્રોતો તરફ જઈ રહ્યા છે અને અખબારોનું પરિભ્રમણ એ વૃદ્ધિ વસ્તી વિષયક વિસ્તરણ સાથે વધવામાં નિષ્ફળ રહ્યું છે. ભારતની વિશાળ વસ્તીને જોતાં (જે જાપાન કરતાં લગભગ દસ ગણી વધારે છે) તે બાબત એ છે કે ભારતમાં માત્ર એટલા જ અખબારો છે જેનું ચલણ જાપાન કરતાં દસ લાખથી વધુ છે.

જો પ્રિન્ટ જર્નાલિઝમના આ ઘટાડા પર ધ્યાન આપવામાં ન આવે તો તે આપણા લોકશાહીના મૂળભૂત મૂલ્યો માટે પણ તે ગંભીર ખતરો પેદા કરી શકે છે. આ ઘટાડાનાં સંભવિત પરિણામો અવગણવા ખૂબ ગંભીર બની શકે છે. આજે મફત સમાચાર જેવી કોઈ વસ્તુ નથી, જેમ મફત લંચ જેવી કોઈ વસ્તુ નથી. નિ:શુલ્ક ઑનલાઈન સમાચાર ખરેખર મફત નથી; તેની સાથે છુપાયેલા ખર્ચ પણ સાથે આવે છે, જેમ કે સોશિયલ મીડિયા પરના સમાન અલ્ગોરિધમ્સ, જે સનસનાટીભરી વાર્તાઓને પ્રાધાન્ય આપે છે, અને તે ખોટી માહિતી અને ધ્રુવીકરણમાં વધારો કરે છે.

'બ્રેન રોટ', જેને ઓક્સફર્ડ વર્ડ ઓફ ધ યર ૨૦૨૪ નામ આપવામાં આવ્યું છે, તેને વ્યક્તિની માનસિક અથવા બૌદ્ધિક સ્થિતિની માનવામાં આવતી ખરાબ સ્થિતિ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, અને ખાસ કરીને તુચ્છ અથવા પડકારજનક માનવામાં આવતી સામગ્રી જે હવે ખાસ કરીને ઑનલાઈન સામગ્રીના વધુ પડતા વપરાશના પરિણામે જોવામાં આવે છે. ૨૦૨૩થી ૨૦૨૪ સુધીમાં આ શબ્દના ઉપયોગમાં તેની આવર્તનમાં ૨૩૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા 'બ્રેન રોટ'ને વર્ડ ઓફ ધ યરની જાહેરાત કરવામાં આવી ત્યારથી માનસિક સ્વાસ્થ્ય પર અતિશય ઑનલાઈન સામગ્રી વપરાશની સંભવિત નકારાત્મક અસર વિશે ચર્ચા થઈ રહી છે, અને તે ખાસ કરીને બાળકો અને યુવાન લોકો પર વધુ અસર કરે છે.

યુ.એસ.માં ન્યુપોર્ટ ઈન્સ્ટિટ્યૂટના જણાવ્યા મુજબ, તે એક મગજની ખરાબ વર્તણૂક છે, જેમાં લાંબા સમય સુધી નકારાત્મક અને દુઃખદાયક સમાચાર ઓનલાઈન શોધવાનો સમાવેશ થાય છે; અને તેના પરિણામોમાં માહિતીને વ્યવસ્થિત કરવામાં, સમસ્યાઓ ઉકેલવામાં, નિર્ણયો લેવા અને માહિતીને યાદ કરવામાં મુશ્કેલીનો સમાવેશ થાય છે. આ સંસ્થા સલાહ આપે છે કે, સંવેદનાત્મક અને નકારાત્મક સમાચારોને વશ ન થવું જોઈએ. તમારા મીડિયા સ્ત્રોતોમાં વૈવિધ્ય જાળવી રાખવું જોઈએ જેથી કરીને તમે વધુ સંતુલિત રીતે વિશ્વનું પરિપ્રેક્ષ્ય જાળવી શકો. ટૂંકા, અને માત્ર ક્લિક-કરવામાં આવેલા નાના વીડિયો અને સમાચાર પર કેન્દ્રિત ઓનલાઈન આઉટલેટ્સથી વિપરીત, પ્રિન્ટ અખબારો વર્તમાન ઘટનાઓનું ગહન કવરેજ પ્રદાન કરે છે.

આવા રિપોર્ટિંગ દ્વારા કેપ્ચર કરી શકાય તેવી વિગતો મળી શકે છે, જે ડિજિટલ લેન્ડસ્કેપ પર પ્રભુત્વ ધરાવતા નાના લેખો અથવા સોશિયલ મીડિયા પોસ્ટ્સ ક્યારેય કેપ્ચર કરી શકશે નહીં. મુદ્રિત અખબારોએ ઉચ્ચ સંપાદકીય ધોરણો જાળવી રાખ્યા છે અને તેનો કાયમી રેકોર્ડ રાખ્યો છે જે પારદર્શક પણ છે. ડિજિટલ વાર્તાઓ, તેનાથી વિપરીત, સંપાદિત કરી શકાય છે, દૂર કરી શકાય છે. એવા યુગમાં જ્યાં નકલી સમાચાર સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાય છે, ત્યારે પ્રિન્ટ અખબારો ચકાસાયેલ માહિતીનો વિશ્વસનીય સ્ત્રોત ગણવામાં આવે છે. જાપાનનું મજબૂત અખબાર પરિભ્રમણ પ્રિન્ટ મીડિયાનું મૂલ્ય દર્શાવે છે.

જાપાનમાં યોમિઉરી શિમ્બુન અને અસાહી શિમ્બુન જેવા અગ્રણી દૈનિકોની દરરોજ લાખો નકલો વેચાય છે. ભૌતિક અખબારો માટેની આ સાંસ્કૃતિક પસંદગી અખબારોની ક્લબની લોકપ્રિયતામાં પ્રતિબિંબિત થાય છે, જે શાળાઓ, યુનિવર્સિટીઓ અને સમુદાય કેન્દ્રોમાં જોવા મળે છે. સમાચાર વાર્તાઓની ચર્ચા અને વિશ્લેષણ કરીને, આ ક્લબના સભ્યો પત્રકારત્વની પ્રશંસા કરે છે અને સક્રિય, જવાબદાર નાગરિક બનવાનું શીખે છે, જે તંદુરસ્ત લોકશાહી માટે નિર્ણાયક છે. સામાન્ય રીતે, ઓનલાઈન ન્યૂઝ પ્લેટફોર્મ એલ્ગોરિધમનો ઉપયોગ કરે છે જે ફક્ત વપરાશકર્તાઓને જ એવા જ સમાચાર આપે છે જેમાં તેઓ પહેલેથી જ રસ ધરાવતા હોય, જેનાથી તેમની માહિતીની વ્યાપક શ્રેણીના સંપર્કમાં રહેવામાં ઘટાડો થાય છે.

ક્લિકબેટ રિપોર્ટિંગ દ્વારા વર્ચસ્વ ધરાવતા મીડિયા લેન્ડસ્કેપને પ્રોત્સાહન આપતી વખતે આ વલણ પરંપરાગત મીડિયાની નાણાકીય સદ્ધરતાને નબળી પાડે છે. વિડંબના એ છે કે જ્યારે પ્રિન્ટ અખબારો અદૃશ્ય થઈ જાય છે, ત્યારે ઓનલાઈન સમાચારોનું ભવિષ્ય પણ દાવ પર લાગે છે. ડિજિટલ જર્નાલિઝમ પરંપરાગત પ્રિન્ટ મીડિયા દ્વારા કરવામાં આવતી તપાસ અને ગુણાત્મક રિપોર્ટિંગ પર આધારિત છે. પ્રિંટ આઉટલેટ્સ અનેક સત્તા ધરાવે છે અને તે પત્રકારત્વમાં રોકાણ કરે છે. તેના વિના, ઓનલાઈન સમાચારની ગુણવત્તા નોંધપાત્ર રીતે ઘટી શકે છે, જે માત્ર સનસનાટીભર્યા સમાચાર અને ખોટી માહિતીથી ભરેલી હોય છે. ઓસ્ટ્રેલિયાએ આ પડકારને ઓળખી લીધો છે અને પત્રકારત્વના રક્ષણ માટે સાહસિક પહેલ કરી છે. ૨૦૨૧માં, ઑસ્ટ્રેલિયાએ ટ્રેઝરી લોઝ એમેન્ડમેન્ટ (ન્યૂઝ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ્સ મેન્ડેટરી બાર્ગેનિંગ કોડ) એક્ટ ૨૦૨૧ રજૂ કર્યો, જે જાહેર હિતના પત્રકારત્વને ટકાવી રાખવામાં મદદ કરવાના હેતુથી વિશ્વનો પ્રથમ કાયદો છે.

આ કાયદા અનુસાર ગૂગલ અને ફેસબુક જેવા ટેક જાયન્ટ્સને તેમની સામગ્રી શેર કરવા માટે સમાચાર સંસ્થાઓને ચૂકવણી કરવાની જરૂર પડે છે. ઓસ્ટ્રેલિયાની આ સફળતાએ અન્ય રાષ્ટ્રોને પ્રેરણા આપી છેઃ અને કેનેડા અને ઈન્ડોનેશિયા આવા સમાન કાયદાની યોજના બનાવી રહ્યા છે. રાષ્ટ્રીય પ્રેસ ડેના સંબોધન દરમિયાન, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ટિપ્પણી કરી હતી કે પરંપરાગત સામગ્રીને તેના મૂલ્યને જાળવવા માટે યોગ્ય વળતર આપવું જોઈએ. ટેક પ્લેટફોર્મ સમાચાર સામગ્રી માટે ચૂકવણી કરે છે તેની ખાતરી કરીને ભારતે ઓસ્ટ્રેલિયાના ઉદાહરણને અનુસરવું જોઈએ. મીડિયા હાઉસ મફત એગ્રીગેટર્સ સાથે સ્પર્ધા કરવા માટે પોસાય તેવા ડિજિટલ સબ્સ્ક્રિપ્શનને પ્રોત્સાહન આપે છે. સરકાર અને મીડિયાએ સાથે મળીને કામ કરવાની જરૂર છે. આપણે વિશ્વસનીય સમાચારો માટે ચૂકવણીનું મૂલ્ય ઓળખવું જોઈએ, અને આપણે ખાસ કરીને છાપેલા અખબારોને સબ્સ્ક્રાઈબ કરવા જોઈએ.

અખબારની ખરીદી ગુણવત્તાયુક્ત પત્રકારત્વને સમર્થન આપે છે અને એ સુનિશ્ચિત કરે છે કે અહેવાલના ઉચ્ચ ધોરણો જળવાઈ રહે છે. ભારતમાં દરેક ઘરમાં ઓછામાં ઓછું એક પ્રિન્ટ અખબાર આવવું જોઈએ અને લોકોએ તેને સબસ્ક્રાઈબ કરવા પ્રોત્સાહિત કરવા માટે રાષ્ટ્રીય ઝુંબેશ શરૂ કરવી જોઈએ. આ ઝુંબેશમાં મફત ઓનલાઈન સમાચારોના જોખમો અને વિશ્વસનીય સ્ત્રોતોમાં રોકાણના મહત્વને પ્રકાશિત કરતા મીડિયા સાક્ષરતા કાર્યક્રમોનો સમાવેશ થઈ શકે છે. તેમના વધતા પરિભ્રમણથી જાહેરાતની આવકમાં વધારો થાય છે, ઉચ્ચ ગુણવત્તાના પત્રકારત્વને ભંડોળ પૂરું પાડવા માટે તે અખબારોને સંસાધનો પૂરા પાડે છે. લોકશાહીમાં ભાગ લેવો એ માત્ર મત આપવું એ જ નથી પણ તે માહિતગાર રહેવા અને વિશ્વસનીય પત્રકારત્વને સમર્થન આપવાની જવાબદારી પણ છે. ભારતના દરેક ઘરના લોકોને પ્રિન્ટ અખબારને સબ્સ્ક્રાઈબ કરવા માટે પ્રોત્સાહિત કરતી ઝુંબેશ શરૂ કરવાનો સમય હવે આવી ગયો છે, કારણ કે આપણી લોકશાહીનું ભાવિ તેના પર નિર્ભર છે.

**- શ્રીનિવાસ માધવ**

**(લેખક પારદર્શિતા અને સમાનતાના હિમાયતી અને લેખક છે.)**

**(સૌ. : ધ સ્ટેટ્સમેન)**

# 'તેઓને માર મારવામાં આવ્યો, અપમાન કરવામાં આવ્યું અને આત્મહત્યા માટે ઉશ્કેરવામાં આવ્યા' : દિલ્હીમાં મુસ્લિમ વિદ્યાર્થીઓનો શાળામાં સતામણી અને ભેદભાવનો આક્ષેપ

દિલ્હી સ્થિત વકીલ અને શિક્ષણ કાર્યકર્તા અશોક અગ્રવાલ દ્વારા વિદ્યાર્થીઓ વતી દાખલ કરવામાં આવેલી ફરિયાદ મુજબ, ઉત્તર દિલ્હીના નંદ નગરીમાં સર્વોદય બાલ વિદ્યાલય (SBV) શાળાના મુસ્લિમ અને પછાત જાતિના પૃષ્ઠભૂમિ ધરાવતા વિદ્યાર્થીઓએ તેમના ઉત્પીડન, તેઓને ખોટી રીતે નિશાન બનાવવા અને તેમની સાથે ભેદભાવ કરવાનો આરોપ મૂક્યો છે.

૧૩ નવેમ્બરના રોજ દિલ્હીના મુખ્યમંત્રી આતિશીને લખેલા આ પત્રમાં અગ્રવાલે દાવો કર્યો હતો કે મુસ્લિમ વિદ્યાર્થીઓને માર મારવામાં આવી રહ્યો છે, બાથરૂમમાં તેમના કપડાં ઉતારવા માટે દબાણ કરવામાં આવ્યું છે, અને તેઓને "જય શ્રી રામ" કહેવા માટે દબાણ કરવામાં આવ્યું છે અને તેમને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવામાં આવી રહ્યા છે. PG પોલ સાયન્સ શિક્ષક શ્રી આદર્શ શર્મા અને પીટીઆઈ શિક્ષક શ્રી વિકાસ કુમાર મુસ્લિમ સમુદાયના વિદ્યાર્થીઓને સતત હેરાન કરી રહ્યા છે, તેમને જય શ્રી રામ કહેવા માટે મજબૂર કરી રહ્યા છે, તેમને બાથરૂમમાં કપડા ઉતારીને મારવા અને આત્મહત્યા કરવા માટે પણ ઉશ્કેરી રહ્યા છે.

અગ્રવાલનો આ પત્ર ૬ નવેમ્બરના રોજ અનામી વિદ્યાર્થીઓ દ્વારા વિગતવાર ફરિયાદને દર્શાવે છે, અને આ ફરિયાદ દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર, દિલ્હીના શિક્ષણ વિભાગના ડિરેક્ટર અને માર્લેના ઉપરાંત અન્ય અધિકારીઓને કરવામાં આવી હતી. તે વિશેષ રીતે નોંધે છે કે વિદ્યાર્થીઓએ તેમના જીવ પર જોખમ હોવાથી અને તેમની કારકિર્દીની ખતમ થઈ જવાની સંભાવનાઓથી તેમના નામ અથવા ઓળખ જાહેર કરવાનો ઈન્કાર કર્યો હતો.

તેમની ફરિયાદમાં, વિદ્યાર્થીઓએ રાજકીય વિજ્ઞાનના શિક્ષક આદર્શ શર્મા અને પીટી શિક્ષક વિકાસ કુમારને તેમની ઉત્પીડન અને સાંપ્રદાયિક લક્ષ્યાંકમાં મુખ્ય વ્યક્તિ તરીકે નામ આપ્યું છે. વિદ્યાર્થીઓએ ફરિયાદ કરી હતી કે તેઓ વારંવાર તેમને શાળાના શૌચાલયમાં તેમના કપડાં ઉતારવા દબાણ કરે છે. તેઓએ તેમને નગ્ન કરીને "વીડિયો વાયરલ" કરવાની પણ ધમકી આપી હતી, જેથી આ વિદ્યાર્થીઓ તેમના ઉત્પીડન અંગે કોઈને વાત ન કરે.

તદુપરાંત, આ વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો કે વર્ગ XI અને XIIના મુસ્લિમ અને દલિત વિદ્યાર્થીઓને પાછળની બેન્ચ પર બેસાડવામાં આવ્યા હતા જ્યારે વર્ચસ્વ ધરાવતી જાતિના વિદ્યાર્થીઓને આગળ બેસાડવામાં આવ્યા હતા. વિદ્યાર્થીના આ સમૂહ દ્વારા લખવામાં આવેલા પત્રમાં શર્મા, કુમાર અને એક અનામી હિન્દી શિક્ષકને હટાવવાની અથવા જો આ શિક્ષકોને હટાવી ન શકાય તો મુસ્લિમ વિદ્યાર્થીઓને અન્ય શાળાઓમાં ટ્રાન્સફર કરવાની માંગ કરવામાં આવી હતી.

આ ફરિયાદમાં નોંધવામાં આવ્યું છે કે શર્માએ વિદ્યાર્થીઓને પડકાર પણ આપ્યો હતો કે સરકારી શાળાના શિક્ષક સંઘમાં તેમના દબદબાને કારણે તેમની ફરિયાદોનો કોઈ ફાયદો થશે નહીં. ન તો શાળાના પ્રિન્સિપાલ કે દિલ્હી ડિરેક્ટોરેટ ઑફ એજ્યુકેશન મને આવું કરવા માટે રોકી શકે નહીં. શર્માએ



**મુસ્લિમ વિદ્યાર્થીઓને કથિત રીતે માર મારવામાં આવ્યો હતો, બાથરૂમમાં તેમના કપડાં ઉતારવા માટે દબાણ કરવામાં આવ્યું હતું અને તેઓને "જય શ્રી રામ" બોલવા માટે દબાણ કરવામાં આવ્યું હતું અને તેઓને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવામાં પણ આવ્યા હતા**

વિદ્યાર્થીઓને કથિત રીતે કહ્યું હતું કે, કોઈ સત્તા મને નુકસાન પહોંચાડી શકશે નહીં.

તેમના પત્રમાં, વિદ્યાર્થીઓના આ સમૂહે એ પણ નિર્દેશ કર્યો હતો કે તેઓએ ૨૦૨૩માં પણ ફરિયાદ કરવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે શર્માએ તમામ વિદ્યાર્થીઓને "નમસ્તે"ને બદલે "જય શ્રી રામ" સાથે શિક્ષકનું અભિવાદન કરવા કહ્યું હતું. તેમની ફરિયાદ પછી, અન્ય સરકારી શાળાના આચાર્ય આ મામલાની તપાસ કરવા આવ્યા હતા, પણ તેઓએ કંઈ કર્યું ન હતું અને તેમનો આ કેસ બંધ કરીને વિદ્યાર્થીઓને મૌન રહેવા દબાણ કર્યું હતું. ધ વાયરે SBV શાળાના સત્તાવાળાઓ અને આચાર્ય રવિન્દ્ર કુમાર ગૌતમનો સંપર્ક કરવાના અનેક પ્રયાસો કર્યા છે, પરંતુ તેઓનો સંપર્ક થઈ શકયો નથી અને જ્યારે તેઓ જવાબ આપશે ત્યારે આ લેખ અપડેટ કરવામાં આવશે. વધુમાં, વિદ્યાર્થીઓએ આરોપ લગાવ્યો હતો કે શર્માએ ૧૧મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓને નાપાસ કરવાની પણ ધમકી આપી હતી અને દલિત અને હાંસિયામાં ધકેલાઈ ગયેલી જાતિના વિદ્યાર્થીઓ માટે અપમાનજનક ટિપ્પણીઓ પણ કરી હતી, અને તેમને કહ્યું હતું કે તેઓ માત્ર મજૂરી કરવા માટે અને પંડિતોની સેવા કરવા માટે જ જન્મ્યા છે. મુસ્લિમ વિદ્યાર્થીઓને વારંવાર "આ બધા મુલ્લાઓ આપણો દેશ કેમ છોડતા નથી?" જેવી ટિપ્પણીઓનો સામનો કરવો પડ્યો હતો. શિક્ષક શર્માએ વર્ગખંડમાં ભણાવતી વખતે વારંવાર તુલસીદાસના કુખ્યાત સૂત્ર "ઢોલ, ગવાર, શુદ્ર, પશુ, નારી... યે સબ તાડના કે અધિકારી (ઢોલ, અભણ વ્યક્તિઓ, નીચલી જાતિઓ, પ્રાણીઓ અને સ્ત્રીઓ... બધા મારવાના લાયક છે)" એવું પણ બોલતા હતા. વિદ્યાર્થીઓની આ ફરિયાદ અને અગ્રવાલના અનુગામી પત્રમાં શિક્ષકોની વારંવાર ગેરહાજરી સામે સખત વાંધો ઉઠાવતા શાળાના એકંદર ઉદાસીન વલણને પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓની ફરિયાદમાં એ પણ કહેવામાં આવ્યું છે કે, તમે તમામ CCTV ફૂટેજ ચેક કરી શકો છો, મોટાભાગના PGT-TGT શિક્ષકો વર્ગમાં આવતા નથી, અને ૭મા અને ૮મા પિરિયડમાં સાંજે ૫ વાગ્યા પછી, આ શાળામાં જાણે કોઈ શિક્ષક ક્યારેય આ ક્લાસ લે છે અથવા આ શાળામાં પીરિયડ્સ ચાલે છે એવું લાગતું જ નથી.

અગ્રવાલે દિલ્હીના મુખ્ય પ્રધાનને અપીલ કરી છે કે તેઓ શિક્ષણ નિયામકની આગેવાની હેઠળ ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરીને આ તમામ ફરિયાદોની તપાસ કરે. તેમણે કહ્યું છે કે, હું આ મુદ્દો તમારી જાણ માટે લખી રહ્યો છું અને આ મુદ્દો અગાઉના શિક્ષણ નિયામક શ્રી આર.એન. શર્માને પણ દર્શાવવામાં આવ્યો હતો, પરંતુ કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા અને આ પરિસ્થિતિ સતત ચાલુ હોય તેવું લાગે છે.

દરમિયાન, શાળાની મેનેજમેન્ટ કમિટીના એક સભ્યએ નામ ન આપવાની શરતે ધ વાયર સાથે વાત કરતા જણાવ્યું હતું કે ગયા વર્ષે પણ જ્યારે આ વિદ્યાર્થીઓએ ફરિયાદ કરી હતી, ત્યારે શિક્ષણ વિભાગના એક અધિકારી, જેઓ આ બાબતની તપાસ કરવા આવ્યા હતા. તેમણે આખરે મુસ્લિમ વિદ્યાર્થીઓ અને બે મુસ્લિમ-બેકગ્રાઉન્ડ ધરાવતા શિક્ષકોને દબાણ કર્યું હતું અને તેઓની પાસેથી પ્રમાણિત કરતો પત્ર લખવા દબાણ કર્યું હતું કે આવો કોઈ ભેદભાવ થયો નથી. અગ્રવાલે લખ્યું છે કે, તેથી જ અમને આ મામલે સ્વતંત્ર તપાસની જરૂર છે. જો તમે આ શિક્ષકોને દૂર ન કરો તો પણ વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછા તેમના વર્ગો બદલવા જોઈએ. શા માટે આવા શિક્ષકના હાથે તેઓનું ઉત્પીડન કરવામાં આવે છે? આ સમિતિના સભ્યએ એ પણ નોંધ્યું હતું કે શાળાના અંદાજિત ૨,૫૦૦ વિદ્યાર્થીઓમાંથી લગભગ અડધા અથવા ૧,૦૦૦થી ૧,૨૦૦ની વચ્ચેના વિદ્યાર્થીઓ મુસ્લિમ પૃષ્ઠભૂમિના હતા, અને મોટા ભાગના ગરીબ અને મજૂર વર્ગના બાળકો હતા. તેઓને ખાનગી શાળામાં સ્થાનાંતરિત કરવાનું પરવડી શકે તેમ નથી. તેથી આ મુદ્દે કંઈક કરવું જોઈએ.

૨૦૨૩માં, દિલ્હીની એક સરકારી શાળાની શિક્ષિકા હેમા ગુલાટીએ મુસ્લિમ વિદ્યાર્થીઓ વિરુદ્ધ ટિપ્પણીઓ કરી હતી. તેણીએ કહ્યું હતું કે, ભારતની આઝાદીમાં મુસ્લિમોની કોઈ ભૂમિકા નથી... તમે પ્રાણીઓને કાપીને ખાઓ છો... તમને કોઈ દયા નથી. પશ્ચિમી ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં, તૃપ્તા ત્યાગી નામની શિક્ષિકાની એક બીજી ઘટના વાયરલ થઈ હતી, અને એક એવો વીડિયો સામે આવ્યો હતો જેમાં ત્યાગી તેના વિદ્યાર્થીને એક મુસ્લિમ વિદ્યાર્થીને થપ્પડ મારવા દબાણ કરે છે. **- સબહ ગુરમત**

**(લેખક એક સ્વતંત્ર પત્રકાર છે)**

**(સૌ. : ધ વાયર)**

# ખાનગી ક્ષેત્રના લોકો સરકારી હોસ્પિટલો અને કોલેજો નિર્માણ કરીને ચલાવે તેવી મધ્યપ્રદેશ સરકારની ઇચ્છા; વિરોધ થતાં સરકાર પીછેહઠ કરીને પુનઃવિચાર માટે તૈયાર

**મધ્યપ્રદેશના સિધીમાં, મોહન યાદવની આગેવાની હેઠળની સરકારની જિલ્લા હોસ્પિટલનું ખાનગીકરણ કરવાની કવાયતને દર્દીઓ, ડોકટરો, દર્દી અધિકાર જૂથો અને સત્તાધારી ભાજપમાં પણ કેટલાક લોકો તરફથી આલોચના કરીને વિરોધ કરવામાં આવી રહ્યો છે**

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલથી લગભગ ૬૦૦ કિ.મી. પૂર્વમાં આવેલા અતિ પછાત એવા સિધીમાં આવેલી જિલ્લા હોસ્પિટલ આ ક્ષેત્રની સૌથી મોટી આરોગ્ય સુવિધા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટાફ અને સંસાધનોની અછત હોવા છતાં, જીવનરેખા સમાન આ હોસ્પિટલ સિધી જિલ્લા અને તેની આસપાસના વિસ્તારોના લગભગ દસ લાખ લોકોને મફત સારવાર પૂરી પાડે છે. સેકન્ડરી હેલ્થકેર સેન્ટરના આઉટપેશન્ટ વિભાગ (OPD)માં દરરોજ લગભગ ૧,૦૦૦ લોકો સારવાર માટે આવતા હોય છે, જેમાંથી લગભગ ૩૫ ટકા દર્દીઓ મધ્યપ્રદેશના ગોંડ, બૈગા અને ભીલ જેવી અતિ સંવેદનશીલ આદિવાસી સમુદાયોના હોય છે.

જુલાઈમાં, મોહન યાદવની આગેવાની હેઠળની સરકારે એક ટેન્ડર બહાર પાડીને રાજ્યના ૧૨ જિલ્લાઓમાં રાજ્ય સંચાલિત હોસ્પિટલોના સંચાલન માટે ખાનગી ક્ષેત્રના લોકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું, જેમાં તેઓ દરેક જિલ્લામાં સો બેઠકોવાળી મેડિકલ કોલેજની સ્થાપના કરીને હોસ્પિટલો સાથે જોડાણ કરી શકે છે. સિધીની જિલ્લા હોસ્પિટલને પણ આ પ્રસ્તાવ માટે પસંદ કરાવામાં આવી છે.

નિયમિત અને તાત્કાલિક તબીબી સેવાઓનું ખાનગીકરણ કરવાથી તે ચાર્જેબલ બની શકે તે વિચાર માત્રથી જ સિધીના રહેવાસીઓ તેમજ ડોકટરો, આરોગ્યસંભાળ કાર્યકરો, દર્દી અધિકાર જૂથો, અને ભાજપના કેટલાક લોકોએ આલોચના કરી છે.

જેના કારણે મોહન યાદવની આગેવાની હેઠળના તંત્રને ઉગ્ર વિરોધ વચ્ચે દરખાસ્તનું પુનઃમૂલ્યાંકન કરવાની ફરજ પડી છે.

દૈનિક ૪૦૦ રૂપિયા કમાનારા ખેત મજૂર એવા પ્રબુધ ભૈનાસનો ૧૯ વર્ષનો પુત્ર રાજા પોતાનો જીવ લેવાના પ્રયાસમાં જંતુનાશક પીધા બાદ સિધી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હોસ્પિટલના ખાનગીકરણના વિરોધમાં ભૈનાસે જણાવ્યું કે, "જો અમારા જેવા ગરીબ લોકોને સરકારી હોસ્પિટલમાં પણ પૈસા ચૂકવવાની ફરજ પાડવામાં આવે છે, તો તે ડેથ વોરંટ પર સહી કરવા સમાન છે. અમારી પાસે સારવારના પૈસા ન હોવાને કારણે અમે હોસ્પિટલના દરવાજે જ મરી જઈશું. મારી કમાણીમાંથી હું મારા પરિવાર માટે પુરતું પૌષ્ટિક ભોજન પણ ખરીદી શકતો નથી અને જો તેઓ અમારી પાસે સારવારના પૈસા માંગે છે તો અમે તે કેવી રીતે આપી શકીએ?

આ તરફ નાયબ મુખ્યપ્રધાન અને આરોગ્ય પ્રધાન રાજેન્દ્ર શુક્લાએ જણાવ્યું હતું કે, ટેન્કર બહાર પાડવાનો હેતુ રાજ્યમાં સરકારી હોસ્પિટલો અને મેડિકલ કોલેજોની સંખ્યા વધારવાનો હતો. જે માર્ચમાં કેબિનેટના નિર્ણય બાદ બહાર પાડવામાં આવ્યો હતો. ખાનગીકરણ માટે પસંદ કરાયેલા અન્ય જિલ્લાઓમાં કટની, મોરેના, પન્ના, બાલાઘાટ, ભીંડ, ધાર, ગુના, ખરગોન, સિવની, ટીકમગઢ અને બેતુલનો સમાવેશ થાય છે, જે માથાદીઠ આવકની દૃષ્ટિએ રાજ્યના સૌથી ગરીબ છે.

વિવિધ લોકો અને મંચોના અસંમતિના તીવ્ર દબાણ વચ્ચે, સરકારે નવેમ્બરના છેલ્લા સપ્તાહમાં નીતિનું પુનઃમૂલ્યાંકન કરવાનો નિર્ણય લીધો હતો પરંતુ તે વધુ ઉગ્ર બન્યો હતો.

**મધ્યપ્રદેશ સરકારની યોજના**

મધ્યપ્રદેશના આરોગ્ય વિભાગે ૧૦૦ બેઠકોવાળી મેડિકલ કોલેજની સ્થાપના અને નિર્દિષ્ટ જિલ્લા હોસ્પિટલોના અપગ્રેડેશન માટે રસ ધરાવતા પક્ષકારો પાસેથી જુલાઈમાં ઓનલાઈન બિડ મંગાવી હતી.

નોટિસમાં કહેવામાં આવ્યું છે કે સરકાર 'જેવી છે તેવી હાલતમાં' પસંદ કરાયેલ બિડરને વર્તમાન જિલ્લા હોસ્પિટલ સોંપશે અને પસંદ કરેલ બિડર મેડિકલ કોલેજના નિર્માણ અને ધિરાણ, તેમજ સંચાલન અને જાળવણી માટે જવાબદાર રહેશે...

સૂચિત પ્રોજેક્ટનો ખર્ચ રૂા. ૨૬૦ કરોડ રાખવામાં આવ્યો હતો, જેમાં પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ સાથે ૧૦૦ સીટની મેડિકલ કોલેજની સ્થાપના અને જોડાયેલ ૩૦૦ બેડની હોસ્પિટલની ક્ષમતા વધારવાનો સમાવેશ થાય છે.

ટેન્ડર દસ્તાવેજ મુજબ, ખાનગી સંસ્થાઓને જિલ્લા હોસ્પિટલોમાં ૨૫ ટકા પથારી ચૂકવવાપાત્ર બનાવવા દેવાની પણ હતી. વધુમાં, ટોચના આરોગ્ય નીતિ નિર્માતાઓની જાહેરાતો અનુસાર, રાજ્યમાં ૩૪૮ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (CHC) અને ૫૧ સિવિલ હોસ્પિટલો આઉટસોર્સ હશે.

જાન્યુઆરી ૨૦૨૦માં કેન્દ્રના નીતિ આયોગે PPP ધોરણે જોડાયેલ મેડિકલ કોલેજો ચલાવવા માટે ખાનગી હેલ્થકેર કંપનીઓને જિલ્લા હોસ્પિટલોને સોંપવાની યોજનાનું અનાવરણ કર્યું હતું. તે વર્ષના કેન્દ્રીય બજેટમાં પણ તેનું સમર્થન કરવામાં આવ્યું હતું.

જો કે, મોટા પાયે હોહાપો થતા ભારતીય જનતા પાર્ટીની આગેવાનીવાળી સરકારને તેના નિર્ણય પર પુનર્વિચાર કરવાની ફરજ પડી હતી.

રાજ્યના આરોગ્ય વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ નામ ન આપવાની શરતે The Printને જણાવ્યું હતું કે, "જ્યારે અમે તમામ સંબંધિત હિતધારકો સાથે બેઠા, ત્યારે અમને સમજાયું કે અમે ખાનગી પક્ષો સાથે જે કરાર કરવા માંગીએ છીએ તે 'સેવા સ્તરનો કરાર' છે, પરંતુ આ જિલ્લા હોસ્પિટલોમાં પૂરી પાડવામાં આવતી સેવાઓનું નિરીક્ષણ કોણ કરશે અને કોણ જવાબદાર હશે? જેવી વિવિધ તકરારો પણ હતી. જિલ્લા હોસ્પિટલો બધા માટે ખુલ્લી છે અને દર્દીઓને મફત આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે, પરંતુ અમે કેવી રીતે ખાતરી કરી શકીએ કે દર્દીઓને મફત સારવાર મળી રહી છે કે નહીં? આ મુદ્દાઓને ધ્યાનમાં લેતા, એવું નક્કી કરવામાં આવ્યું છે કે જિલ્લા હોસ્પિટલો પર નિયંત્રણ વિભાગ પાસે જ રહેશે."

પબ્લિક હેલ્થ એન્ડ મેડિકલ એજ્યુકેશન વિભાગના કમિશનર તરુણ રાઠીએ The Printને જણાવ્યું હતું કે, "અમે દર્દીઓના અધિકારોનું રક્ષણ કરવા માટે અગાઉની માર્ગદર્શિકામાં ફેરફાર કરી રહ્યા છીએ. દરખાસ્ત પર ફરીથી કામ કરવામાં આવી રહ્યું છે અને તેને બે અઠવાડિયામાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. હાલના ટેન્ડરો કે જે હજુ ૧૨ હોસ્પિટલો માટે ખુલ્લા છે તેને રદ કરવામાં આવી રહ્યા છે અને તેની કલમોમાં નવા ફેરફારો સાથે નવેસરથી ટેન્ડર બહાર પાડવામાં આવશે."




રાજ્યના નાયબ મુખ્યપ્રધાન અને આરોગ્ય પ્રધાન રાજેન્દ્ર શુક્લાએ The Printને સ્પષ્ટતા કરી હતી કે, વિચારણા હેઠળની નવી દરખાસ્ત મુજબ, જિલ્લા હોસ્પિટલો નવી ખાનગી મેડિકલ કોલેજો માટે ફક્ત 'ટીચિંગ હોસ્પિટલ' તરીકે સેવા આપશે. આ મોડલ રાજ્ય સરકારને મધ્યપ્રદેશમાં મેડિકલ કોલેજોની સંખ્યા ૩૧થી વધારીને ૫૦ સુધી પહોંચાડવામાં મદદ કરશે.

તેમણે કહ્યું, "આનાથી મધ્ય પ્રદેશમાં MBBS માટેની કુલ બેઠકો લગભગ ૫,૦૦૦ થઈ જશે, જે રાજ્યને દેશમાં મેડિકલ વિદ્યાર્થીઓ માટે ૭૫,૦૦૦ બેઠકો બનાવવાના PM મોદીના વિઝનને સાકાર કરવામાં યોગદાન આપવા સક્ષમ બનાવશે."

આ ખાનગી મેડિકલ કોલેજોમાં અનુસ્નાતક વિદ્યાર્થીઓ પણ હશે તે ધ્યાનમાં લેતા, આ કોલેજોના નિષ્ણાતોની હાજરી સાથે જિલ્લા હોસ્પિટલોની ક્ષમતામાં વધારો કરવામાં આવશે. જ્યારે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, જિલ્લા હોસ્પિટલોની મુલાકાત લેતા દર્દીઓની સારવાર સંપૂર્ણપણે મફત રહેશે.

શુક્લાના જણાવ્યા મુજબ, જ્યારે જિલ્લા હોસ્પિટલોને ખાનગી સંસ્થાઓને સોંપવાનો વિચાર રેફરલ્સ ઘટાડવા અને નિમ્ન સ્તરે શ્રેષ્ઠ શક્ય સારવાર પૂરી પાડવા માટે સુવિધાઓ વધારવાનો હતો, જોકે, સરકારને પછીથી લાગ્યું કે રાજકીય વર્ગ અને નાગરિક સમાજમાં આશંકા છે. તેમણે કહ્યું કે, જિલ્લા હોસ્પિટલો 'વિવિધ સરકારી કાર્યક્રમો માટેના કેન્દ્રો' તરીકે પણ સેવા આપે છે અને 'વિવિધ મેડીકો-કાનૂની કેસોનું સંચાલન' કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. હોસ્પિટલોને ખાનગી કંપનીને સોંપવામાં પણ સરકારે તેની ઉપર નિયંત્રણ જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે.

આ મુદ્દા પર વિચાર-વિમર્શ કરવા નવેમ્બરના છેલ્લા સપ્તાહમાં મુખ્યમંત્રી મોહન યાદવની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠક બાદ નવા નિર્ણયો લેવામાં આવ્યા છે.

એક સરકારી અધિકારીના જણાવ્યા અનુસાર, મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને જિલ્લા હોસ્પિટલમાં તાલીમ અને સારવારની મંજૂરી આપવાના નિર્ણયને નવી મેડિકલ કોલેજો સાથે ધ્યાનમાં લેવામાં આવી રહ્યો છે. નવી સ્થાપિત સંસ્થાઓમાં દર્દીઓને લાવવા અને તે મેળવવાનું વહીવટીતંત્ર માટે પડકારરૂપ બની શકે છે કારણ કે તબીબી શિક્ષણ નિયમનકાર દ્વારા નિર્ધારિત ૮૦ ટકા ઓક્યુપન્સી હોવી જોઈશે. આ સાહસો ખાનગી ક્ષેત્રોએ પણ આર્થિક રીતે સક્ષમ હોવુ પડશે.

સરકાર હવે જે વિકલ્પો પર વિચાર કરી રહી છે તેમાંથી એક એ છે કે જિલ્લા હોસ્પિટલોમાં દર્દીઓની સારવાર આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB PM-JAY) હેઠળ ખાનગી મેડિકલ કોલેજોના ડૉક્ટરો અથવા નિષ્ણાતો દ્વારા કરી શકાય છે પરંતુ આરોગ્ય વીમા યોજના હેઠળ આપવામાં આવતા રૂા.પાંચ લાખથી વધુના કવર માટે, દર્દીને બાકીની રકમ અલગથી ચૂકવવાનું કહેવામાં આવી શકે છે.

**મોટી ચિંતાઓ**

સરકારનું વલણ હજુ પણ પોલિસીના અંતિમ સ્વરૂપ વિશે અનિર્ણાયક લાગે છે. આ પગલાનો વિરોધ કરનારાઓની માંગણી છે કે નીતિ નિર્માતાઓ પહેલા સુધારેલી દરખાસ્તની નજીવી-કઠોળ વિગતોની જોડણી કરે. વિકાસશીલ દેશોમાં આરોગ્ય કાર્યકરો, નાગરિક સમાજ સંગઠનો અને શૈક્ષણિક સંસ્થાઓનું વૈશ્વિક નેટવર્ક જે લગભગ દસ પાયાની સંસ્થાઓ પીપલ્સ હેલ્થ મૂવમેન્ટના ભારતીય અધ્યાય છે, તેઓ ૩૦ નવેમ્બરે 'સરકારી હોસ્પિટલોમાં ખાનગીકરણની રજૂઆતની કોઈપણ બિડ' સામે વિરોધ નોંધાવવા માટે રસ્તા પર ઉતરી આવ્યા અને 'હોસ્પિટલ બચાવો, જીવન બચાવો'ની નારેબાજી કરી હતી.

સ્થાનિક આદિવાસી અધિકાર કાર્યકર્તા ઉમેશ તિવારીએ The Printને જણાવ્યું હતું કે, "અહીંના મોટા ભાગના લોકો માટે, જિલ્લા હોસ્પિટલ જીવનરેખા સમાન છે. ઘણા લોકો માટે કે જેઓ નબળી સંસાધન ધરાવતા CHC અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં માતા અને બાળ સંભાળ પણ મેળવી શકતા નથી, તેમની સમસ્યાઓનું એકમાત્ર આશ્વાસન છે, પરંતુ નફાખોરી માટે તેને ખાનગી ક્ષેત્રોને સોંપવું એ ચોક્કસપણે ઉકેલ નથી."

સિધી જિલ્લા હોસ્પિટલમાં ૧૦૦ પથારીની માતા અને બાળ સંભાળ વિભાગ છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે પાંચ અનુસાર, જિલ્લામાં ૮૩.૬ ટકા સગર્ભા સ્ત્રીઓ તેમના બાળકોને હોસ્પિટલોમાં પહોંચે છે, તેમાંથી ૮૦.૩ ટકા જાહેર સુવિધાઓમાં જન્મ આપે છે. જે દર્શાવે છે કે સાત સામુદાયિક આરોગ્ય કેન્દ્રોની સાથે-સાથે સુવિધા આરોગ્યસંભાળ પણ પ્રસૂતિ માટે કેટલી મહત્વપૂર્ણ છે.

સિધીના સિવિલ સર્જન-કમ-ચીફ મેડિકલ ઓફિસર ડૉ. દિપારાણી ઈસરાનીએ જણાવ્યું હતું કે, ત્યાં દરરોજ લગભગ ૨૦ પ્રસૂતિ થાય છે, જેમાંથી છ-સાત સી-સેક્શન પ્રસુતિ છે. પરંતુ એનેસ્થેટીસ્ટની તીવ્ર અછત (હોસ્પિટલમાં માત્ર એક જ છે) એટલે કે ઘણા તાકીદના અને ગંભીર કેસોને રીવા સ્થિત સરકાર સંચાલિત શ્યામ શાહ મેડિકલ કોલેજમાં રીફર કરવામાં આવે છે. અન્ય જેઓ પરવડી શકે તેવા મોટા શહેરો, જેમ કે જબલપુર, ઈન્દોર અને ભોપાલ અથવા તો મહારાષ્ટ્રના નાગપુરમાં જાય છે. સિધી હોસ્પિટલમાં ડોકટરોની ૩૦ ટકાથી વધુ જગ્યાઓ ખાલી છે, જે ૩૭ મંજૂર પોસ્ટની સામે માત્ર ૨૫ ડોકટરો સાથે કાર્યરત છે.

તેમ છતાં, જિલ્લા હોસ્પિટલ અહીં આરોગ્યસંભાળની જરૂરિયાતો માટે નિર્ણાયક છે કારણ કે મોટાભાગના દર્દીઓ પાસે ચૂકવણી કરવાની ક્ષમતા નથી. જો કેન્દ્રનું ખાનગીકરણ કરવા માટે કોઈ બિડ કરવામાં આવશે તો દર્દીઓને માટે ભારે આર્થિક અસર થશે.

**ડો. પ્રતિક પ્રજાપતિ, સર્જન**
**સિદ્ધિ હોસ્પિટલ**

**ઘણાં જાહેર આરોગ્ય નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી છે**

જાહેર આરોગ્ય નિષ્ણાત અને કેન્દ્રના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશનના સ્વતંત્ર મોનિટર ડૉ. કે.આર.એન્ટોનીએ જણાવ્યું હતુ કે, "અત્યાર સુધીનો અનુભવ દર્શાવે છે કે, ખાનગી ક્ષેત્રના ભાગીદારોને, કુટુંબ નિયોજન, રસીકરણ અને મેલેરિયા, ક્ષય રોગ અથવા એઈડ્સ નિયંત્રણ જેવા જાહેર આરોગ્ય કાર્યક્રમો ચલાવવામાં રસ ધરાવતા નથી. તેઓ નિદાન જેવી ઉચ્ચ તકનીકી તપાસમાં નફો રળી ખાવામાં જ રસ ધરાવે છે. આ બધાથી લોકોને સખત ફટકો પડશે."

જેએસએના રાષ્ટ્રીય સંયોજક અમૂલ્યા નિધિએ જણાવ્યું હતું કે, ખાનગીકરણ માટે જિલ્લા હોસ્પિટલોને પસંદ કરવા માટે ઉપયોગમાં લેવાતા માપદંડોના સંદર્ભમાં સરકારે પારદર્શિતા પણ જાળવી નથી.

પૂર્વ કેન્દ્રીય આરોગ્ય સચિવ સુજાતા કે. રાવે રેખાંકિત કર્યું કે, જો 'ખાનગી'નું પ્રભુત્વ અગર 'જાહેર' પર આવી ગયું તો PPP સામાન્ય દર્દીઓ માટે પ્રતિકૂળ બની શકે છે.

આમાં જનતાની સેવા કરવાનો આશય ક્યાંય દેખાતો નથી. દેશમાં ખાનગી આરોગ્યસંભાળ પ્રદાતાઓ કોઈ જવાબદારી બતાવતા નથી અને સરકાર તરફથી બહુ ઓછી દેખરેખ અને નિયમન રહેતું હોય છે. જિલ્લા હોસ્પિટલોને ખાનગી હાથોમાં જવા દેવાથી પરિસ્થિતિ વિનાશક બનશે.

**સુજાતા કે.રાવ.**
**ભૂતપૂર્વ કેન્દ્રીય આરોગ્ય સચિવ**

જોકે નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) ડૉ.વી.કે. પોલના મતે, હોસ્પિટલો માટેના મોડલને યોગ્ય વિચાર-વિમર્શ પછી અને અવિકસિત વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ સુધારવાના પ્રયાસમાં સમર્થન આપવામાં આવ્યું હતું.

તેમણે ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, "મને મધ્યપ્રદેશમાં પહેલના વિરોધની જાણ નથી, પરંતુ આ વિચારણા જ્યાં મોટા પડકારો છે ત્યાં આરોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મોડલને સુધારવા માટે એક સાધન તરીકે ઘડવામાં આવી છે." પરંતુ સિધીમાં ડોકટરો અને અન્ય આરોગ્યસંભાળ કર્મચારીઓ માટે, બીજી એક મુખ્ય ચિંતા છે. સીધી જિલ્લા હોસ્પિટલના ડૉક્ટર હરિઓમે જણાવ્યું હતું કે, "સરકારે દરખાસ્ત પાછળનો હેતુ સ્પષ્ટ કર્યો ન હતો. અમને સૂચિત PPP હેઠળની વ્યવસ્થાની શરતોની ખબર ન હતી. જો ખાનગી માલિકો તેમના પોતાના સ્ટાફને લાવશે તો અમને એ પણ ખબર ન હતી કે અમે રહીશું કે જઈશું. તે રાહતની વાત છે કે, પ્રોજેક્ટમાં ફેરફાર કરવામાં આવશે, પરંતુ સરકારે સ્પષ્ટતા કરવાની જરૂર છે કે તે જનતા અને હાલના કર્મચારીઓ માટે શું જરૂરી છે."

આ ચિંતા ફક્ત આરોગ્યસંભાળ પ્રણાલીમાં રહેલા લોકો સુધી મર્યાદિત નથી. શાસક પક્ષમાં પણ આ પગલાનો વિરોધ થઈ રહ્યો છે.

ટીકમગઢના ભાજપના નેતા અને પૂર્વ ધારાસભ્ય રાકેશ ગિરીએ The Printને જણાવ્યું હતું કે, "ટીકમગઢની જિલ્લા હોસ્પિટલ એકમાત્ર આરોગ્ય સંભાળ સંસ્થા તરીકે સેવા આપે છે. આ હોસ્પિટલ માત્ર જિલ્લાની અંદર જ નહીં, પરંતુ પડોશી છતરપુર અને ઉત્તર પ્રદેશના લલિતપુરને અડીને રહેલા લોકો માટે પણ સેવારત છે. રાજ્ય સરકારને લાગ્યું કે, (PPP) મોડલ ગુજરાતમાં સફળ હોવાથી, મધ્યપ્રદેશમાં પણ આ લાગુ કરી શકાય પરંતુ ટીકમગઢ અને મોટા બુંદેલખંડ પ્રદેશના લોકો સરળ છે અને ખાનગી હોસ્પિટલમાં દાખલ થતાં અચકાશે. જિલ્લા હોસ્પિટલ બધા માટે જાણીતી છે. લોકોમાં માલિકીની ભાવના હોય છે અને તેઓ મુક્તપણે ફરતા હોય છે. એક વખત ખાનગી સ્ટાફ સત્તા સંભાળી લે, તો લોકોને તેમની આસપાસનો રસ્તો શોધવામાં મુશ્કેલી પડશે. જિલ્લા હોસ્પિટલોને ખાનગી ખેલાડીઓને સોંપવા વિરુદ્ધ, અમે સીએમ અને ડેપ્યુટી સીએમને વિનંતી કરી હતી."

જટારા અને બાલાઘાટના ભાજપના ધારાસભ્યો હરિશંકર ખટીક અને પ્રદીપ જયસ્વાલે પણ આ લાગણીનો પડઘો પડયો હતો, જેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ખાનગી વ્યવસાયો માટે તો સસ્તી અને ગુણવત્તાયુક્ત સંભાળ પૂરી પાડવાને બદલે નફો મેળવવો એ પ્રાથમિક ધ્યેય હોય છે.

**'સ્વાસ્થ્ય સૂચકાંકો બગડશે'**

સરકારી હોસ્પિટલોના ખાનગીકરણનો વિરોધ કરવા માટે એકસાથે આવેલા જૂથોએ ગયા મહિને મુખ્ય પ્રધાન મોહન યાદવને પત્ર લખીને ભારપૂર્વક જણાવ્યું હતું કે, મધ્ય પ્રદેશમાં આરોગ્ય સેવાઓની સ્થિતિ ગંભીર છે, અને ઘણા પ્રયત્નો છતાં, સરકાર હેલ્થકેર ડિલિવરીની ગુણવત્તા સુધારવા માટે પરિકલ્પના કરાયેલા ભારતીય જાહેર આરોગ્ય ધોરણોને લાગુ કરવામાં સક્ષમ નથી.

મધ્યપ્રદેશ મેડિકલ ઓફિસર્સ એસોસિએશન અને મધ્યપ્રદેશ મેડિકલ ટીચર્સ એસોસિએશન જેવા જૂથોના પત્ર અનુસાર, હાલમાં નિષ્ણાતોની ૨,૩૭૪ જગ્યાઓ (મંજૂર પોસ્ટ્સના ૬૩.૭૩ ટકા), મેડિકલ ઓફિસરની ૧,૦૫૪ પોસ્ટ્સ (૫૫.૯૭ ટકા મંજૂર પોસ્ટ્સ) છે અને રાજ્યભરમાં ડેન્ટિસ્ટની ૩૧૪ જગ્યાઓ ખાલી છે. ઘણા CHC અને જિલ્લા હોસ્પિટલોમાં ગાયનેકોલોજિસ્ટ અને આવશ્યક સહાયક સ્ટાફ ન હોવાને કારણે આવશ્યક સેવાઓ પડકારરૂપ બની છે.

ઉપરાંત, નેશનલ હેલ્થ પ્રોફાઈલ મુજબ, માત્ર ૪૩ નિષ્ણાતો (સર્જન, પ્રસૂતિશાસ્ત્ર અને સ્ત્રીરોગવિજ્ઞાની, અને ચિકિત્સકો અને બાળરોગ નિષ્ણાતો), ૬૭૦ એલોપેથિક જનરલ ડ્યુટી મેડિકલ ઓફિસર, ૧૯૧ રેડિયોગ્રાફર, ૪૭૪ ફાર્માસિસ્ટ, ૪૮૩ લેબોરેટરી ટેકનિશિયન અને ૨,૦૮૭ CHC પર કાર્યરત છે. રાજ્યમાં આરોગ્યસંભાળ પ્રણાલીનું ભંડોળ ખૂબ ઓછું છે. રાજ્ય કુલ આરોગ્ય ખર્ચ (STHE) તરીકે માથાદીઠ માત્ર રૂા. ૨,૮૩૧ ખર્ચે છે. જે રાષ્ટ્રીય સરેરાશની સામે રાજ્યમાં તમામ જાહેર અને ખાનગી આરોગ્ય ખર્ચનો સરવાળો છે. નેશનલ હેલ્થ એકાઉન્ટ ૨૦૧૭-૧૮ મુજબ, રાજ્યમાં માથાદીઠ સરકારી આરોગ્ય ખર્ચ રૂા.૯૮૦ હોવાનો અંદાજ છે, જે રાષ્ટ્રીય સરેરાશ રૂા.૧,૭૫૩ કરતાં ઘણો ઓછો છે.

બીજી તરફ, આરોગ્યસંભાળનો ખર્ચ ૫૬.૩ ટકા આંકવામાં આવ્યો છે, જે ૪૮.૮ ટકાની રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ છે, જે દર્દીઓ પરના બોજને પ્રકાશિત કરે છે.

રાજ્યમાં આરોગ્ય સંભાળની સ્થિતિ પણ મુખ્ય પરિમાણોમાં પ્રતિબિંબિત થાય છે. દાખલા તરીકે, તાજેતરની ઉપલબ્ધ નમૂના નોંધણી પ્રણાલી અનુસાર, મધ્યપ્રદેશમાં માતૃત્વ મૃત્યુદર (MMR) પ્રતિ લાખે ૧૭૩ છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૯૭ છે. જે દેશમાં ત્રીજા ક્રમે છે.

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે પાંચ મુજબ, શિશુ મૃત્યુ દર (IMR) ૪૧.૩ (રાષ્ટ્રીય સરેરાશ ૩૫.૨) અને નવજાત મૃત્યુ દર (NNMR) ૨૪.૯.(રાષ્ટ્રીય સરેરાશ ૨૪.૯) પ્રતિ ૧૦૦૦ છે.

વિરોધીકર્તાઓએ ભારપૂર્વક જણાવ્યું છે કે, જો સરકાર ખાનગી કંપનીઓને રાજ્ય સંચાલિત આરોગ્ય સુવિધાઓ પર નિયંત્રણ લેવાની મંજૂરી આપે છે તો આ વલણો વધુ ખરાબ થશે. આવી વ્યવસ્થામાં, જો કેટલીક પથારી મફત હોવા છતાં, ચૂકવણી કરવામાં અસમર્થ દર્દીઓ અગ્રતામાં ઓછા આવી શકે છે.

તેમના પત્રમાં લખવામાં આવ્યું છે કે, "અમે, આરોગ્ય સેવાઓના ખાનગીકરણ તરફ દોરી જનારી PPP અથવા આઉટસોર્સિંગના કોઈપણ સ્વરૂપનો વિરોધ કરીએ છીએ. અમે સરકારને તમામ હિતધારકોને એકત્ર કરીને જાહેર આરોગ્ય સેવાઓ સુધારવા માટે ચર્ચા કરવાની હિમાયત કરીએ છીએ."

દરમિયાન, સિધી હોસ્પિટલમાં, ભૈનાસને રાહત થઈ હતી કે કેટલીક સંસ્થાઓ ગરીબ દર્દીઓને મદદ કરી રહી છે.

તે પોતાના પુત્રને પહેલા સેમરિયામાં ૩૦-બેડનું CHC ખાતે લઈ ગયો હતો પરંતુ તે કટોકટીની સંભાળ સેવાઓ પ્રદાન કરતું ન હોવાથી તેને જિલ્લા સ્તરની સુવિધા માટે સંદર્ભિત કરાયો હતો.

તેણે જણાવ્યુ કે, "મારો પુત્ર જે મારો એકમાત્ર સહારો છે તેને બચાવવાની જરૂર છે. અમારી પાસે એક એવો સહારો હોવો જોઈએ કે જ્યાં અમે બીમાર હોઈએ ત્યારે આવી શકીએ. આ સહારો અમારી પાસેથી છીનવાઈ ન જવો જોઈએ."

**- સુમી સુકન્યા દત્ત (સૌ. : ધ પ્રિન્ટ.ઈન)**

---


# બિહારના IAS અધિકારી સામે લાગેલો બળાત્કારનો આરોપ, EDને મેગા મની-લોન્ડરિંગ તરફ લઈ ગયો : જાણો કેવી રીતે

**સંજીવ હંસ અને આરજેડીના પૂર્વ ધારાસભ્ય ગુલાબ યાદવ પરની કાર્યવાહી યાદ અપાવે છે કે છેતરપિંડી કરવાનું કૌશલ્ય ફક્ત તેને ઢાંકવાની જવાબદારી સોંપવામાં આવેલા લોકોની દૃઢતા સાથે મેળ ખાય છે**

જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) વાઘની જેમ તકેદારી સાથે ત્રાટકે છે અને આવકવેરા વિભાગ અત્યંત ચોકસાઈ સાથે નાણાકીય વ્યવહારોનું સૂક્ષ્મ અવલોકન કરે છે ત્યારે કેવી રીતે નાણાંની લોન્ડરિંગ કેવી રીતે કરી શકાય છે?

આ તો હાથીને દરવાજા પાસેના પગલૂછણિયા નીચે છુપાવવાનો પ્રયાસ કરવા સમાન છે. તેમ છતાં, કેટલાક અનિયંત્રિત રહીને, કાયદેસરતા અને સર્જનાત્મકતાની મર્યાદાઓનું પરીક્ષણ કરતી બુદ્ધિશાળી યોજનાઓ ઘડી રહ્યા છે. ૩ ડિસેમ્બરે બહાર આવેલા આ કેસની તપાસ હેઠળ, મની-લોન્ડરિંગના અનુસંધાનમાં પટના ઝોન ઈડીએ ૧૯૯૭ની બેચના IAS અધિકારી સંજીવ હંસ અને રાષ્ટ્રીય જનતા દળના પૂર્વ ધારાસભ્ય ગુલાબ યાદવના શહેરભરના ૧૩ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જે બાદ આ બંને ૧૮ ઑક્ટોબરથી કસ્ટડીમાં છે. આ તપાસમાં, હાલ ન્યાયિક કસ્ટડીમાં રહેલા હંસના પરિવારના સભ્યના ડીમેટ ખાતામાં ૬૦ કરોડના મૂલ્યના શેર હોવાનું ખુલ્યું હતું. પ્રથમ નજરમાં જ, ડીમેટ ખાતાઓમાંના શેરો ગેરકાયદેસર રીતે મેળવેલી સંપત્તિમાંથી ખરીદવામાં આવ્યા હોવાનું માલુમ પડ્યું હતું. ઈડીનું પગેરું ત્યાં સમાપ્ત થયું ન હતું. તપાસકર્તાઓએ ૭૦થી વધુ બેંક ખાતાઓના નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો, જેનો ઉપયોગ કથિત રીતે ગુનાની આવકને છુપાવવા માટે કરાયો હતો. કુલ રૂા.૧૮ કરોડનું રિયલ એસ્ટેટ રોકાણ પણ તપાસમાં બહાર આવ્યું હતું. તપાસકર્તાઓએ અન્ય જગ્યાઓમાંથી રૂા.૧૬ લાખ અને રૂા. ૨૩ લાખની રોકડ પણ જપ્ત કરી હતી. ભ્રષ્ટાચારને લગતા ભૌતિક અને ડિજિટલ બંને પ્રકારના ગુનાહિત પુરાવાઓ પણ પુનઃપ્રાપ્ત અને જપ્ત કરવામાં આવ્યા હતા. ઈડીનું આ ઓપરેશન આધુનિક મની લોન્ડરિંગની જટિલતાને છતી કરે છે. પરંતુ આજના અવિરત તપાસના યુગમાં, એક સત્ય સ્પષ્ટ છે કે, કાવતરું ગમે તેટલું વિસ્તૃતતાથી કરવામાં આવ્યું હોય તે પકડીને જ રહે છે.

EDની તપાસમાં દાવો કરવામાં આવ્યો છે કે હંસે બિહાર સરકાર અને કેન્દ્રીય પ્રતિનિયુક્તિઓમાં તેમના કાર્યકાળ દરમિયાન ગેરકાયદેસર રીતે સંપત્તિ એકઠી કરી હતી. પૂર્વ આરજેડી ધારાસભ્ય યાદવ અને અન્ય સહયોગીઓએ હંસના પદનો ગેરલાભ મેળવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હોવાના આક્ષેપો સાથે કાવતરું ઘેરું બન્યું હતુ. આ દૂષિત સંપત્તિના નિર્માણ અને લોન્ડરિંગમાં તેમણે ઘણી ખાનગી વ્યક્તિઓને પણ ફસાવી હતી.



હંસ અને યાદવ પર ઈડીની કાર્યવાહી એ નિયતિનો એક વિચિત્ર વળાંક છે. જે એક કહેવતને વધુ મજબૂત બનાવે છે : 'પાપીઓને આખરે સજા મળે જ છે. વિચિત્ર રીતે, આ ઘટનાઓની તપાસની હારમાળા નાણાકીય ગેરરીતિથી નહીં પરંતુ જાન્યુઆરી ૨૦૨૩માં પટનાના રૂપસપુર પોલીસ સ્ટેશનમાં મહિલા વકીલ દ્વારા આ બંને વિરુદ્ધ બળાત્કારના કેસ સાથે શરૂ થઈ હતી. એફઆઈઆરમાં આ મહિલા વકીલ ફરિયાદીએ હંસ અને યાદવ પર ૨૦૧૭માં પૂણેની હોટલમાં તેની સાથે બળાત્કાર કરવાનો અને જો આ અંગે તે કોઈને જાણ કરશે તો તેને જાનથી મારી નાંખવામાં આવશે તેમ કહી તેનું બ્લેકમેલ કરવામાં આવતું હોવાનો આરોપ મૂક્યો હતો. તેણે આક્ષેપ કર્યો હતો કે તેને તેની સગર્ભાવસ્થાનું ગર્ભપાત કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, પરંતુ તેણે ૨૦૧૮માં બાળકને જન્મ આપ્યો હતો અને બાળકના પિતૃત્વને સ્થાપિત કરવા માટે ડીએનએ પરીક્ષણની પણ માંગ કરી હતી. જો કે પટના હાઈકોર્ટે સપ્ટેમ્બરમાં હંસ સામેના બળાત્કારના કેસને રદ કર્યો હતો. પણ બીજી તરફ ઈડીએ તેમની વિરુદ્ધ ઊંડી તપાસ શરૂ કરી દીધી હતી. જેમાં કથિત નાણાકીય અનિયમિતતાઓનો પર્દાફાશ થયો હતો. આ વર્ષે જુલાઈ અને ઓગસ્ટમાં, ઈડીએ સમગ્ર પટના, દિલ્હી, પુણે, હરિયાણા અને પંજાબમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં કથિત નાણાકીય ગેરરીતિનું કૌભાંડ બહાર આવ્યું હતું. જેને લીધે, બિહાર સ્ટેટ પાવર હોલ્ડિંગ કંપની લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે હંસના કાર્યકાળને સરકારે ફરજમાંથી મુક્ત કરી દીધો હતો. આ તરફ, લૈંગિક હુમલાના કેસની ફરિયાદ, ભ્રષ્ટાચારના સંપૂર્ણ ઉદ્દભવમાં ફેરવાઈ હતી અને ફરી એકવાર સાબિત થયું કે પાપને ગમે તેટલું છુપાવવામાં આવે છેવટે તો તે છાપરે ચડીને પોકારે છે. ધૂંધવાતી સંખ્યાઓ અને જટિલ યોજનાઓ સાથે પ્રગટ થયેલા આ નાટક એક ગંભીર રીમાઈન્ડર દર્શાવે છે. કાળા નાણાની દુનિયામાં, છેતરપિંડીનો ચાતુર્ય ફક્ત તેને ઢાંકી દેવાની જવાબદારી સોંપવામાં આવેલી મક્કમતા સાથે મેળ ખાય છે.

હંસ, એક સમયે ૧૯૯૭ IAS કેડરના આદરણીય અધિકારી હતા. તેમણે જુલાઈ સુધી બિહાર ઉર્જા વિભાગના મુખ્ય સચિવ તરીકે સેવા આપી હતી. જ્યારે ઈડીની તપાસનો ધમધમાટ શરુ થયો કે તરત જ તેનો પોર્ટફોલિયો છીનવી લેવામાં આવ્યો હતો. હંસ આજે ન્યાયિક કસ્ટડીમાં હોવા છતાં, તે પોતાને એક ગાથાના કેન્દ્રમાં શોધી રહ્યાં છે જેમાં સત્ય કલ્પના કરતાં વધારે અજાણ્યું અને અસ્પષ્ટ લાગે છે. બિહાર આઈએએસ અધિકારી સામેનો આ કેસ એ અમલદારશાહીની કહેવાતી 'સ્ટીલ ફ્રેમ'નો પર પણ સખત આરોપ છે, જે તેની પ્રામાણિકતામાં ઊંડી તિરાડ દર્શાવે છે. તેણે જે રીતે ભ્રષ્ટાચારની માયાજાળ રચીને અસંખ્ય ચેક્સ અને બેલેન્સ બનાવ્યું હતું તે ઈડીની પટના વિંગે શોધી કાઢ્યું હતું. આ અમલદારશાહી નિર્ણયો પર દેખરેખ રાખવા માટેના આંતરિક મિકેનિઝમ્સની અસરકારકતા વિશે અસ્વસ્થતાવાળા પ્રશ્નો ઉભા કરે છે. તે એવી અસ્પષ્ટતામાં ભરાયેલી સિસ્ટમ તરફ પણ નિર્દેશ કરે છે કે બહારની એજન્સીઓ ઘણીવાર ગેરરીતિઓને બહાર કાઢવા માટેનો છેલ્લો ઉપાય બની જાય છે, જે અમલદારશાહી પરના લોકોના વિશ્વાસને વધુ નુકસાન પહોંચાડે છે.

**- અમિતાભ શ્રીવાસ્તવ (સૌ. : ઈન્ડિયા ટુડે.ઈન)**